વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-


વર્ષ : ૩૯મું
મે - ૨૦૧૪
અંક : ૪૩૨

મંગલ મંદિર ● મે-૨૦૧૪ ● ૧
(કુલ પાના : ૧૦૨)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




ઈગ્મોર - ચેન્નાઈ
મદ્રાસ મ્યુઝિયમ

**આ અંકનું સૌજન્ય**
**શ્રી મૂકેશભાઈ ઝવેરી (ભુજ) તરફથી પ્રાપ્ત થયેલ છે**

તંત્રી મંડળ :
**અશોક મહેતા** - મુખ્ય તંત્રી
**મનુભાઈ શાહ**
**દિનેશચંદ્ર મહેતા**

મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાળા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

*તંત્રી લેખ :*

- અત્યારની લોકશાહી પ્રથા કેટલે અંશે સુસંગત છે? ..... અશોક મહેતા ..... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ..... ૧૦
- 'મંગલ મંદિર' – શ્રેષ્ઠ લેખ / શ્રેષ્ઠ આંજો કાગરની પસંદગી : વર્ષ ૨૦૧૪-૨૦૧૫ નિર્ણાયક સમિતિની રચના ..... ૧૧

*લેખ વિભાગ :*

**કચ્છ**

- ચારણની ચતુરાઈ અને ચાબખા
  કચ્છની રસધાર : મણકો-૧૯ ..... દુલેરાય કારાણી ..... ૧૩
- ફારસી ભાષા અને કચ્છ ..... નરેશ પી. અંતાણી ..... ૧૫

**વિચાર મંથન**

- પ્રગતિની અવરોધક માન્યતાઓ – ૧ ..... મૂળ લેખક : સુબોધ શાહ
  રજૂઆત : મૂરજી ગડા ..... ૧૮

**પ્રજાતંત્ર**

- ફાંસી કે જનમટીપ? ..... ડૉ. યાસીન દલાલ ..... ૨૦
- મહેસૂલી તંત્ર સામે સર્વોચ્ચ અદાલતની લાલ આંખ ..... શશીકાંત ઠક્કર, ઍડવોકેટ ..... ૨૨

**બોધ રત્ન**

- મનની શાંતિ હણનારા દસ પ્રસંગો ..... ડૉ. ચંદ્રકાંત મહેતા
  પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી ..... ૨૩
- જીવનમાં વિજ્ઞાન કરતાં વ્યવહારનું જ્ઞાન વધુ જરૂરી ..... દિનેશ પાંચાલ ..... ૨૫

**સમાજની ક્ષિતિજો**

- પ્રેમનું બીજું ઘટક : ધન
  નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૫ ..... સ્વામી સચ્ચિદાનંદજી ..... ૨૭
- 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'
  સંભારણાની સફર : મણકો-૧૨ ..... ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) ..... ૨૯
- તું અને હું – આ દાસ્તાન સનાતન (૧) ..... માવજી કે. સાવલા ..... ૩૧

**ઉર્જા**

- શું ભારત ઉર્જાક્ષેત્રે સ્વાવલંબી બની શકે? ..... પ્રા. સૂર્યકાંત ભટ્ટ ..... ૩૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦


*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*


## વાર્તા


● મા, તું તારા માટે સમય કાઢ! ..... ડૉ. ઊર્મિલા શાહ ..... ૩૪


## ઇતિહાસ


● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ ..... સંકલન : પ્રતાપ નારાણજી દંડ ..... ૩૬
પ્રકરણ-૨૮


## તંદુરસ્તી


● તમારા હૃદયરોગના જોખમનો અંદાજ કાઢો ..... ડૉ. ધીરેન શાહ
કાર્ડિયોથોરાસિક અને વાસ્ક્યુલર સર્જન - સીમ્સ હૉસ્પિટલ ..... ૩૯

● શું મનની (માનસિક) બીમારીઓ અને ..... ડૉ. મણિલાલ ગડા - મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ
શારીરિક બીમારીઓ અલગ છે? ..... ડૉ. દિપ્તી શાહ - બાળ મનોચિકિત્સક ..... ૪૨

● ગ્લોકોમા (ઝામર) શું છે? ..... ડૉ. જુગલ પી. શાહ, આંખના સર્જન ..... ૪૪

● આરોગ્યનું ત્રાજવું ..... ડૉ. વીરચંદ લખમશી નાગડા ..... ૪૬

● ૨૪મી મે – વિશ્વ સ્કિઝોફ્રીનિઆ દિન ..... કિરણ ચાંપાનેરી 'સેતુ'
(વલસાડનું આત્મવિશ્વાસ વિદ્યાલય) ફ્રીલાન્સ પત્રકાર ..... ૪૮


## પર્યાવરણ


● ૨૨ એપ્રિલ, વિશ્વ પૃથ્વી દિવસ
ધરતીમાતાના ધબકારને સાંભળીએ ..... ડૉ. કિશોર સાધુ ..... ૫૧

● ટપકતું નળ એટલે પાણીનો વ્યય! ..... લાલ રાંભિયા ..... ૫૩


## વિવિધલક્ષી


● ૨૦૧૪ : કૌટુંબિક કૃષિ માટેનું આંતરરાષ્ટ્રીય વર્ષ ..... સંજય પી. ઠાકર ..... ૫૪


## હળવાશની ક્ષણોમાં


● બાલુડેં જ્યું ગાલિયું ..... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૫૫


## નિયમિત વિભાગો


● સ્વીકાર સમાલોચન ..... મગનલાલ સંઘવી ..... ૫૬
● આંજો કાગર ..... ૫૭
● વ્યક્તિ સિધ્ધિ ..... ૫૯
● અન્ય સંસ્થાઓના સમાચાર ..... ૬૦
● સાર સમાચાર ..... સંકલન : શાંતિલાલ સંઘવી ..... ૬૩
● જાણવા જેવું ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૪
● શબ્દ રમત-૯૩ ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૫
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ..... ૬૬
● *Nano 9 Sudoko* (ક્રમાંક : ૧૦૪૯) ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૭
● વલોવતન ..... સંકલન : દિનેશ આર. મહેતા ..... ૬૯
● સમાજ દર્પણ ..... ૭૩
● સંસ્થા સમાચાર ..... ૭૫
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ..... ૯૧
● ઊડતી નજરે ..... ૯૫
● વાર્ષિક ઊડતી નજરે (વર્ષ : ૨૦૧૩-૨૦૧૪) ..... ૯૬



Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## અત્યારની લોકશાહી પ્રથા કેટલે અંશે સુસંગત છે?

*– અશોક મહેતા*

લોકસભાની સામાન્ય ચૂંટણીનો જ્વર દેશભરમાં પ્રસરી જવા પામેલ છે. એક પ્રદેશમાં ઉમેદવારી પત્રો ભરાતા જાય છે અને અન્ય પ્રદેશમાં મતદાન ચાલુ છે. એ દરમ્યાન દરેક પક્ષના ઉમેદવારો પોતાનો અથવા પોતાના પક્ષનો પ્રચાર કરતા કરતા સમગ્ર પ્રદેશને ખૂંદી વળે છે. ગાડીઓની દોડાદોડ સમગ્ર પ્રદેશના વાતાવરણને ઉત્તેજીત બનાવી રહેલ છે. જે-તે પક્ષના રાષ્ટ્રીય નેતાઓ દેશમાં ચારેબાજુ વિમાન કે હેલીકોપ્ટર દ્વારા ઉડાઉડ કરતા ફરી રહ્યા છે. દરેક ઉમેદવાર પોતાના મત વિસ્તારમાં અઢળક ખર્ચ કરે છે. રાષ્ટ્રીય પક્ષો પણ ખર્ચ કરવામાં કોઈ પણ પ્રકારની કમી છોડતા નથી. પોતાના પક્ષનો પ્રચાર કરીને ચૂંટણી જીતવામાં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, જયલલિતા, માયાદેવી, મુલાયમ સિંહ, મમતા બેનરજી વગેરે પક્ષના મોભીઓ કામે લાગેલા છે. ઈલેક્ટ્રોનિક મીડિયા તથા પ્રિન્ટ મીડિયાને પણ ખરીદીને પ્રચાર ક્ષેત્રના વાજિંત્ર બનાવી દેવામાં આવેલ છે. બધા જ પક્ષ તરફથી અઢળક ખર્ચ થતો નરી આંખે કોઈને પણ દેખાય છે. આ અઢળક પૈસા જે-તે પક્ષને માલેતુજાર ઉદ્યોગપતિઓ તરફથી મળતા હોય તેવી શક્યતા પૂરેપૂરી દેખાય છે. મહાકાય ઉદ્યોગોમાંથી કોઈએ રૂા. ૧૦૦ કરોડ કે કોઈએ રૂા. ૫૦૦ કરોડ જે-તે પક્ષને પોતાની ભવિષ્યની જરૂરિયાતના અનુસંધાને આપેલ હોય તે શક્ય હોઈ શકે. રાજકીય કાર્યકરની જેમ આ ઉદ્યોગપતિઓએ દેશની સેવા કરવા માટે આ નાણાં ખર્ચેલ હોય તેવી શક્યતા નહિવત્ છે. રાજકીય પક્ષને આપેલ ડોનેશન સામે તેઓને પોતાને ધંધાકીય ક્ષેત્રે ફાયદો થાય અને આપેલ ડોનેશન કરતા સવિશેષ વળતર મળી રહે તેવા નીતિ નિયમો બનાવવા અથવા તો તેવી પોલિસી બને તેવી અપેક્ષાએ અથવા તો અંદરખાનેથી એ પ્રકારની કોઈ સમજૂતી કરેલ હોય તેના અનુસંધાને આ ડોનેશન આપવાનો સોદો થયેલ હોય. પરિણામ સ્વરૂપે જે તે પક્ષની સરકાર રચાય ત્યારે આ ઉદ્યોગપતિશ્રીઓને પોતાની પ્રોડક્ટ્સના ભાવ વધારાને આ સરકાર મંજૂર રાખે. ઉપરોક્ત હકીકત દીવા જેવી સ્પષ્ટ હોવાના કારણે ચૂંટણી પછી ઈલેક્ટ્રિસિટીના વપરાશના યુનિટના દરો, ગેસ, પેટ્રોલ, ડીઝલ, કોલસા, માઈનિંગના વિવધ ખનીજો વગેરેના ભાવ પુષ્કળ પ્રમાણમાં વધી જવાના અને તેનો બોજ ભારતભરની જનતા પર પડવાનો, તે અત્યારે તો સ્પષ્ટપણે દેખાય છે. આ વસ્તુઓના ભાવ વધારાથી અન્ય વિભાગની આઈટમોનો ખર્ચ વધી જવાથી તેમાં પણ ભાવવધારો આવી શકે. દા.ત. પેટ્રોલ / ડીઝલના ભાવ વધારાના કારણે ટ્રાન્સપોર્ટનો ખર્ચ પણ સારા એવા પ્રમાણમાં વધી જવાનો અને તેના પરિણામ સ્વરૂપે માલના પરિવહનના ભાવ પણ લીમીટ બહાર પહોંચી જવાની શક્યતા સ્પષ્ટપણે દેખાય છે. ટૂંકમાં અત્યારે વિવિધ પક્ષોના ઉમેદવારો જે લખલૂટ ખર્ચ કરે છે તેનો ભાર ભારતભરની સામાન્ય જનતા પર જ પડવાનો, એ હકીકત આવતા દિવસોમાં સહુની સમક્ષ ઉભરી આવવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે.

ભારતભરની જનતા જ્યારે વિવિધ ગ્રુપમાં એકત્રિત થઈને ચર્ચા કરે ત્યારે રાજકીય પક્ષોના અઢળક ચૂંટણી ખર્ચની વાત કરી, તેની આલોચના કરી, સંતોષ માની લે છે. જ્યારે અન્ય તરફ ચૂંટાયેલી સરકાર દ્વારા આ પ્રકારના ભાવ વધારાને જ્યારે મંજૂરી આપવામાં આવશે ત્યારે દરેકને એ ભાવવધારો કઠિન લાગવાનો. લોકશાહીથી ચૂંટાયેલી સરકાર દ્વારા ભાવ વધારાના લેવાયેલ નિર્ણય સામે કોઈ પણ વ્યક્તિ પોતાનો બળાપો કાઢવા સિવાય કાંઈ પણ કરી શકવાની નથી. મધ્યમ વર્ગ આમ પણ શરૂથી જ પીસાય છે, તે વધુને વધુ પીસાતો જવાનો. અત્યારની લોકશાહીની આ એક મોટામાં મોટી નબળાઈ છે. અત્યારની લોકશાહી પ્રમાણે કોઈ પણ પક્ષને સત્તા પર આવવા માટે વોટ લેવા જનતા પાસે જવું પડે છે, જનતાને રીઝવવી પડે છે, જનતાને કોઈ પણ રીતે ખુશ રાખવી પડે છે અને તે માટે કોઈ પણ પક્ષને દેશવ્યાપી પ્રચાર કરવો પડે છે, અઢળક નાણાં ખર્ચવા પડે છે. ખર્ચના મોટાભાગના નાણાં પ્રવર્તમાન કાયદા અનુસાર બિનહિસાબી હોય છે કે જે એક અનિવાર્ય અનિષ્ટ છે અને એ નાણાં મેળવવા મહાકાય ઉદ્યોગકારો સાથે સોદાબાજી કરવી પડે છે તે બીજું અનિવાર્ય અનિષ્ટ છે. આ સોદાબાજીના કારણે ભાવવધારાની ચેઈન સમગ્ર દેશમાં ચાલુ થઈ જતી હોવાથી સામાન્ય જનતા પર દિવસોદિવસ કમરતોડ બોજાનું ભારણ વધતું જ રહેવા પામે છે.

*જે કંઈ કરો તે પૂર્ણ સમર્પણ ભાવથી કરો.*

રાષ્ટ્રીય સ્વરૂપે અનિષ્ટો પેદા કરતી અને આમ સમુદાય પર કમરતોડ બોજો નાખતી આ લોકશાહી પ્રથા માટે શું આપણને સ્વસ્થ રીતે ફરીથી વિચારણા કરવાની જરૂર નથી લાગતી? ભારત દેશને અત્યારની ચાલુ પ્રથા અનુકૂળ પડે તે શક્ય જ દેખાતું નથી કેમકે આપણે ત્યાં રાષ્ટ્રીય ચારિત્ર્ય જેવી કોઈ વસ્તુ જ નથી. અનેક અનિષ્ટો પેદા કરતી અને દેશના એકેએક નાગરિક પર કમરતોડ બોજો મૂકી જતી આ પ્રકારની લોકશાહીની પ્રથાને તિલાંજલી આપી, અન્ય પ્રકારની લોકશાહી પ્રક્રિયાની જરૂરિયાત કોઈપણ વિચારવંત નાગરિકના દિલો દિમાગમાં ઉદ્‌ભવતી જ હશે! લોકશાહી પદ્ધતિની અન્ય કોઈ પ્રથા માટે આપણે વિચારવું જોઈએ. રાષ્ટ્રીય સ્વરૂપે તેની ચર્ચા કરવી જોઈએ અને યોગ્ય ઉકેલ મળતા, બંધારણમાં ફેરફાર કરી, આ નવી પ્રથા અમલમાં મૂકવી જોઈએ.

અન્ય પ્રથા નીચે મુજબની હોઈ શકે કે જેના માટે રાષ્ટ્રીય ચર્ચા થઈ શકે.

દેશનો કોઈ પણ ગામ પોતાની ગ્રામ પંચાયત બનાવે. એક તાલુકાની બધી જ ગ્રામ પંચાયતના સભ્યો તથા તે તાલુકાની નગર પંચાયતના સભ્યો પોતાના સભ્યોમાંથી ચૂંટણી કરીને તાલુકા પંચાયત બનાવે. એક જિલ્લાની બધી જ તાલુકા પંચાયતના સભ્યો તથા મ્યુનિ. કોર્પોરેશનના સભ્યો એકત્રિત થઈ પોતાના સભ્યોમાંથી ચૂંટણી કરી જિલ્લા પંચાયત બનાવે. એક રાજ્યની બધી જ જિલ્લા પંચાયતના સભ્યો એકત્રિત થઈ પોતાના સભ્યોમાંથી ચૂંટણી કરી વિધાનસભા બનાવે અને દેશની બધી જ વિધાનસભાના સભ્યો એકત્રિત થઈ પોતાના સભ્યોમાંથી ચૂંટણી કરી લોકસભા બનાવે. લોકસભામાં બહુમતી પક્ષનો નેતા પ્રધાનમંત્રી બને અને એ પ્રધાન મંત્રી પોતાના લોકસભાના સભ્યોમાંથી યોગ્ય લાગે તેને પોતાના પ્રધાન મંડળમાં લઈ, પ્રધાન મંડળ બનાવે. સાથે સાથે પ્રધાનમંત્રી લોકસભાના સભ્ય ના હોય તેવા અમુક પ્રમાણમાં તજજ્ઞ નાગરિકને પણ પ્રધાનપદ આપી પોતાના પ્રધાન મંડળમાં તેનો સમાવેશ કરી શકે. આ પ્રકારની લોકશાહીથી દરેક પક્ષ અઢળક નાણાંના વ્યવહારમાંથી બહાર આવી શકે. પરિણામે હાલે જે અનિષ્ટો પેદા થાય છે તેનાથી દેશ બચી શકે. દેશના નાગરિક પર અકારણ આવતો બોજો પણ અટકી શકે.

આ પ્રકારની પધ્ધતિનું આચરણ કરતા અગાઉ તેના સારા-નરસા પાસાંઓનો સંપૂર્ણ અભ્યાસ કરવો પડે. તેના નિયમો સુધારીને વ્યવસ્થિત બનાવી શકાય. દેશભરમાં તેની ચર્ચા કરી શકાય અને યોગ્ય લાગે તો જ તેના અમલીકરણ માટે આગળ વધી શકાય.

આ બાબતે 'મંગલ મંદિર'ના સુજ્ઞ વાચકોએ અભિપ્રાય આપવા જોઈએ. તેની ચર્ચા વિચારણા કરવી જોઈએ. ઉપરોક્ત પ્રથાને બદલે અન્ય પ્રથા પણ સૂચવી શકાય. હકીકત જેટલી વધુ તવાસે, તેટલા વધુ યોગ્ય પરિણામો આવી શકશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • ગુરુવારથી શનિવાર<br>તા. ૮ થી ૧૦-૫-૨૦૧૪<br>સવારે ૦૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | ચેસ - વર્કશોપ<br>(૮ વર્ષથી ઉપરના માટે) |
| • રવિવાર, તા. ૧૧-૫-૨૦૧૪<br>સવારે ૯.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | ચેસ હરીફાઈ - ૨૦૧૪<br>(૮ વર્ષથી ઉપરના માટે) |
| • રવિવાર, તા. ૭-૬-૨૦૧૪ | | વયસ્ક સમિતિ | ઈંગ્લેન્ડ, ફ્રાંસ, સ્વિટ્ઝરલેન્ડ<br>વિદેશ પ્રવાસ |

*મહેનત જ પ્રથમ અને આખરી સાધના છે.*

## "મંગલ મંદિર" – શ્રેષ્ઠ લેખ / શ્રેષ્ઠ આંજો કાગરની પસંદગી

### વર્ષ ૨૦૧૪-૨૦૧૫ : નિર્ણાયક સમિતિની રચના

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "મંગલ મંદિર"ની છેલ્લા કેટલાક વર્ષોની પ્રણાલી રહી છે કે વર્ષ દરમ્યાન 'મંગલ મંદિર'માં પ્રકાશિત થતા સમગ્ર લેખોમાંથી શ્રેષ્ઠ લેખ – પ્રથમ ત્રણ અને આંજો કાગર વિભાગમાં પ્રસિધ્ધ થતા પત્રોમાંથી શ્રેષ્ઠ પત્રો – પ્રથમ ત્રણ પસંદ કરીને તેના લેખકશ્રીઓનું ઉચિત સન્માન કરવું.

આ વિષય અંતર્ગત દર વર્ષે એક નિર્ણાયક સમિતિની અત્રેથી રચના કરવામાં આવે છે.

તે પ્રથા અનુસાર વર્ષ ૨૦૧૪-૨૦૧૫ (એપ્રિલ-૨૦૧૪થી માર્ચ-૨૦૧૫)ના સમયગાળા માટે નીચે મુજબ નિર્ણાયક સમિતિ જાહેર કરતા 'મંગલ મંદિર' પરિવાર આનંદ અનુભવે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | **શ્રી ભીમજીભાઈ નાકરાણી - અમદાવાદ** | કન્વીનરશ્રી | તંત્રીશ્રી 'સરદાર જયોત', તેમજ મંત્રીશ્રી 'મેગેઝિન ક્લબ' તથા મેને. ટ્રસ્ટી / પ્રમુખ - લોકસેવા ટ્રસ્ટ |
| (૨) | **શ્રી શામજીભાઈ પટેલ - અમદાવાદ** | સભ્યશ્રી | તંત્રીશ્રી 'પાટીદાર સંદેશ', સભ્યશ્રી 'મેગેઝિન ક્લબ' |
| (૩) | **શ્રી કિરણ ચાંપાનેરી 'સેતુ' - અમદાવાદ** | સભ્યશ્રી | ફ્રીલાન્સ પત્રકાર તેમજ 'સહકાર' અને 'ગ્રામ સ્વરાજ' મેગેઝિનોના સંપાદન કાર્ય સાથે સંકળાયેલા છે. તે ઉપરાંત સભ્યશ્રી 'મેગેઝિન ક્લબ' |

ઉપરોક્ત બાબતે સંબંધિત સર્વેએ નોંધ લેવા અનુરોધ છે.

ઉપરની વિગતે વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે નિર્ણાયક સમિતિનો અહેવાલ 'મંગલ મંદિર'ના માસ જૂન-૨૦૧૪ના અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

*– તંત્રી મંડળ 'મંગલ મંદિર'*




# ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર



## એંકરવાલા અહિંસાધામ

**An ISO 9001 : 2008 Certified**

**મુંબઈ કાર્યાલય : ૫, ગુરૂકૃપા એપાર્ટમેન્ટ, કસ્તુરબા ક્રોસ રોડ નં.-૧, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬. ફોન : (૦૨૨) ૨૮૬૨૭૭૯૫, ૨૮૬૫૮૨૬૬**
**કચ્છ ઓફિસ : પ્રાગપુર રોડ જંકશન, તા. મુંદ્રા, કચ્છ. (ગુજરાત) મો. ૦૯૯૨૫૧ ૨૫૨૦૨, ૦૯૯૦૪૭ ૫૭૬૪ ફોન : (૦૨૮૩૮) ૨૨૨૩૫૨**
**ઈ-મેઈલ : ahinshadham_kutch@yahoo.co.in ● વેબસાઈટ : www.ahinsadham.org**

**-: સંસ્થાના સંકુલમાં જોવાલાયક વિભાગો :-**

- **મ્યુઝિયમ (અહિંસા, પર્યાવરણ)**
- **૧૧,૦૦૦ સ્કે.નું વિશાળ ICU**
- **ઓડિટોરીયમ**
- **ગોપાલ સ્મૃતિ મંદિર**
- **અંધ અને અપંગ પશુઓ માટેના આવાસ**
- **યાત્રિકો માટે ભોજનશાળા**

**દેવનાર કતલખાનામાંથી મુક્ત કરાયેલાં જય અને વિજય બળદની જોડી.**

**-: સંકુલથી ૫ કિ.મી.ના અંતરે સંસ્થાના જોવાલાયક અન્ય વિભાગો :-**

- **૩૫ એકરનું વિશાળ એંકરવાલા નંદી સરોવર**
- **પશુ-પક્ષીઓ માટે મુક્ત અભયારણ્ય.**

**આપનું યોગદાન પહોંચશે અબોલ જીવોની સેવા માટે....**

**ચેક "ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર"ના નામે લખવો.**

- **Dena Bank, Borivali (East) Branch, SB A/c. No. 055110013650 RTGS/IFSC Code : BKDN0460551**
- **Abhyudaya Co-Operative Bank Ltd., Borivali (East) Branch, A/c. No. CD 024021100005006 RTGS / IFSC Code : ABHY0065024**

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# શ્રી કાનજી શિવજી ઓસવાળ જૈન બોર્ડિંગ હાઉસ (ગુરૂકુળ)

રજિ. નંબર : એ-૧૬૪ ● સ્થાપના : ૧૯૨૨

કાર્યાલય : જિલ્લા પેઠ, બી.એસ.એન.એલ. ઓફિસની પાસે, જલગાંવ, મહારાષ્ટ્ર-૪૨૫ ૦૦૧.

**અધ્યક્ષ : શ્રી દલિચંદજી હસ્તીમલજી ચોરડિયા**
**ઉપાધ્યક્ષ : શ્રી વિજયરાજજી કપૂરચંદજી કોટેચા**
**શ્રી અનિલકુમાર કેવલચંદજી દેસડા**

**સચિવ : શ્રી પ્રદીપભાઈ જ્ઞાનચંદજી રાયસોની**
**પ્રબંધક સમિતિ અધ્યક્ષ તથા સહસચિવ :**
**શ્રી દિલીપ હસ્તીમલજી ચોપડા**

જલગાંવ (મહારાષ્ટ્ર)માં જ્યારે એક પણ કોલેજ અસ્તિત્વમાં ન હતી ત્યારે સમગ્ર જૈન જ્ઞાતિની શૈક્ષણિક પ્રવૃત્તિને પોષકરૂપ અને સંવર્ધક કહી શકાય તેવી આ અગ્રિમ હરોળની સંસ્થા શ્રી કાનજી શિવજી ઓસવાળ જૈન બોર્ડિંગ હાઉસ (ગુરૂકુળ)ની સ્થાપના આજથી ૯૨ વર્ષ અગાઉ એટલે કે વર્ષ ૧૯૨૨માં થઈ હતી. જે એક દંતકથારૂપ કહી શકાય. દાનવીર શ્રી કાનજીભાઈ શિવજી ગામ બારોઈ - કચ્છનાં છે, જે સમગ્ર કચ્છ માટે ગૌરવની વાત છે.

હાલે જલગાંવમાં વિદ્યા મેળવવા ક્ષેત્રે જુદા જુદા વિષયોની લગભગ ૧૬ જેટલી કોલેજો કાર્યરત છે અને તેનો લાભ લેનાર છાત્રોની સંખ્યા મોટા પ્રમાણમાં છે.

ઉપરોક્ત કોલેજોમાં અભ્યાસ માટે દાખલ થનારને રહેવા માટે આ સંસ્થા બોર્ડિંગની સગવડ આપે છે.

- ધોરણ-૧૧થી ઉપરના છાત્રોને આ બોર્ડિંગમાં પ્રવેશ મળશે.
- જલગાંવ સ્થિત ઉત્તર મહારાષ્ટ્ર વિદ્યાપીઠ પણ ચાલુ છે.
- ભારતભરના જૈન છાત્રો માટે ઉપરોક્ત સગવડતા ઉપલબ્ધ છે.

***પ્રવેશપાત્ર છાત્રો નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરી શકે છે.***

**મેનેજર : શ્રી રમેશચંદ્ર જૈન**
**(૦૨૫૭) ૨૨૩૯૪૫૩**
**મો. ૦૯૯૭૦૦ ૩૯૮૦૮**

**કાર્યકારી સભ્ય : શ્રી રાઘવજી લાલજી સતરા**
**(૦૨૫૭) ૨૨૨૧૨૪૫**
**મો. ૦૯૬૭૩૩૬૪૨૯૦**

કચ્છ

# ચારણની ચતુરાઈ અને ચાબખા

## કચ્છની રસધાર : મણકો-૧૯

• દુલેરાય કારાણી •

કચ્છની રાજધાની ભુજ નગરીના ભવ્ય રાજ-મહાલયમાં કચ્છના રાવ ગોડજી અને ઓખાનો રાણો તેજોજી ચોપાટની બાજીમાં ગુલતાન હતા. રમત રસાકસી પર ચડતી જતી હતી. તેજાજીની બાજી જરા જોરમાં હતી. એ વખતે માંડવી તાલુકાના કાઠડા ગામનો વારૂ ચારણ ત્યાં આવી ચડ્યો. વારૂ બારોટ ગોડજી બાવાનો માનીતો હોવાથી તેને દોઢી છૂટ હોવાથી કોઈની રોકટોક વિના તે બાવાની સલામે આવી શકતો. મહારાઓશ્રીને નમન કરી તે ચોપાટની રમત જોવા લાગ્યો.

થોડી જ વારમાં રમત પૂરી થઈ. ઓખાના રાણા તેજાજીની જીત થતાં રાણાજી જરા લહેરમાં આવી ગયા હતા.

આનંદ ખાતર ચારણ કવિઓને જરા છંછેડવામાં રાજપૂતોને અને રાજાઓને પણ મજા પડે છે. કંઈને કંઈ વિચિત્ર પ્રશ્નો પૂછી, ચારણોની સળવળતી જિહ્વાને તેઓ સતેજ કરે. એ વખતે ચારણ કવિ કંઈ વધારે પડતું બોલી જાય તો તે પણ તેઓ મૂંગે મોઢે સહન કરી લે.

ઓખાના રાજવી તેજોજી રૂપાળા હતા. વિનોદની ખાતર વારૂ ચારણ સાથે તેમણે વાર્તાલાપ શરૂ કર્યો.

‘કવિરાજ! એક વાત પૂછું?’

‘સાત પૂછોને બાપુ! એક શા માટે?’

સાંભળો ત્યારે, ‘હું અને તમારા રાઓશ્રી એમાં રૂપાળો કોણ?’

‘રાણાજી, હમણાં રૂપની પરીક્ષા વિના શું અટકી રહ્યું છે?’ વારૂ બારોટે વાતને ટાળવા માંડી.

‘ના, ના, પણ તમે કહો તો ખરા!’ રાણાએ મજાકમાં આગ્રહ કરવા માંડ્યો.

‘બાપુ! તમે તમારી બાજી ચાલુ કરોને! હવેની રમતમાં અમારા બાવાની જીત થવાની છે હોં!’

‘એ રમત પછી, એકવાર મારા સવાલનો જવાબ તો આપો!’

‘હવે એ વાત જવા દો ને! જોગીહઠ અને રાજહઠ બંને સરખા!’

‘પણ તમે કહો તો ખરા!’ રાણાએ પોતાની વાતને પકડી રાખી. ‘તમને બાવાની બીક લાગતી હોય તો તેવું કહેજો!’

‘પણ મારી પરીક્ષા કોઈને નહિ ગમે તો?’

‘જેને ન ગમે તે બે રોટલા વધુ ખાય, બીજું શું?’

ગોડજી બાવાને પણ આ વાર્તાલાપમાં રસ પડ્યો હતો. એ તો મૂંગે મોઢે તેજાજી અને બારોટજીનો સંવાદ સાંભળી રહ્યા હતા.

તેજાજીનો અતિ આગ્રહ જોઈને વારૂ બારોટે વિચાર્યું કે હવે આનો જવાબ આપ્યા વિના ચાલે તેમ નથી. પણ રાણાના આવા વિચિત્ર પ્રશ્નનો જવાબ શી રીતે આપવો એના વિચારમાં કવિરાજ એકવાર તો મૂંઝાયા. રાઓશ્રી કરતાં રાણાજી રૂપાળા તો હતા જ, પણ રાઓશ્રી સમક્ષ એમને વધુ સ્વરૂપવાન જાહેર કરવા એ પણ કવિને ઠીક લાગતું ન હતું. તેજાજીના આગ્રહે પણ કવિના અંતરમાં જરા ઉશ્કેરાટ ભરી દીધો હતો.

કવિ મૂંઝાયો અને એ જ વખતે એના મગજમાં કચ્છી પવન ભરાઈ જતાં એને એક નવી વાત સૂઝી આવી. તરત જ વારૂ બારોટ નીડરતાપૂર્વક બોલી ઊઠ્યો :

***તેજા! તું ત્રિયા ન થૈં, નિત નવેલી નાર,***
***ત પોઢાડે પલંગ તેં, ભુજ ધણી ભૂપાર.***

અર્થાત્ : તેજાજી તું નીત નવેલી નારી ન થયો. નહિ તો ભુજના ભૂપતિએ તને પલંગ પર પોઢાડી હોત!

ચારણના આ શબ્દો સાંભળીને તેજોજી, કાપો તો લોહી ન નીકળે એવો થઈ ગયો. ચારણના આવા અવિવેકથી તેજોજી એકદમ ક્રોધાયમાન થઈ ગયો. તરત જ તેણે પાસે પડેલી તલવાર ઉપાડી લીધી.

રાઓશ્રી જે આટલો વખત બધો ખેલ શાંતિથી જોઈ રહ્યા હતા તેમણે બાજી વિફરેલી જાણીને તેજાજીનો હાથ પકડી લીધો અને કહ્યું, “હં! હં! દેવીપુત્ર છે!”

રાઓશ્રીના પડકારથી તેજાજી શાંત તો થયા પણ વારૂ બારોટને ચેતવણી આપી કે - “જીવવા માગતો હોય તો મને મોઢું બતાવીશ નહિ!”

રાઓશ્રીની ઈશારતથી વારૂ બારોટ તરત જ નમન કરીને ત્યાંથી વિદાય થઈ ગયો. અને એ સમય પૂરતો તો આ વાત પર પડદો પડી ગયો.

★

એ જ વારૂ ચારણ થોડા વખત પછી દ્વારિકાનાથની યાત્રાએ નીકળી ગયો. અહીં એને તેજાજીની યાદ આવી. તેજાજીની મુલાકાત લેવા અને તેને મનાવવા તે ઓખા બંદર પહોંચી ગયો.

ઘણીવાર એવું બને છે કે જે વસ્તુ કે વ્યક્તિની આપણને ખાસ ધાસ્તી હોય છે તે આપણી સામે આવીને ઊભી રહે છે. આ પ્રસંગે પણ એવું જ થયું. વારૂ બારોટ ઓખામાં દાખલ થયો. એ જ વખતે તેણે તેજાજીને પોતાના ઘોડા પર સવાર થઈને હાથમાં ભાલા સાથે શિકાર માટે બહાર જતો દીઠો. તેજાજીને એકાએક સામે આવતો જોઈને ચારણ મુંઝાઈ પડ્યો.

*ખોટા વખાણ કરનારાઓથી કાયમ ચેતવું.*

તેજાજીએ પણ વારૂ ચારણને જોઈ લીધો - ઓળખી લીધો. એના પર દૃષ્ટિ પડતાં જ તેજાજીનો શમી ગયેલો ગુસ્સો એકદમ ઊભરાઈ આવ્યો. આંખો લાલચોળ થઈ ગઈ. તેજાજીએ ચારણે કરેલા અપમાનનું વેર વાળવા ભાલાને તૈયાર કરી લીધો.

વારૂ બારોટ પણ ચેતી ગયો. તેણે વિચાર્યું કે શિકાર કરવા નીકળેલા તેજાજીનો આજ તો એ પોતે જ શિકાર બની જાય એમ છે. અચાનક આવી પડેલી આ આફતમાંથી છટકવા તે વિચાર કરવા લાગ્યો - મુંઝાવા લાગ્યો ત્યાં તો શારદાદેવી એની વહારે ચડી અને વારૂ બારોટ બોલી ઊઠ્યો :

*વારૂ જા વિનાણ, ઉરંભેં કુછેઆ,*
*રોજ તેજલ રાણ, ઈની પગેં ઓખે ધણી!*

અર્થાત્ : વારૂ બારોટનાં કડવાં વેણ તારા અંતરમાં ખટકી રહ્યા છે. પણ હે ઓખાના ધણી રાણા તેજાજી! તું એ જ પગે ઊભો રહેજે! કારણકે હું તો ચારણ છું.

ચારણની હિંમત અને ચતુરાઈ જોઈને તેજાજીનો ગુસ્સો નરમ પડી ગયો. પણ પોતાનો બોલ પાળવા જે ભાલો બારોટ માટે તૈયાર કર્યો હતો તેના પર રેશમી શેલું વિંટાળીને તેને બારોટ તરફ ફેંક્યો. બારોટે નમન કરી તેજાજીના ભાલાને ઝીલી લીધો. વારૂ બારોટ હવે રાજનો મહેમાન બન્યો.

એક દિવસ તેજાજીએ ચારણ કવિને ફરી એક નવા પ્રશ્ન પૂછ્યો : 'કવિરાજ! તમારો કચ્છ મુલક સારો કે અમારો ઓખો?'

તેજાજીના સવાલનો તાત્કાલિક ઉત્તર આપતાં વારૂ બારોટ બોલી ઊઠ્યો :

***અક અગીઠો આમરી, ઓખે મેવો એ,***
***અસીં અચોંતા નાથ લા, નકાં ડાંઠે જેડો ડે.***

ભાવાર્થ : આકડો, અગીઠો અને આમલી ઓખામાં તો એવા પ્રકારનો મેવો છે. અમે તો શ્રી દ્વારિકાનાથજીનાં દર્શન અર્થે જ અહીં આવીએ છીએ. બાકી તો તમારો પ્રદેશ સૂકો ટાટ છે.

ચારણના આ હિંમતભર્યા ઉત્તરથી રાણોજી ઊલટા પ્રસન્ન થયા અને સારી શીખ તેમજ પોશાક આપીને વારૂ બારોટને વિદાય તો આપી, પણ વિદાય આપતાં પડકાર કર્યો કે કવિરાજ તમે સાચા સરસ્વતી પુત્ર હો, તો ગોંડલના કુંભાજી જે ચારણોને ધક્કા મારીને કાઢી મૂકે છે એના પર તમારા કવિત્વની શક્તિ ચલાવી જુઓ! અને તમારા ભાઈઓને ગોંડલના ધક્કામાંથી છોડાવી આવો!

તેજાજીનો આ કટાક્ષ વારૂ બારોટના અંતરમાં ઊંડો ઉતરી ગયો. કચ્છ જવાને બદલે તેણે ગોંડલનો માર્ગ લઈ લીધો.

***(ક્રમશઃ)***

---

**પ્રગતિની અવરોધક માન્યતાઓ — ૧**

**(અનુસંધાન : પાના નં.-૧૮ ઉપરથી ચાલુ)**

ફાયદો થાય જ એવું પણ નથી. એની પાછળ ઘણા પરિબળો કામ કરે છે.

પવિત્ર કે પુણ્યશાળી થવા ખાતર આપણે મરવાની જરૂર નથી. ઘણા સારા લોકોએ પણ સમયે સમયે નીતિ સાથે બાંધછોડ કરી હતી. આ અનૈતિકતા નથી, વ્યાવહારિક વાસ્તવિકતા છે. અમુક પ્રકારના લોકો, દેશો, માન્યતાઓ સામે અહિંસા ચાલે નહિ. શક્ય છે કે હિંસા સામે બીજો ગાલ ધરવાથી શાંતિપ્રિય સજ્જનોને સ્વર્ગ મળે. બીજી બાજુ અલ્લાહના નામે બીજાને કાફીર કહીને કાપી નાખનારા સ્વર્ગે જાય એવું પણ મનાવવામાં આવે છે. વાસ્તવિકતા એ છે કે એ બધાય સ્વર્ગે સિધાવે એ પહેલાં, બીજા પ્રકારના લોકો આ દુનિયાનું રાજ મેળવે છે. જ્યારે પહેલા પ્રકારના લોકો માથું ગુમાવે છે. સજ્જનતા એ ઈચ્છનીય મૂલ્ય છે પણ વાસ્તવિક્તા અમૂલ્ય વ્યવહાર છે.

ગીતાનું મહાવાક્ય છે : જ્યાં ધર્મ અને તાકાત બંને સાથમાં હોય, ત્યાં તો વિજય હોય જ, એમાં પ્રશ્ન નથી. પણ માનો કે એ બેમાંથી એક કદાચ ગેરહાજર હોય તો શું થાય એનો ઉલ્લેખ નથી. બીજી રીતે વિચારો : ધર્મ (રાજ) એટલે યુધિષ્ઠિર અને શક્તિ (માન) એટલે અર્જુન, બંને સાથે રહી યુદ્ધ જીત્યા. અર્જુન ન હોત તો યુદ્ધ જીતી શકાત? હા. શક્તિ વિના જીતાય નહિ એ સામાન્ય સમજની વાત છે.

મહમદ ગઝની પાસે સોમનાથનું મંદિર તોડવાની તાકાત હોય ત્યારે શું થાય? એની તાકાત જીતે, આપણા મહાદેવ હારે. દેવની સંજ્ઞા, એની મૂર્તિ, ગીઝનીના મહેલનાં પગથિયાં બને. ધર્મધુરંધર પવિત્ર પંડિતો ગીઝનીની શેરીઓમાં ગુલામ થઈને વેચાય, કે તૈમુર-નાદિર જેવાના હસ્તે કપાઈ મરે. મોટી માછલી નાનીને ગળી જાય છે, પ્રકૃતિ રક્તરંજિતા છે, કોઈ એને બદલી શકવાનું નહિ, તો રોચક કલ્પનાઓ શા કામની? સત્યને સ્વીકારવું તો પડશે જ.

બે જુગારીઓ જુગાર રમતા હતા. એક કહે : 'હું જીતું છું. મારી પાસે ત્રણ એક્કા છે.' બીજો કહે : 'ના, હું જીતું છું. મારી પાસે બે નવ્વા છે અને એક પિસ્તોલ છે.' તાકાતવાન રાષ્ટ્રો એ કરે છે જે કરવાની એમનામાં તાકાત હોય છે. નબળાં રાષ્ટ્રો એ સ્વીકારે છે જે એમણે સ્વીકારી લેવું પડે છે. આતંકવાદીઓ તો એ જ છે, પણ શક્તિશાળી અમેરિકા એમને શિક્ષા કરે છે, નબળું ભારત એમને સ્વીકારી લે છે. આ વાસ્તવિક જીવન છે. વિજેતાઓ જ ઈતિહાસ રચે છે અને લખે છે.

જીવનમાં ધર્મ જરૂરી હોય તો પણ પર્યાપ્ત નથી. નીતિનો અભાવ ટીકાપાત્ર છે, પણ નીતિની હાજરી જ માત્ર પૂરતી નથી. અસ્તિત્વને ટકાવી રાખવા, બીજા દેશો સામે સરસાઈ મેળવવા, પ્રગતિ કરવા, ધર્મ કે નીતિ સિવાય બીજું ઘણું જરૂરી હોય છે. આપણે હંમેશાં માની લીધું છે કે એટલું જ પૂરતું છે. એમ પણ માની લીધું કે એ એક જ જોઈએ, બીજું કશું જ નહિ. આ છે આપણી એકપક્ષી આદર્શ ઘેલછાનાં, નરી નિષ્ફળતાઓનાં અને રાજકીય નિર્બળતાઓનાં મૂળિયાં.

***(ક્રમશઃ)***

***૧, શ્યામ વાટિકા સોસાયટી,***
***વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.***
***મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯***

*કોઈપણ સંજોગોમાં સ્થિર રહેવું જોઈએ.*

# ફારસી ભાષા અને કચ્છ

• નરેશ પી. અંતાણી •

ફારસી ભાષાનું મહત્ત્વ અરબીથી ઘણું ઉતરતું હોવા છતાં આ ભાષાનો વપરાશ અને સામાન્ય વહીવટ પરનો પ્રભાવ ઘણે અંશે અરબીથી પણ ચડી જાય એવો રહેવાનું કારણ એવું માનવામાં આવે છે કે, ઈરાનીઓએ આરબ દેશો પર વિજય મેળવ્યા પછી પોતાના સંસ્કારોના પ્રભાવથી આરબોના દિલ જીતી લીધાં હતાં. યુરોપના દેશોમાં આજે ફ્રેંચ ભાષાનું જે સ્થાન છે તેવું જ સ્થાન એક સમયે એશિયાના દેશોમાં ફારસીનું હતું. એ સમયે ઈરાનની પ્રજા અને સંસ્કૃતિનો પ્રસાર હિંદુસ્તાનમાં પણ સારા એવા પ્રમાણમાં થયો હતો. મોગલ સમય દરમ્યાન આપણા રાષ્ટ્રમાં ફારસી કવિઓ અને ગ્રંથકારોની મોટી સંખ્યા હતી. હિંદુસ્તાનમાં ફારસી ભાષાના વિકાસમાં તેઓનું યોગદાન બહુ જ મોટું ગણી શકાય. આ સમયમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં વસતા કાયસ્થો, નાગરો અને બ્રહ્મક્ષત્રિયોનું આ ભાષા અને સાહિત્યના વિકાસમાં સારું એવું પ્રદાન હતું.

મોગલ સમય દરમ્યાન ફારસી ભાષાને દરબારી ભાષા તરીકે એટલે કે રાજભાષા તરીકે સ્થાન મળ્યું હતું. સરકારી ફરમાનો અને હુકમો પણ ફારસી ભાષામાં જ બહાર પાડવામાં આવતાં. સરકારી તમામ પત્રવ્યવહાર પણ આ ભાષામાં જ ચાલતો તેમ અદાલતી કામકાજ પણ ફારસીમાં જ કરવામાં આવતું. આ બધા કારણોને લઈને ફારસી ભાષાના અભ્યાસની વ્યાપક જરૂર રહેતી. અંગ્રેજ અમલદારોને પણ ફારસી ભાષાનો જ ઉપયોગ કરવો પડતો. મુસ્લિમ અમલદારો સાથે કામ કરતા હિંદુ અમલદારો, શિરસ્તેદારો અને કારકૂનો પણ ફારસી ભાષા જ વાપરતા.

ગુજરાતમાં આ સ્થાનો પર મોટેભાગે નાગર, કાયસ્થ અને બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિના લોકો કામ કરતા. આથી રાજભાષા ફારસીનો અભ્યાસ કરી તેમાં નિપુણતા મેળવતા અને એ એટલે સુધી કે આ સમાજના કેટલાય લોકો ફારસી ભાષાના પંડિતો, કવિઓ અને સાહિત્યકારો પણ બની ગયા હતા. ઈ.સ. ૧૮૨૯માં રાજ્ય વહીવટમાં ફારસીને બદલે અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરવાનું ફરમાન બ્રિટીશરો દ્વારા કરવામાં આવ્યું અને તેનો ધીમો અમલ પણ આરંભાયો. જે ઈ.સ. ૧૮૪૪ સુધીમાં તો પૂર્ણ રીતે અમલમાં આવી જતાં ફારસી ભાષાએ પોતાનું સ્થાન ગુમાવ્યું પરંતુ તેણે પોતાની સુવાસ મઘમઘતી રાખી. આ પછી પણ ફારસી સાહિત્યની રચના શે'ર અને શાયરીના શોખ, ફારસી સાહિત્ય અને ઈતિહાસ પ્રત્યેની ભાવના અને ભક્તિ નાગર, કાયસ્થ અને બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં અવિરત જળવાઈ રહી હતી. આ તમામ સમાજોમાંથી પણ ફારસી ભાષા પ્રત્યેનું પ્રદાન નાગરોનું વિશેષ રહ્યું છે. આ જ્ઞાતિએ એ સમયમાં ફારસી ભાષા અને સાહિત્યમાં મોટું ખેડાણ કર્યું છે. કચ્છમાં ફારસી ભાષાના સંદર્ભમાં નાગરોનું પ્રદાન સારું એવું રહ્યું છે.

ગુજરાતમાં નાગરોની વસતિ મોટેભાગે અમદાવાદ, કચ્છ અને સૌરાષ્ટ્ર, સુરત, નડિયાદમાં રહી છે. ઉત્તર ગુજરાતમાંથી આ વિસ્તારમાં નાગરો ફેલાયા છે. આ સમાજે ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રની ચડતી પડતી સાથે બહુ નીકટનો સંબંધ રાખ્યો છે. આ અંગેનો ઈતિહાસ બહુ લાંબો અને રસિક છે.

### • મુસ્લિમો સાથે નાગરોના સંબંધોઃ

નાગરોએ મુસ્લિમ સમાજ સાથે સંબંધો ક્યારથી બાંધ્યા હશે આ અંગે સંશોધન કરતાં ઈ.સ. ૧૦૨૪માં સોલંકી વંશના પાંચમા રાજા ભીમદેવ પહેલા (ઈ.સ. ૧૦૨૧-૧૦૭૩)ના સમયમાં મહમદ ગઝનવીએ પ્રભાસ પાટણના સોમનાથ પર ચડાઈ કરી એ સમયે કેટલાક નાગરોએ સ્વધર્મની રક્ષા કાજે શસ્ત્રો ધારણ કરી સોમનાથને બચાવવા ઉત્તર ગુજરાતમાંથી સૌરાષ્ટ્રમાં આવ્યા અને સ્થિર થયા.

સોલંકી વંશના છેલ્લા રાજા ભીમદેવ બીજાના સમયમાં ગુજરાત ઉપર ઈ.સ. ૧૧૯૬ના અરસામાં શાહબુદ્દીન ગોરી તથા તેના સુબા કુત્બુદ્દીનના વારંવારના આક્રમણથી વડનગરનું પતન થવાનું શરૂ થયું. પરિણામે નાગરોએ વડનગર છોડ્યું.

નાગર સમાજમાં નાગર અને નાગર બ્રાહ્મણ એમ બે વિભાગ કઈ રીતે અસ્તિત્વમાં આવ્યા તે અંગેનો એક પ્રસંગ પણ નાગરો અને મુસલમાનોના રાજકીય સંબંધો પર પ્રકાશ પાડે છે. હિંદુ રાજાઓના સમયમાં નાગરો ઊંચા હોદ્દા ધરાવતા હતા પરંતુ મુસલમાન રાજાઓના આગમન સાથે નાગરો માટે એક મોટું ધર્મસંકટ આવ્યું. અમાત્યાદિ ઊંચા હોદ્દા ગુમાવવાથી જ્ઞાતિની સામાજિક પ્રતિષ્ઠાને હાનિ પહોંચશે એવું લાગવાથી આ સમસ્યાનો હલ લાવવા વડનગરમાં નાગરોની સભા બોલાવવામાં આવી અને આ સભામાં એવો નિર્ણય લેવામાં આવ્યો કે કેટલાક નાગરો રાજકીય અધિકારો સાચવે અને કેટલાક ધાર્મિક આચાર-વિચાર સાચવે. આમ કરવાથી બંને તરફ પૂરતું ધ્યાન આપી શકાય. આથી આવો નિર્ણય લેવામાં આવ્યો. આ નિર્ણય મુજબ રાજકીય અધિકાર સાચવનાર નાગરો ગૃહસ્થ નાગરો કહેવાયા.

ચૌદમા સૈકાના આરંભથી ગુજરાતમાં મુસલમાન રાજાઓનું શાસન થયું. ત્યારથી જ મુસલમાન સુબાઓ અને સુલતાનોએ નાગરોમાં વિશ્વાસ મૂકવાનું શરૂ કર્યું અને તેઓને રાજ્યમાં ઉચ્ચ હોદ્દાઓ આપ્યા. ઈ.સ. ૧૩૪૭માં મોહમદ તઘલખ સૌરાષ્ટ્ર

*મફતીયા મનોવૃત્તિમાંથી બહાર નીકળો.*

જીતવા નીકળ્યો ત્યારે વડનગરથી નાગર ગૃહસ્થ હરિશંકર ઈશ્વર તેની સેનામાં સામેલ થઈ ગયા. તેમના વંશજો પાછળથી ભાવનગરમાં સ્થાયી થયા હતા. આ હરિશંકરે મોહમદ તઘલખને ઘોઘા અને પીરમ જીતવામાં ભારે મદદ કરી હતી. આથી મોહમદે ખુશ થઈ તેને ઘોઘામાં દેસાઈગીરી અને ગુંદી બંદરનો હક્ક આપ્યો હતો. અકબરે ગુજરાત સર કર્યું ત્યારે પણ ઘોઘા બંદર આસપાસનો વિસ્તાર જીતવામાં સોમજી નાગરે સારી મદદ કરી હતી. તેમના પરિવારને પણ અકબરે સૌરાષ્ટ્રનો સારો વિસ્તાર આપ્યો હતો. આમ, મુત્સદ્દી નાગર જ્ઞાતિએ મુસલમાન રાજાઓના ત્રાસથી વડનગર છોડ્યું પણ પોતાની મુત્સદ્દીગીરીથી જ સૌરાષ્ટ્રમાં સ્થિર થવા મુસલમાન રાજાઓ પાસેથી જ મદદ મેળવી લીધી.

- **ફારસી ભાષા શીખવાની જરૂર કેમ પડી?**

મુસલમાન રાજાઓ સાથે નીકટનો સંબંધ હોવા છતાં અકબરના શાસન પહેલા નાગરોને ફારસી શીખવાની જરૂર નહોતી પડી. કેટલાક નાગરો જ ફારસી જાણતા અને કેટલાક અન્ય હિંદુ નોકરો અને અમલદારો ફારસી જાણતા. અકબરના સમય અગાઉ જે નાગરો ફારસી જાણતા તેમાં સુરતના નાગર ગૃહસ્થ ગોપીનાથ મલેકનું નામ મળી આવે છે. આ ગોપીનાથના નામ પરથી જ સુરતના એક વિસ્તારને ગોપીપુરા તથા તળાવને ગોપી તળાવ નામ આપવામાં આવ્યું છે. સિકંદર લોદીના સમયમાં હિંદુઓએ વિધિવત્ ફારસી ભાષા શીખવાની શરૂ કરી હોવાનું જણાય છે કેમકે સિકંદર લોદીએ પોતાના રાજ્યમાં હિંદુઓને નોકરીમાં રાખવાનું શરૂ કર્યું. આથી સૌપ્રથમ કાયસ્થોએ ફારસી ભાષા શીખવાનું શરૂ કર્યું અને રાજ્યમાં નોકરીએ લાગ્યા. કાયસ્થોનો વડીલોપાર્જિત વ્યવસાય જ કારકૂનીનો રહ્યો હતો. રાજાઓની મુન્શીગીરી તેમને સોંપવામાં આવતી. મજમુદારો પણ કાયસ્થ જ હતા.

કાયસ્થોનું કામ જોઈ ગુજરાતના નાગરોએ પણ સમય પારખી ફારસી શીખવાનું શરૂ કર્યું તેનું મુખ્ય કારણ એ હોઈ શકે કે સત્તા અને હોદ્દો એ નાગરોનો એ સમયે ઈજારો હતો, પરંતુ મુસલમાન રાજવીઓ આવતાં આ સત્તા અને હોદ્દા પુનઃ હસ્તગત કરવા રાજભાષા ફારસી શીખવાનું તેમણે શરૂ કર્યું હશે અને જેને પરિણામે ધીમે ધીમે પોતાની બુદ્ધિ અને બાહુના બળે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ રાજાઓના દરબારોમાં પણ પ્રવેશ મેળવવામાં તેઓ સફળ રહ્યા.

કચ્છ, ગુજરાત અને સૌરાષ્ટ્રના નાગરો ફારસી ભાષા શીખી તેમાં કુશળતા કેળવી નોકરીમાં દાખલ થયા અને ધીમે ધીમે પ્રગતિ કરતા દીવાનપદ સુધી પહોંચી ગયા. નોકરીમાં નાગરોને વિવિધ પદ પ્રાપ્ત થયા અને તે પણ ફારસીના જ્ઞાનને લીધે જ. નાગરોના આવા કેટલાક પદો જોઈએ તો—

★ દીવાન : દીવાન એ મહેસૂલી ખાતાના વડાને કહેવામાં આવતા. રાજા કે નવાબ પછી બીજા નંબરે દીવાનની સત્તા રહેતી.

★ વકીલ : વકીલ એ એજન્ટ પ્રકારનું કામ કરતા.

★ બક્ષી : પગાર ખાતાના ઉપરી અમલદારને બક્ષી કહેવામાં આવતા.

★ દફતરદાર : દફતરદાર એ એકાઉન્ટન્ટ જનરલ તરીકેની કામગીરી કરતા.

★ પેશકાર : આ એક પ્રકારના મંત્રી જેવો જ હોદ્દો રહેતો. દરેક મોટા અમલદારને એક એક પેશકાર આપવામાં આવતો.

- **ફારસી પ્રભાવિત અવટંકો :**

નાગરોની અવટંકો અવારનવાર બદલાતી રહેતી જોવા મળે છે. ગામ, સ્થળ કે કોઈ એકાદ વ્યક્તિ કોઈ ખાસ અસાધારણ કાર્ય કરે તો તેના નામ પરથી અવટંકો પડતી જોવા મળે છે. કેટલીક પેઢીઓ સુધી આ અવટંકો રહે તે પછી કોઈ કારણોસર તે બદલાઈ જતી પણ જોવા મળે છે. આજ રીતે ગુજરાતના નાગરોમાં રાજભાષા ફારસી સાથે કાર્ય કરતાં કરતાં તેમની અવટંકો પર પણ ફારસી ભાષાની અસર જોવા મળે છે. આવી કેટલીક અવટંકોમાં સૈયદ, કાજી, બક્ષી, મુન્શી, દીવાન, બાદશાહ, મજમુદાર, વકીલ હઝરત કે ઘારેખાન વગેરેનો સમાવેશ થાય છે. મહેસૂલી હિસાબ ખાતાના વડાને મજમુદાર કહેવામાં આવતા. કચ્છમાં પણ નાગરોમાં બક્ષી, મુન્શી અવટંકો જોવા મળે છે.

- **ફારસી ભાષા તરફનો લગાવ :**

નાગરોને ફારસી તરફ એટલો લગાવ હતો કે કેટલાક મુત્સદ્દી નાગરોના નામો પર પણ ફારસીની અસર જોવા મળે છે. આવા કેટલાક નામો જોઈએ તો : મિજલસરાય, ખુશાલરાય, દોલતરાય, ગુલાબરાય, હિંમતરાય, બાજીભાઈ, ચમનલાલ કે ચીમનલાલ વગેરે નામો જોવા મળે છે. એ સમયે નાગરો સંધ્યા પણ ફારસી ભાષામાં કરતા, ત્ર્યંબકેશ્વર ખાતે ગોરના ચોપડાઓમાં કેટલાય નાગરોના નામ ફારસી ભાષામાં લખાયેલા જોવા મળે છે.

- **ફારસી સાહિત્યમાં ફાળો :**

મોગલ સમય દરમ્યાન ફારસી સાહિત્યમાં રસ, ફારસી શે'રોની રચના અને ફારસી ભાષામાં લખવાની કાબેલિયત એ એક વિદ્વતાના લક્ષણો લેખાતા. તેથી આ સમયમાં કેટલાય નાગરોએ પણ આ ભાષામાં

Dhiren Shah - Director
M. : 98795 00916 • E-mail : dhirenshah@favouriteshoes.com
HITSTEEL Heat Resistance Shoes WAVES Range of PU Series ULTIMA SERIES OF DOUBLE DENSITY voltex Winner SAFETY SHOES
FAVOURITE
Manufacturers & Exporters of Safety Shoes & Casual Shoes
FAVOURITE SAFETY PRODUCTS
J-1915-18/A, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)
Ph. : +91 2646 220690 / 251646 Fax : +91 2646 251030
E-mail : info@favouriteshoes.com Web : www.favouriteshoes.com
FAVOURITE SHOE COMPANY
C-1/B-2007-2006/3, GIDC Indl. Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)

પ્રવીણતા મેળવી ફારસી ભાષા અને સાહિત્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

ગુજરાતમાં નાગરોએ લખેલાં ફારસી પુસ્તકો, કાવ્યો, શેરો, ઈતિહાસના પુસ્તકો ઠેકઠેકાણે જોવા મળે છે. ગુજરાતના એ સમયના જાણીતા ફારસી સાહિત્યકારોમાં જગજીવનદાસ મુન્શી, ઈશ્વરદાસ, દલપતરામ, સદાશંકર મુન્શી, ત્રિકમદાસ મહેતા, કીરપારામ, દીવાન રણછોડજી, મુગટરામ, ગીરજાશંકર દિવેટિયા (સારાભાઈ નાગર) અને તેમના લઘુબંધુ છોટમલાલ દિવેટિયા, ભોળાનાથ દિવેટિયા, નરસિંહરાવ ભોળાનાથ, ગુલાબરાય મુન્શી, સુંદરલાલ, રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ, બાલાશંકર ઉલ્લાસરાય, આત્મારામ મોતીરામ દીવાનજી, ગુજરાતના જાણીતા સાહિત્યકાર રમણલાલ વસંતલાલ દેસાઈએ બી.એ.માં ફારસી ભાષાને મુખ્ય વિષય તરીકે પસંદ કરી હતી તો જાણીતા ઈતિહાસવિદ્ સ્વ. શંભુપ્રસાદ દેસાઈ પણ ફારસીના અચ્છા જાણકાર હતા.

## ● કચ્છ અને ફારસી ભાષા :

દિલ્હીની મુઘલ સલ્તનતના કાળમાં હિંદુસ્તાનનો રાજય કારોબાર ફારસી ભાષામાં ચાલતો ત્યારે કચ્છ રાજયમાં ફારસી ભાષાનું માન રહેતું. કચ્છના ચલણી સિક્કાની શરૂઆત 'જહાંગીરી કોરી'થી ભારમલજી પહેલાના વખતથી થઈ. ત્યારથી છેક ૧૯૪૯ સુધીના કચ્છી સિક્કા પર ફારસી ભાષામાં લખાણ કરવામાં આવતું. ફારસી ભાષામાં લખાતું લખાણ આ મુજબ રહેતું : 'બિલ્લાહ' અલ મુવીદ બતાહિઅલ રહેમન અબુ અલી ફતેહ નાસીર ઉર દુનિયા બહોતદિન' એટલે કે, 'ઈશ્વર દ્વારા શક્તિમાન થયેલો રાજ' બ્રિટીશ સલ્તનતની શરૂઆત થયા પછી કચ્છી સિક્કા પર ફારસીમાં બ્રિટીશ સમ્રાટનું નામ, કચ્છના મહારાવનું નામ, સાલ તથા તે કઈ ટંકશાળમાં છપાયો એ લખવામાં આવતું.

કચ્છમાં ફારસી ભાષાનો ઉપયોગ માત્ર સાહિત્યકારોના શોખ ખાતર કે અભ્યાસ પૂરતો જ વપરાતો એની તો ખબર નથી પરંતુ ભુજમાં મહમદપન્નાહનો અરબીક ગ્રંથ ભંડાર ખૂબ જ નોંધપાત્ર હતો અને કચ્છમાં નાગર જ્ઞાતિમાં ફારસી ભાષાના પંડિત થઈ ગયા હોવાનું પણ જાણવા મળ્યું છે.

ભુજના વીસનગરના નાગર બ્રાહ્મણ મુન્શી ચત્રભુજ ભગવાનદાસ તથા તેમના પુત્ર સેવકરામ ચત્રભુજ ફારસી ભાષાના પ્રખર પંડિત હતા. તેઓ કચ્છ રાજયમાં રિસાલ બક્ષીની જગ્યા પર હતા.

ફારસીના પંડિત એવા મુન્શી સેવકરામ પરમ શિવભક્ત હતા અને વર્ણાશ્રમ ધર્મના ચુસ્ત હિમાયતી હતા. કચ્છ રાજયના દીવાન નાનજી જીવરાજે મુન્શી સેવકરામ ચત્રભુજ અને મુકુંદજીભાઈ રાઘવજી વોરાને રાજયના એજન્ટ તરીકે ઈ.સ. ૧૮૪૫માં રાજકોટ મોકલેલા. ત્યાંની એમની સફળ કામગીરીથી પ્રભાવિત થઈને મુન્શી સેવકરામને એમના પિતાશ્રી ચત્રભુજ ભગવાનદાસ બક્ષીની જગ્યા ઉપર કચ્છ રાજયના રિસાલા બક્ષી તરીકે નીમવામાં આવ્યા.

બક્ષી એટલે વહીવટદાર. બક્ષીને કચ્છ રાજય તરફથી ૩૦૦ કોરી પગાર, એક ગાય તથા ચાંદીના સાજ સાથેનો ઘોડો આપવામાં આવતો. ભુજના આશાપુરા મંદિર પાસે આવેલા બક્ષી ડેલાની જગ્યા કચ્છના રાવ દેશળજીએ સેવકરામના પિતાશ્રી ચત્રભુજ ભગવાનદાસને આપી હતી. આજે પણ આ જગ્યા એમના વારસો પાસે છે.

મુનશી ચત્રભુજ ભગવાનદાસ પછી કચ્છ રાજયના બક્ષીપદે આવેલા ફારસી પંડિત મુનશી સેવકરામ કચ્છના રાવશ્રી દેશળજીના એ સમયના ખૂબ જ વિશ્વાસુ માણસ હતા. મહારાવના અંગત વિશ્વાસુ મંડળમાં એમનું સ્થાન મોખરે હતું. રાજ કારોબારમાં જયારે ફારસી ભાષાનો ઉપયોગ થતો ત્યારે સેવકરામની સેવા લેવામાં આવતી અને એમની સુચના મુજબ વહીવટ ચાલતો.

ફારસી ભાષાના અભ્યાસી અને શોખીન એવા બ્રિટીશ અધિકારીઓ પણ મુનશી સેવકરામને મળતા અને સાહિત્ય શોખ માણતા. સેવકરામ ફારસી સાહિત્યના અભ્યાસમાં દિલથી મંડી રહેતા. એમના ગ્રંથ ભંડારમાં ફારસી સાહિત્યના તવારીખ, શિરસ્તા વગેરેને લગતા મહત્ત્વના હસ્તલિખિત ગ્રંથોનો ભંડાર હતો, જે એમની વિદ્વતા અને સાહિત્યશોખની સાક્ષી પૂરે છે. એમના સંગ્રહનો કેટલોક ભાગ ભુજના ભારતીય સંસ્કૃતિ દર્શન કચ્છના ગ્રંથાગારમાં એમના પરિવારના ચંદુભાઈ ગીરધરલાલ મુનશીએ આપેલો છે.

ગુજરાતના નાગરોએ રચેલ સાહિત્ય ગુજરાત વિદ્યાસભાની ફારસી હસ્તપ્રતોના પુસ્તકાલય, દીવાન રણછોડજીના ખાનગી સંગ્રહ, હઝરતપીર મોહમ્મદ પુસ્તકાલય, ભો.જે. વિદ્યાભવન પુસ્તકાલય વગેરેમાં સુરક્ષિત રીતે સંગ્રહાયેલ છે. આ સિવાય પણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના મુખ્ય નગરો અમદાવાદ, સુરત, જુનાગઢ, ભુજ, માંગરોળમાં વસતા અનેક નાગર પરિવારો કે નાગર ફારસી સાહિત્યકારોના વંશજ છે તેમની પાસે ફારસી સાહિત્યનો સંગ્રહ વિપુલ પ્રમાણમાં રહ્યો હોવાનો સંભવ છે. આ સંગ્રહને સંશોધનકર્તા માટે અતિ પુષ્કળ પ્રમાણમાં સંદર્ભ સામગ્રી પ્રાપ્ત કરાવી શકે તેમ છે. આ ક્ષેત્રે ધીરજ અને ખંતથી ઉંડું સંશોધન કરવામાં આવે તો નાગર જ્ઞાતિ અને સમગ્ર ગુજરાતના ઈતિહાસના કેટલાક બનાવો પરથી પડદો ઊઠી શકે અને અતિ વિશ્વસનીય અને ઉપયોગી ઈતિહાસ તૈયાર થઈ શકે તેમ છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
Prakash®
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

વિચાર-મંથન

# પ્રગતિની અવરોધક માન્યતાઓ – ૧

મૂળ લેખક : સુબોધ શાહ • રજૂઆત : મુરજી ગડા

દરેક સમાજમાં એની પોતાની પ્રચલિત વિશિષ્ટ માન્યતાઓ હોય છે. એ માન્યતાઓથી પ્રેરાયેલા આદર્શો, ધ્યેયો, રીતરિવાજો, વલણો વગેરેને અનુસરીને સમાજ જીવતો હોય છે અને આ બધું એના સંસ્કાર - સંસ્કૃતિનું અનિવાર્ય અંગ બની જાય છે. સંસ્કારો (Culture) તારક બને, અવરોધક બને કે સંહારક પણ બની શકે છે. માનવ સંસ્કૃતિની શરૂઆતમાં તારક બનેલા સંસ્કાર ઈતિહાસના અંધારયુગ અને મધ્યયુગમાં કાળક્રમે આપણા સંહારક બન્યા છે. એ સંસ્કારો એટલે માન્યતાઓ, રિવાજો, પરંપરાઓ, આદર્શો – એ બધું આજે પુનર્વિચારણા અને નવનિર્માણ માગે છે. ભારતીય સમાજમાં લગભગ બધાએ સ્વીકારી લીધેલી આવી કેટલીક માન્યતાઓથી સમાજને કદીક થોડો ફાયદો થયો હોય પણ સાથે સાથે લાંબાગાળાનું અત્યંત ગંભીર નુકસાન પણ થયું છે. એની વાત ત્રણ લેખની આ લેખમાળામાં કરી છે.

## • ગરીબીનો મહિમા અને સંપત્તિનો વિરોધ :

ધનદોલત કે પૈસાને અનિષ્ટ ગણી-ગણાવીને આપણે ગરીબાઈને વધુ પડતું ગૌરવ આપ્યું છે અને આડંબરને આડકતરું ઉત્તેજન આપ્યું છે. સંતોષ શ્રેષ્ઠ, પૈસો અનિષ્ટ, ગરીબ સદ્‌ગુણી, ધનિક ધુતારો, પૈસો એટલે હાથનો મેલ, પૈસાને તો કૂતરાંય સુંઘતા નથી; આવી આવી ભ્રામક કહેવતો, માન્યતાઓ અને આદર્શો નાનપણથી ધર્મગુરૂઓ, સાધુઓ, ચલચિત્રો અને સમાજ તરફથી આપણને મળે છે.

મહાન દાર્શનિક શંકરાચાર્ય એમના "ભજ ગોવિન્દમ્" કે "ચર્પટપંજરિકા" નામના વિખ્યાત સ્તોત્ર (શ્લોક-૨૯)માં કહે છે : "પૈસાને હંમેશાં અનિષ્ટ ગણજે. સત્ય એ છે કે એનાથી સહેજ પણ સુખ મળતું નથી. ધનવાન માણસોને એમના પુત્ર તરફથી પણ ભય હોય છે. બધી જગ્યાએ આવી જ રીતિ છે." હવે, આપણે બધા જ જાણીએ છીએ કે જીવનમાં પૈસો એ જરૂરી જ નહિ, અનિવાર્ય છે. ધર્મ કરવો હોય તોય પૈસો તો જોઈએ જ. પૈસાની ગુલામી ખરાબ હોઈ શકે, પૈસો ખરાબ નથી. મારા પુત્રનો મને જરાય ભય નથી. નમ્રતાપૂર્વક અને સન્માન સાથે હું કહીશ, કે આ શ્લોકમાંનું વિધાન સ્પષ્ટ રીતે અસત્ય છે, આત્યંતિક છે, ગેરમાર્ગે દોરનારું છે. છતાં હિંદુઓ જેમને સાક્ષાત્ ભગવાનના અવતાર સમાન માને છે એ સંતનું આ વચન છે. એકદમ સીધીસાદી સ્પષ્ટ સંસ્કૃત ભાષામાં આ શ્લોક છે અને કોઈપણ એ વાંચીને સમજી શકે એમ છે. આ અર્થના બીજા શ્લોકો પણ છે. આ સ્તોત્ર ફક્ત સંન્યાસીઓ માટે છે એવો કોઈ ઉલ્લેખ એમાં નથી, એથી ઉલટું, ગૃહસ્થોને સંબોધીને લખાયેલો ઉપદેશ એમના જ અનેક શ્લોકોમાં જોવા મળે છે.

હવે જરાક વિચાર કરીએ. પૈસા વિશે આ પ્રકારની માન્યતા સદીઓ સુધી જેણે ધરાવી હોય, પચાવી હોય, એ પ્રજા ગરીબ રહે એ બાબતમાં આશ્ચર્ય ન હોય. ધર્મ ગરીબીને વખોડતો નથી, વખાણે છે. પરંતુ નિર્ધન માણસ ઘણીવાર ખોટાં મૂલ્યો ધરાવે છે અને હાનિકારક વલણોમાં વીંટળાઈ રહીને પોતે જ પોતાની જાતને નુકસાન કરતો હોય છે. નિર્ધનતાની ચુંગાલમાંથી છૂટવાનું મુશ્કેલ કામ આપણી માન્યતાઓને કારણે વધુ મુશ્કેલ બને છે. આના જેવી બીજી અનેક જડબેસલાક માન્યતાઓ સમાજમાં ધર્મ દ્વારા પ્રચલિત થઈ છે.

## ૨. ગુરુ પરંપરા :

આપણી બીજી એક માન્યતા છે ગુરુને દેવ ગણવાની. ગુરુને દેવ ગણવાથી સ્વતંત્ર વિચારશક્તિ, મૌલિકતા અને સર્જનશીલતાનું અવમૂલ્યન થયું છે. "બ્રહ્મા કહો, વિષ્ણુ કહો, મહેશ્વર કહો, જે કહો તે, પણ ગુરુ એ સાક્ષાત્ પરમ બ્રહ્મ છે." એવું કોણે કહ્યું? ગુરુઓએ પોતે સ્તો.

એમાં કોઈ શક નથી કે શિક્ષક માટે સન્માન જરૂરી અને આવશ્યક છે. પણ સન્માન એટલે સંમતિ નહિ, સ્વતંત્ર વિચારશક્તિનો ત્યાગ નહિ. સન્માન એટલે આંધળો વિશ્વાસ કે અણછાજતો અહોભાવ પણ નહિ. માનસન્માન, આજ્ઞાંકિતપણું, વિશ્વાસ, શ્રદ્ધા, અંધશ્રદ્ધા – આ બધાંની વચ્ચે સૂક્ષ્મ ભેદરેખાઓ છે. ગુરુને ભગવાન ગણવાથી આપણાં માનસમાંથી તે ભેદરેખાઓ ભૂંસાઈ ગઈ છે. ગુરુનો કોઈ વિચાર કુવિચાર હોય, તો એ સમજવા છતાં એની વાત કરતાં આપણા સંસ્કારો આપણી જનતાને અટકાવે છે, કારણકે ગુરુ તો દેવસ્વરૂપ છે! ગુરુના કથનમાં ખુલ્લો વિરોધાભાસ હોય, નરી ગેરસમજ હોય, ઉપદેશ અનિષ્ટ પણ હોય, એ જાણવા છતાં પોતાની સમજશક્તિને બાજુએ રાખી દેવા આપણી જનતા ટેવાયેલી છે. શિક્ષક સારો હોય તેમ ખરાબ પણ હોઈ શકે છે. કોઈ પણ માણસની ઉંમર, દાઢી, ભગવાં / શ્વેત કપડાં, ધંધોધાપો કે જાતિ જોઈને એને કે એના પદને સન્માનપાત્ર ગણવાનો કે ઉતરતો ગણવાનો રિવાજ યોગ્ય નથી. સન્માન માગવાનું ના હોય, સ્વયં એને લાયક બનવાનું હોય છે. શિષ્યોના પ્રશ્નોથી જેમનું સ્વમાન ઘવાતું હોય એવા ગુરુઓ શિષ્યોને આજ્ઞાંકિત થવાનો ઉપદેશ આપે એ સ્વાભાવિક છે. વિવેકશૂન્ય વિચારો અને

*તમારી વિશેષ આવડતને જાળવી રાખો.*

ઉટપટાંગ આદર્શોનો શિષ્યો પાસે મૂંગો સ્વીકાર કરાવવાનાં ફાયદા બધા ઉપદેશકો જાણતા હોય છે. જ્યારે શાળાઓ કે પુસ્તકો સુદ્ધાં ન હતાં, ત્યારે ગુરુમાં વિશ્વાસ રાખવા સિવાય બીજો વિકલ્પ નહોતો. આધુનિક જગતની આવશ્યક્તાઓ જુદી છે. જૂની પેઢીનું આંધળું અનુકરણ આપણી વિચારશક્તિને રુંધે છે, ઘેટાંશાહી માનસ જન્માવે છે અને મૌલિકતાને વિકસવા દેતી નથી. એવું હવે ચાલે એમ નથી. ગુરુમાં શ્રદ્ધા વિના બાળક શીખી શકે નહિ એ સાચું જ છે, પણ કોઈનેય આખી જિંદગી બાળક સમજવું ન જોઈએ. પુખ્ત વયના માણસમાં ગુરુના વિચારોને પડકારવાની, જરૂર પડ્યે વિરોધ કરવાની, એનાથી આગળ જવાની, કંઈક નવું કરવાની ક્ષમતા હોવી જરૂરી છે. ગુરુ, મા-બાપ, વૃદ્ધ, પદવીધારી બધાંની સામે સન્માનના ઓઠા હેઠળ ડોકું નમાવી રાખવાની આદતવાળો સમાજ સ્વતંત્ર વિચારશક્તિવાળો સર્જનશીલ ન બની શકે. સજ્જડ શ્રદ્ધાવાળાં જડ માનસ દરેક સમાજ માટે ભયજનક હોય છે.

શ્રદ્ધા એ શ્રેષ્ઠ અને "સંશયાત્મા વિનશ્યતિ" (ગીતા ૪-૪૦) એ વચનમાત્ર વિવાદાસ્પદ નહિ, વિનાશાત્મક વિચાર છે. સંશય નહિ, વિકલ્પ નહિ, તો સત્યનાં વિવિધ પાસાંઓ કેમ જોઈ, જાણી કે તપાસી શકાય? ગુરુએ શીખવેલા સત્યને પ્રશ્ન કર્યા વિના એકમેવ સત્ય તરીકે સ્વીકારી લેવાનું હોય, તો સત્યને પામવાની આશા વ્યર્થ છે. સક્ષમ અને તંદુરસ્ત વિકલ્પવાદ - પ્રશ્નશીલતા (Skepticism) એ તો નવસર્જન અને પ્રગતિનો પિતા છે. યુદ્ધ જેવા કોઈક અસાધારણ સંજોગોમાં ઉપરીના નિર્ણય સામે પ્રશ્ન કરવો કદાચ ખોટો હોઈ શકે, પણ એ સિવાય બીજે બધે જ સંશય સારી ચીજ છે. સંશયને આવકારવો જોઈએ. સમાજનાં બૌદ્ધિક ધોરણો નીચી પાયરીએ જાળવી રાખવાં હોય, નિર્વિવાદ પરંપરા ટકાવી રાખવી હોય, તો એમ કરવાનું શ્રેષ્ઠ સાધન પ્રશ્નવિહીન ગુરુપૂજન છે. મૌલિક વિચારશક્તિ ઉપર આવો પ્રતિબંધ આવી સુંદર સભ્યતાથી દરેક ધર્મે લાદ્યો છે.

આધ્યાત્મિક ચર્ચા માટે સંસ્કૃત ભાષામાં શબ્દ છે "શાસ્ત્રાર્થ" એટલે કે "શાસ્ત્રનો અર્થ." માત્ર અર્થ જ કરવાનો કે પછી સમજવાનો? ચર્ચા નહિ, શંકા નહિ, પ્રશ્ન નહિ, સંશય તો નહિ જ નહિ. સમજવા સિવાય બીજી કોઈ ચેષ્ટા કરો તો અવિનય કે નાસ્તિકતા ગણાય. શાસ્ત્રમાં શંકા થાય જ નહિ. માન્યતા અને શ્રદ્ધાને ગૃહિત ધરીને જ ચાલવાનું. સંત, મહંત, ભગવાન, ઉપદેશક અને યોગી, જે મળે તે બધા જ બુદ્ધિને બાજુએ મૂકી શ્રદ્ધા શીખવવાનો ઉદ્યોગ વાર્તા, ભજન અને ભક્તિથી આદરે છે. કહેવાય છે કે નવા પ્રશ્નો તરફ દોરી જાય નહિ તેવું જ્ઞાન જલદીથી નાશ પામે છે. જીવનને પોષણ આપવા માટે આવશ્યક એટલું વાતાવરણ એ જાળવી શકતું નથી.

## • સદ્‌ગુણનો અતિરેક અને શક્તિની અવહેલના :

ભારતીય સમાજ દ્રઢતાપૂર્વક માને છે કે જ્યાં ધર્મ છે ત્યાં વિજય છે (ગીતા); એટલે કે સદ્‌ગુણનો હંમેશાં વિજય થાય! ધર્મ કરવાથી બીજો જન્મ સારો મળશે એવી માન્યતાથી સદ્‌ગુણ કે નીતિનો વિકાસ થયો પણ સાથે ક્રિયાશીલતાનો હ્રાસ થયો. નીતિને સિદ્ધાંતનો ટેકો મળ્યો, પણ જિંદગીની હરીફાઈમાં જીતવા માટે જરૂરી એવા હેતુ, પ્રેરણા કે પીઠબળ ન મળ્યા. જીવનમાં નીતિ તો જોઈએ જ, પણ નીતિ એ અથથી ઇતિ નથી, સર્વસ્વ નથી. નીતિ એ મૂલ્ય છે, આદર્શ છે; સિદ્ધિ નથી. એ બન્ને જુદાં છે. સારા થયા એટલે સફળ થયા, એવું નથી હોતું. ખેલના મેદાનમાં, યુદ્ધમાં, જીવનમાં, સફળ થવા શક્તિ પણ જોઈએ જ, એકલી નીતિથી કામ ના ચાલે. રોજ રોજ નીતિની ચિંતા કરતાં કરતાં શક્તિને આપણે ભૂલી ગયા. ભલા થવાનું યાદ રહ્યું, જીતવાનું ભૂલાઈ ગયું. જીવન હારતા રહ્યા. એટલે સુધી, કે જીવનની નિરર્થકતા ઉપદેશતા થયા.

જીવનની લાંબી દોડમાં, અસ્તિત્વના અવિરત યુદ્ધમાં, ભલા માણસો હંમેશાં જીતતા નથી. આપણે માનીએ અને ઈચ્છીએ કે તોએ જીતે તો સારું. એ પણ બીજા જન્મમાં નહીં પરંતુ આજ, અહીં, અત્યારે, ભલા માણસો જ જીતે એવું હોતું નથી. ઉત્ક્રાંતિનો નિયમ સમર્થને જીતાડે છે, સદ્‌ગુણીને નહિ; શક્તિને જીતાડે છે, શીલને નહિ. હિટલર દારૂ પીતો નહિ, માંસ ખાતો નહિ, છતાં હારી ગયો. એને હરાવનાર વિન્સ્ટન ચર્ચિલ ચીરૂટનો બંધાણી દારૂડિયો હતો. નેપોલિયનને હરાવનાર ડ્યુક ઓફ વેલિન્ગટન દારુ, જુગાર અને સ્ત્રીઓનો શોખીન હતો. આપણે ભારતીયો જેને નીતિમાન સદ્‌ગુણી ગણીએ એવો તો નહિ જ. બીજી બાજુ જુઓ તો આપણા દેશમાં ઘણા હારી ગયેલા રાજપુરુષો ધર્મશાસ્ત્રોના જાણકાર ડાહ્યા ડમરા પંડિતો હતા. અન્ય દેશોની વાત કરીએ તો, પશ્ચિમના દેશોના દારૂ પીનારા, ગોમાંસભક્ષી, આપણી દૃષ્ટિએ પાપી, દુર્જન એવા લોકો આજે સમૃદ્ધ અને સુખી છે. તેઓ બધા નરકમાં જશે કે નહિ એ તો ખબર નથી પરંતુ એક વાત બધા જાણે છે કે સારા સદ્‌ગુણી પુણ્યપવિત્ર ભારતીયો આજે ભૂખમરો, રોગ અને પ્રદૂષણોના નરકથી બહુ દૂર નથી.

કમનસીબીની વાત છે કે દુન્યવી મહાનતાને નૈતિક મહાનતા સાથે સીધો સંબંધ નથી. અહીં અનીતિનો પુરસ્કાર થાય છે એવું નથી. અત્રે આટલું જ કહેવાનું છે કે જિંદગીમાં જીવવા માટે, જીતવા માટે નીતિ ઉપરાંત ઘણું બધું જોઈએ છે. આ વાત વ્યક્તિ અને સમાજ બંનેને લાગુ પડે છે. લોકોમાં રૂઢ થયેલી આપણી માન્યતા કે ધર્મ હંમેશાં જીતે છે, તે આપણા અનુભવ ઉપર થયેલી આશાની જીત છે; અનુભવ તો સાવ જુદો જ છે. જીવનની દોડમાં હંમેશાં દોડવીર જ જીતે છે એવું નથી; તાકાતથી જ યુદ્ધ જીતાય એવું પણ નથી; ડાહ્યા માણસને રોટલો કે સારા માણસને દોલત મળે જ એમ પણ નથી; હોશિયારને

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૩ ઉપર)**

*લાગવગ થકી કોઈને અન્યાય ન કરવો.*

પ્રજાતંત્ર

# ફાંસી કે જનમટીપ?

• ડૉ. યાસીન દલાલ •

બીજી બાજુ ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીના હત્યારાઓની દયાની અરજી પેન્ડિંગ છે. કેન્દ્ર સરકારનું કહેવું છે કે વડાપ્રધાન કક્ષાની વ્યક્તિની હત્યા માટે ફાંસીની સજા જ હોવી જોઈએ. હમણાં જેમને ફાંસીનાં માંચડે ચડાવી દેવાયા એ અફઝલ ગુરુએ પણ દયાની અરજી કરી હતી પણ રાષ્ટ્રપતિએ નામંજૂર કરેલ.

દુનિયાના અનેક દેશોમાં ફાંસીની સજા નાબૂદ થઈ ગઈ છે. કેટલાક યુરોપિયન દેશોનો દાખલો આપવામાં આવે છે. આપણે ત્યાં આ અંગે લોકમત વહેંચાયેલો છે. આમાં માનવ અધિકારનો મુદ્દો પણ સંકળાયેલો છે. હવે એમાં આતંકવાદનો મુદ્દો ઉમેરાયો છે. એક બૉંબ ધડાકામાં અનેક વ્યક્તિઓનાં જાન લેનાર વ્યક્તિને માફ કઈ રીતે કરી શકાય એ પ્રશ્ન છે.

સુપ્રીમ કોર્ટના નવા વરાયેલા ન્યાયમૂર્તિ શ્રી સબરવાલે ફાંસીની સજા રદ કરવાની હિમાયત કરી છે. બીજીબાજુ ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ શ્રી આર.સી. લાહેરીના મત મુજબ ભારતમાં ફાંસીની સજા રહેવી જ જોઈએ.

આ સમગ્ર પ્રશ્ન દેખાય છે તેવો સાદો નથી, બલકે અત્યંત જટીલ અને પેચીદો છે. આમાં આજકાલ દુનિયામાં ઠેરઠેરથી ઊઠતો માનવ અધિકારનો મુદ્દો સંકળાયેલો છે, તો દુનિયાભરમાં હાહાકાર મચાવતો આતંકવાદનો મુદ્દો સંકળાયેલો છે. માનવ અધિકારનો તકાદો એ છે કે ફાંસીની સજા માનવતાની દૃષ્ટિએ રદ કરવી જોઈએ. આ લોકોની દલીલ એ છે કે અપરાધી નહીં, પણ અપરાધને નાબૂદ કરવાની કોશિશ થવી જોઈએ. યુરોપના કેટલાક દેશોમાં ફાંસીની સજા રદ થઈ ગઈ છે. યુનોએ પણ વિશ્વના તમામ દેશોને અપીલ કરીને કહ્યું છે કે ફાંસીની સજા રદ કરીને એની જગ્યાએ જન્મટીપની સજા દાખલ કરો. એમ્નેસ્ટી જેવી માનવ અધિકારો માટે લડતી સંસ્થાઓ પણ ફાંસીની સજાની વિરોધી છે. સોશિયાલિસ્ટ ઈન્ટરનેશનલ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ પણ ફાંસીની હિમાયત નથી કરતી.

પણ આ બધી પરિસ્થિતિ અને તારણો યુરોપના છે. યુરોપની પ્રજા, ત્યાંનો સમાજ અને ભારતીય સમાજ વચ્ચે સરખામણી થઈ શકે નહીં. યુરોપમાં સાક્ષરતાનું પ્રમાણ નેવું ટકા જેટલું છે. ત્યાંનો સમાજ હોમોજિનિયસ છે. ત્યાંનું આર્થિક ધોરણ પણ ઠીકઠીક ઊંચું છે. ત્યાં ભૂખમરો અને ગરીબી પણ ઘટી ગયાં છે. ત્યાંની સરકારો પ્રજાને સામાજિક સલામતી આપે છે. મતલબ કે બેકાર યુવાનોને સરકાર એમને નોકરી ન મળે ત્યાં સુધી ઘેર બેઠાં બેકારીનું ભથ્થું મોકલે છે. ત્યાં જ્ઞાતિવાદ, પ્રવેશવાદ કે કોમવાદનું પ્રમાણ પણ આપણા કરતાં ઘણું ઓછું છે. આ બધાં દૂષણોમાંથી સામાજિક અસંતોષ જન્મે છે. આ અસંતોષમાંથી જ લોહિયાળ અથડામણો સર્જાય છે. વ્યક્તિગત ગુનાખોરી અને સામૂહિક ગુનાખોરી એ બેય અલગ અલગ મુદ્દા છે. ગુનાખોરીનો પ્રકાર એ વળી એક ત્રીજો મુદ્દો છે. ત્રણેય બાબતમાં આપણી સ્થિતિ તદ્દન જુદી છે. માનવ અધિકારના હિમાયતીઓ આ મૂળ મુદ્દો જ ભૂલી જાય છે.

બીજા દેશોની વાત કરીએ તો સિંગાપુર જેવા અત્યંત સુધરેલા અને આધુનિક દેશમાં આજે પણ ફાંસી અપાય છે. તાજેતરમાં જ મળેલા સમાચાર મુજબ ત્યાં કેફી દ્રવ્યોની હેરફેર કરનાર એક અપરાધીને ફાંસીની સજાનો અમલ થવાની તૈયારીમાં જ છે. એક ભારતીય ફાંસીગર આ સજાનો અમલ કરાવશે અને માનવતાને મુદ્દે એનો વિરોધ પણ એક ભારતીય વકીલ કરશે. અમેરિકામાં દર દસ દિવસે એક કેદીને દેહાંતદંડ અપાય છે. આ આંકડો છેલ્લાં ૨૮ વરસ દરમ્યાનની સરેરાશ બતાવે છે. અત્યારે ૧૧૮ વિદેશીઓ સહિત ૩૪૦૦ કેદીઓ ફાંસીની રાહ જોઈ રહ્યાં છે. આમાં સૌથી જૂનો કિસ્સો ગેરી ગેલમોર નામના કેદીનો છે. ૧૯૭૬માં એની ફાંસીની સજા સુપ્રીમ કોર્ટે માન્ય રાખી હતી. એ પછી ફાંસીની રાહ જોઈ રહ્યા છે. એમાં ફાંસીની સજા પામનારાઓમાં ૫૮ ટકા ગોરા અને ૩૪ ટકા હબસી લોકો છે. ૧૯૯૦ પછી ત્યાં ફાસીની સજાના કિસ્સાઓમાં ૫૦ ટકાનો ઘટાડો થયો છે. ત્યાંના ૧૨ જેટલાં રાજ્યોમાં ફાંસીની સજાની જોગવાઈ નથી. એલિનોઈસ અને ન્યુજર્સીમાં ફાંસી અંગે નરમ વલણ દાખવવામાં આવે છે. ત્યાં થયેલા એક સર્વેક્ષણમાં ૬૪ ટકા લોકો ફાંસીનું સમર્થન કરે છે. ૧૯૯૪માં આ ટકાવારી ૮૦ ટકા હતી. કાયદાના કેટલાક નિષ્ણાતો ફાંસીની સજા પામેલા અપરાધીઓને અપીલ કરવાની જોગવાઈ રદ કરીને ફાંસીનો ઝડપથી અમલ કરવાના હિમાયતી છે. આમ ફાંસીની સજા અંગે વિશ્વના દેશોમાં એકમતી નથી. અમેરિકા જેવા પ્રખર લોકશાહી દેશમાં પણ ફાંસીની સજાની જોગવાઈ ચાલુ છે. સિંગાપુર એક તદ્દન નાનો અને સરમુખત્યાર દેશ છે. ત્યાં પણ ફાંસીની સજાની જોગવાઈ ચાલુ છે.

ભારતની સમાજ રચના દુનિયાભરમાં વિશિષ્ટ છે. આ સમાજ રચનામાં ભારોભાર ગરીબી અને બેરોજગારી જોવા મળે છે. ઉપરાંત આપણા દેશમાં બહુમતી પ્રજા આદિવાસી અને પછાત વર્ગની છે. સુખી વર્ગ સામે એ ભારોભાર અસંતોષથી પીડાય છે. આ અસંતોષ અવારનવાર વર્ગવિગ્રહ બનીને બહાર આવે છે. આ વર્ગવિગ્રહ ક્યારેક નક્સલવાદરૂપે તો ક્યારેક આતંકવાદરૂપે બહાર આવે છે. બિહારમાં જહાનાબાદ ખાતે જેલ ઉપર નક્સલવાદીઓ હુમલો કરીને ૪૦૦ જેટલા કેદીઓને છોડાવી

*બાળકોને પહેલેથી જ સ્વાવલંબી બનાવો.*

ગયા. રણવીર સેનાના ત્રણ ટેકેદારોની હત્યા કરી નાખી. પોલીસ આ તમાશો જોતી જ રહી ગઈ. એક ટી.વી. ચેનલ ઉપર રણવીર સેનાના પ્રમુખે ખુલ્લી ધમકીની ભાષામાં કહ્યું કે અમે આ હત્યાકાંડનો બદલો લઈને જ રહીશું. નક્સલવાદે દેશના દોઢસો જિલ્લાઓ ઉપર કબજો જમાવ્યો છે. આમાંથી કેટલાક વિસ્તારો ઉપર એમનું સમાંતર શાસન ચાલે છે. એ લોકો કરવેરા ઉઘરાવે છે. એટલું જ નહીં, સમાંતર અદાલતો પણ ચલાવે છે. આ લોકો જાતજાતની સજા કરે છે, જેમાં અપરાધીને ફાંસી પણ અપાય છે. એ જ રીતે આતંકવાદીઓ અવારનવાર બોંબધડાકા કરીને સેંકડો નિર્દોષ માણસોને એનો ભોગ બનાવે છે. આ આતંકવાદીઓની જાળ કાશ્મીરથી માંડીને આસામ સુધી ફેલાયેલી છે. થોડા સમય પહેલા ઉલ્ફાએ આવા ધડાકા કરાવીને ૩૦ માણસોને મારી નાખ્યા હતા. દિલ્હીમાં તાજેતરમાં જ બોંબધડાકામાં ૬૦ માણસોનાં મોત થયા હતા. એ પહેલાં મુંબઈમાં ઘાટકોપરમાં પણ આવા ધડાકા થઈ ચૂક્યા છે. ધર્મ અને જાતિને નામે આવા ધડાકા કરાવનારી સંસ્થાઓ એની જવાબદારી ગર્વપૂર્વક સ્વીકારે છે. લાલ કિલ્લા ઉપર હુમલો કરીને અસફાક નામના ત્રાસવાદીને હમણાં જ ફાંસીની સજાનો હુકમ થયો છે.

જે લોકો માનવ અધિકારને નામે ફાંસીની સજાનો વિરોધ કરે છે એમને આપણે પૂછવું જોઈએ કે અવારનવાર આવા બોંબ ધડાકાઓ અને સામૂહિક હુમલાઓમાં જે નિર્દોષ લોકો જાન ગુમાવે છે એમનાં અને એમનાં બચી ગયેલાં કુટુંબીઓના માનવ અધિકારોનું શું? જે લોકોને ફાંસીની સજા અપાય છે એ લોકોનો અપરાધ તો પુરવાર થઈ ચૂક્યો છે. તો બીજી બાજુ બોંબધડાકા અને સામૂહિક નરસંહારનો ભોગ બનતા લોકો તો નિર્દોષ હોય છે.

આવી જ પરિસ્થિતિ વ્યક્તિગત ગુનાખોરીની છે. દેશમાં ચારેબાજુ બળાત્કારોની સંખ્યામાં ધૂમ વધારો થયો છે. મુંબઈ જેવા શહેરમાં અવારનવાર પોલીસચોકીમાં સ્ત્રીઓ ઉપર બળાત્કારના કિસ્સાઓ બને છે. સૌથી વધુ બળાત્કાર છેલ્લે પાટનગર દિલ્હીમાં થયા છે. વિદેશી એલચી કચેરીઓમાં કામ કરતી મહિલાઓ પણ આવા બળાત્કારોનો ભોગ બની ચૂકી છે. આને લીધે દેશની અને સરકારની પ્રતિષ્ઠા પણ અવારનવાર જોખમમાં મૂકાઈ જાય છે. જ્યાં કેન્દ્રનું અને દિલ્હીની રાજ્ય સરકારનું શાસન હોય ત્યાં આવી ઘટનાઓ બનતી હોય તો દૂરનાં ગામડાંઓની વાત જ શું કરવી? છેલ્લે કલકત્તાના ધનંજયનો કિસ્સો આખા દેશમાં ચમકી ગયો હતો. એણે પંદર વરસની વિદ્યાર્થિની ઉપર બળાત્કાર કરીને એની ક્રૂર હત્યા કરી નાખી હતી. છેલ્લા દાયકામાં ગુનાખોરીમાં આ નવું પરિમાણ ઉમેરાયું છે. પહેલા ગુનેગારો બળાત્કાર કરીને ભાગી જતા. હવે બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રી પોલીસ ફરિયાદ કરે કે અદાલતમાં પહોંચે એ પહેલાં જ એનું ખૂન કરી નખાય છે. બળાત્કારની ઘટનાઓ જાતીય વંચિતતાનું મનોવૈજ્ઞાનિક પરિમાણ ગણીએ અને એનો આડકતરો બચાવ કરીએ તો પણ આ ખૂનની અને હત્યાની ઘટનાઓનો બિલકુલ બચાવ થઈ શકે નહીં. આપણો દેશ લાખો ગામડાંઓમાં વસેલો છે. ગામડાંમાં બપોરે ખેડૂતોને એમના ઘરની મહિલાઓ ભોજન પહોંચાડવા જાય છે. મોટેભાગે ગામડાના રસ્તા નિર્જન અને એકાંતવાળા હોય છે. એકાંતનો લાભ લઈને કેટલાંક અસામાજિક તત્ત્વો એમને બળાત્કારનો ભોગ બનાવે છે.

આ વ્યક્તિગત ગુનાખોરીના કિસ્સા થયા. આવા કિસ્સાઓમાં ક્યારેક બે વ્યક્તિઓ વચ્ચે શાબ્દિક યુદ્ધ થાય છે. ચડસાચડસીમાં ક્યારેક કોઈ વ્યક્તિ ઉશ્કેરાઈને હત્યા કરી નાખે છે. આવા કિસ્સાઓમાં અદાલતો નરમ વલણ અપનાવે છે. પણ કેટલાક રીઢા ગુનેગારો ઠંડે કલેજે ખૂનનું ષડયંત્ર રચે છે અને પછી એનો વ્યવસ્થિત અમલ કરે છે. આ બે કિસ્સાઓ વચ્ચે ભેદ કરવાનો છે. ઉશ્કેરાટમાં કોઈનું ખૂન થઈ જાય અને વ્યવસ્થિત ઢબે આયોજનપૂર્વક કોઈનું ખૂન કરવામાં આવે એમાં તફાવત છે. આવા લોકોને કડક સજા થાય તો જ એ લોકો સુધરે. એ જ રીતે આયોજનપૂર્વક કોઈની હત્યા કરનાર આરોપીને ફાંસીની સજા મળવી જ જોઈએ.

હમણાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું કે ભારતની જુદી જુદી અદાલતોમાં બે કરોડ ૬૦ લાખ કેસો પડતર છે. આમાંથી એક કરોડ એંસી લાખ કેસ ક્રિમિનલ છે. રીઢા ગુનેગારો પોલીસ સાથે ભળી જઈને જેલમાં માંદગીનું બહાનું કાઢીને સીધા હોસ્પિટલે પહોંચે છે. બિહારની મોટાભાગની જેલોમાં જ્યારે જ્યારે તપાસ થઈ ત્યારે કેદીઓ મોજથી મોબાઈલ ફોન અને ટી.વી. જેવી સગવડો ભોગવતા હતા. પોલીસતંત્રમાં કેટલાક અધિકારીઓ પ્રામાણિક અને સાહસિક પણ હોય છે. પરંતુ આ માફિયા તત્ત્વોની જાળ એટલી વ્યાપક હોય છે કે આપણે ગમે તેટલા અહિંસાના અને માનવ અધિકારના સમર્થક હોઈએ તો પણ આવી એન્કાઉન્ટરની ઘટનાઓને આવકારવી જ પડે. આવો એક ગુંડો જીવતો રહે તો હજારો નિર્દોષ માનવીઓ ઉપર મોતનો ભય તોળાતો હોય છે. આવા અનેક નિર્દોષ નાગરિકોના માનવ અધિકારની રક્ષા કાજે આવા માફિયા તત્ત્વોની સાફસૂફી થવી જ જોઈએ. આ બધું જોતા સજા-એ-મોત રાખવી જ જોઈએ. અલબત્ત કેદીને ઓછામાં ઓછી પીડા થાય એ રીતે એનો અમલ કરવો જોઈએ.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

DEEP JYOT
DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# મહેસૂલી તંત્ર સામે સર્વોચ્ચ અદાલતની લાલ આંખ

• શશીકાંત ઠક્કર - એડવોકેટ •

અજ્ઞાન અને નાના ખેડૂતોની જમીન ટેકનિકલ બહાનાઓ તળે ઝુંટવીને તેમને આજીવિકા વિહીન કરી નાખવાની અને ખાનગી કંપનીઓની ગમે તેવી ગંભીર ગેરરીતિઓને નજરઅંદાજ કરી તેમને નફો કમાવવાની છૂટ આપવાની રાજ્યના મહેસૂલ તંત્રની અન્યાયી નીતિનું પરિણામ ભારતની સર્વોચ્ચ અદાલતના તાજેતરના ૭૯ પાનાના વિસ્તૃત ચુકાદાથી બહાર આવ્યું છે અને રાજ્યના મહેસૂલમંત્રીનો હુકમ રદ કરીને કાર્યપ્રણાલી અંગે કડક ટીકા કરીને કાયદાથી કોઈ પર નથી તેવું અવલોકન સર્વોચ્ચ અદાલતે કરવું પડ્યું છે.

છેલ્લા કેટલાક વર્ષોથી ક્ષુલ્લક બહાનાઓ તળે કેટલાયે ખેડૂતોની જમીનો રાજ્યસાત કરવાનો સીલસીલો રહ્યો હતો. આવા જ એક નાના ગવરીપર ગામના સામાન્ય ખેડૂતની બે-ત્રણ એકર જેટલી જમીન ટેકનિકલ શરતભંગ ગણીને રાજ્યસાત કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણની સુનાવણી દરમ્યાન એક ખાનગી કંપનીની ૬૦ એકર જમીનના વેચાણમાં થયેલો દેખીતો શરતભંગ નગણ્ય પ્રીમિયમ લઈને નિયમિત કરી અપાયો હતો. તેનો હુકમ રજૂ કરી આ ગવરીપર ગામના રાણીબેન જેઠાભાઈ અને હમીરા ધનાભાઈની જમીનમાં ખરેખર શરતભંગ ન હોવા છતાં ટેકનિકલ શરતભંગ ગણવામાં આવતો હોય તો પણ તે નિયમિત કરી આપવા વિનંતી કરાઈ હતી. પરંતુ તે ગણકારવામાં આવી નહીં અને જમીન રાજ્યસાત કરવામાં આવી. આવા અન્યાયથી કોઈપણ સંવેદનશીલ વ્યક્તિના દિલમાં ચચરાટ થાય જ. આવા ચચરાટના પરિણામે આવા અન્યાયોને ઉજાગર કરી ખુલ્લા પાડવાના પ્રયત્નરૂપે આ લેખકે ઈન્ડિગોલ્ડ કંપનીને કુકમા - રેલડી ગામની ૪૦ એકર જમીન શરતભંગ હોવા છતાં અન્ય કંપનીને નફો ખાઈ વેચવાની પરવાનગી અપાયાના સમગ્ર પ્રકરણની ફાઈલ માહિતી અધિકાર હેઠળ ફી ભરીને નવેમ્બર ૨૦૧૦માં મેળવી હતી. આ કિસ્સામાં કાયદા મુજબ જ્યારે ઈન્ડિગોલ્ડ કંપનીએ ઉદ્યોગ કર્યો ન હતો અગર મુદત વધારવા અરજી પણ કરી ન હતી ત્યારે તે જમીન જરૂરી કાર્યવાહી કરીને રાજ્યસાત કરવાની કલેક્ટરની ફરજ હતી પરંતુ તેમ કરવાના બદલે તેમણે આ પ્રકરણ સરકારમાં મોકલ્યું હતું અને રાજ્યના મહેસૂલમંત્રીએ તમામ અધિકારીઓની વિરોધ નોંધ હોવા છતાં કોઈ કારણો આપ્યા વિના ખાસ કિસ્સા તરીકે વેચાણ કરવાની પરવાનગી આપવા હુકમ કર્યો હતો. આ બાબતની વિગતવાર હકીકત સૌપ્રથમ 'કચ્છમિત્ર', તા. ૨૦-૧૨-૧૦માં સમાચાર સ્વરૂપે પ્રસિદ્ધ કરી હતી. તા. ૨૮-૧૨-૧૦ના 'પ્રજાતંત્રના પ્રશ્નો' કોલમમાં પણ આ વિગતો આપી હતી. આ વિસ્તારના ખેડૂતોએ પોતાની ખેતીની જમીનોને થનાર નુકસાન અંગે રેલી અને આંદોલન પણ કરેલા હતા પરંતુ તંત્રના પેટનું પાણી પણ હાલ્યું નહીં.

કચ્છના ગણોતધારાની કલમ-૮૯એ ની પેટા કલમ (૫)ની સ્પષ્ટ જોગવાઈ વિરુદ્ધના આ હુકમ સામે આ પછી અમદાવાદના દીપક બાબરિયા અને ઝરપરાના નારાણ ગઢવીએ ગુજરાત હાઈકોર્ટમાં પી.આઈ.એલ. નં. ૪૪/૧૨ વાળી દાખલ કરી હતી. પરંતુ ગુજરાત હાઈકોર્ટે તા. ૩૦-૮-૧૨ના ચુકાદાથી આ અરજી એવા કારણોસર નામંજુર કરી કે અરજી વિલંબથી રજૂ કરાઈ છે અને તે દરમ્યાન જમીન ખરીદનાર એલ્યુમિના કંપનીએ મોટું રોકાણ કર્યું છે. સરકારની ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની નીતિ અન્વયે સરકારનો કોઈ બદ્‌ઈરાદો જણાતો નથી અને આ મુદ્દો એમ.બી. શાહ પંચને રિફર કરવામાં આવેલો છે. ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સામે અરજદારોએ સિવિલ અપીલ નં. ૮૬૩/૨૦૧૪ વાળી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી. જેમાં આ લેખકે માહિતી અધિકાર કાયદા હેઠળ મેળવેલ ફાઈલ રજૂ કરવામાં આવી હતી. જેનો નામ સાથેનો ઉલ્લેખ ચુકાદાના પાના-૮ ઉપર કરાયો છે. અને વિસ્તૃત સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે તા. ૨૩-૦૧-૧૪ના ચુકાદાથી તમામ કાર્યવાહી રદ કરી જમીન રાજ્યને પ્રાપ્ત થતી હોવાનો નિર્ણય આપ્યો છે. પરંતુ ખરીદનાર કંપનીની વિગતો અને સંજોગો નજરે જંત્રી મુજબ જમીનની કિંમત રૂા. ૪.૩૫ કરોડમાંથી વેચનાર કંપનીને ચૂકવાયેલા રૂા. ૧.૨૦ કરોડ બાદ રૂા. ૩.૧૫ કરોડ ત્રણ મહિનાની સમય મર્યાદામાં જમા કરાવે તો સરકાર આ જમીન તે કંપનીને ગ્રાન્ટ આપે તેવો હુકમ કર્યો છે.

ગણોતધારાની જોગવાઈ મુજબ કોઈપણ બિનખેડૂતને ખેતીની જમીન ખરીદવા પર પ્રતિબંધ છે. પરંતુ રાજ્યમાં ઔદ્યોગિકીકરણને વેગ આપવાની નીતિના પરિણામે પ્રામાણિકપણે ઉદ્યોગ સ્થાપવા માગતા ઉદ્યોગકારોને આ પ્રતિબંધમાંથી બાકાત કરવાની જોગવાઈ કલમ-૮૯ક હેઠળ કરવામાં આવી છે. તેમાં એવી શરત છે કે આ બાબત કલેક્ટર પ્રમાણપત્ર આપે અને તેની તારીખથી ત્રણ વર્ષમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ ન થાય અગર પાંચ વર્ષમાં ઉત્પાદન ન થાય તો યોગ્ય તપાસ પછી કલેક્ટર જમીન આત્મસાત્ કરે અને ઉદ્યોગકારને તેણે જે કિંમતે જમીન ખરીદી હોય તે મુજબ વળતર આપે. કાયદાની આ જોગવાઈ ફરજિયાત છે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)**

*દીન દુઃખીયાની સેવા, એ જીવનની શોભા છે.*

બોધ રત્ન

# મનની શાંતિ હણનારા દસ પ્રસંગો

• ડૉ. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ - ગુજરાત યુનિવર્સિટી •

એક બાળકે કંટાળીને કહ્યું : 'સર, હવે બસ કરો. ગણિતના દાખલા મારે નથી ગણવા. મારે મિત્રો સાથે રમવા જવું છે.'

'તું ભારે બહાનાખોર છે. તારી બહાનાખોરી હું ચલાવી લેવા માગતો નથી! આ પંદર દાખલા ગણ, પછી જ હું તને ઊભો થવા દઈશ-' શિક્ષકે હઠાગ્રહ રાખ્યો. અઠવાડિયા પછી લેવાયેલી પરીક્ષામાં આ છોકરો નાપાસ થયો.

બાળક હોય કે જવાન, આધેડ ઉંમરનો હોય કે જૈફ વયનો વૃદ્ધ, જિંદગી માણવા માટે ઊર્જા જોઈએ છે. જે ઊર્જા ટકાવી શકે એ ઉર્વિ એટલે કે પૃથ્વીના સઘળા આનંદોને માણી શકે!

બ્રહ્માંડના આપણે લાડકા પુત્ર. બ્રહ્માંડમાંથી વહી રહ્યો છે ઊર્જાનો સ્રોત, જેને આપણે ઈશકૃપા કે પ્રભુકૃપા કહીએ છીએ. એ ઊર્જામાં ઘટાડો એટલે માણસની શક્તિમાં, સ્ફુર્તિમાં, બુદ્ધિમાં ઘટાડો. આ દૈવી શક્તિનો પ્રવાહ જ માણસને તરોતાજા, નાચતો, કૂદતો, થનગનતો રાખે છે. દૈવી ઊર્જા ઝીલવા માણસે કેવળ 'સુંદરમ્' પ્રત્યે જ નહીં, 'સત્યમ્' અને 'શિવમ્' પ્રત્યે પણ સમન્વિત રહેવું પડે. **પ્રાર્થના એ ત્રણે પ્રકારની શ્રેષ્ઠ વસ્તુઓ માટે માણસને માનસિક ખોરાક પૂરો પાડે છે.**

એકવાર ગુરુ દયાલ મલ્લિકે સ્વમુખે કહેલા પ્રસંગનું સ્મરણ થાય છે. ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર લીલાંછમ ઘાસ પર બેસીને પ્રકૃતિનો આનંદ માણતા હતા. સાંયકાળ થવા આવ્યો એટલે કેટલાક અંતેવાસીઓ ગુરુદયાલ મલ્લિક સાથે રવીન્દ્રનાથ ટાગોરને મળવા આવ્યા. રવીન્દ્રનાથજી ધ્યાનસ્થ મુદ્રામાં હતા. એમની નજર આકાશ તરફ હતી. ચહેરા પર અપાર શાંતિ વરતાતી હતી. આંખો બંધ હતી. એટલે કોણ આવ્યું છે તેનો ગુરુદેવને લેશમાત્ર ખ્યાલ નહોતો.

અંતેવાસીઓ ગુરુદેવની શાંતિની ક્ષણોમાં લેશમાત્ર દખલ પહોંચાડવા માગતા નહોતા. અડધો કલાક સુધી તેઓ લેશમાત્ર અવાજ કર્યા સિવાય બેસી રહ્યા.

અને એકાએક ગુરુદેવે આંખો ખોલી. એમના ચહેરા પર ખુશીની લાલીમા છવાયેલી હતી. એમણે ગુરુદયાલ મલ્લિકને કહ્યું, 'ગુરુદયાલ, તુમને કુછ સુના?' આકાશમાંથી દિવ્યસંગીત રેલાતું હતું. આખી ધરતી જાણે કાન માંડીને એકાગ્રપણે એ સંગીત માણી રહી હતી! ઓહ! કેવું દિવ્ય સંગીત! ગુરુદયાલ, તમને કશું જ ન સંભળાયું?'

આ છે દિવ્યશક્તિની ઊર્જાને ઝીલવાની માનસિક - આધ્યાત્મિક સજ્જતાનો પ્રભાવ. **કુદરત આપણને ઘણું બધું ઉત્તમ સંભળાવવા આતુર છે, પણ આપણે તે માટે કાન ફાળવવા તૈયાર નથી!**

જવાબદારીઓના ગંજ, દોડધામ અને વ્યસ્તતાઓમાં અટવાયેલું જીવન, અતૃપ્ત ઈચ્છાઓ અને વાસનાઓનો આંતરિક કોલાહલ, આર્થિક દૃષ્ટિએ કમજોર લોકોના બે છેડા ભેગા કરવાના ઉધામા, ક્યાંક વૈતરું ને ક્યાંક વેઠ! કામ પ્રત્યેનો અણગમો અને સૂગ, નિરાશા અને હતાશાનું આક્રમણ! બોસની દાદાગીરી અને પરિવારના સભ્યોનો આંતરિક કલેશ અને કંકાસ! આવા વાતાવરણમાં માણસ માટે સત્યનિષ્ઠ, શિવનિષ્ઠ અને સૌંદર્યનિષ્ઠ રહીને પેલી દૈવી ઊર્જા ઝીલવાનું શક્ય છે ખરું?

ઉતાવળે જવાબ આપવો હોય તો 'ના' અને શાંતિથી જવાબ આપવો હોય તો 'હા, અવશ્ય.'

સાંભળો, આ છે મિ. આત્મારામ. આત્મારામના આત્માને કે શરીરને આરામ મળે તેવા સંજોગો નથી! જવાબદારીઓના ગંજ નીચે દબાયેલા આત્મારામ રાત-દિવસ ખૂબ મહેનત કરે છે. જરૂર પડે તો મોડી રાત સુધી પણ કામ કરતાં તે અચકાતા નથી. રાત્રે સૂતી વખતે તમામ ભાર ઈશ્વરને સોંપીને પ્રાર્થના બાદ ગાઢ નિદ્રામાં સરી જાય છે! બીજે દિવસે સવારે ઉઠે ત્યારે તન-મન બંને હલકાંફૂલ અને સ્ફુર્તિલાં. એના ફેમિલી ડૉક્ટર કહે છે કે, આત્મારામ, તું ઊંધું ઘાલીને આમ કામ જ કરીશ તો એક દિવસ ઢગલો થઈને પથારીમાં પડીશ. કામ કરવાની શક્તિ ગુમાવી બેસીશ.

આત્મારામ મનોમન હસે છે અને ડૉક્ટરને કહે છે : **'હું કામ કરતો જ નથી, હું તો કામને માણું છું. મારું મન કર્મનું ગીત સાંભળે છે.** હાથમાં લીધેલા કામમાં હું ખૂંપી જાઉં છું. જેમ-જેમ ખૂંપતો જાઉં છું એમ મારામાં શક્તિ ઉમેરાતી જાય છે. થોડોક સમય પોરો ખાઉં છું. આંખ બંધ કરી મને કામની તક આપી, માટે પરમાત્માનો આભાર માનું છું અને વળી પાછો કામમાં પરોવાઈ જાઉં છું.' કંટાળો, કામની ઉપેક્ષા અને કામને જેમ તેમ પતાવી નાખવાની ઉતાવળ એ આંતરિક અસંતુલન અને બળાપો સૂચવે છે. ઊર્જાને ઝીલવા માટે આસ્થાવાન બન્યા સિવાય અન્ય કોઈ જ વિકલ્પ નથી. **કર્મમાં આસ્થા એ જ ધર્મમાં આસ્થા છે.** માણસની તાકાતનો ક્ષય તનતોડ મહેનતને કારણે નહીં પણ મનતોડ અશ્રદ્ધાને કારણે થતો હોય છે. શરીર કોઈ કરામત - શિરોમણિ સર્જકનું અદ્વિતીય મશીન છે, જેને ચલાવવાના નિયમોની ગાઈડ માણસને ઈશ્વરે તૈયાર નથી આપી, પણ સમજણ અને સંયમપૂર્વક માણસે જાતે તૈયાર કરવી પડે છે! માણસ ખાનપાન, વ્યાયામ અને વિઘાતક ખાદ્યપેય સામગ્રી બાબતમાં જાગૃત રહે તો તનના યંત્રમાં કચરો

*માણસનું વ્યક્તિત્વ જુઓ, વેશભૂષા નહિ.*

જામતો નથી કે ખરાબી ઉત્પન્ન થતી નથી! જિંદગીમાં ઊર્જાવાન રહેવાનું સૂત્ર છે નિર્દોષ બાળક બનીને ઊંઘો અને મર્દની જેમ આળસ ખંખેરીને પથારીમાંથી ઊભા થાઓ! નકારાત્મક વિચારોને પ્રવેશબંધી ફરમાવો અને **ગમે તેવી પરિસ્થિતિમાં ભાવનાત્મક સંતુલનને હેમખેમ રાખો!** 'ઝરૂખે દીવા બળે' (ઇશા - કુંદનિકા)માં મનની શાંતિ ચલિત થાય તેવા **દસ પ્રસંગોએ જો તમે નિર્લિપ્ત રહી શકો તો તમે જીત્યા છો,** એ મતલબનાં સ્વામી શિવાનંદજીનાં ઉદાહરણો ટાંકવામાં આવ્યા છે :

૧. તમારાં સ્વચ્છ અને ઈસ્ત્રીબંધ કપડાં પર ડાઘ પડે.
૨. તમે ગડથોલું ખાઈને પડી જાઓ કે કોઈ બહુ મોટી ભૂલ કરો અને આજુબાજુ ઊભેલાઓ તમારી હાંસી ઉડાવે.
૩. અકસ્માતથી તમને ઈજા થાય કે વીંછી કે એવું જીવજંતુ તમને કરડે.
૪. રોગ - દરદ તમારા પર હુમલો કરે.
૫. તમારા પ્રયત્નોમાં તમને સફળતા ન મળે.
૬. તમને જોઈતી વસ્તુ ન મળે કે તમારી માલિકીની કોઈ વસ્તુ ગુમ થઈ જાય.
૭. કોઈ તમને લાંબા સમય સુધી રાહ જોતા રાખે.
૮. કારણ વગર તમારું અપમાન થાય અથવા તમને ગાળો દેવામાં આવે.
૯. તમારા પ્રત્યેની ફરજ બીજાઓ ચૂકી જાય.
૧૦. તમને નુકસાન થાય અથવા સ્વજનોનો વિયોગ થાય.

ભગવદ્ ગીતામાં એટલે જ શ્રીકૃષ્ણ સુખ-દુઃખ, કજિયો-કંકાસ, જય-પરાજય બધાની ચિંતા ઈશ્વરને સોંપીને કેવળ કર્મરત રહેવાનું સૂચન કરે છે.

કહેવાય છે કે ભય, ત્રાસ, વારંવાર ઠપકો, કજિયો - કંકાસ, ઉપેક્ષા, આંતરિક સંઘર્ષ એ બધી વસ્તુઓ માણસને અંદરથી હચમચાવી મૂકે છે અને કુદરતે આપેલી શક્તિના ગઢમાં ગાબડું પાડે છે!

મહાત્મા ગાંધીજી આખો દિવસ મિલન - મુલાકાત - ભીડ - સભા - સમિતિઓ - બેઠકોના કાર્યોમાં વ્યસ્ત રહ્યા છતાં જેવી અને **જેટલી ઊંઘ લેતા, તેમાં સંપૂર્ણપણે ઈશ્વર સાથેનો આધ્યાત્મિક નાતો આંતરિક રીતે જળવાયેલો રાખતા.**

સમગ્ર બ્રહ્માંડ તમારી સાથે છે, જો તમે ભય અને ભ્રમમાંથી સર્વથા મુક્ત રહી શકો તો! જાતને અંદરથી સતત ઊકલતો અને ઊલેચતો રહે એ જ આજીવન ઊર્જાવાન રહી શકે!

*૧૬, હેવન પાર્ક, રામદેવનગર પાસે,*
*સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૪૦ ૧૫૩૮૬*

## મહેસૂલી તંત્ર સામે સર્વોચ્ચ અદાલતની લાલ આંખ

**(અનુસંધાન : પાના નં.-૨૨ ઉપરથી ચાલુ)**

અને તેમાં કોઈ અપવાદ રખાયો નથી. આથી કલેક્ટરે પોતાની ફરજ સમય મર્યાદામાં ન બજાવી હોવાની ટીકા પણ સુપ્રીમ કોર્ટે કરી છે અને કાયદાની સ્પષ્ટ જોગવાઈથી કોઈ ઉપર નથી તેવું સ્પષ્ટ કરી મહેસૂલ મંત્રીએ અધિકારીઓની વિરુદ્ધ નોંધો હોવા છતાં તેને અવગણીને કોઈ કારણો આપ્યા વિના ખાસ કિસ્સા તરીકે મુખ્યમંત્રીના સચિવના પત્રને નજર સમક્ષ રાખી કાયદા વિરુદ્ધ હુકમ કર્યો છે તેની કડક શબ્દોમાં ટીકા કરી છે.

કાયદાની ઉપરોક્ત જોગવાઈ પાછળનું કારણ એ છે કે જ્યારે સામાન્ય બિનખેડૂતને ખેતીની જમીન ખરીદવા પર પ્રતિબંધ હોય ત્યારે ઉદ્યોગો માટેની છૂટનો લાભ લઈ બિનખેડૂતો ખેતીની જમીન ખરીદે અને પછી પોતે ઉદ્યોગ કરી શકે તેમ નથી તેવા બહાને જમીન નફો ખાઈ વેચી મારે તો કાયદાનો મૂળભૂત પ્રતિબંધ જ બિનઅસરકારક બની જાય અને પ્રામાણિક લોકો માટે ભેદભાવયુક્ત અને નુકસાનકારક સાબિત થાય.

સુપ્રીમ કોર્ટે કરેલ છેવટનો હુકમ આ મુજબ છે :

૧. અપીલ આંશિક મંજૂર કરવામાં આવે છે.
૨. હાઈકોર્ટે આપેલ ચુકાદો રદ કરવામાં આવે છે.
૩. એપેલન્ટોએ ફાઈલ કરેલ પી.આઈ.એલ. નં. ૪૪/૧૨ વાળી એ રીતે મંજૂર કરવામાં આવે છે કે તા. ૧૮-૧૨-૦૯ના ગુજરાત સરકારનો હુકમ અને કલેક્ટર કચ્છનો તા. ૧૫-૧-૧૦નો હુકમ આપખુદ અને ગેરકાનૂની (બેડ-ઈન-લૉ) ઠરાવવામાં આવે છે.
૪. કેસની હકીકતો અને સંજોગો નજરે વિવાદી જમીનનું ઈન્ડિગોલ્ડ દ્વારા એલ્યુમિનાને કરાયેલ વેચાણ ગેરકાયદે (બેડ-ઈન-લૉ) ઠરાવવામાં આવે છે. કેસમાં સંકળાયેલ જમીન તમામ બોજામુક્ત રીતે રાજ્યમાં નિહિત થયેલી ઠરાવવામાં આવે છે અને એલ્યુમિનાએ ઈન્ડિગોલ્ડને ચૂકવેલ રકમ રૂા. ૧.૨૦ કરોડ રાજ્ય દ્વારા ઈન્ડિગોલ્ડને વળતર પૂરા ચૂકવણા તરીકે ગણવામાં આવે છે.
૫. જો એલ્યુમિના સૂચિત પ્રોજેક્ટમાં રસ ધરાવતી હોય તો આજથી ત્રણ મહિનામાં રૂા. ૩૦૧૫ કરોડની રકમ ગુજરાત સરકારને ચૂકવવાની રહેશે. આ રકમ ચૂકવાયેથી ગુજરાત સરકાર આ જમીનની એલ્યુમિનાને ફાળવણીનો હુકમ કરી આપશે. આ જમીન ઉપર વિશેષ પ્રવૃત્તિ આ રકમ ચૂકવાય પછી શરૂ થઈ શકશે અને જો ત્રણ મહિનામાં આ રકમ ન ચૂકવાય તો સરકાર આ જમીનનો જે તે ઉપયોગ માટે નિકાલ કરવા પગલાં લેવાની કાર્યવાહી કરશે.

*'જલિયાણા', જૂના બસ સ્ટેન્ડની બાજુની ગલી,*
*જૂના વાસ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*

*અસંતોષી જ સૌથી મોટો ગરીબ હોય છે.*

# જીવનમાં વિજ્ઞાન કરતાં વ્યવહારનું જ્ઞાન વધુ જરૂરી

• દિનેશ પાંચાલ •

કેટલીક બાબતો જીવન સાથે અભિન્નપણે સંકળાયેલી હોય છે. જીભ અને જઠરને જોડતી અન્નનળીનું મહત્ત્વ રામસેતુ કરતાં વધારે છે. માણસ એ જાણે છે પણ જમણવારમાં ન એ જઠરની ફિકર કરે છે, ન અન્નનળીની. જીભની જીદને તાબે થઈને એ અન્નનળી પર ઍટેક કરે છે અને જઠર જોડે કઠોર થાય છે. જઠરનું જતન જીવની જેમ કરવું જોઈએ એવું ઋષિમુનિઓ કહી ગયા છે. **માણસે શ્વાસ કેમ લેવો તે શીખવવું પડતું નથી પણ જીવન કેમ જીવવું તે શીખવવું પડે છે.** આર્ટ ઑફ લિવિંગના ક્લાસ ભર્યા પછી પણ એને લિવિંગની આર્ટ આવડતી નથી. એથી હોજરી ભેગી હૈયાની અને હાર્ટની મુશ્કેલી વધી જાય છે. રોજ સવારે મોર્નિંગ વૉક માટે નીકળતો માણસ એક કિલોમીટર ચાલ્યા પછી પાછા વળતી વેળા લારી પરથી એક કિલો ભજિયા બંધાવી લાવે છે. આવું થાય ત્યારે જીભ હસી ઊઠે છે પણ હાર્ટની કોરોનરી ચૂપચાપ કોલેસ્ટોરના આંસુ સારે છે. ભજિયા અને એન્જિયોપ્લાસ્ટી વચ્ચે સીધો સંબંધ છે. હોસ્પિટલ દ્વારા બીલરૂપે પ્રાપ્ત થતી પાંચ આંકડાની પીડા બેંક બેલેન્સમાં બ્લોકેજ ઊભો કરે છે. માણસની જીભ મન જોડે મળીને આતંકવાદીની જેમ ઠેકઠેકાણે બ્લાસ્ટ કરે છે.

યુવાનો બહુધા ઊંધી ટોપી પહેરે છે. ટોપીનો આગળનો ભાગ પાછળ રાખવાની ફેશન ચાલે છે. **યુવાપેઢીની ઊંધી માનસિકતાનું એમાં પ્રતિબિંબ પડે છે.** તેઓ જીવનમાં એવું ઘણું ઊંધું કર્યે રાખે છે. આખું વર્ષ વાંચવાની મહેનત કરવાને બદલે પરીક્ષામાં કાપલી લઈ જવાની મહેનત કરે છે. કોલેજની નોટ્સ લખવાને બદલે લવલેટર લખે છે. કોલેજમાં ભણવાને બદલે પિરિયડો છોડી મેટીની શૉમાં જાય છે. ડિગ્રી લઈ બહાર નીકળેલો મોરલો ઊંધી કળા કરે છે ત્યારે શિક્ષણ બદનામ થાય છે. ખરી ચિંતા એ છે કે **શિક્ષણ જીવનલક્ષી હોવાને સ્થાને નોકરીલક્ષી બની ગયું છે. સમાજ એના નુકસાનથી બચી શક્યો નથી.** ડિફેક્ટીવ ડિઝાઈનવાળી ડાઈ (બીબું)ને કારણે ફેક્ટરીમાં હજારોની સંખ્યામાં નબળા પ્રોડક્ટની લાઈન લાગી જાય એમ સમાજમાં નબળા નાગરિકોની લાઈન લાગી ગઈ છે.

શિક્ષણના નામે વિદ્યાર્થીઓના દિમાગમાં માહિતીનો કચરો ઠાલવવામાં આવે છે. માહિતી પણ જ્ઞાન માટે જરૂરી છે, પરંતુ આદર્શ જીવન માટે વિજ્ઞાન કરતાં વ્યવહારનું જ્ઞાન વધુ જરૂરી છે. સ્કૂલ કોલેજોનું સિલેબસિયું શિક્ષણ અને (જીવનમાં ડગલે ને પગલે જેની જરૂર પડે છે તે) જીવનલક્ષી શિક્ષણ, એ બેમાંથી કયા જ્ઞાનને વધુ ભારાંક આપવો તે અંગે શિક્ષણશાસ્ત્રીઓએ ગંભીર ચિંતન કરવું જોઈએ. ઉદાહરણો વિના આ વાત સમજાય એવી નથી.

ડામર રોડ શી રીતે બનાવવામાં આવે છે અથવા સ્કૂટરનું એન્જિન શી રીતે ગતિ પેદા કરે છે એ માહિતીલક્ષી શિક્ષણ ગણાય. પણ રોડ પર સ્કૂટર કેવી રીતે ચલાવવું તે વ્યવહારનું શિક્ષણ ગણાય. જીવનમાં એ જ્ઞાન વધુ આવશ્યક છે. મકાન કેમ બાંધવું એનું શિક્ષણ સિવિલ એન્જિનિયરોને આપવામાં આવે છે પણ **ઘરમાં સૌની સાથે કેમ જીવવું એ જો ન આવડે તો જીવનનો માળો પિંખાઈ જતાં વાર નથી લાગતી.** માણસ ડિગ્રી લઈને એન્જિનિયર થઈ શકે પણ ઘરગૃહસ્થીનું જ્ઞાન ન હોય તો ઘરમાંથી બેઘર થઈ જાય છે. ઘરની દીવાલ વિવિધ રંગોથી સજાવવામાં આવે છે પણ મનની દીવાલોમાં પડેલા દુર્ગુણોના ગાબડાં પૂરવામાં આવતાં નથી. બંગલા પર 'માતૃકૃપા' કે 'પિતૃકૃપા'ની તક્તી લગાવી હોય પણ ઘરડાઓ પ્રેમની તંગીમાં રિબાતાં હોય છે. ત્રાજવાની શોધ કોણે કરી હતી એ માહિતીલક્ષી શિક્ષણ ગણાય. પસ્તી લેતા ફેરિયાને ત્રાજવાનો શોધક કોણ હતો તે ન આવડે તો ચાલે પણ કિલો કે પાંચસો ગ્રામના કાટલાં ઓળખતાં જરૂર આવડવું જોઈએ. અભ્યાસ દરમ્યાન ભલે એણે ગણિતમાં નાપાસ થવાનો વિક્રમ કર્યો હોય પણ વજન પ્રમાણે કેટલા રૂપિયાની પસ્તી થઈ તે ગણતા ન આવડે તો ધંધો ન કરી શકાય. હિંદુસ્તાન પેટ્રોલિયમનો ગેસ શી રીતે બાટલામાં ભરાઈને આપણા રસોડા સુધી પહોંચે છે તે ન જાણો તેમાં નુકસાન નથી, પણ રાત્રે સૂતી વેળા સિલિન્ડરની સ્વીચ બંધ કરવાની આદત નહીં હોય તો અકસ્માતની તલવાર આખા ઘરને માથે તોળાયેલી રહેશે. માત્ર ખાતા આવડે તે જરૂરી નથી, શું ખાવું - શું ન ખાવું તે પણ જાણવું જરૂરી છે. બચુભાઈ કહે છે, 'અમે ભણતા ત્યારે આરોગ્યશાસ્ત્રના શિક્ષક ભણાવતા. એક કોળિયો ચાલીસ વાર ચાવવો જોઈએ. તે વખતે પ્રશ્ન થયો ન હતો પણ આજે થાય છે - એ કોળિયો ગુટકાનો હોય તો? આરોગ્યશાસ્ત્રના પેપરમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ લાવતો વિદ્યાર્થી એક દિવસમાં ગુટકાની ૨૦ પડીકી આરોગી જતો હોય તો તેના અભ્યાસિક તેજસ્વિતાનો કોઈ ફાયદો ખરો? હું એક યુવતીને ઓળખું છું. હોમ સાયન્સમાં એ ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ વિથ ડિસ્ટિંક્શન પાસ થાય છે. પરંતુ નળ આવે ત્યારે પાણી ગાળ્યા વિના માટલામાં ભરે છે. કૂકરનો વાલ્વ ઊડી જાય ત્યારે તેમાં સીસુ પૂરાવે છે. ફ્રિઝ પૂરેપૂરું ઢંકાતું ના હોય તો પાવર વધુ બળે તેની તેને સમજ નથી. જાળા પાડતી વેળા તે ઝાડુ બલ્બ પર એવી નિષ્કાળજીથી ફેરવે છે કે જાળા ભેગી બલ્બની

*નકારાત્મકતા સાથે સફળતા મળતી નથી.*

ફિલામેન્ટ પણ તૂટી જાય છે. નેપોલિયને કહેલું, 'દરિયા વચ્ચે જન્મ લેનારે ચાલવા કરતાં તરવાનું પ્રથમ શીખી લેવું જોઈએ!' **સમાજ વચ્ચે જીવનાર માણસને ઇતિહાસ, ભૂગોળ કે ધરમ કરમનું જ્ઞાન થોડું ઓછું હશે તો ચાલશે, પણ ઉત્તમ જીવન જીવવાની દુનિયાદારી આવડવી જોઇએ.** આજે યુવાન વનવેમાં ટ્રીપલ સીટે લ્યુના ચલાવતાં એક્સિડન્ટ કરે છે. પછી ભૂલ સ્વીકારવાને બદલે પોલીસ જોડે દાદાગીરી કરે છે.

આપણે જોઈએ છીએ, યુવાનો વાહનો પૂરઝડપે ચલાવે છે, શિક્ષકોની ઠેકડી ઉડાવે છે, પરીક્ષામાં ચોરી કરતાં પકડાયેલો વિદ્યાર્થી છોભીલો પડી જવાને બદલે શિક્ષકને ચપ્પુ બતાવે છે, છોકરીઓની છેડતી કરે અને પ્રોફેસરોની ફિરકી ઉડાવે છે. મા-બાપ શિખામણના બે શબ્દો કહે તો તેમનું પણ અપમાન કરે છે. ચાર-પાંચ વિદ્યાર્થીઓ એકમેકના ખભે હાથ મૂકીને અડધો રોડ રોકીને સાઈકલ ચલાવે છે. આવા નમૂનાઓ અભ્યાસમાં અઠ્ઠાણું ટકા લાવતા હોય તોય દુનિયાદારીની પરીક્ષામાં ડિસ્ટીંક્શન સાથે નાપાસ થયેલા ગણાય. શાળામાં પેસીફિક મહાસાગરના પાઠો શીખવવામાં આવે છે. ટ્રાફિકના પાઠો કોઈ શીખવતું નથી. **માણસ ભણે પછી જે ગણવાનું બાકી રહી જાય છે તે અભ્યાસક્રમમાં શીખવવામાં આવતું નથી.** સમાજની ઘણી અરાજકતાઓના મૂળમાં એ ખામી રહેલી છે. જીવનની વાતો જીવનમાંથી જ શીખવી પડે છે. દુનિયાદારીના ટ્યુશનો જીવનની પાઠશાળામાંથી જ શીખવા પડે. શિક્ષણની એ અધૂરપો દૂર કરી **તેને જીવનલક્ષી નહીં બનાવાય ત્યાં સુધી નબળા નાગરિકોનો લોટ સમાજના બજારમાં આવતો રહેશે.**

શિક્ષક બંધુઓને વિનંતી કરી શકાય. અભ્યાસક્રમમાં હોય કે ન હોય, **વિદ્યાર્થીઓને થોડી વ્યવહારલક્ષી વાતો જરૂર શીખવો.** ઉપર કહ્યાનુસાર સારું જીવન જીવવા માટેના ટ્યુશન ક્લાસો હોતા નથી. યુવાનો જવાબદાર નાગરિકો બની સમાજમાં પ્રવેશે ત્યારે પરિપક્વ નાગરિકત્વના બધા પાઠ તેને આવડતા હોવા જોઈએ. એક પારસી આચાર્ય શ્રી સોરાબજી વાડિયા એવી જીવનલક્ષી કેળવણીનો સફળ પ્રયોગ કરી ચૂક્યા છે. સ્કૂલનો દાદર ખોટી બાજુએથી ચઢતા વિદ્યાર્થીને બોલાવીને એ સમજાવતા - 'દીકરા, તારે ડાબી બાજુએથી ચઢવાનું હોય. જે ઉતરતો હોય તેના માટે જમણી બાજુ હોય છે!' (જે વિદ્યાર્થી અભ્યાસકાળથી જ આવી ટ્રાફિકસેન્સ શીખ્યો હોય તે જાહેર માર્ગો પર કદી રોંગ સાઈડે વાહન ચલાવશે ખરો?)

અંતે એક ખાસ વાત. રોડ પર એક સ્કૂટર ચાલકને અકસ્માત થયો. સ્કૂટર કચડાઈ ગયું. દિમાગમાં ચોટ પહોંચતા એ બેભાન થઈ ગયો. બે ત્રણ યુવાનોએ તેને હોસ્પિટલમાં પહોંચાડ્યો. તેના ઘરના માણસોને જાણ કરવા યુવાનોએ તેના ખિસ્સા ફંફોસ્યા. ખિસ્સામાંથી ભગવાનનો એક ફોટો નીકળ્યો પણ ન લાઈસન્સ મળ્યું કે ન કોઈ વિઝિટિંગ કાર્ડ મળ્યું. સ્કૂટરના નંબર પરથી આર.ટી.ઓ. ઓફિસમાંથી સરનામું મેળવવાની તરકીબ સુઝી. પણ સ્કૂટરની નંબર પ્લેટ પરથી એક આંકડો નીકળી ગયો હતો. પોલીસ આવી, પણ સરનામા વિના તે પણ લાચાર બની રહી. આ સત્યઘટના વાહનચાલકો માટે ખાસ ચેતવણીયુક્ત છે. ઘરેથી વાહન લઈને નીકળો ત્યારે ભગવાનના ફોટાં કરતાંય સાથે લાઈસન્સ હોવું વધુ ઉપયોગી છે. તમે ચાલતા હો, યા બસમાં બેઠા હો, ત્યારે પણ **તમારા ખિસ્સામાં પૂરું નામ - સરનામું, ટેલિફોન નંબર વગેરેની સંપૂર્ણ માહિતી હોવી જરૂરી છે.** (તમારું બ્લડગ્રુપ અને સુગર - પ્રેશર જેવી રોગ વિષયક માહિતી પણ મળી આવે તો ડૉક્ટરોને તમારી સારવાર કરવામાં મદદ મળી શકે) આપણા શ્રદ્ધાળુઓ વાહન લઈને નીકળે છે ત્યારે અકસ્માત ન થાય તે માટે લળીલળીને ઈશ્વરને પ્રાર્થના કરે છે. પાકિટમાં ભગવાનનો ફોટો રાખે છે. પણ લાઈસન્સ કે વિઝિટિંગ કાર્ડ રાખતા નથી. તે સંજોગોમાં ભગવાન પણ તેમની મદદ કરી શકતો નથી.

*સી/૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૪૫.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

*"હું માનું છું કે ધર્મ મુખ્યત્વે તેમજ મુળભૂત રીતે ભયમાંથી જન્મેલ છે. વિવિધ કર્મકાંડો પણ ભયમાંથી જન્મેલ છે. આ ભય અજાણ્યા પ્રદેશ, અજાણી ઘટનાઓ તથા ભાવિની કલ્પનામાંથી જન્મે છે. ધર્મના વિવિધ વિધિવિધાનો તથા ઈશ્વરમાં માનવાથી આપણા જીવનની આપત્તિઓ તેમજ મુશ્કેલીઓમાંથી સમર્થ વડીલ જેવો કોઈક અદૃશ્ય સહારો છે એવું આશ્વાસન મળી રહે છે. આ માન્યતાના મૂળમાં પણ ભય જ રહેલો છે. વિશાળ બ્રહ્માંડની ગૂઢ રહસ્યમયતા અને સૌથી વધારે ભયાવહ એવા મૃત્યુનો ભય રહેલો છે. યુગોથી માનવજાત આવા નિરાધાર ભયથી પીડિત છે. આજે વિજ્ઞાને માણસના આવા અનેક મિથ્યા ભયોનું નિરસન કરેલું છે.*

*વિજ્ઞાન આપણને શીખવે છે, ઉપરાંત સત્યના વૈજ્ઞાનિક જ્ઞાનના કારણે આપણે સ્વયં પણ સમજી શકીએ કે કાલ્પનિક મદદગારો પ્રતિ નજર માંડવાથી કે આકાશમાં આપણો કોઈ તારણહાર છે એમ માનવાનો કશો જ અર્થ નથી.*

*એને બદલે માણસ પોતે જ પોતાના પુરુષાર્થથી આ ધરતીને જીવવાલાયક વધુ સુંદર 'સ્વર્ગ' બનાવી શકે છે. પરંતુ વાસ્તવમાં સદીઓથી મુખ્યત્વે ધર્મે જ આ પાર્થિવ જગતને જીવવા માટે દુષ્કર અને વસમું તથા અનેક આપત્તિઓથી ભરેલું બનાવી મૂક્યું છે."*

***– બર્ટ્રાન્ડ રસેલ***

***('વ્હાય આઈ એમ નોટ ક્રિશ્ચિયન?'માંથી)***

જૈન તીર્થંકર મહાવીરે આજ વાત જુદા શબ્દોમાં કરેલી જ છે. મહાવીર નિરીશ્વરવાદી હતા અને જગતના સર્વશ્રેષ્ઠ નાસ્તિક હતા. જૈનોએ તો મહાવીરને જ ભગવાન બનાવી દીધા! અને મહાવીરની બધી મહેનત પર પાણી ફેરવી દીધું. ભારે ભૂલ કરી, ભારે ભૂલ કરી.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*પૂર્વગ્રહને નહિ પરંતુ પ્રતિભાને ધ્યાનમા લો.*

સમાજની ક્ષિતિજો નર-નારીના સંબંધો અને લગ્નસંસ્થા (પ્રકરણ-૫)

# પ્રેમનું બીજું ઘટક : ધન

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

પતિ-પત્નીનો પ્રેમ માત્ર વાસનાલક્ષી જ હોય તો તેમાં સ્થાયિત્વ, એકત્વ કે પૂર્ણત્વ મેળવવું શક્ય નહિ બને. કામવૃત્તિ, પ્રેમનું સૌથી વધુ મહત્ત્વપૂર્ણ પોષક ઘટક છે, એટલે તો તેની પ્રાપ્તિ માટે નર-નારી સર્વસ્વનો ત્યાગ કરવા તૈયાર થઈ જાય છે. તેમ છતાં એકમાત્ર વાસનાથી જ જે પ્રેમસંબંધ બંધાય છે તેમાં પૂર્વે કહ્યા તે બધા દોષો આવી જતા હોય છે. અથવા તો વાસના, આવેગજન્ય હોય છે. અને આવેગો આંધીની માફક આવીને ચાલ્યા જતા હોય છે. આવેગો સ્વયં પોતે કાલિક હોય છે. થોડા કાળ માટે એક વંટોળિયો આવે અને જો તેને સફળતાથી શમાવી શકાય તો શાંત થઈ જાય. પછી ફરી પાછો જ્યાં સુધી બીજી વાર વંટોળિયો ન આવે ત્યાં સુધી કાંઇ નહિ, શાંતિ. વંટોળિયાની તીવ્રતા પ્રમાણે પ્રેમની તીવ્રતામાં વધઘટ થાય. તેમાં પણ જે પાત્રને વંટોળિયો શમાવવાની વધુ તીવ્રતા હોય તે વધુ પ્રેમ બતાવવા લાગે. જેને તીવ્રતા હોય જ નહિ અથવા ઓછી હોય એ ઓછો પ્રેમ બતાવે અથવા ન પણ બતાવે. એ જે હોય તે, પણ આમાં પ્રેમનું પ્રેરક બળ તીવ્રતાનું માપ છે, જે સ્થિર નથી. એટલે પ્રેમ પણ સ્થિર ન થઈ શકે.

અમુક સમયગાળામાં કામાતુર કૂતરો ભૂખ્યો ને તરસ્યો આખો દિવસ કૂતરીની પાછળ ભટક્યા કરે અને તેના બચકાં સહન કરે પણ એ જ કૂતરો ગરજ પૂરી થયા પછી 'તું કોણ અને હું કોણ?' કહીને ચાલતો થઈ જાય. પાછું વળીને જુએ પણ નહિ કારણકે આ માત્ર વાસનાલક્ષી પ્રેમ હતો, જે વાસનાની માફક ક્ષણિક જ સાબિત થયો. એટલે **પતિ-પત્નીના પ્રેમ સંબંધમાં એક વધુ સ્થાયી તત્ત્વ હોવું જરૂરી છે. આ વધુ સ્થાયી તત્ત્વ તે ધન છે.** જેમ ક્ષણિક વાસના, સુખ માટે પ્રેમ થાય તેમ અપેક્ષાકૃત વધુ સ્થાયીસુખ આપનાર ધન માટે પણ પ્રેમ થઈ શકે. વિશ્વમાં કેટલીક પરંપરાઓમાં માત્ર પુરુષો જ ધન કમાતા હોય છે. સ્ત્રીઓ ઘરકામ તથા બાળકોનો ઉછેર વગેરે કરતી રહે છે. તેઓ પોતે સીધી રીતે ધન કમાતી નથી તેથી તેની આવશ્યક્તાઓ પુરુષ આધારિત રહે છે. આ કારણે તેને પુરુષ પ્રત્યે પ્રેમ રાખવો જરૂરી થઈ જાય છે. તેનાં વસ્ત્રો, દાગીના, ઘરવખરી વગેરે બધું જ પુરુષ પાસેથી મળે છે. એટલે તેને પુરુષ પ્રત્યે પ્રેમ રાખવો જરૂરી થઈ જાય છે. તેના પ્રેમના કારણે પુરુષ તેની ઈચ્છા પ્રમાણે વસ્તુઓ લાવીલાવીને ઢગલો કર્યા કરે છે. સ્ત્રીની અથવા કહો કે પત્નીની આ સૌથી મોટી સફળતા છે કે પુરુષ પોતાનું કમાયેલું ધન પૂરા વિશ્વાસ અને પ્રેમથી તેને સોંપી દે. એક રીતે એમ કહી શકાય કે પુરુષ કમાય છે અને સ્ત્રી તેના નાણાંમંત્રી બનીને સર્વ ધનને સાચવે છે કે વાપરે છે.

પત્ની જો પ્રેમ ઉત્પન્ન ન કરી શકે તો પુરુષ તેને ખાસ કાંઈ આપે નહિ, તો ઘરમાં કલહ જ કલહ થયા કરે. પત્નીના અનેક સદ્‌ગુણોમાં સર્વોચ્ચ સદ્‌ગુણ છે પતિની ઈચ્છાનું પાલન કરવું. તેની મરજી પ્રમાણે આયોજન કરવું. આ બહુ મોટી તપસ્યા છે, અઘરી છે, પણ આ તપસ્યા જ અંતે સર્વસ્વની પ્રાપ્તિ કરાવી આપતી હોય છે. **સતત દલીલો કરનારી, વારંવાર વિરોધ કરનારી, લપલપ બોલબોલ કરનારી, પતિની ઈચ્છાવિરુદ્ધ વર્તણૂક કરનારી અને સતત ડામ દેનારી પત્ની કદી પણ પતિના પ્રેમને જીતી શકતી નથી.** ભલે તે રૂપરૂપનો અંબાર કેમ ન હોય! હા, આટલા બધા દોષો હોવા છતાં પણ જો કોઈ પત્ની, પતિને પોતાની ઈચ્છા પ્રમાણે નચાવતી હશે તો તે પતિ, મોટાભાગે નમાલો જ હશે! તે કદાચ ધનનું સુખ તો આપી શકતો હશે, પણ પત્નીના વંટોળિયાનું શમન નહિ કરી શકતો હોય. આવી સ્થિતિમાં બંને એકબીજાથી અતૃપ્ત, અસંતુષ્ટ અને કદાચ મડદા જેવો સંબંધ ચાલુ રાખવા લાચાર હશે. પતિના અનેક ગુણોમાં સૌથી મોટો ગુણ છે, 'પૌરુષભર્યો પ્રેમ.' આ હશે તો તેના બાકીના દુર્ગુણોને પત્ની સહન કરી લેશે. પણ જો આ ગુણ નહિ હોય તો તેનું વ્યક્તિત્વ પત્ની આગળ પ્રભાવહીન થઈ જશે.

પ્રેમ પ્રેમમાંથી પોષણ પામે છે અને વધે છે. જો એક પક્ષે પ્રેમ નહિ હોય તો બીજા પક્ષે પણ તેની ખોટ થવાની જ. બેમાંથી કોઈ એક અથવા બંને ઉચ્ચ ખાનદાનીવાળાં હશે તો પ્રેમ વિના પણ પતિ-પત્નીનો સંબંધ ચાલુ રાખશે. આ વ્યવહારિક સંબંધ છે. લોકવ્યવહાર માટે તે બધું નાટક ભજવશે કારણકે ખાનદાની, આબરૂ સાથે જોડાયેલી રહે છે અને આબરૂદાર માણસ સર્વસ્વ જતું કરીને પણ આબરૂને સાચવવા મથતો હોય છે. એમ પણ કહી શકાય કે પતિ-પત્ની બંનેમાં જે વધુમાં વધુ આબરૂદાર હશે તેનું બીજું પાત્ર શોષણ કરશે. નફ્ફટ કે આબરુ વિનાના માણસનું આ ક્ષેત્રમાં શોષણ થતું નથી. તે બિંદાસ્ત રીતે જીવી શકે છે.

મૂળ વાત ઉપર આવીએ. પતિ-પત્નીના સંબંધમાં વાસનાની સાથે પૈસો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. પૈસાનો સ્થાયી પ્રભાવ રહે છે. ગમે તેટલા પ્રેમથી પ્રેમલગ્ન કર્યા હોય પણ પછી જો ધનની સ્થિતિ કંગાળ થઈ જાય તો પ્રેમની જગ્યાએ કલહ અને અંતે વિચ્છેદ પણ થઈ શકે છે. ભૂંડામાં ભૂંડી પરિસ્થિતિમાં પણ એકબીજાનો સાથ ન છોડનારાં સાચાં પ્રેમીઓ ભાગ્યે જ જોવા મળતાં હોય છે. તેઓ મહાન છે, પણ તેમની ગણતરી નામમાત્રની જ હોય છે. તેમનું લાંબું જીવન નથી હોતું.

*સંકુચિત માનસ છોડવું એ જ ખરી માનવતા.*

પૂર્વે કહ્યું તેમ પુરુષની કમાણી ઉપર ઘર ચાલતું હોય ત્યાં સ્ત્રી, ધનની બાબતમાં થોડીઘણીયે પરાધીન રહ્યા કરશે. આ પરાધીનતાથી તે પતિ સાથે પકડાયેલી રહે છે. સંબંધ તોડવા માગે તો પણ તોડી શકતી નથી. તેમાં પણ જો તે બાળકોની માતા હોય તો તેની પરાધીનતા અનેકગણી વધી જાય છે. તેણે પોતાની સાથે બાળકોને પણ પોષવાનાં હોય છે. એ પુરુષના દ્વારા જ થઈ શકે છે. આના કારણે પ્રાચીનકાળમાં બહુ જલદી ઘરભંગ કે છૂટાછેડા થતા નહિ. આ મોટં જમાપાસું હતું. જોકે તેનાં ઉધાર પાસાં પણ હતાં જ, તો પણ લડીઝઘડીને પણ એકનાં એક થઈને રહેતાં.

જે સમાજમાં સ્ત્રી પણ કમાતી હોય છે, તે સમાજમાં ધનની બાબતમાં સ્ત્રી બહુ પરાવલંબી નથી રહેતી. તે પોતાના પગ ઉપર ઊભી રહે છે. તેની તેને ખુમારી પણ હોય છે. આ ખુમારી ઘણીવાર અહંકારનું રૂપ પણ ધારણ કરી લે છે. એટલે તેની સહનશક્તિ ઓછી થઈ જાય છે. તે પુરુષનું જરા પણ સહન કરવા તૈયાર નથી હોતી. બંનેના 'ઈગો' પરસ્પરમાં ટકરાય છે. તેમાં પણ જો બંને પક્ષે કે એક પક્ષે ખોટી સલાહ આપનારાં માણસો મળી જાય છે તો ભડકો થતાં વાર નથી લાગતી. આ ભડકામાં તેમનું દાંપત્ય બળીને ખાખ થઈ જાય છે. **કદાચ આ જ કારણે છુટાછેડાનું પ્રમાણ ઘણું વધી ગયું છે.** છુટાછેડાથી અણગમાનો એક પ્રશ્ન તો ઉકેલાઈ જાય છે, પણ બીજા ઘણા પ્રશ્નો ઊભા થાય છે. નવા પ્રશ્નોના ઉકેલો પ્રાપ્ત ન કરી શકાય તો ઊલમાંથી ચૂલમાં પડવાનું પણ થઈ શકે છે. **છૂટા થયા પછી ફરી નવી જગ્યાએ ગોઠવાવું પણ સરળ નથી હોતું.** જો ન ગોઠવાઈ શકાય તો વળી પાછું હતું એનું એ જ થઈને ઊભું રહે. અનેકવાર છુટાછેડા લઈને અનેકવાર લગ્ન કરેલાં માણસો પણ હોય છે, પણ તે લગ્નસંબંધને ગાજરની પીપૂડી માનીને જીવે છે. વાગી ત્યાં સુધી વાગી નહિ તો ખાઈ જવાની. આવાં માણસો જીવનની પાછલી અવસ્થામાં હૂંફ વિનાનાં એકાકી, નિરાધાર જેવાં થઈ જતાં હોય છે.

સુખ પહેલાં ભોગવી લો કે પછી ભોગવો, દુઃખ પહેલાં ભોગવી લો કે પછી ભોગવો, પણ જીવનના એક ભાગમાં તેનું અસ્તિત્વ રહેવાનું જ. **બહુ ભાગ્યશાળી દંપતીઓ આદિથી અંત સુધી સુખ જ સુખ ભોગવતાં હોય છે.** જ્યારે ઘણાં લોકો આદિથી અંત સુધી દુઃખ જ દુઃખ ભોગવતાં હોય છે. શરૂઆતનું દુઃખ સારું. એક રીતે તે તપસ્યા છે. દાંપત્ય પણ એક પ્રકારનું તપ છે. તેમાં તપીને પક્વ થયેલાં માણસો જ અંતે પાકાં ઠામ થઈને ઠરતાં અને ઠારતાં હોય છે. એટલે મારી સલાહ તો એવી ખરી કે બને ત્યાં સુધી પુરુષે, **સ્ત્રીની કમાણીથી ઘર ચલાવવાની લાલચ ન રાખવી. પોતાની થોડી કમાણી હોય તો પણ થોડામાં જીવનનિર્વાહ કરવાની તૈયારી રાખવી.** થોડી સગવડો અને ઘણી અગવડો વચ્ચે ભરપૂર પ્રેમથી જીવન જિવાતું હોય તો તે ઘણી અગવડો પણ પ્રેમ વિનાના જીવન કરતાં ઘણું ઉત્તમ જીવન છે. આનો અર્થ કોઈ એવો ન કરે કે હું સ્ત્રીને ઘરની દીવાલોમાં જ પૂરી રાખવાનો હિમાયતી છું. જો સ્ત્રીને પતિ પ્રેમમાં ઓટ ન આવે તેવો કોઈ ધંધો-નોકરી મળતી હોય તો તે જરૂર કરે, પણ જ્યાં અનેક પ્રકારના અનેક પુરુષોનો સંપર્ક થતો હોય, જ્યાં સ્ખલનનાં અનેક કારણો મોજૂદ રહેતાં હોય તેવી નોકરી કે ધંધાથી બચવું જોઈએ. પુરુષોનો સંપર્ક એટલે માત્ર દુષ્ટ કે હલકા પુરુષોની જ વાત નથી. **સારા પુરુષો અને સારી સ્ત્રીઓ પણ જો સતત સંપર્કમાં રહે તો પણ પ્રકૃતિ પ્રકૃતિનું કાર્ય કરતી જ હોય છે.** બધી બાબતનો વિશ્વાસ રખાય પણ કામવૃત્તિનો વિશ્વાસ ન રખાય. સગો બાપ કે સગો ભાઈ પણ જો સતત એકાંતમાં સંપર્કમાં રહે તો ક્યારે કામવૃત્તિ જાગી ઊઠશે તે કહી શકાય નહિ. જે સ્ત્રીઓ મોટી મોટી કંપનીઓની પ્રાઈવેટ સેક્રેટરી તરીકે નોકરી કરતી હોય છે અને જેમને સતત બંધ બારણાવાળી ઑફિસમાં સાહેબ સાથે બેસીને કામ કરવું પડતું હોય છે તેમના સ્ખલનની સંભાવના ઘણી રહેતી હોય છે. આવી નોકરીઓથી પોતાની પત્ની, બહેનો કે દીકરીઓને બચાવવી જોઈએ. એટલું જ નહિ, આવી સ્થિતિથી પુરુષોએ પણ બચવું જોઈએ.

ઘણીવાર પુરુષો સારા હોય છે, પણ અમુક પ્રકારની સ્ત્રીઓ તેમને સારા રહેવા દેતી નથી. પ્રેમ થઈ જવો એ અલગ વસ્તુ છે, પણ પ્રેમના બહાને કોઈ મોટા પુરુષને પોતાને આધીન કરી લેવો, તેનું ઘરભંગ કરવું અને પછી તેને રમકડું બનાવવો **એ પ્રેમ નથી, પ્રેમનું નાટક છે, રમત છે.** પુરુષ જ્યારે કોઈ સ્ત્રીને દાઢમાં રાખીને તેની પાછળ પડી જાય છે, ત્યારે જો સ્ત્રીને બચવું હોય તો તે બચી શકે છે, પણ કોઈ સ્ત્રી જ્યારે કોઈ પુરુષને દાઢમાં રાખીને તેની પાછળ પડી જાય છે, ત્યારે પુરુષ માટે બચવું શક્ય નથી રહેતું. પુરુષ અડધા રસ્તેથી પાછો વળી શકે છે, તેને પાછો વાળી શકાય છે, પણ સ્ત્રી અડધા રસ્તેથી પાછી વળી નથી શકતી, ન તો તેને પાછી વાળી શકાય છે. પછી ભલે તે કૂવામાં જ પડતી હોય. **આ બાબતમાં પુરુષ, સુધારાક્ષમ છે, જ્યારે સ્ત્રી સુધારાક્ષમ નથી. હજારો પુરુષો, સતીસ્ત્રીઓથી સુધર્યા છે, પણ કોઈ સ્ત્રીને કોઈ પુરુષ સુધારી શક્યો નથી.** હા, તેને મારી નાખે, કાઢી મૂકે, મારઝૂડ કરે પણ સુધારી ન શકે. એટલે પુરુષોએ પણ આવી અનિષ્ટ નોકરીઓ કે ધંધાના સંપર્કોથી બચવું જોઈએ.

ખરી વાત તો એ છે કે સ્ત્રી ઘર અને બાળબચ્ચાંને સંભાળે. ઘરમાં અને બાળકોના ઉછેરમાં એટલું બધું કામ હોય છે કે નોકરી કરવાનો સમય જ ન મળે. ઘરનું અને બાળકોના ઉછેરનું કામ બગાડીને (સાથે સાથે પતિનું પણ) પણ જો નોકરી-ધંધો કરવાનો આગ્રહ રાખવામાં આવે તો તે કદાચ દાંપત્યસુખને બગાડનારો થઈ શકે છે. આમાં અપવાદ પણ હોઈ શકે છે. બધાં માટે આ નિયમ નથી પણ મોટાભાગના માટે આ નિયમ હિતકારી લાગે છે. જરૂર છે થોડી આવકમાં સંતોષ માનીને ઓછી સગવડો સાથે હસતાં હસતાં જીવન જીવવાની તૈયારીની.

*ભક્તિ નિકેતન આશ્રમ,*
*પો.બો. નં.-૧૯, પેટલાદ (દંતાલી),*
*જિલ્લો : આણંદ-૩૮૮ ૪૫૦.*

*નવી વસ્તુનાં લોભે જૂનીને ન છોડવી જોઈએ.*

# 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'

## સંભારણાની સફર : મણકો - ૧૨

• ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) •

હમણાં ઘણાં વર્ષે મારા વિદ્યાર્થીકાળનો મિત્ર શ્રીકાંત મને રસ્તામાં મળી ગયો. એકાએક સ્થળકાળનો ઓછાયો અચાનક જ ઓસરી ગયો. આટલાં વર્ષે જૂના મિત્રને મળવાનો આનંદ જ અનેરો છે! **જૂની મદિરા, પુરાણી યાદો અને દિલદાર દોસ્તો. વો કાગઝ કી કસ્તી, વો બારીશ કા પાની...** એ મજા જ કાંઈ ઓર છે! જોકે, ઘણાં વર્ષે મળીએ ત્યારે વાતોનો વિષય બદલાઈ જાય. સ્કૂલમાં આપણે એકમેકને માર્કસ-રીઝલ્ટ પૂછીએ, થોડાં વર્ષ પછી મળીએ ત્યારે કોણ કોને પરણ્યું તેની વાતો હોય. વળી થોડાં વર્ષ જાય એટલે તારે કેટલાં બાળકો? ક્યાં ભણે છે? તેમણે કઈ લાઈન લીધી છે? વગેરે વાતો ચાલે. સ્ત્રીઓમાં મેનોપોઝ અને પુરુષોમાં બિઝનેસની ચર્ચા થાય. અને ઘડપણમાં મળીએ ત્યારે પુત્ર-પુત્રીનાં લગ્ન કોની વેરે કર્યા તે, તથા એકમેકના શારીરિક દર્દો, ડૉક્ટરો તથા દવાઓની ચર્ચા થાય. વખત વખતની વાત છે! વખત કોઈનો નાથ્યો નથાય છે? વહે જ જાય.

શ્રીકાંતને એકાએક જ કાંઈ યાદ આવ્યું. મને કહે, 'તું તો કંઈ લેખક બની ગઈ છે ને? હમણાં તારી એક નવલકથા "અતિરિક્તા" વાંચી. તેમાં મુખ્ય પુરુષપાત્રનું નામ "શ્રીકાંત દેશપાંડે" છે ને?'

'હા, તારી વાત તો સાચી જ છે. પણ આ દેશમાં હજારો શ્રીકાંત છે અને લાખો દેશપાંડે હશે. શ્રીકાંત દેશપાંડે પણ સેંકડો હશે. અનાયાસે જ મારા હીરોનું નામ તને મળતું આવે છે' મેં કહ્યું.

શ્રીકાંત કહે, 'અરે યાર, મને શો વાંધો હોય? ચાલ, તારા પુસ્તકની રોયલ્ટીની અર્ધી આવક મને મોકલી દેજે, બસ.'

અમે બંને મન મૂકીને હસ્યા. મેં શ્રીકાંતને મજાકમાં કહ્યું, 'ખરેખર તો મારી આ નવલકથાનો અન્ય ભાષાઓમાં અનુવાદ પણ થયો છે. મેં તને ઘેરઘેર જાણીતો કરી દીધો છે. ચાલ, ખિસ્સામાંથી પૈસા કાઢ.' અમે ખૂબ હસ્યાં અને હળવા થઈ, ફરી મળવાના વાયદા કરી છૂટાં પડ્યાં.

આ પ્રસંગના થોડા દિવસ પછી, એક લગ્નપ્રસંગે મારી જૂની મિત્ર અપર્ણા મળી ગઈ. મને જોતાં જ તે મોં ફેરવીને ચાલવા લાગી. મને થોડા વખત પહેલાંની અમારી મુલાકાત યાદ આવી ગઈ. અમે કેટલી જૂની જૂની વાતો વાગોળેલી! આ અપર્ણાને શું થયું હશે? ખોટું લાગ્યું હશે? મેં તેની નજીક જઈ, તેને બાજુએ બોલાવીને ધીમે રહીને પૂછ્યું, 'કેમ અપર્ણા, મારાથી રીસાઈ છે કે શું? તબિયત તો સારી છે ને?' અપર્ણા તો ગુસ્સે થઈ ગઈ. મને કહે, 'મારી તબિયતને શા ઘા પડવાના હતા? મને પૂછ્યા વગર તારી વાર્તામાં તેં મારા નામનો ઉલ્લેખ કર્યો જ કેમ?' મને તો કંઈ જ યાદ નહોતું આવતું. હું પેપર - મેગેઝિનમાં નાના-મોટા લેખ લખું છું, પણ અપર્ણાને રિસાઈ જવું પડે તેવું કાંઈ પણ લખ્યાનું મને બિલકુલ યાદ આવતું ન હતું.

મેં પૂછ્યું, 'તું કયા લેખની વાત કરે છે? ક્યાં છપાયો હતો?'

અપર્ણા મોઢું મચકોડીને કહે, 'તેં "કજોડું" નામની વાર્તા નથી લખી? મેં એક મેગેઝિનમાં વાંચી હતી. તેમાં જાણે અમારી જ વાત હોય તેવું લાગે છે.'

ઓહોહો... હા, યાદ આવ્યું. મેં 'કજોડું' શિર્ષક હેઠળ એક વાર્તા લખી હતી અને ખૂબ વખણાઈ હતી. તેમાં વાર્તાની નાયિકા અત્યંત સ્વરૂપવાન હોય છે. તીક્ષ્ણ બુદ્ધિમત્તા ધરાવતી તેજ યુવતી છે પણ પતિ કદરૂપો અને જુનવાણી છે. કાગડો દહીંથરું લઈ ગયો હોય તેવું 'કજોડું'. મને પાકે પાયે યાદ હતું કે તે વાર્તાની હીરોઈનનું નામ 'પાર્વતી' હતું, અપર્ણા નહીં.

અપર્ણા કહે, 'સુધા, તેં સાર્થ જોડણીકોશ જોયો છે? પાર્વતીનાં અનેક નામ તેમાં આપ્યાં છે. ઉમા, ગૌરી, શૈલજા, કાત્યાયની, રુદ્રાણી વગેરે. અપર્ણા પણ પાર્વતીનો જ પર્યાય છે. મારા પતિ અને મારી વચ્ચે ખટરાગ ઊભો થઈ જાય તેવું તેં તો લખ્યું છે. અમારુ ંતો સારસ-બેલડી જેવું જોડું છે. તને બીજું કોઈ નામ ન મળ્યું, તે મારું જ વાપર્યું?'

'અરેરે, અપર્ણા, આવું બધું વિચારું તો હું કંઈ લખી જ ન શકું. એમ તો "આદિત્ય" નામ હું ઘણીવાર વાપરું છું. તો રવિ, સૂરજ, ભાનુ, ભાસ્કર બધાં બંધબેસતી પાઘડી પહેરી લે? વાર્તાઓ આવે છે ક્યાંથી? આપણી આસપાસની રોજબરોજની ઘટનાઓમાંથી જ ને! જો હું તને એક ઉદાહરણ આપું. **આપણા રસોડામાં લોટ, દાળ, ચોખા, ઘી, તેલ બધી સરખી જ વસ્તુઓ હોય ને! છતાંય ઘેરઘેર વાનગીઓ અને સ્વાદ અલગ-અલગ હોય છે,** ખરું ને? એવું જ જીવનનું છે. એ જ માયા, મમતા, લાગણી, ભય, પ્રેમ, જન્મ-મરણ, દંભ-સ્વાર્થ, ઈર્ષ્યા-વેરઝેર... પણ દરેકની જીવન જીવવાની, માણવાની રીત અલગ. હું તો લેખક છું. મનુષ્ય સ્વભાવના આ ગુણ-દોષોને મારી રીતે મૂલવીને પ્રજાભોગ્ય લખું છું. અને હા, મેં કોઈ ખાસ વ્યક્તિ વિશે જાણીબુઝીને લખ્યું હોય તો હંમેશ તે વ્યક્તિની પરવાનગી લીધી છે.'

અપર્ણાને સમજાવીને ઠારવાની મેં

*જેમ નમ્રતા આવશે તેમ અહંકારનો નાશ થશે.*

બનતી કોશિશ કરી, પણ પથ્થર પર પાણી. સમજે એ બીજા! મને શ્રીકાંત યાદ આવ્યો. તેનું ખુદનું નામ અનાયાસે જ મેં વાપર્યું હતું, છતાંય આખી વાતને તેણે અત્યંત હળવાશથી લીધી હતી. અને આ અપર્ણા?

ખરેખર કમળાવાળાને બધું પીળું જ દેખાય. થોડા વખત પહેલાં મારા કામ અંગે હું ઝુંપડપટ્ટીની મુલાકાતે ગઈ હતી. જ્યારે આવી બસ્તીમાં જવાનું થાય, ત્યારે ગરીબાઈ કરતાંય વધારે દુઃખ એ વાતનું થાય કે જીવનની મૂળભૂત જરૂરિયાત જેને ગણાય, તેવા સંડાસ-બાથરૂમ પણ અહીં ન હોય! બિચારી સ્ત્રીઓની દશા તો કફોડી થઈ જાય. ખાસ કરીને શહેરોમાં. ગામડાંમાં તો દિશાએ જવાય. દૂર ખેતરવામાં ઝાડની આડશેય મળે. પણ શહેરમાં તો પારાવાર મુશ્કેલી!

આપણા દેશમાં અનેક ઉત્સાહી દાતાઓ નવાં નવાં મંદિર, મસ્જિદ, ચર્ચ, દેરાસરો બંધાવીને દાદાથી માંડીને પૌત્રોનાં નામોની તક્તીઓ સજાવી દે છે, પણ જાહેર શૌચાલયો તો સરકાર બાંધે તો જ બંધાય. ભાગ્યે જ કોઈ દાતા મૂતરડીઓ બાંધવા અને નિભાવવાનો વિચાર કરે. તેમાં તક્તી થોડી મુકાય? પુણ્ય થોડું મળે?

મેં બેંગ્લોર શહેરના ભરચક વિસ્તારોમાં અનેક સ્થળે જાહેર શૌચાલયો બાંધવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. શૌચાલયો વાપરવા માટે નજીવી ફી ઉઘરાવવાનું પણ નક્કી કર્યું છે, જેથી નાહક પાણીનો બગાડ ન થાય, સ્વચ્છતા જળવાય અને ટાઈમપાસ કરવાનો નવરાઓનો અડ્ડો ન બને.

ઘણાં તવંગર લોકોનેય, જો બાથરૂમ - સંડાસ જવા માટે મામૂલી રકમ ચૂકવવી પડે તો પેટમાં દુઃખે છે. અમારો એક પ્રોજેક્ટ શિવાજી નગરના બસ સ્ટોપ પાસે છે. અમદાવાદના ગીતા મંદિર જેવો ભરચક વિસ્તાર. ચોખ્ખાં બાથરૂમના અભાવે વર્ષો સુધી પ્રવાસીઓએ અહીં હાલાકી ભોગવી હતી. હવે બાથરૂમો થયાં તેથી સારી સગવડ થઈ છે.

હું ઘણી વાર કોઈને જણાવ્યા વગર શૌચાલયોની મુલાકાતે જઈ ચડું. ખબર તો પડે, સ્વચ્છતા કેવી જળવાય છે!

તે દિવસે હું શિવાજી નગરના શૌચાલયની મુલાકાતે ગઈ હતી. બહાર બે સ્ત્રીઓ લાઈનમાં હતી. મારો નંબર ત્રીજો હતો. બંને જણની કચકચ ચાલતી હતી. પૈસા છૂટતા ન હતા. એકાએક મારું નામ ઝળક્યું. હું ચમકી. નસીબજોગે મને કોઈ ઓળખતું ન હતું. મેં કાન માંડ્યા.

પહેલાં બહેન કહે, 'લે, કર વાત! ભઈસા'બ પેશાબ કરવાના તે કાંઈ પૈસા પડાવવાના હોય? આ સુધા મૂર્તિ તો જુઓ, બાથરૂમ બંધાવીને જાણે આપણા પર ઉપકાર કર્યો!'

બીજા બહેન ગાંજ્યા જાય તેવાં ન હતાં. કહે, 'ખરેખર હોં અલી! તું 'એને' ઓળખતી નથી. મેં તો સાંભળ્યું છે કે 'એણે' તો બેંગ્લોરમાં કેટલીય મોકાની જગ્યાઓએ આવા સોનાનાં ઇંડા મૂકતી મરઘી જેવા સુલભનાં બાથરૂમો બાંધી દીધા છે. ઈન્ફોસિસ કંપની આ જ પૈસામાંથી તો ચાલે છે! બુદ્ધિ હોય તો પેશાબના ય પૈસા પાકે, શું કહે છે?'

હું તો આભી જ થઈ ગઈ! લોકો આપણી પાછળ કેટલી હલકી વાતો કરતા હોય છે! સારા માણસની દુનિયા જ નથી રહી. આ બાથરૂમમાં ચોખ્ખાઈ જાળવવા અમે તો કોન્ટ્રાક્ટ આપી દઈએ છીએ. તે કોન્ટ્રાક્ટર જ મામૂલી ફી ઉઘરાવે અને ચોખ્ખાઈ જાળવે. મારા ગજવામાં રૂપિયોય આવતો નથી. મેં સ્વપ્નેય આવું વિચાર્યું નથી. ઈન્ફોસિસ કંપનીને અને આ પ્રોજેક્ટને શી લેવાદેવા?

હું દુઃખીદુઃખી થઈ ગઈ. હતાશા અને નિરાશાથી ઘેરાઈ ગઈ, પણ તરત જ મેં નકારાત્મક વિચારોને જાકારો આપ્યો. **સમાજસેવા દરમ્યાન મને આવા અનુભવો ઘણી વાર થયા છે. દાતા માટે ભાગ્યે જ સારું બોલાય.** કાંઈ વાંધો નહીં, મારે મારું કામ કરે જવાનું. કેમકે મને તે પસંદ છે. બાકી લોકો તો પીઠ પાછળ બોલવાનાં જ. મારી વાત સાચી છે ને? કમળાવાળાને બધું પીળું જ દેખાય. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.

## ધર્મ અને વિજ્ઞાન

અંધશ્રધ્ધા તો આંધળી છે અને વહેમોના વંટોળિયાઓમાં તણાતી રહે છે, ત્યારે અતિશ્રધ્ધા પણ અવળચંડી છે અને વેવલાપણાના વાવેતર કરે છે.

- ✦ પશ્ચિમે અવનવા યંત્રો શોધી કારખાનાઓ સ્થાપ્યા, જ્યારે આપણે સિધ્ધિ યંત્રો બનાવી ફોટાઓમાં ફીટ કર્યા.
- ✦ વિજાણું યંત્રો (ઈલેક્ટ્રોનિક્સ) વિકસાવી જાપાન વિશ્વમાં સમૃધ્ધ બન્યું, જ્યારે આપણે વૈભવલક્ષ્મીના વ્રતો કરીને ગરીબીને ઘરમાં જ રાખી.
- ✦ વૈજ્ઞાનિક અભિગમથી અમેરિકા વિશ્વમાં સર્વાધિક સમૃધ્ધ બન્યું, જ્યારે આપણે ધાર્મિક કર્મકાંડોમાં અટવાતા રહી કંગાળ જ રહ્યા.
- ✦ પશ્ચિમે પરિશ્રમ કરીને તેમના સમાજમાં સ્વર્ગ ઉતાર્યું જ્યારે આપણે પૂજા-પાઠ અને ભક્તિ કરી સ્વર્ગને પરલોકમાં જ રાખ્યું.
- ✦ શીતળાની રસી શોધી ઍડવર્ડ જેનરે વિશ્વમાંથી શીતળાનો રોગ નાબૂદ કર્યો, જ્યારે આપણે શીતળા માતાના મંદિરો બનાવી જગતમાં મૂર્ખ ઠર્યા.
- ✦ પર્યાવરણની હાનિ અને પ્રદૂષણના કારણે જગત આખુ ચિંતા કરે છે ત્યારે આપણે મડદાને અગ્નિદાહ દેવા ચિતામાં લાકડા ખડકી જંગલો કાપીએ છીએ.
- ✦ આ દેશમાં વાસ્તુશાસ્ત્ર તથા વળગાડથી લોકો પીડાય છે, જે બિલકુલ નકામા શાસ્ત્રો છે. આ દેશમાં ઠગ લોકો ઘણા છે. એમનાથી બિલકુલ છેતરાશો નહીં.
- ✦ પશ્ચિમમાં વૈજ્ઞાનિક રીતે લોહી પરીક્ષણ કરીને લગ્નો થાય છે, જ્યારે આપણે ત્યાં જન્મ કુંડળીઓના કુંડાળાઓ કરીને યુવાવર્ગને ફસાવવામાં આવે છે.
- ✦ લસણ, ડુંગળી, બટાકા જેવા કંદમૂળ ખાવાથી આપણને પાપ લાગે છે. જ્યારે આખી ને આખી બેંકો અને કંપનીઓ ખાઈ જવાથી આ દેશમાં કોઈને પાપ લાગતું નથી.

*પ્રદીપ એસ. મહેતા - અમદાવાદ*

*મૌનનાં વૃક્ષ પર હંમેશાં શાંતિના ફળ ઊગે છે.*

# તું અને હું – આ દાસ્તાન સનાતન : (૧)

• માવજી કે. સાવલા •

‘તું અને હું’ની આ કથા આજે દિવાળીના દિવસે (તા. ૩-૧૧-૨૦૧૩, રવિવાર) બપોરે બાર વાગે લખવાનું શરૂ કરી રહ્યો છું. ‘સાંભળે છે કે?’ કોણ છે આ તું? કોણ છે આ હું? એ બધું કહેતાં તો મને આવડે પણ નહિ. માનવ સંસ્કૃતિનો આરંભ આ ‘તું’ અને ‘હું’થી જ થયો હશે. કથા આગળ ચાલશે એટલે કદાચ મને ખબર પણ પડે, કે આ બધું શું ચાલી રહ્યું છે. તેં મારી નજર સામે જ અંતિમ શ્વાસ લીધા. તા. ૧૧-૧૦-૨૦૧૩ શુક્રવાર બપોરનો સમય. એને હવે એક મહિનો થઈ ગયો. આપણા દાંપત્યના સાડા પાંસઠ વર્ષની આ દાસ્તાન લખી રહ્યો છું.

★

આપણા દાંપત્યના એ અંતિમ દિવસે હું તારી પાસે બેસવા આવ્યો. પુત્રવધૂ ભારતીએ તને ચમચીથી જમાડવું ઠીક રહે એટલા માટે ઊંચકીને ખુરશી પર બેસાડી હતી. હું ખુરશીની જોડાજોડ પલંગ પર બેઠો હતો. મેં તારા પગની પાનીઓ નીચે મારા પંજા મૂકીને બાળકની જેમ તને ત્રણેક મિનિટ માટે ઝુલાવી. બાળપણમાં અમને વડીલો કેટલીકવાર આમ ઝુલાવતા, એને ‘પાગોપાગ’ કહેતા. તને જમાડવા માટે ભારતી આવી પહોંચ્યા. તને જમાડ્યા પછી અધ્ધર ઊંચકીને ફરી પલંગ પર સુવાડી. હું પણ આરામ માટે મેડી પર પહોંચ્યો. માંડ દસેક મિનિટ થઈ હશે ત્યાં ભારતીએ મને ઈલેક્ટ્રીક બેલ પુશ પર લાંબી ઘંટી કરતાં હું દોડતો જ તારી પાસે આવી પહોંચ્યો. ઈશારાથી જ ભારતીએ મને સમજાવી દીધું. પુત્ર જયેશ પણ દુકાનેથી આવી પહોંચ્યો હતો. હું તારા ચહેરા પર હાથ ફેરવતો - ફેરવતો જ રહ્યો. આ એ જ ચહેરો, જે મુખચંદ્રના પ્રથમ દર્શન મેં આપણા તુંબડી ગામની મેડી પરના ઓરડામાં પ્રથમ મિલન વખતે કર્યા હતા.

ત્યારે તો તારી ઉંમર પંદરેક વર્ષની અને મારી માંડ અઢારેક વર્ષની આ ઘડીએ તારી ૮૦ વર્ષની ઉંમરે પણ તારો ચહેરો એવો જ – એક પણ કરચલી વગરનો, ખીલેલા પુષ્પ જેવો જોઈ રહ્યો છું. તારા એ અંતિમ શ્વાસોચ્છવાસમાં મારો પણ અંતિમ શ્વાસ ન ભળ્યો એ મારી કમનસીબી.

સાંજે છ એક વાગે સ્મશાનભૂમિમાં તારી ચિતા ભડભડ બળી રહી છે. ચિતાની સાવ નજીકમાં જ હું ઊભો છું. જયેશ વારંવાર મને થોડે દૂર ખુલ્લી હવામાં બેસવા વિનવે છે. ધુમાડો પણ વધતો જાય છે. અગાઉ સ્ત્રીઓમાં સતી થવાનો રિવાજ હતો. મને પણ વારંવાર એ જ વિચાર આવી રહ્યો હતો કે આ એક જ ચિતામાં તારી જોડાજોડ રહીને તારી હવે પછીની યાત્રામાં મને તારો સંગાથ ખપતો જ હોય છતાં....

આપણા સાડા પાંસઠ વર્ષના સુખદ અને સંપૂર્ણપણે સંતુષ્ટ એવા દાંપત્યની વાત આજે હું આગળ ચલાવી રહ્યો છું. બે ધૂપસળીઓની ધૂમ્રશેરો વચ્ચે તારી છબીની સામે - તારી સાખે જ આ બધું લખી રહ્યો છું. શા માટે? મને કંઈ જ સમજાતું નથી. જાણે કે હું મૂઢ થઈ ગયો છું – મુંઝાયેલો અને ગુંચવાયેલો.

આજે (૩૦-૧૨-૨૦૧૩) તારી અલવિદાને ૮૦ દિવસ થયા. આ બધું જે હું લખી રહ્યો છું – તારી છબીની સાખે - તું સાંભળે તો છે ને? તારી ચિરવિદાયથી બરાબર દસેક દિવસ પહેલાંની વાત પ્રથમ કરું. તું તો જાણે જ છે કે સવારમાં - બપોરે - રાત્રે મારી પસંદગીના ગીતો હું સાંભળતો જ રહું. ક્યારેક ટચુકડા ટ્રાન્ઝિસ્ટરના રેડિયો પર તો ક્યારેક ખિસ્સામાંના માત્ર ગીતો સાંભળવા રાખેલા મોબાઈલ પર. તે દિવસે મેં જે ગીત રેડિયો પર સાંભળ્યું, એમાંની બે પંક્તિઓ આ પ્રમાણે હતી :

*“ફૂલોંકી તરહ દિલમેં*
*બસાયે હુએ રખના....”*

જાણે કે તારી અને મારી જ આ વાત. આપણા દાંપત્યના પૂરા સાડા પાંસઠ વરસ તેં મને તારા દિલમાં ફૂલોની જેમ જ સાચવ્યો છે, એનો તને નમનપૂર્વકનો મારા એકરાર અને અહેસાસનો જ એ દિવસ. આપણી પુત્રી દક્ષાને જ્યારે આ વાત કરી રહ્યો હતો ત્યારે આ વાત કરતાં કરતાં જ હું ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો હતો. દક્ષા તને અને મને દિલથી આરપાર સમજે અને જાણે. લાંબી જુદાઈના ૮૦માં દિવસે જ્યારે હું આ વાત લખી રહ્યો છું ત્યારે દિલમાં ઊઠેલા એક તુફાન - એક ઝંઝાવાતમાં ઘેરાઈ ગયો છું. તને પોકારી રહ્યો છું - તું આવ, આવ, મને આ અંધકારમાંથી, આ ઝંઝાવાતમાંથી બહાર કાઢ. સાંભળે છે કે?

તા. ૨૩-૧૧-૨૦૧૩ની પણ એક દાસ્તાન લખ્યા વગર મારાથી રહી શકાય એમ નથી. એ દિવસે આપણી પૌત્રી ધારાની દીકરી પરિતાની ‘બર્થ ડે પાર્ટી’ એમણે એક હોટલમાં રાખી હતી - ડીનર સાથે. એટલે જયેશનો પરિવાર અને દક્ષાનો પરિવાર - બધા ત્યાં હતા. ઘરમાં હું એકલો જ હતો. રાત્રે દસેક વાગ્યાના સમયે ટી.વી. પર એક ગીત મેં સાંભળ્યું - એની બે-ચાર પંક્તિઓ મેં તરત લખી લીધી :

*‘તેરી યાદ દિલસે, ભૂલાને ચલા હૂં...*
*અપની હસ્તિ, મિટાને ચલા હૂં....’*

રાતે અગિયારેક વાગે દક્ષા એ બર્થ-ડે પાર્ટીમાંથી પોતાને ઘેર જવાને બદલે મારી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૮ ઉપર)**

*આપણી નિર્બળતા પણ દુ:ખનું કારણ હોય છે.*

# શું ભારત ઊર્જાક્ષેત્રે સ્વાવલંબી બની શકે?

ઉર્જા

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

ઉર્જા જીવન વિકાસનું અનન્ય અંગ કહેવાય છે. સામાન્ય અર્થમાં ઉર્જા એટલે શક્તિ, પાવર કે ચાલક બળ. આપણા રોજિંદા ઘરવપરાશમાં આપણે વીજળી, કોલસા, ગેસ, કેરોસીન કે છાણા લાકડા જેવા બળતણનો ઉપયોગ કરીએ છીએ. વૈશ્વિક સ્તરે ઉર્જાની કુલ માગમાં ભારતનો હિસ્સો અત્યારે ૫.૫ ટકાથી ઓછો છે. જે વધીને વર્ષ ૨૦૩૦-૩૧માં ૮.૬ ટકા થશે. ઉર્જાના ઉપયોગ અને વપરાશ પર આધુનિક જીવન એટલી હદે નિર્ભર છે કે અત્યારે દેશના માથાદીઠ કુલ રાષ્ટ્રીય ઉત્પાદનનો સીધો સંબંધ માથાદીઠ ઉર્જા વપરાશ સાથે સ્થાપિત થઈ ગયો છે.

ભારતમાં પ્રાથમિક કે મુખ્ય ઉર્જાનો માથાદીઠ વપરાશ વિશ્વના આવા વપરાશના ત્રીજા ભાગનો છે. જે અમેરિકાના માથાદીઠ પ્રાથમિક ઉર્જા વપરાશના વીસમા ભાગ જેટલો, યુરોપના આ વપરાશના દસમા ભાગ જેટલો અને ચીનના આ વપરાશના ચોથા ભાગ જેટલો છે. ભારતમાં અત્યારે ઉર્જાની માગ ૭૦ કરોડ ટન ઓઈલની સમકક્ષ છે. જેમાં સતત વધારો થતો જ રહેશે. વિશ્વમાં સરેરાશ માથાદીઠ ઉર્જામાં મુખ્ય ઉર્જા વપરાશ નીચે મુજબ છે :

| | | | |
|---|---|---|---|
| ૧. | વિશ્વમાં અશ્મીભૂત ઈંધણનો હિસ્સો | ૮૬.૦% | ભારત ૯૪% |
| ૨. | વિશ્વમાં અશ્મીભૂત કોલસાનો હિસ્સો | ૩૦.૩% | ભારત ૫૪% |
| ૩. | વિશ્વમાં અશ્મીભૂત ઓઈલનો હિસ્સો | ૩૩.૦% | ભારત ૩૧% |
| ૪. | વિશ્વમાં અશ્મીભૂત ગેસનો હિસ્સો | ૨૪.૦% | ભારત ૯% |

ભારતમાં હાઈડ્રો કાર્બનનું ઉત્પાદન પ્રમાણમાં ઓછું છે. જે વૈશ્વિક હાઈડ્રોકાર્બન સ્રોતનો ફક્ત ૧% છે. ભારતમાં કુલ ઉર્જાની માગમાં ૩૫ ટકાની માગ આયાતી ઉર્જાથી સંતોષવામાં આવે છે. જેમાં ૮૦% ક્રુડ ઓઈલ, ૨૦% કુદરતી ગેસ તથા ૨૦% કોલસાની માગ આયાતો દ્વારા સંતોષવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૨-૧૩માં ભારતે ૮,૫૩,૯૪૯ કરોડના ખર્ચે ૧૮.૫ કરોડ ટન ક્રુડ ઓઈલની આયાત કરેલી હતી.

ઉર્જાના વાણિજ્યિક અને બિનવાણિજ્યિક એવા બે ભાગ પાડવામાં આવે છે. ભારતમાં વાણિજ્યિક ઉપરાંત વનસ્પતિ, છાણ, લાકડા જેવા બિન વાણિજ્યિક સ્રોતોનો ઉપયોગ થતો રહ્યો છે. આપણી ૧૨મી પંચવર્ષીય યોજનામાં ૯% વૃધ્ધિ દર પ્રાપ્ત કરવા માટે પ્રતિવર્ષ ઉર્જા ક્ષમતામાં ૬.૫%નો વધારો કરવો અનિવાર્ય બની રહેશે.

### • વાણિજ્ય ઉર્જાની સંભવિત માગ (મિ. ટનમાં)

| ક્રમ | ઉર્જાનો પ્રકાર | ઇ.સ. ૨૦૧૦-૧૧ | ઇ.સ. ૨૦૧૬-૧૭ |
|---|---|---|---|
| ૧. | કોલસો | ૨૭૨.૮૬ | ૪૦૬.૭૮ |
| ૨. | ઓઈલ | ૧૬૪.૩૨ | ૨૦૪.૮૦ |
| ૩. | કુદરતી ગેસ | ૫૭.૯૯ | ૮૭.૨૨ |
| ૪. | હાઈડ્રોપાવર | ૧૦.૩૧ | ૧૪.૮૫ |
| ૫. | લીગ્નાઈટ | ૯.૫૨ | ૧૪.૦૦ |

ઉર્જાની આયાતો સરળતાથી થઈ શકે પરંતુ વૈશ્વિક કક્ષાએ તેના ભાવોમાં થતા વધારાને કારણે આપણા દેશમાં ઉર્જા ક્ષમતામાં વધારો કરવો અને ઉર્જા બચતના પ્રયત્નો કરવા હિતાવહ છે.

### • વાણિજ્ય ઉર્જાનું આયાતી પ્રમાણ (મિ.ટનમાં)

| ક્રમ | ઉર્જાનો પ્રકાર | ઇ.સ. ૨૦૧૦-૧૧ | ઇ.સ. ૨૦૧૬-૧૭ |
|---|---|---|---|
| ૧. | ઓઈલ | ૧૨૫.૫૦ | ૧૬૪.૮૦ |
| ૨. | કોલસો | ૫૪.૦૦ | ૯૦.૦૦ |
| ૩. | હાઈડ્રોપાવર | ૧૦.૩૧ | ૧૪.૮૫ |
| ૪. | કુદરતી ગેસ | ૧૦.૯૯ | ૨૪.૮૦ |

ઉર્જાની અછત નિવારવા સૌર ફોટો વોલ્ટેઈક, પવન ઉર્જા અને સૌર ઉર્જાનું પ્રમાણ વધારવું જ રહ્યું. Carbon Capture and Storage ટેકનોલોજીનો લાભ લઈ ભાવ નિયંત્રણ કરી શકાય.

ઘર વપરાશની ઉર્જામાં Compact Fluroscent Lamp (CFL) બલ્બનો ઉપયોગ કરી ઉર્જા બચત થઈ શકે. ૧૨મી યોજનામાં કોલસાની માગ લગભગ ૭% વધવા સંભવ છે. તેને પહોંચી વળવા સજ્જ થવું પડશે. ૧૨મી યોજનાના અભિગમ પત્રને "Faster Sustainable and More Inclusive Growth" એવું સૂચક હેડિંગ અપાયું છે.

દેશમાં વિદ્યુતની માગ દિન પ્રતિદિન વધતી જ જાય છે. વસતિ વધતી રહી છે. શહેરીકરણ પ્રક્રિયા વેગવંતી બની છે. જીવનશૈલી બદલાઈ છે. વિદ્યુત પર આધારિત અનેક સાધનો ફ્રીજ, ટી.વી., વોશિંગ મશીન, કોમ્પ્યુટર આદિનો ઉપયોગ ખૂબ જ વધવા પામ્યો છે. તેથી વિદ્યુતના નૂતન પ્રવાહોના વિકાસ ક્ષેત્રે વૈજ્ઞાનિકો આગળ ધપી રહ્યા છે. હાલે સૂર્ય ઉર્જા કે સૌર ઉર્જાના ક્ષેત્રે પી.વી. સેલનો ઉપયોગ સામાન્ય બની ગયો છે. પી.વી. સેલ પર સૂર્ય કિરણો

*કષ્ટ સહન કરીને પણ બીજાનો ઉત્સાહ વધારો.*

પડે એટલે તેમાંથી સૂર્ય ઉર્જા નિર્માણ પામે છે. તેમાં પ્રદૂષણ નથી. ઈંધણનો કોઈ ખર્ચ પણ નથી. જાળવણીનો ખર્ચ નથી. તે સિલીકોનમાંથી બને છે. તે ધરતીના પેટાળમાં સારા પ્રમાણમાં છે. ઘરની છત પર નાનો પ્લાન્ટ બેસાડી શકાય છે.

આજે ભારતમાં ૮૦,૦૦૦ ગામડાં વીજળી વિનાના છે. તેમાંના ૧૮,૦૦૦ ગામોમાં વિદ્યુત તાર પહોંચી શકવાની સ્થિતિમાં નથી. ઈ.સ. ૨૦૦૪થી અત્યાર સુધીમાં ૨૭૦૦ ગામોને સૂર્ય ઉર્જા દ્વારા વીજળી મળી છે. સાંભાર લેક પાસે ૪૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન થાય તેવો વિશ્વનો સૌથી મોટો "અલ્ટ્રા મેગા ગ્રીન સોલાર પાવર પ્લાન્ટ" આકાર લઈ રહ્યો છે. ગુજરાત સરકારે ઈ.સ. ૨૦૦૯માં "સૂર્ય ઉર્જા નીતિ" જાહેર કરી અને ઈ.સ. ૨૦૧૦માં પ્રથમ સોલાર પાર્ક બનાવ્યો.

ગુજરાતે પવન ઉર્જા "WIND FARM" ક્ષેત્રને વિકસાવવા વિચાર્યું અને ૨૨૫૫ મેગાવોટ ક્ષમતાવાળો ૪૫૦૦ મિલિયન યુનીટ વિદ્યુત ઉત્પાદન કરતો પ્લાન્ટ શરૂ કર્યો. ઉત્પાદન વધીને ૨૪,૦૦૦ મિલિયન મધ્યમ યુનીટ થાય તેવી સંભાવના છે. આટલી વિદ્યુત જો કોલસામાંથી ઉત્પન્ન કરવામાં આવે તો ૧૨,૦૦૦ મિલિયન ટન કોલસો જોઈએ. ૯,૦૦૦ મિલિયન વિદેશી હૂંડિયામણ જોઈએ.

ભારતમાં બળતણની તંગી છે, ઉર્જાની અછત વરતાય છે. ખાસ કરીને ગામડાંઓ ઉર્જા ક્ષેત્રે સ્વાવલંબી બની રહે. ઘરમાં ઘરવપરાશાર્થે લાઈટ, ગેસ આદિ પ્રાપ્ત થાય એવા શુભ હેતુથી પશુઓના છાણ, માનવ મળ આદિ તથા મહોલ્લામાં પડેલા કચરામાંથી ઉત્પન્ન કરતા બાયોગેસ ખાતર પ્લાન્ટના આયોજનો સાકાર થયા છે. પરિણામે સારા ખાતરની પ્રાપ્તિ પણ થઈ રહી છે.

મહાત્મા ગાંધીજી આ ગેસ ગોબર પ્લાન્ટ વિષે જણાવે છે કે, "ગેસ, ખાતર પ્લાન્ટ શુધ્ધ સ્વદેશી છે. તે વિકેન્દ્રીત અર્થતંત્ર અને સમાજ રચનાનો એક મોટો આધારસ્તંભ બની રહેશે." બાયોગેસ પ્લાન્ટમાં મિથેન, અંગારવાયુ, હાઈડ્રોજન સલ્ફાઈડ, નાઈટ્રોજન વગેરે વાયુઓ હોય છે.

૧૦૦ કિલોગ્રામ છાણમાંથી ૧૩.૪૪ કિ.ગ્રા. ખાતર, ૩.૫૫ કિ.ગ્રા. બાયોગેસ બને છે. ૧ કિ.ગ્રા. મળમાંથી પ્રતિદિન ૧૪૦ લીટર ગેસ મળે છે. ૧ કિ.ગ્રા. કુંવાડિયામાંથી પ્રતિદિન ૪૦ લીટર, ૧ કિ.ગ્રા. યુકેલીપ્ટસના પાનમાંથી ૧૪૫ લીટર, ૧ કિ.ગ્રા. કેળાના થોથામાંથી ૩૨.૭ લીટર ગેસ મળે છે. ૧ માણસની ૧ દિવસની જરૂરિયાત ૧૦ ઘનફૂટ ગેસ છે. દીવાબત્તી માટે, રસોઈ માટે, ગેસ એન્જિન ચલાવવા બાયોગેસનો ઉપયોગ આજે વધતો રહ્યો છે. વિદ્યુતની બચત આ પ્લાન્ટ કરી રહ્યા છે.

ભારતના વિકાસ અને તેની સુરક્ષા માટે કોલસા અને થોરિયમ આધારિત પરમાણુ ઉર્જા મહત્ત્વપૂર્ણ બની રહેશે. પરંતુ નીતિ જેટલી સારી હોય તેટલો જ અસરકારક તેનો અમલ અવશ્ય હોવો જોઈએ.

*(લેખક ભુજની શ્રી આર.આર. લાલન કોલેજના અર્થશાસ્ત્રના નિવૃત્ત પ્રાધ્યાપક છે.)*

***૬/એ, લીમડા લાઈન, સંસ્કાર નગર,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

**Dalal**
**S. Nitinkumar & Co.**
**CANVASSING AGENT**
115/1-B, Sindhi Commercial Market,
Kalupur, Chokha Bazar, Ahmedabad-380 002.
**Ph. : (O) 22120051, 22124474, 22123210**
**(R) 22867064, 22865433**
**M. : 93761 14024 (Nitinbhai),**
**93772 09530 (Dhami)**
★
• Sister Concern •
**SUCHIT TRADING CO.**
Gali L, No.-12, A.P.M.C. Market No.-2,
Phase-II, Sector-19, Vashi,
New Mumbai-400 703.
Ph. : (022) 27651033, 27651037, 32997068
M. : 93200 89056 (Suchitbhai)

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
**An ISO 9001-2000 COMPANY**
**MANUFACTURERS OF**
**ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

વાર્તા

# મા, તું તારા માટે સમય કાઢ!

● ડૉ. ઊર્મિલા શાહ ●

ડોરબેલ વાગ્યો અને મેં બારણું ખોલ્યું તો ટપાલી મોટું મજાનું પીળું પરબીડિયું લઈને ઊભો હતો. "અરે! આ તો અમેરિકાથી મારા દીકરા અને વહુની ટપાલ!"

આટલું મોટું કવર! હા, ફોટા હશે. ને મેં અધીરાઈથી કવર ખોલ્યું તો એમાં ફોટા તો હતા જ પણ ફોટા સાથે સુંદર મજાનું અભિનંદન કાર્ડ પણ હતું. અરે! શું વાત છે? મારી વર્ષગાંઠ આવી પહોંચી! મને તો ખ્યાલ સુધ્ધાં નથી. આજે ૮મી ને કાલે... કાલે **૯મી મેને દિવસે મારી પાંસઠમી વર્ષગાંઠ! વર્ષ ક્યાં વહી ગયા તેય ખબર ન પડી.** જોતજોતામાં તો જાણે જિંદગીના ચોસઠ વર્ષ વટાવી ચૂકી, ક્યાં હતી? ક્યાં છું? ને ક્યાં પહોંચીશ? કશું જ સમજાતું નથી. સમય ને ક્ષણો જાણે હાથમાંથી સરતી જ જાય છે. એ કાર્ડ મેં ખોલ્યું. વચ્ચે સુંદર મજાના ખીલેલા ફુલગુલાબી, જાણે મઘમઘતાં ને નવપલ્લવિત હોય તેવાં ત્રણ ગુલાબ હતાં ને ચારેબાજુ લખાણ હતું : "Take time for yourself." "તારા માટે હવે સમય કાઢ." ને આ સંદેશાએ જાણે મને તંદ્રામાંથી જગાડી. કોલેજમાં ભણતી હતી ત્યારે મારા મનમાં એક મીઠું મધુરું સ્વપ્ન હતું : 'મારે પણ એક ઘર હોય' અને એટલે ગ્રેજ્યુએટ થઈ એ જ વર્ષે પ્રભુતામાં પગલાં માંડ્યાં ને મારું એ સ્વપ્નું સાકાર કરવા હું સતત મથતી જ રહી. એકવીસમા વર્ષથી મેં જાણે કરોળિયાના જાળાની જેમ મારો ઘરસંસાર રચવા પાછળ સતત સમય અને શક્તિ આપ્યા જ કર્યા, આપ્યા જ કર્યા. લગ્ન પછી પાંચ વર્ષે દીકરી જન્મી. ને તે પછી ચાર વર્ષે આ દીકરો. તેમને ઉછેરવામાં, તેમના ઘડતરમાં, ભણતરમાં હું એવી તો તન્મય થઈ ગઈ કે જાણે, હું, હું જ ન રહી. મારી જાતને તો હું સાવ જ ભૂલી ગઈ. મારા એ બાળકોની પળેપળને મેં માણી છે, આનંદથી માણી છે. માતૃત્વની મહત્તા આટઆટલા લેખકો અને કવિઓએ કેમ ગાઈ છે તેનો મને સાચો અહેસાસ થયો છે. ઘર, વર અને છોકરાં પાછળ જ મેં જાણે મારું સર્વસ્વ અર્પણ કરી દીધું. અરે! મારાં છોકરાંઓનો ઉછેર કથળી ન જાય તે માટે તો અઢાર વર્ષથી કોલેજમાંથી લેક્ચરશીપ પણ છોડી દીધી. અઢાર વર્ષ સુધીનો એ ક્ષેત્રસંન્યાસ મને બરાબર યાદ છે. એ દિવસો, રાત ને દિવસ મનમાં સતત મને મારાં સંતાનોનું ઘરનું ને વરનું જ રટણ રહેતું! હું, હું જ ક્યાં હતી? મારું આખુંય વ્યક્તિત્વ, હું આખીય મારા સંતાનો અને વરમાં વિલીન થઈ ગઈ હતી. ને ક્યારેક વિચારતી, એકવાર છોકરાં મોટાં થઈ જવા દે. પછી હું છુટ્ટી જ છું ને? પણ માનું હૃદય... **માતૃત્વ કેવું હોય છે! એકવાર એ સંતાનને જન્મ આપે પછી એના હૃદય સાથે એવાં તો જડાઈ જાય છે કે એનાથી પળભર પણ એ છૂટી પડી શકતી નથી.** સતત તેમાં વીંટળાયેલી જ રહે છે. પોતાની જાતને તો એ સંપૂર્ણપણે ભૂલી જ જાય છે. એ પોતે એક વ્યક્તિ છે. એને એના આગવા શોખ છે, મહત્ત્વાકાંક્ષા છે, પ્રેરણા છે, આ કશું જ તેને સ્મરતું નથી. અને એ કરોળિયાના જાળાની જેમ એક વખત એમાં પડ્યા પછી એને માટે બહાર નીકળવું પણ શક્ય નથી. મથામણ કરે તો પણ અને એમને એમ આ જીવનનાં ચોસઠ વર્ષ વીતી ગયાં! હા. એ ચોસઠ વર્ષ વીતી ગયાં. હાથથી સરી ગયાં. એનો મને ચોક્કસ અફસોસ છે પણ દીકરાએ આ કાર્ડ ઉપર જે લખાણ પસંદ કરીને મોકલ્યું તે જાણે મારા મનને જ વાચા ફૂટી હોય તેવું હતું.

પાંખ આવે એટલે તો પંખી ઊડવાનાં જ. દીકરો અને દીકરી બંને પોતપોતાનો વ્યવસાય અને પોતપોતાનો સંસાર લઈને બેઠાં છે. સરસ રીતે જીવન જીવે છે. જીવનમાં ક્યાંય અધૂરપ લાગતી નથી પણ ઘર ખાલી લાગે છે. ને ત્યારે જાણે હું મારી જાતમાં જ મને પોતાને શોધવા મથું છું. કેટકેટલા વર્ષોથી હું જાણે હું જ રહી ન હતી. આજે આટલાં વર્ષે હું મારી જાતને શોધવા મથું છું ને જાણે ભૂલી પડી જાઉં છું. નાની હતી ત્યારથી મને વાંચવું ગમતું. અરે! લોકોને મળવાનોય મને કેટલો શોખ હતો! પણ મેં મારી જાતને સંપૂર્ણપણે જ સંકોરી લીધી હતી. મારા ઘર, વર અને છોકરાં માટે મારી જાતને ભૂલી હું સંપૂર્ણપણે એ બધામાં તન્મય બની ગઈ હતી. પણ એ બધા ત્યાગ અને સ્વાર્પણની મારાં સંતાનો આવી સરસ કદર કરશે એવો તો ક્યારેય ખ્યાલ ન હતો. આમેય **માનો પ્રેમ એટલે બિલકુલ સ્વાર્થરહિત પ્રેમ. તેને ક્યાંય ક્યારેય કશાની જ અપેક્ષા ન હોય.** રાતદિવસ ભૂખતરસ કે ટાઢ તડકો ન જોયાં હોય. રાતોની રાતો છોકરાંઓએ પલાળેલી પથારીમાં એ સૂતી હોય ને છતાંય મનમાં સહેજે ય અકળામણ ન હોય, રંજ ના હોય. એ સંતાનો આમ મોટાં થાય ને તેની માને **એ સેવા, એ ત્યાગની કદર કરીને સામે ચાલીને તેને કહે, "મા, તું હવે તારા પોતા માટે સમય કાઢ"** એનાથી વધુ માતૃત્વની મહત્તા બીજી કઈ હોઈ શકે! મેં તો એ કાર્ડ વાંચ્યું ને મારું હૃદય મારા સંતોનામાં મારા માટેનાં એ પ્રેમથી આર્દ્ર બની ગયું, ભાવવિભોર બની ગયું. ગળગળું બની ગયું. નિઃસ્વાર્થભાવે કરેલી સેવાની કદર માટેની અપેક્ષા ક્યારેય ન હોય પણ એ સંતાનો, આમ પોતાનાં જ સંતાનો કદર

*માનસિક શાંતિ સૌંદર્યમાં નહીં પણ સદ્‌ગુણોમાં છે.*

કરે છે ત્યારે જાણે જીવન ધન્ય બની જાય છે. એણે તો લખ્યું કે 'તું તારા માટે હવે સમય કાઢ. પણ એ ભાવભર્યા સૂચનમાં જ ભાવનાની એવી સંવેદના છે કે હું ફરી ફરીને પાછી મારા સંતાનમય બની જાઉં છું. મારી જાતને હું શોધું છું. શોધવા મથું છું... પણ સંતાનોથી વિખૂટી હું મારી જાતને ક્યારેય પળભર પણ કલ્પી જ શકતી નથી.

એમા લખ્યું છે, "મા! હું જ્યારે મોટો થતો હતો ત્યારે તું મા તરીકેની તારી ફરજો બજાવવામાં ખૂબ વ્યસ્ત હતી. મને સ્કૂલમાં મોકલવો, ઘર સંભાળવું, કુટુંબ સંભાળવું જેમાંથી તને ક્યારેય તારા પોતા માટે સમય મળ્યો જ નથી. પણ હવે એ બધા દિવસો પતી ગયા છે. અને એટલે હવે હું ઈચ્છું છું કે તેં એ વખતે તારા પોતા માટે જે કંઈ કરવાનું બાજુ પર મૂકી દીધું હતું, ભુલાવી દીધું હતું, અરે! જે કંઈ કરવાનાં સ્વપ્નાં સેવ્યાં હતાં, તે બધું જ તું હવે કર મા...!

તારા હૃદયના અવાજને સાંભળવાનો હવે આ જ યોગ્ય સમય છે. તારાં એ અધૂરાં સ્વપ્નોને પરિપૂર્ણ કરવાનો હવે આ સમય છે. મા... તું મારે માટે પણ આટલું કર. કારણ હું તને ખૂબ ખૂબ ચાહું છું. મા તું મને ખૂબ વહાલી છે. પણ મા! હું ઈચ્છું કે તું મારા માટે તો આટલું કર જ, પણ તારે માટે પણ એ કર. તારા માટે પણ એ જરૂરી છે. **તેં અમને જીવન જીવવાની કલા શીખવી છે. જીવનને ઉત્સવ બનાવતાં શીખવ્યું છે. હવે આજે તું તારા જીવનના આ ઉત્સવને ઊજવ અને તારા જીવનને ધન્ય બનાવ,** એ જ મારી તને પ્રાર્થના છે મા!"

સંતાનોનાં હૃદયની આ સંવેદના મારા હૃદયને સ્પર્શી ગઈ. મારા હૃદયમાં એ આરપાર ઊતરી ગઈ. આટલાં વર્ષોથી હું મારી જાતને ભૂલી મારા સંતાનમય બની ગઈ હતી. મારી જાતને ભૂલી જવાનો મને રજમાત્ર પણ અફસોસ ક્યાંથી રહે! જો સંતાનો મારી એ સેવાની આટલી ભવ્ય કદર કરતાં હોય તો! "માતૃદેવો ભવ" આજે જાણે ભુલાવા માંડ્યું છે. અરે! લોકોના હૃદયમાંથી ભુંસાવા માંડ્યું છે. ચારે બાજુથી અનીતિ અને દુરાચારનું ઘેરું પ્રદૂષણ માનવમાત્રને ઘેરી વળ્યું છે. ત્યારે પણ સંતાનોના હૃદયમાંથી વ્યક્ત થતું આ વહાલ એણે જાણે મારા જીવનને ધન્ય બનાવી દીધું. મારી જાતમાં હું મારા આત્માની ખોજ કરી રહી હતી. પણ મારાં સંતાનોની આ અભિવ્યક્તિમાં જ મને એનો જવાબ મળી ગયો. **મારું સંગીત, મારું ચિત્ર, મારું વાંચન, મારું લેખન બધું જ મારાં સંતાનોમાં સમાઈ ગયું.** મારાં સંતાનોનો ઉછેર અને એની આ સફળતા.... જીવનમાં હવે મને શાની ઊણપ છે! મારા હૃદયમાં જાણે એક અનેરી પરિતૃપ્તિનો અહેસાસ મને થયો. આટલાં વર્ષોની મારી સાધનાની સિદ્ધિ જાણે મને પ્રાપ્ત થઈ હોય એવા અનેરા આનંદની મને અનુભૂતિ થઈ. મારો એ જન્મદિવસ ધન્ય બની ગયો.

*૨૫, પાર્શ્વ બંગ્લોઝ, એસ.જી. હાઈવે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*

યાત્રા | ઈન્ટરનેશનલ ટુર્સ | પ્રવાસ

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા
PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE
Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS
૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com
ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યકિતગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદૈવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

ઇતિહાસ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૨૮

● સંકલન : પ્રતાપ નારાણજી દંડ ●

- **મુંબઇ અતિથિગૃહના દાતાશ્રીઓને સન્માનવાનો કાર્યક્રમ તા. ૨૦-૧૦-૨૦૦૭ના રોજ મુંબઈ માનવસેવા સંઘ, સાયન ખાતે યોજાયો.**
- **તા. ૧૦-૧૧-૨૦૦૭ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક મિલન સમારંભ ગોઠવવામાં આવ્યું.**
- **યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૮-૧૨-૨૦૦૭ના રોજ 'તારા દર્શન'ના એક કાર્યક્રમનું આયોજન થયું.**
- **વયસ્ક સમિતિનાં ઉપક્રમે સમિતિના સભ્યોના લગ્ન જીવનની સુવર્ણ જયંતી ઉજવવાના એક કાર્યક્રમનું આયોજન તા. ૧૫-૧૨-૨૦૦૭ના રોજ કરવામાં આવેલ.**
- **સમાજના જરૂરિયાતવાળા પરિવારજનો માટે ૪૦ ફ્લેટ તૈયાર કરવાની યોજના નક્કી થઈ.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તા. ૨૦-૧૦-૨૦૦૭ના રાત્રે શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં નવરાત્રીની ઉજવણી કરેલ હતી. આ ગરબા મહોત્સવમાં સમાજની ૨૫૦ વ્યક્તિઓએ ભાગ લીધેલ હતો તથા મોડી રાત સુધી ગરબા તથા દાંડિયારાસની રમઝટ જમાવેલ હતી. કાર્યક્રમમાં અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં સર્વે પરિવારજનો જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે મંગલમય દિવસ અંતે આવી ગયો. સમાજનું એક મહત્ત્વપૂર્ણ સ્વપ્ન, જેનું મંડાણ થઈ ચૂક્યું હતું તે મુંબઈ અતિથિ ગૃહનાં દાતાઓને સન્માનવાનો પ્રસંગ. તા. ૨૭-૧૦-૨૦૦૭નાં રોજ મુંબઈ માનવસેવા સંઘ હોલ - સાયન ખાતે બરાબર સાંજે ૫ વાગે સમારંભની શરૂઆત કરવામાં આવી. આ સમારંભમાં મુંબઈ ઉપરાંત અમદાવાદ, વડોદરા, વાપી, મલકાપુર, સોલાપુર, હૈદ્રાબાદ, ઝરિયા વગેરે અનેક સ્થળોની પ્રતિષ્ઠિત પ્રતિભાઓ ઉપસ્થિત હતી.

ગાયિકા કુ. ગીતા ધરોડની સંગીત સૂરાવલીઓ સાથે સમારોહની શરૂઆત કરવામાં આવી. સમારંભના પ્રમુખ સ્થાને અગ્રણી ઉદ્યોગપતિ અને સેવાભાવી અગ્રણી શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા બિરાજમાન હતા. દીપ પ્રાગટ્ય હૈદ્રાબાદ સ્થિત કચ્છી ઉદ્યોગપતિ અને અગ્રણી શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે શ્રી ડુંગરશી રામજી ગાલા, શ્રી નેણશી લધાભાઈ ગાલા, શ્રી નયન ભેદા તથા શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે શ્રી પારસ પદમશી મૈશેરી, શ્રી મૂલચંદ કરમચંદ શેઠ, શ્રી નરેન્દ્ર પ્રીતમલાલ શાહ તથા શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવી (ઝરિયાવાળા) ઉપસ્થિત હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં મે. ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ પોતાના સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત સહુને આવકાર આપતા જણાવેલ કે મુંબઈ એટલે કચ્છીઓનું બીજું ઘર. અનેક કચ્છીઓને અવારનવાર પોતાના વિવિધ કારણોસર મુંબઈ આવવું પડે છે. તેઓનાં મુંબઈના ટૂંક સમયના રોકાણ માટે અતિથિ ભવન પ્રકારની સવલતની જરૂરિયાત હોતાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે બીડું ઝડપેલ છે અને પ્રમાણમાં નાના એવા એક અતિથિ ભવનનાં નિર્માણની શુભ શરૂઆત કરેલ છે. આજથી ત્રણ વરસ અગાઉ અમે જ્યારે અતિથિ ભવન માટે જમીન ખરીદવા માટેની જાહેરાત મુંબઈથી પ્રકાશિત ખબર પત્રિકા દ્વારા કરેલ, ત્યારે એ ખબર પત્રિકા વાંચી હૈદ્રાબાદ સ્થિત શ્રી ધીરજલાલભાઈ કાપડિયાએ અમને પત્ર લખી રૂા. ૧.૦૦ લાખના દાનની જાહેરાત કરેલ હતી અને આ કાર્યને સુંદર રીતે બિરદાવેલ હતું. આ હકીકતે સમાજનું નૈતિક મનોબળ ખૂબ જ વધારી દીધેલ. જેનું પરિણામ અત્રે પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મે. ટ્રસ્ટીશ્રીનાં આવકાર પ્રવચન બાદ હૈદ્રાબાદ સ્થિત કચ્છી ઉદ્યોગપતિ અને જાણીતા સેવાભાવી કાર્યકર શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા તથા અન્ય મહાનુભાવોના વરદ્ હસ્તે અને સંગીતની સૂરાવલી વચ્ચે દીપ પ્રાગટ્ય કરી, ભાવનામય વાતાવરણમાં સમારંભનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

પોતાની અસ્ખલિત વાણીથી મુગ્ધ કરનાર શ્રી ધીરજ છેડા (એકલવીર)એ મંચ પર બિરાજેલ એક પછી એક મહેમાન - મહાનુભાવોનો પરિચય આપેલ. તે સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં વિવિધ કાર્યકરો દ્વારા બુકેથી શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા, શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા, શ્રી નેણશી લધાભાઈ ગાલા, શ્રી ભૂપેન્દ્ર શામજી છેડા, શ્રી ડુંગરશી રામજી ગાલા, શ્રી બીપિનચંદ્ર કાનજી જૈન, શ્રી મૂલચંદ કરમચંદ શેઠ, શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવી, શ્રી પારસ પદમશી મૈશેરી તથા શ્રી નરેન્દ્ર પ્રીતમલાલ શાહનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

*શબ્દો તેના અર્થ સાથે બોલાય તો જ સાર્થક બને છે.*

ઉપરોક્ત અતિથિઓનાં સ્વાગત બાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઇતિહાસની વિસ્તૃત માહિતી આપેલ હતી. સાથે સાથે તેઓએ મુંબઈમાં નિર્માણ પામી રહેલ અતિથિ ભવનની જાણકારી આપતા કહ્યું હતું કે મુંબઈ સ્થિત કચ્છી જૈન બિલ્ડર શ્રી પૂનમચંદ નેણશી બાબરિયા દ્વારા તૈયાર થઈ રહેલી પાંચ માળની બિલ્ડિંગનાં ઉપરનાં ચાર માળ હસ્તગત કરી લેવામાં આવેલ છે. આ અતિથિ ભવનમાં ઓફિસ, રીસેપ્શન રૂમ, વી.આઈ.પી. રૂમ, ડાઈનિંગ હોલ, ડોરમેટરી, છ ડિલક્ષ રૂમ તથા વીસ સાદા રૂમની સગવડતા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. બહારગામથી ટૂંક સમય માટે મુંબઈ પધારતી કોઈ પણ કચ્છી જૈન વ્યક્તિ આ અતિથિ ગૃહનો ઉપયોગ કરી શકશે. મુંબઈમાં કોઈને ત્યાં પ્રસંગ હોય ત્યારે બહારગામથી પધારતા કચ્છી જૈન મહેમાનો માટે પણ તેનો ઉપયોગ થઈ શકશે.

નવીનતમ નિર્માણ પામી રહેલ અતિથિ ભવનનાં કાર્યમાં જેમણે માતબર દાન જાહેર કરેલ છે એવા મુખ્ય દાતા શ્રી ભૂપેન્દ્ર શામજી છેડા, માતુશ્રી નવલબાઈ છેડા તથા તેમના અન્ય કુટુંબીજનોનું શાલ, માળા તથા શ્રીફળથી સંગીતમય સૂરાવલીઓ વચ્ચે ખૂબ જ ભવ્ય રીતે બહુમાન કરવામાં આવેલ હતું. સભા મંડપમાં ઉપસ્થિત રહેલા સૌએ પોતાની જગ્યાએ ઊભા રહી આ દાનવીર પરિવારનું તાળીઓનાં ગડગડાટથી અભિવાદન કરેલ હતું.

ઉપરોક્ત બહુમાન બાદ જાણીતા પ્રવચનકાર તથા કચ્છી તત્ત્વચિંતક અને આધ્યાત્મિક માર્ગદર્શક શ્રી હરિભાઈ કોઠારીએ પોતાના મનનીય પ્રવચનમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના નામમાં સમાવિષ્ટ પ્રત્યેક શબ્દનો અર્થ સમજાવીને કચ્છીઓની સેવા તથા સાહસિકતાની ભાવનાને બિરદાવેલ હતી.

શ્રી હરિભાઈ કોઠારીનાં પ્રવચન બાદ મંચ પર ઉપસ્થિત વિવિધ મહેમાનોએ પોતાના મનનીય પ્રવચનોમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. તેઓનાં પ્રવચનોની સાથે સાથે અતિથિ ભવનનાં નિર્માણ કાર્યમાં સહયોગ આપનારા અન્ય દાતાશ્રીઓનાં, વિવિધ કાર્યકરોના વરદ્ હસ્તે બહુમાન કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનાં અંતે સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે આભારવિધિ કરેલ હતી અને કાર્યક્રમની સમાપ્તિ બાદ સમૂહ ભોજનનો લાભ, પધારેલ સૌ મહેમાનોએ લીધો હતો. આ પ્રસંગે મંગલ મંદિર, નવેમ્બર-૨૦૦૭નો અંક નં.-૩૫૫ દીપોત્સવી અંક તથા મુંબઈ વિશેષાંક તરીકે પ્રસિધ્ધ કરેલ હતું. જેમાં નીચે મુજબના છ વિભાગોની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો હતો : (૧) મુંબઈ સ્થિત કચ્છી જ્ઞાતિ સમાજો, (૨) મુંબઈ સ્થિત કચ્છી સંસ્થાઓ, (૩) મુંબઈ સ્થિત કચ્છી ઉદ્યોગગૃહો, (૪) મુંબઈ સ્થિત કચ્છી વ્યાપાર ગૃહો, (૫) મુંબઈ સ્થિત કચ્છી બિલ્ડર કોન્ટ્રાક્ટર તથા (૬) મુંબઈ સ્થિત કચ્છી વર્તમાનપત્ર - સામયિક. ઉપરોક્ત મુંબઈ વિશેષાંક મુંબઈ સ્થિત કચ્છીઓનાં વિકાસને લગતી અનેકવિધ માહિતીના સમાવેશ સાથે ખૂબ જ દળદાર અંક હોતાં દરેક વ્યક્તિએ પોતાના ઘરની લાઈબ્રેરીમાં સંગ્રહવાલાયક હોવાનું જણાવવામાં આવેલ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તા. ૧૦-૧૧-૨૦૦૭નાં રોજ વિક્રમ સંવત ૨૦૬૦ને આવકારવા શ્રી કચ્છી જૈન ભવન ઉપર એક મિલન સમારંભનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. આ કાર્યક્રમની શરૂઆત સાંજના ૫.૦૦ વાગે કરવામાં આવી હતી. પ્રથમ વખતે આ પ્રસંગે કોઈ પણ જાતનો સ્ટેજ પ્રોગ્રામ ગોઠવવામાં આવેલ ન હતો. પરંતુ માત્ર એકબીજાને હળવા મળવાનું, નૂતન વર્ષનાં અભિનંદન પાઠવવાનું તથા ખાણીપીણીનો આનંદ લઈ છૂટા પડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ પરિવારોના અંદાજિત ૨૫૦ જેટલા સભ્યોએ આ મિલન સમારંભમાં ભાગ લીધેલ હતો. આપસમાં એકબીજાને મળીને નૂતન વર્ષના અભિનંદન પાઠવી, આનંદમય વાતાવરણમાં સભ્યો એકબીજાને મળ્યા હતા.

શ્રી કચ્છી જૈન ભવન સ્થિત મેડિકલ સેન્ટરનાં ડૉક્ટર્સ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં સ્ટાફના સભ્યો તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વિવિધ મહાનુભાવો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી ધીરજભાઈ સોમપુરા, શ્રીમતી વિજયાબેન શેઠ, શ્રી ભરતભાઈ ઓઝા તથા શ્રી અવિનાશ માંકડ આ સમારંભમાં ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી હીરજી પાસુભાઈ શાહ વગેરે અનેક મહાનુભાવો હાજર રહેલ હતા. સાંજના ૫.૦૦ વાગે શરૂ થયેલ કાર્યક્રમ રાતના ૯.૦૦ વાગ્યા સુધી ચાલેલ હતો. ઉત્સાહ અને આનંદના વાતાવરણમાં વિવિધ વાનગીઓની મિજબાની માણીને સૌ છૂટા પડેલ હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની યુવા વિકાસ સમિતિએ સમાજનાં સભ્ય ડૉ. હિતેન્દ્રભાઈ શાહની ડેન્ટલ કોલેજ (મણિપુર) ખાતે તારા દર્શનનો એક કાર્યક્રમ તા. ૮-૧૨-૨૦૦૭નાં રોજ યોજેલ હતો. જેમાં સમાજનાં અંદાજિત ૬૦ સભ્યોએ ભાગ લીધેલ હતો.

''અમદાવાદ ઍસ્ટ્રોનોમિ ક્લબ''ના પ્રમુખ શ્રી પાઈ સાહેબ, શ્રી પ્રફુલ્લભાઈ તથા અન્ય ચાર મિત્રોએ આકાશ, અવકાશ, તારાઓ, નક્ષત્રો, ગ્રહો, સૂર્ય અને ચંદ્ર અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી. તેઓશ્રીએ સાથે લાવેલા ટેલિસ્કોપથી રોહિણી નક્ષત્ર, આદ્રા નક્ષત્ર, પૃથ્વી પરથી દેખાતો સૌથી ચમકતો તારો વ્યાઘ, મંગળ ગ્રહ, કૃતિકા નક્ષત્ર, જેમાં તારાઓ બની રહ્યા છે તે નેબ્યુલા - દેવયાની, મૃગશિર્ષ નક્ષત્ર અને મૃગ મંડળ તથા બીજી ઘણી બધી વસ્તુઓ બતાવેલ હતી. તેઓ પોતાની સાથે અમદાવાદ ખાતેનું સૌથી મોંઘુ તથા અદ્યતન ટેલિસ્કોપ લઈને આવેલ હતા. આ કાર્યક્રમ ખૂબ જ અસરકારક રહેલ હતો અને હાજર રહેલા સભ્યોએ આકાશ અને અવકાશ અંગે વિસ્તૃત તથા રસપ્રદ માહિતી મેળવેલ હતી.

*જીવનમાં અલગ કરવાનું નહિ પણ જોડવાનું કામ કરો.*

તા. ૧૫-૧૨-૨૦૦૭ના રોજ સંસ્થાની વયસ્ક સમિતિએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક કાર્યક્રમ યોજેલ હતો. આ કાર્યક્રમમાં સમાજનાં જે વડીલ દંપતીઓએ લગ્ન જીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરેલ હોય તેમના લગ્ન જીવનની સુવર્ણ જયંતી ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે જૂના ફિલ્મી ગીતોની સંગીત ભરેલ મહેફિલ પણ ગોઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમાજનાં અગ્રણીઓ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી પોપટલાલ ધરોડ તથા શ્રી શાંતિલાલભાઈ સાવલા સહિત અન્ય ઘણા મહાનુભાવો હાજર રહ્યા હતા.

લગ્ન જીવનનાં ૫૦ વર્ષની ઉજવણીમાં સાત વડીલ દંપતીઓએ ભાગ લીધેલ હતો. આ વડીલ દંપતીઓનું સમાજનાં હોદ્દેદારોનાં હસ્તે મોમેન્ટો અર્પણ કરી બહુમાન કરાયું હતું. જૂના ગીતો અને સંગીત સૌ કોઈ વડીલોએ માણેલ હતું તથા જૂની સ્મૃતિઓ તાજી કરેલ હતી. સમૂહ ભોજન બાદ પ્રોગ્રામ પૂર્ણ થયેલ હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની, રાબેતા મુજબની, વિકાસલક્ષી ઘણી બધી પ્રવૃત્તિઓ તો ચાલતી જ હોય છે પણ સંસ્થાનું ટ્રસ્ટ મંડળ અવારનવાર નવી અને સમાજોપયોગી યોજનાઓ પણ વિચારે છે. અને ટ્રસ્ટ મંડળમાં તેની વિસ્તૃત ચર્ચા કર્યા બાદ અમલમાં પણ મૂકાઈ જાય છે. જેના અંતર્ગત શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટની બહેરામપુરા સ્થિત જમીનમાં કે જ્યાં અત્યારે લગભગ ૧૦૦ કુટુંબો જૈનોનાં રહે છે તથા દેરાસરની તથા ઉપાશ્રયની સગવડ ઉપલબ્ધ છે, ત્યાં સમાજનાં જરૂરિયાતવાળા પરિવારો માટે એક હોલ - રસોડાનાં ૪૦ ફ્લેટો, પ્રતિ ફ્લેટ આશરે ૬૫૦ ફૂટ બિલ્ટઅપ એરિયાના હિસાબે બનાવવાનું નક્કી કરેલ હતું. *(ક્રમશઃ)*

## તું અને હું – આ દાસ્તાન સનાતન

**(અનુસંધાન : પાના નં.-૩૧ ઉપરથી ચાલુ)**

પાસે આવી પહોંચી. જયેશ - ભારતીને તો હજી આવવામાં મોડું થાય એમ હતું એટલે ખાસ મારી એકલતામાં મને કંપની આપવા, સહારો આપવા મારી પાસે આવી પહોંચી. આવીને એણે મને પૂછ્યું, 'સાવ એકલા આમ સમય વીતાવવા તમે શું શું કર્યું?' મેં એને કાગળ પર નોંધી રાખેલ એ ફિલ્મી ગીતની પંક્તિઓ બતાવી. એ સમજી ગઈ અને મને કહ્યું – 'ના, ના, આવું શું કામ વિચારો છો? આંખો આડેનો બંધ કાચો જ હતો. આંસુઓની નદી ધસમસતી વહેતી રહી. લાખ પ્રયત્ને પણ તને તો હું ભૂલી જ ન શકું, એ તું બરાબર સમજે છે; પણ હા, મારું અસ્તિત્વ મિટાવી દેવાના વિચારો તો રોજેરોજ આવતા જ રહે છે. પણ હું એવું ન જ કરું. ભારતી - જયેશ મારી પૂરેપૂરી સંભાળ રાખે છે. એટલે લોકોને ખોટી ગેરસમજ જ થાય. એમણે તો તારી સેવા છેલ્લા ૪-૫ વર્ષ સતત ખડેપગે કરી અને કદાચ મારો પણ એવો બોજ એમના માથે આવી પડશે તો બધું જ કરી છુટશે. તું આ બધું બરાબર સાંભળે છે ને?

*(ક્રમશઃ)*

*એન-૪૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*
*ફોન : (૦૨૮૩૬) ૨૨૧૫૨૬, ૨૨૦૮૭૭*

*Ramesh Savla*
*Manish Savla*
**M. 94260 77479**

AI

**ARIHANT INDUSTRIES**

Mfg. : Bakelite Moulding & Pannel Board
Accessories, Push Buttons,
Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate,
Phase-1, Vatva,
Ahmedabad-382 445.
**Ph. : (F) 25831205 (R) 25464948**

**કચ્છજો માડુ...**
કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.
*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**

**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : (022) 2266 3097, 3254 7879**
**Fax : (022) 2267 3098**
**E-mail : mumbai@burleighintl.com**
**E-mail : mp@nealmp.com**
**Website : www.burleighintl.com**
**Website : www.nealmp.com**

# તંદુરસ્તી
# તમારા હૃદયરોગના જોખમનો અંદાજ કાઢો

• ડૉ. ધીરેન શાહ, MB, MS, MCH (CVTS) •
કાર્ડિયોથેરાસીક અને વાસ્ક્યુલર સર્જન

**આધુનિક સમયમાં વિજ્ઞાને વિવિધ ક્ષેત્રે ખૂબ પ્રગતિ સાધેલ હોવાના કારણે તબીબી સારવારમાં પણ ઘણી સવલતો ઉપલબ્ધ થઈ છે.**

**સીમ્સ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ડો. ધીરેન શાહ, કાર્ડિયોથેરાસીક અને વાસ્ક્યુલ સર્જન તરીકે ઘણા સમયથી કાર્યરત છે. તબીબી ક્ષેત્રના ખાસ લેખો તેઓશ્રીએ 'મંગલ મંદિર'ના સુજ્ઞ વાચકો માટે તૈયાર કરીને મોકલાવેલ છે. તેઓશ્રીના બધા લેખ મનનપૂર્વક વાંચવા યોગ્ય રહેશે.**

**આ શ્રેણીમાં પ્રથમ લેખ અત્રે પ્રસ્તુત છે.**

*– તંત્રી મંડળ*

આ પરીક્ષણો તમને તમારી કાર્ડિયોવાસ્ક્યુલર પરિસ્થિતિ નક્કી કરવામાં સહાય કરશે. તે એવા જોખમોને ગણતરીમાં લેશે, જેના ઉપર તમારું કોઈ નિયંત્રણ નથી (વારસાગત, સેક્સ, વય) અને એવા જોખમો કે જેના માટે તમે કંઈક કરી શકો છો (ધૂમ્રપાન, કોલેસ્ટેરોલ, વજન, લોહીનું ઊંચું દબાણ).

**• સેક્સ (જાતિ)**

| | |
|---|---|
| ૪૦થી નીચેની મહિલા | ૧ પોઈન્ટ |
| ૪૦થી ૫૦ની વયની મહિલા | ૨ પોઈન્ટ |
| ૫૦થી ઉપરની મહિલા | ૩ પોઈન્ટ |
| પુરુષ | ૫ પોઈન્ટ |
| કદાવર પુરુષ | ૬ પોઈન્ટ |
| ટાલ ધરાવતા કદાવર પુરુષ | ૭ પોઈન્ટ |

**• લોહીનું ઊંચું દબાણ (સિસ્ટોલિક મૂલ્ય) :**

| | |
|---|---|
| ૧૦૦ | ૧ પોઈન્ટ |
| ૧૨૦ | ૨ પોઈન્ટ |
| ૧૪૦ | ૩ પોઈન્ટ |
| ૧૬૦ | ૪ પોઈન્ટ |
| ૧૮૦ | ૬ પોઈન્ટ |
| ૨૦૦ અને વધુ | ૮ પોઈન્ટ |

**• વય :**

| | |
|---|---|
| ૧૦થી ૨૦ વર્ષ | ૧ પોઈન્ટ |
| ૨૧થી ૩૦ વર્ષ | ૨ પોઈન્ટ |
| ૩૧થી ૪૦ વર્ષ | ૩ પોઈન્ટ |
| ૪૧થી ૫૦ વર્ષ | ૪ પોઈન્ટ |
| ૫૧થી ૬૦ વર્ષ | ૬ પોઈન્ટ |
| ૬૧થી વધુ | ૮ પોઈન્ટ |

**• વજન :**

| | |
|---|---|
| ★ સામાન્ય વજનથી ૨.૫ કિ.ગ્રામથી ઓછું / ૫ એલબીએસ / ૭ ઔંસ વધારે | ૦ પોઈન્ટ |
| ★ સામાન્ય વજનથી ૨.૫ કિ.ગ્રામ / ૫ એલબીએસ / ૭ ઔંસ જેટલું વધારે | ૧ પોઈન્ટ |
| ★ સામાન્ય વજનથી ૩ થી ૧૦ કિ.ગ્રા. / ૬ થી ૨૨ એલબીએસ વધારે | ૨ પોઈન્ટ |
| ★ સામાન્ય વજનથી ૧૦ થી ૧૬ કિ.ગ્રા. / ૨૨ થી ૩૫ એલબીએસ વધારે | ૩ પોઈન્ટ |
| ★ સામાન્ય વજનથી ૧૮ થી ૨૫ કિ.ગ્રા. / ૩૫ થી ૫૫ એલબીએસ વધારે | ૫ પોઈન્ટ |
| ★ સામાન્ય વજનથી ૨૫ થી ૩૨ કિ.ગ્રા. / ૫૫ થી ૭૦ એલબીએસ વધારે | ૭ પોઈન્ટ |

**• વારસાગત કાર્ડિયાક :**

| | |
|---|---|
| ★ કોઈને નહીં | ૧ પોઈન્ટ |
| ★ એક નજીકના સંબંધી, જેમને ૬૦ વર્ષ બાદ હૃદયરોગનો હુમલો થયો હોય | ૨ પોઈન્ટ |
| ★ બે નજીકના સંબંધી, જેમને ૬૦ વર્ષ બાદ હૃદયરોગનો હુમલો થયો હોય | ૩ પોઈન્ટ |
| ★ એક નજીકના સંબંધી, જેમને ૬૦ વર્ષ અગાઉ હૃદયરોગનો હુમલો થયો હોય | ૪ પોઈન્ટ |
| ★ બે નજીકના સંબંધી, જેમને ૬૦ વર્ષ અગાઉ હૃદયરોગનો હુમલો થયો હોય | ૬ પોઈન્ટ |

*ભગવાનની આપવાની અને લેવાની રીત જુદી હોય છે.*

| | |
|---|---|
| ★ ત્રણ નજીકના સંબંધી, જેમને ૬૦ વર્ષ અગાઉ હૃદયરોગનો હુમલો થયો હોય | ૭ પોઈન્ટ |
| **• આહાર :** | |
| ★ માખણ, તેલ-ઘી, ઈંડા નહીં | ૧ પોઈન્ટ |
| ★ શાકભાજી સાથે ગ્રીલ્ડ મીટ, થોડા ઈંડાં અને અત્યંત ઓછી ચરબી | ૨ પોઈન્ટ |
| ★ ઈંડાં સાથે સામાન્ય આહાર, પણ તળેલો ખોરાક કે સોસ નહીં | ૩ પોઈન્ટ |
| ★ થોડો તળેલો ખોરાક, સોસ અને ચરબી સાથે સામાન્ય આહાર | ૪ પોઈન્ટ |
| ★ સોસ, તળેલો ખોરાક અને કેક સાથે સમૃધ્ધ આહાર | ૫ પોઈન્ટ |
| ★ મોટા પ્રમાણમાં સોસ, તળેલો ખોરાક અને કેકથી ભરપૂર આહાર | ૭ પોઈન્ટ |
| **• ધૂમ્રપાન :** | |
| ધૂમ્રપાન ન કરનાર | ૦ પોઈન્ટ |
| સિગાર અને / અથવા પાઈપ | ૧ પોઈન્ટ |
| દિવસમાં ૧૦ સિગારેટ | ૨ પોઈન્ટ |
| દિવસમાં ૨૦ સિગારેટ | ૪ પોઈન્ટ |
| દિવસમાં ૩૦ સિગારેટ | ૬ પોઈન્ટ |
| દિવસમાં ૪૦ અથવા વધુ સિગારેટ | ૧૦ પોઈન્ટ |
| **• કસરત :** | |
| શારીરિક કામ, સઘન કસરત | ૧ પોઈન્ટ |
| શારીરિક કામ, પ્રમાણસર કસરત | ૨ પોઈન્ટ |
| બેઠાડું કામ, સઘન કસરત | ૩ પોઈન્ટ |
| બેઠાડું કામ, પ્રમાણસર કસરત | ૫ પોઈન્ટ |
| બેઠાડું કામ, ઓછી કસરત | ૬ પોઈન્ટ |
| બિલકુલ કસરત નહીં | ૮ પોઈન્ટ |

**• તમારા પોઈન્ટનો સરવાળો કરો :**

| | |
|---|---|
| ૬ થી ૧૧ પોઈન્ટ | ખૂબ ઓછું જોખમ |
| ૧૨ થી ૧૭ | ઓછું જોખમ |
| ૧૮ થી ૨૪ | જોખમ પણ ખૂબ ચિંતાજનક નહીં |
| ૨૫ થી ૩૧ | સાવધ રહો, જોખમ તોળાયેલું છે |
| ૩૨ થી ૪૦ | નોંધપાત્ર જોખમ છે |
| ૪૧ થી ૬૨ | તમે ઊંચા જોખમની કેટેગરીમાં આવો છો, તબીબને બતાવો. |

## ★ કેટલાક વારંવાર પૂછાતા પ્રશ્નો ★

• ***હું તંદુરસ્ત જીવન જીવી રહ્યો હતો, મને શા માટે હાર્ટ એટેક આવ્યો?***

વધારે ચરબી, ધૂમ્રપાન અને માદક પીણાં અચાનક હાર્ટ એટેક આવવાને અસર કરે છે. પણ માત્ર તે જ જોખમી કારણો નથી. તણાવ પણ એટલો જ મહત્ત્વપૂર્ણ છે. તે આપણને દબાણ હેઠળ રાખે છે અને હૃદયને વધુ કામ કરવાની ફરજ પાડે છે. છેલ્લે, રોગની સામે આપણે બધા અસમાન છીએ. વારસો અને વય આપણી તરફેણમાં કે વિરુધ્ધમાં કામ કરી શકે છે.

• ***મને હૃદયરોગ છે. શું હું ગર્ભનિરોધક ગોળીઓ (પીલ્સ) લઈ શકું છું?***

જો તમારું બ્લડપ્રેશર અને ટ્રીગ્લીસેરાઈડ (એક ચરબી જેનું લોહીમાં સ્તર મપાય છે) કાઉન્ટ તમને પરવાનગી આપતા હોય તો તમે પીલ લઈ શકો છો. તમે ગર્ભનિરોધક તરીકે આને પસંદ કરો તો તમને ધૂમ્રપાન સદંતર ન કરવાની સલાહ છે. જો તમને હૃદયરોગનો હુમલો આવ્યો હોય અથવા તેનું ઊંચું જોખમ હોય તો તમને અન્ય ગર્ભનિરોધકની સલાહ અપાશે. તમાહા હૃદયની સ્થિતિ તમને ચિંતા કરાવતી હોય તો તબીબનો સંપર્ક કરો.

• ***મને હૃદયરોગ છે. શું હું કાર ચલાવવાનું ચાલુ રાખી શકું છું?***

હા. એક વખત તમારી તબિયત સ્થિર થઈ જાય પછી તમે ધીરે ધીરે સામાન્ય જિંદગી જીવી શકો છો. જેમાં તમારી કાર હંકારવી કે પગથિયાં ચડવા પણ સામેલ છે.

તમે હોસ્પિટલમાંથી રજા પછી તમારી કાર તરત જ ચલાવી શકો છો, પણ લોરી ડ્રાઈવરોને અમુક સપ્તાહ સુધી લોરી ન ચલાવવાની સલાહ અપાય છે. ખાસ કરીને જો તેઓ લોરીમાં માલ ચઢાવવા અને ઉતારવાની કામગીરીમાં પણ સંકળાયેલા હોય.

• ***મને હૃદયરોગ છે. શું હું રસી લઈ શકું છું?***

હા.

• ***મને હૃદયરોગ છે. શું હું રક્તદાન ચાલુ રાખી શકું છું?***

રક્તદાન કેન્દ્ર પ્રાથમિક તપાસ કરશે. ખાસ કરીને તમે જો દવાઓ લઈ રહ્યા હો તો. જો તમને હૃદયરોગનો હુમલો આવ્યો હોય તો સામાન્યપણે તમે એક વર્ષ સુધી રક્તદાન કરી શકતા નથી. આ જ બાબત તમે નબળા હૃદય અથવા

*સચ્ચાઈ અને પ્રામાણિકતાને પ્રલોભન ડરાવી શકતું નથી.*

લોહીના ઊંચા દબાણથી પીડાતા હો, તો ચોક્કસ સારવાર દરમ્યાન લાગુ પડે છે.

- ***એવી કોઈ બનાવટો છે, કે જે હૃદયરોગના દર્દીઓ માટે ઝેર બની શકે?***

હવામાં ભળી જતી ઝેરી બનાવટો, ઉદા. તરીકે હલકું બળતણ, એસીટોન અથવા શક્તિશાળી સોલવન્ટ ધરાવતા અમુક ઍડહેસિવ પીડાદાયક બની શકે છે. જેને કારણે ધબકારા ઝડપી બને છે. તમે હૃદયના રોગથી પીડાતા હો કે નહીં, આવી બનાવટોના સંપર્કમાં આવવાનું ટાળવું જોઈએ.

- ***મને ડાયાબિટીસ છે. મને હૃદયના રોગનું જોખમ છે?***

તમને ડાયાબિટીસ છે એટલે તમને વધુ જોખમ છે. જો તમે મેદસ્વી હો તો સૌપ્રથમ વજન ઉતારો. એનાથી તમને ડાયાબિટીસને નિયંત્રણ હેઠળ લાવવામાં સહાય મળશે. ડાયાબિટીસ ધમનીની દીવાલને ક્ષતિ પહોંચાડવામાં અને કોરોનરી આર્ટરીના અથેરોસ્ક્લેરોસીસની રચનામાં ભાગ ભજવે છે અને આ રીતે હૃદયરોગનું જોખમ વધારે છે. તમારા ડાયાબિટીસને નિયંત્રણ હેઠળ રાખવા તમારે સંભાળ રાખવી જ જોઈએ.

- ***સૂર્યપ્રકાશમાં નીકળવું મારા માટે જોખમકારક છે?***

થોડો સૂર્યપ્રકાશ જોખમી નથી. જો કે બીજી તરફ બપોરના તડકામાં થોડાંક કલાક રહેવું યોગ્ય નથી. તડકો સૂક્ષ્મ રક્તવાહિનીઓને ફુલવાનું, ખૂબ જ પરસેવો થવાનું અને હૃદય પર કામનું ભારણ વધારવાનું તથા પ્રાણવાયુના વધુ વપરાશનું કારણ બને છે. માટે, સૂર્યપ્રકાશમાં ઓછો સમય ગાળો. આ સાવધાની માત્ર હૃદય માટે જ ઉપયોગી નથી. તે ત્વચાના કેન્સરથી રક્ષણ મેળવવા અને ત્વચાને અકાળે વૃધ્ધ થતી અટકાવવા માટે પણ મહત્ત્વપૂર્ણ છે.

- ***હૃદયરોગના હુમલા પછી રમતો રમી શકું છું?***

હા. એકવાર તમે તમારી સામાન્ય દિનચર્યામાં જોડાઈ જાવ અને ઍટેકમાં ઓછામાં ઓછા એક મહિના પછી કરાતું પરિશ્રમનું પરીક્ષણ તમે કેટલા સક્ષમ છો તે બતાવશે. રમત નિયમિત રમવી જોઈએ પણ ખૂબ ઉગ્ર અથવા એકદમ પરિશ્રમ પડે તેવી રમતો (ટેનિસ, ફુટબોલ, રગ્બી) રમવાનું ટાળવું જોઈએ. અને એક સામાન્ય નિયમ તરીકે સ્પર્ધા ટાળો. ચાલવાનું, સાઈકલીંગ કે સ્વિમિંગ કરો.

- ***શું હું જાતીય સંબંધ રાખી શકું છું?***

સામાન્ય શારીરિક પ્રવૃત્તિઓ કરવી તેનો અર્થ એ જ કે તમે નિયમિત જાતીય સંબંધ ફરી શરૂ કરી શકો છો. જો કે હૃદયરોગના હુમલા બાદ, જાતીય સંબંધ બાંધતા અગાઉ આશરે ચાર મહિના રાહ જુઓ.

- ***મને હૃદયરોગ છે. શું હું હવાઈયાત્રા કરી શકું?***

જ્યાં સુધી સ્થિતિ નિયંત્રણ હેઠળ હોય ત્યાં સુધી તમે હવાઈયાત્રા જરૂર કરી શકો છો.

- ***દાંતની સંભાળનો સંબંધ છે. તો મારે અગમચેતી રાખવી જોઈએ?***

તમારા તબીબ અને ડેન્ટીસ્ટ સાથે આ અંગે ચર્ચા કરો. તમારા રોગના પ્રકાર પર તેનો આધાર છે. જો તમને હૃદયના વાલ્વની બીમારી હોય તો કોઈ પણ દાંત ખેંચાવતા અગાઉ તમારે એન્ટીબાયોટિક સારવાર લેવી આવશ્યક છે. જો તમે લોહી પાતળું રાખતી કોઈ દવા ઑરલી લેતા હો, તો દાંતની સારવારના બે દિવસ અગાઉ તે બંધ કરી દેવી. જો આ લોહી પાતળું રાખતી દવા લેવી અતિ આવશ્યક હોય, તો તમારા તબીબ સબક્યુટેનિયસ (ત્વચાની નીચે) આપી શકાય તેવી, સમાન દવા સૂચવશે.

- ***શું ડાબા પડખે સૂવું જોખમી છે?***

તમે ડાબા પડખે સૂવો કે જમણા, અથવા ઊંધા સૂઓ, હૃદયનો કાર્યબોજ બદલાતો નથી. એવું બની શકે કે જો તમે ડાબા પડખે સૂતા હો, તો તમે તમારા ધબકારાનો અવાજ પથારી અથવા જે હાથના ટેકે સૂતા હો તેના દ્વારા સાંભળી શકો અને પરિણામે તમે વધુ સચેત બનો.

- ***શું હું હાર્ટ ઍટેક પછી સૌના બાથ (Sauna Bath) લઈ શકું છું?***

ના લો તો સારું છે. કારણકે તાપમાનમાં અચાનક ફેરફાર હૃદયના કાર્યબોજમાં નોંધપાત્ર વધારો કરે છે પણ જો તમે લાંબો સમય અંદર ન રહેવાના હો અને હાર્ટ ઍટેક પછી તમે યોગ્ય સમય સુધી રાહ જોઈ હોય તો, સૌના બાથ લઈ શકો છો.

***સીમ્સ હોસ્પિટલ,***
***શુકન મોલની સામે, સાયન્સ સીટી રોડ,***
***સોલા, અમદાવાદ. મો. ૯૮૨૫૫ ૭૫૯૩૩***
***E-mail : dhiren.shah@cims.me***

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
*EXCLUSIVE FANCY KOTA*
*EXCLUSIVELY*
*(RETAIL ONLY ON SATURDAY)*
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

# શું મનની (માનસિક) બીમારીઓ અને શારીરિક બીમારીઓ અલગ છે?

● ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) ●

આજની ૨૧મી સદીમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેસર, હૃદયની બીમારીઓ, થાઈરોઈડની બીમારી, મૂત્રપિંડ (કિડની)ની બીમારી જેવી શારીરિક બીમારીઓને આપણે સ્વીકારીએ છીએ. નિદાન માટે વૈદ્યકીય તથા લેબોરેટરી તથા અન્ય તપાસ કરવા તૈયાર છીએ. દવાઓ તથા સારવારમાં થતી નવી શોધખોળો વિષે નિષ્ણાત તબીબો સાથે ચર્ચા કરવા ઉત્સાહ દાખવીએ છીએ. ગૂગલ સર્ચ પણ કરીએ છીએ.

આવું જ વલણ મનની (માનસિક) બીમારીઓ પ્રત્યે છે? મનની બીમારી મને થઈ જ ન શકે, મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની જરૂરત જ નથી. થોડા સમયમાં સારવાર વગર બધું બરોબર થઈ જશે. ઘણી વખત ફેમિલી ડોક્ટરને જાણકારી હોય છે કે દર્દી મનની બીમારીથી પીડાય છે છતાં ફિઝિશિયનનો અભિપ્રાય લેવાની સલાહ આપે છે. ઘણી વખત મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની ના જ પાડી છે.

- **મનના અવયવો તથા ન્યુરોટ્રાન્સમિટર્સ વિષેના મહત્ત્વના સંશોધનો :**

૧. મનના અવયવો (mind) મગજ (brain)માં આવેલ છે. મનના કાર્યો - લાગણી, વિચારો, વહીવટીલક્ષી કાર્યો, એકાગ્રતા, ગ્રહણ શક્તિ, યાદશક્તિ વગેરે – મગજમાં આવેલા અવયવો – લિમ્બિક સીસ્ટમ, એમીગડેલા, પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, હાઈપોથેલામસ, હિપોકેમ્પસ, ફોરનિક્સ વગેરે દ્વારા થાય છે.

૨. મનના કાર્યો, ઉપરોક્ત મનના અવયવોમાં આવેલા ન્યુરોટ્રાન્સમિટર્સ દ્વારા થાય છે. મનના અવયવોમાં અલગ અલગ ન્યુરોટ્રાન્સમિટર્સ હોય છે જેવા કે સીરોટોનીન, નોરએપીફ્રેનીન, ડોપામીન, એસીટાઈલીન, કોલીન, ગામા એમિનો બ્યુટરીક એસિડ (GABA) વગેરે.

૩. મનની બીમારીઓમાં મનના અવયવોમાં બંધારણીય (કદ, રચના) ફેરફારો થાય છે.

૪. બંધારણીય ફેરફારોને લીધે મનના અવયવોમાં ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થાય છે.

૫. ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં થતા ફેરફારોને લીધે મનની બીમારીઓના લક્ષણો ઉત્પન્ન થાય છે. વાણી, વિચાર, વર્તન, લાગણી, યાદશક્તિ, ગ્રહણ શક્તિ, એકાગ્રતા જેવા મનના કાર્યોમાં ખલેલ પહોંચે છે.

૬. દવાઓ દ્વારા આ ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ કરાય છે.

૭. ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ થતાં મનના કાર્યો પૂર્વવત પ્રમાણે નોર્મલ થાય છે. મનની બીમારીઓના લક્ષણો પર કાબૂ મેળવાય છે.

૮. મનની બીમારીઓ થવી એ વ્યક્તિ / દર્દીનો દોષ નથી.

૯. મનની બીમારીઓમાં આનુવાંશિકતા (જીન્સ, ક્રોમોઝોમ) મહત્ત્વનો ભાગ ભજવે છે.

૧૦. વાણી, વિચારો, વર્તનમાં થતાં ફેરફારો મનની બીમારીઓને લીધે છે. દેવીની, ભૂત-પિશાચ, બહારની અસર નથી. કોઈએ કાંઈ કરી નથી નાખ્યું. મનોચિકિત્સક સારવારથી આ લક્ષણો કાબૂમાં આવે છે. દર્દી નોર્મલ થાય છે.

- **મનની બીમારીઓ તથા શારીરિક બીમારીઓની સરખામણી :**

***નીચેના ટેબલમાં મનની તથા શારીરિક બીમારીઓની સરખામણી કરેલ છે.***

| શારીરિક બીમારીઓ | મનની બીમારીઓ |
|---|---|
| ૧. શારીરિક બીમારીઓમાં શરીરના અવયવોમાં રચના, કદ, કાર્યશક્તિમાં ફેરફારો થાય છે. દા.ત. ડાયાબિટીસમાં પેનક્રિયાસમાં, થાઈરોઈડમાં થાઈરોઈડ ગ્રંથિમાં. | ૧. મનની બીમારીઓમાં મનના અવયવોમાં રચના, કદ, કાર્યશક્તિમાં ફેરફારો થાય છે. દા.ત. પ્રિફ્રન્ટલ કોરટેક્ષમાં, એમીગડેલામાં, હીપોકેમ્પસમાં, લિમ્બિક સીસ્ટમમાં. |

JNK Lifters Pvt. Ltd.
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

## શારીરિક બીમારીઓ

૨. ઉપરોક્ત ફેરફારોથી શરીરના અવયવોના કાર્યોમાં ખલેલ પહોંચે છે.

૩. આ ફેરફારોથી રસાયણની માત્રામાં વધઘટ થાય છે. દા.ત. ડાયાબિટીસમાં ઈન્સ્યુલીનની માત્રા, થાઈરોઈડની બીમારીમાં થાઈરોક્સિનની માત્રા.

૪. દર્દીનું શરીર આ રસાયણો પૂરતા પ્રમાણમાં બનાવી શકતું નથી.

૫. રસાયણોની માત્રામાં થતાં ફેરફારોને લીધે બીમારીના લક્ષણો જોવા મળે છે.

૬. દવાઓ દ્વારા રસાયણની માત્રા નોર્મલ કરાય છે.

૭. દવાઓ દ્વારા રસાયણની માત્રા નોર્મલ થતાં રોગના લક્ષણો કાબૂમાં આવે છે.

૮. શારીરિક બીમારીમાં વધઘટ થાય છે. ડાયાબિટીસ વધી જાય છે, થાઈરોઈડની બીમારી વધી જાય છે.

૯. બીમારીના લક્ષણો પ્રમાણે દવાઓમાં વધઘટ કરાય છે.

૧૦. દવાઓના બંધાણી (વ્યસની) નથી થવાતું પરંતુ દર્દીના શરીરની જરૂરિયાત છે.

૧૧. કારણોમાં આનુવાંશિકતા (genetic) પરિબળ મહત્ત્વનું છે.

૧૨. દવાઓ સાથે શારીરિક કસરત, ખોરાકમાં પરેજી, જીવન જીવવાની પધ્ધતિમાં ફેરફારો જરૂરી છે.

## મનની બીમારીઓ

૨. ઉપરોક્ત ફેરફારોથી મનના અવયવોના કાર્યોમાં ખલેલ પહોંચે છે.

૩. આ ફેરફારોથી ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં વધઘટ થાય છે. ચિત્તભ્રમની બીમારીમાં ડોપામીન, હતાશાની બીમારીમાં સીરોટોનીન, નોરએપીનેફ્રીન.

૪. દર્દીનું શરીર આ રસાયણો પૂરતા પ્રમાણમાં બનાવી શકતું નથી.

૫. રસાયણોની (ન્યુરોટ્રાન્સમિટર્સની) માત્રામાં થતાં ફેરફારોને લીધે બીમારીના લક્ષણો જોવા મળે છે.

૬. દવાઓ દ્વારા ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ કરાય છે.

૭. દવાઓ દ્વારા ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ થતાં મનની બીમારીના લક્ષણો કાબૂમાં આવે છે.

૮. મનની બીમારીઓમાં વધઘટ થાય છે. ચિત્તભ્રમના લક્ષણો વધી જાય છે. હતાશાની બીમારીના લક્ષણો વધી જાય છે.

૯. બીમારીના લક્ષણો પ્રમાણે દવાઓમાં વધઘટ કરાય છે.

૧૦. દવાઓના બંધાણી (વ્યસની) નથી થવાતું પરંતુ દર્દીના શરીરની જરૂરિયાત છે.

૧૧. મનની બીમારીઓના કારણોમાં અનુવાંશિકતા () પરિબળ મહત્ત્વનું છે.

૧૨. દવાઓ સાથે શારીરિક કસરત, અભિગમમાં બદલાવ, જીવન જીવવાની પધ્ધતિમાં ફેરફારો અગત્યના છે.

- **સારાંશ :**

મનની બીમારીઓ મનના અવયવોમાં થતાં ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારોના લીધે થાય છે. શારીરિક બીમારીઓની જેમ મનની બીમારીઓમાં દવાઓ તથા જીવનશૈલીમાં યોગ્ય ફેરફારો કરવાથી દર્દી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે. જરૂરત છે નકારાત્મક વલણ બદલાવી આધુનિક ૨૧મી સદીમાં મનની બીમારીઓને મનથી સ્વીકારી યોગ્ય સારવાર કરીએ.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા', એલ.બી.એસ.માર્ગ,' સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*બપોરના રીસેસની ચા પીતા કિશોરે કહ્યું, 'મનુષ્ય એક જ એવું પ્રાણી છે કે જે હસી શકે છે.'*

*'બરોબર' બધા લગભગ એક અવાજે બોલ્યા. પછી ધીરે રહીને કિરણ બોલ્યો, 'અને એ એક જ એવું પ્રાણી છે કે જેની ઉપર હસી શકાય છે!!'*

*એક વખત જોરદાર તુફાન આવ્યું. તે સમયે એક મચ્છર હવામાં ફંગોળાઈ રહ્યું હતું. એવામાં એને એક વિશાળ કદનું ઝાડ દેખાયું. મચ્છરે તેને પકડી લીધું. થોડા સમય બાદ તુફાન બંધ થયું... એટલે પેલા મચ્છરે કપાળ પરથી પરસેવો લૂછતા કહ્યું, 'મેં આ ઝાડને પકડ્યું ના હોત તો બિચારું ક્યાંનું ક્યાં ઊડી ગયું હોત!'*

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

# ગ્લોકોમા (ઝામર)

● ડૉ. જુગલ પી. શાહ, M.S., D.N.B., D.O.M.S., F.C.P.H. ●

**ડૉ. જુગલ પી. શાહ, મા નર્સિંગ હોમ અને નેત્ર જ્યોતિ આઈકેર સેન્ટર, ગોરેગામ (વેસ્ટ), મુંબઈ ખાતે આંખના સર્જન તરીકે કાર્યરત છે.**

**આજના સમયમાં નાના બાળકોથી મોટી ઉંમરની વયવાળા ઘણાં લોકોને આંખને સંબંધિત વિવિધ પ્રકારની તકલીફો થતી હોય છે. તેનું ચોક્કસપણે નિદાન અને સારવાર યોગ્ય તબક્કે થવા જોઈએ. આ પ્રકારની તકલીફ શા કારણે થાય છે અથવા તો કેવી રીતે તેનાથી બચી શકાય, તે તરફ લક્ષ્ય આપવું જરૂરી હોય છે.**

**આંખની મુખ્ય તકલીફો, તેનાં ઉપચાર વગેરે સંબંધી ડૉ. શાહે 'મંગલ મંદિર' માટે ખાસ લેખો તૈયાર કરેલ છે. તે શ્રેણીમાં પ્રથમ લેખ અત્રે રજૂ કરેલ છે.**

*– તંત્રી મંડળ*

## ● ગ્લોકોમા (ઝામર) શું છે?

આંખમાં રહેતા ઊંચા દબાણ (Pressure)થી આપણા દશ્ય જ્ઞાનતંતુઓ (optic nerves) નુકસાન પામે છે. આ નુકસાન પામેલા જ્ઞાનતંતુની બીમારીને જ ગ્લોકોમા અથવા ઝામર કહીએ છીએ.

આ જ્ઞાનતંતુ એક કેબલ જેવા છે. જેમાં દસ લાખની ઉપર વાયર સંદેશાઓ મોકલતા હોય છે. આપણે જે આંખોથી જોઈએ તેના સંદેશા આ જ્ઞાનતંતુઓ મગજને પહોંચાડે છે.

ઝામર આ જ્ઞાનતંતુઓને નુકસાન પહોંચાડે છે અને જો આ બધા જ જ્ઞાનતંતુઓ નાશ પામે તો અંધાપો આવી જાય છે.

આ અંધાપાની અવસ્થાથી બચી શકાય છે જો આપણને આ રોગનું નિદાન..... કયા રોગ......

સામાન્ય સ્વસ્થ આંખમાં કાચ જેવું ક્લિયર - લીક્વીડ આક્વયસ હ્યુમર કહેવાય, તે સતત ઝરતું હોય છે. ખૂબ જ ઝીણી નસો વાટે. જો આ ઝીણી નસો કોઈપણ કારણસર બ્લોક થઈ જાય (બંધ) અથવા વચ્ચે કોઈ અવરોધક તત્ત્વ આવી જાય તો પાણી જેવું લીક્વીડ આંખમાં જમા થવા માંડે છે અને પ્રેશર નિર્માણ થવું શરૂ થાય છે. અને જો આને કંટ્રોલ કરવામાં ન આવે તો ઓપ્ટીક નર્વ (જોવાવાળા જ્ઞાનતંતુ)ને નુકસાન થાય છે.

## ● ગ્લોકોમા (ઝામર)ના પ્રકાર :

ઝામર (ગ્લોકોમા)ના ઘણા પ્રકાર છે. જે કયા કારણથી પ્રવાહ બંધ થયો છે એના પર નિર્ભર છે.

(૧) **ક્રોનીક સિમ્પલ ગ્લોકોમા (ઝામર) અથવા ઓપન એન્ગલ ગ્લોકોમા :** આ બહુ જ લાંબા સમયથી ધીમેથી વધી રહેલું ઝામર દૃષ્ટિ ગુમાવવાનું કારણ બને છે. દર્દીને ખ્યાલ પણ નથી આવતો. સામાન્યપણે એંગલ ખુલ્લું જ હોય છે અને ડ્રેનજ ચેનલમાં પ્રવાહીને અવરોધનાર અવરોધક હોય છે.

આ પ્રકારના ઝામરમાં નીચે મુજબના લક્ષણો દેખાય છે :

૧. ધીરે ધીરે નજરનું ઓછું થવું અને ઝાંખપ આવવી.
૨. હળવો માથાનો દુઃખાવો.
૩. ડોળાની આસપાસ ઓછું દેખાવું.
૪. પ્રકાશની આજુબાજુ રંગીન આભામંડળ દેખાવવું.

(૨) **એક્યુટ / ક્લોઝ્ડ એન્ગલ ગ્લોકોમા :** નામ સૂચવે છે તે પ્રમાણે ઓચિંતુ થતું આ ઝામર છે. થોડા વ્યક્તિઓમાં જે એન્ગલમાંથી પ્રવાહી ઝરે છે એ અનુવાંશિક રીતે જ સાંકડું હોય છે. ઓચિંતો આ પ્રવાહ અટકી જાય છે જેના માટે ઘણાં કારણો છે અને પરિણામે આંખનું પ્રેશર વધી જાય છે.

(૩) **કંજેસીઅલ ગ્લોકોમા :** આ બાળકોમાં જન્મતાં જ ડ્રેનેજ ચેનલ ખામીવાળી હોય તેમને જ થાય છે.

એનાં લક્ષણો નીચે મુજબ છે :

★ વધારે પડતું પાણી વહેવું.
★ સામાન્ય પ્રકાશના ઉજાસ તરફ વધારે પડતા સેન્સિટીવ થવું.

Meera Marketing
Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils
Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions
30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

★ આંખનો ડોળો (કોર્નિયા) મોટો અને થોડો ડાઘાવાળો હોય છે.

(૪) **સેકન્ડરી ગ્લોકોમા :** આંખના ડોળાનું પ્રેશર અપ્રાત્યક્ષિક રીતે વધે છે, જેના કારણો નીચે મુજબ છે.

★ બીજા કોઈપણ આંખના રોગના કારણે.

★ કોઈપણ જાતની ઈજા થઈ હોય તો. દા.ત. ઝોકો લાગવો વિ.

★ સ્ટીરોઈડ જેવી દવાઓના વધારે ઉપયોગથી.

★ ડાયાબિટીસ જેવા સીસ્ટમેટીક રોગને કારણે.

- **ઝામરની ઓળખ કરવી (તપાસ કરવી) :**

સામાન્યપણે આંખ તપાસાવવા જાઓ ત્યારે ઈન્ટ્રાઓક્યુલર પ્રેશર ખ્યાલમાં આવે છે. આટલું જાણ્યા પછી એના માટે થોડી ટેસ્ટો કરવામાં આવે છે.

**(A) Intraocular Pressure (IOP) :** આ આઈબોલની અંદરનું પ્રેશર છે જે સામાન્ય રીતે ૧૦થી ૨૧ની વચ્ચે હોય છે. ક્યારેક ફક્ત પ્રેશરથી ઝામરની ખાતરી થતી નથી અને આ પ્રેશર ફરી ફરી ચેક કરવામાં આવે છે અને પછી આગળની ટેસ્ટો કરવામાં આવે છે.

**(B) Gonioscopy :** આ ટેસ્ટમાં જ્યાંથી પાણી જેવું પ્રવાહી વહેતું હોય છે એ વિભાગની ખાસ લેન્સ દ્વારા ચકાસણી કરવામાં આવે છે. એ વિભાગને એન્ગલ (ખૂણો) કહીએ છીએ. ત્યાં કોઈ પણ ખામી દેખાય, એને રિપેર કરી અને પ્રવાહી સામાન્યપણે વહે એ માટે વ્યવસ્થા કરવામાં આવે છે.

**(C) Pachymetry :** આમાં કીકીના મધ્યભાગની જાડાઈ માપવામાં આવે છે. આનાથી આંખના બોલનું પ્રેશર માપવામાં અસર થાય છે.

**(D) Perimetry / Visual Field :** આ ટેસ્ટ દૃષ્ટિનું ક્ષેત્ર માપવા માટે કરવામાં આવે છે. આ કોમ્પ્યુટરાઈઝ્ડ મશીન પર કરવામાં આવે છે. જે ક્ષતિને પકડી શકે. આ ટેસ્ટો રીપીટ પણ કરવામાં આવે છે. જેથી આંખને થયેલા નુકસાનનો ખ્યાલ આવે અને સમયસર ઉપચાર કરી શકાય.

**(E) Opthalmoscopy :** ઓપ્ટીક (દૃષ્ટિ) માટેના જ્ઞાનતંતુઓમાં થતા headના ફેરફાર એ ગ્લોકોમાનું એક વિશિષ્ટ લક્ષણ છે.

**(F) HRT (Heideberg Retinal Tomography) :** ગ્લોકોમાની વૃદ્ધિનો દર ચકાસવામાં આ ખૂબ જ ઉપયોગી સાધન છે.

- **ઉપચાર :**

દર્દીઓ વિચારે છે કે એમનું આંખનું પ્રેશર કંટ્રોલમાં આવી ગયું એટલે ગ્લોકોમા મટી ગયું. આપણે આ જ સમજવું જરૂરી છે કે ઝામર પધ્ધતિસર કંટ્રોલ કરવામાં આવે છે. એટલે સમયસર આંખ ચેક કરાવવી ખૂબ જ જરૂરી છે. જેથી ઝામર કંટ્રોલમાં રહે.

- **ઉપચાર પદ્ધતિ ઝામર માટે :**

**(એ) વૈદ્યકીય :** આંખના ટીપાં જે દરરોજ નાખવાના હોય છે અને દવાઓ ખૂબ લાંબા સમય સુધી લેવાના હોય છે. સામાન્ય રીતે જિંદગીભર.

**(બી) લેસર :**

(૧) **લેસર ઈરીડોટોમી :** આ એક્યુટ અથવા એકદમ નાના ખૂણાનાં ઝામર માટે કરવામાં આવે છે. આઈરીસમાં એક નાનું કાણું કરવામાં આવે છે. જેથી બ્લોકેજ થયેલું ઝામરનું વહેવું ચાલું થાય.

(૨) **લેઝર ટ્રેબેક્યુપ્લાસ્ટી :** આ ઓપન એન્ગલ ગ્લોકોમાવાળા માટે છે. અહીં લેઝરનો ઉપયોગ બ્લોક થયેલા પેસેજ (માર્ગ)ને ખોલવા માટે થાય છે.

**(સી) સર્જરી / ટ્રેબેલ્યુ કોકટોમી :** અહીં ઝામરના વધારાના પાણીને પ્રવાહિત કરવા વધારાની નસ બનાવવામાં આવે છે, જેથી બ્લોક થયેલી નસોનું પ્રવાહી આ નસ દ્વારા પ્રવાહિત કરી શકાય અને ઘણા બધા ટાઈપના ગ્લોકોમામાં આ ઉપયોગી છે.

- **ખાસ યાદ રાખો :**

ગ્લોકોમા સામે સૌથી સારું બચાવનું સાધન છે નિયમિત આંખની તપાસણી. ૪૦ વર્ષની વય પછી કરાવતા રહેવું. ગ્લોકોમા માટે જોખમી તત્ત્વો છે :

૧. તમારા કુટુંબમાં ઝામરનો વારસો મળ્યો હોય.
૨. ડાયાબિટીસ અને હાઈપર ટેન્શન (ઉચ્ચ રક્તદાબ)
૩. દૂર દૃષ્ટિ અથવા + પ્લસ નંબર.

ડૉક્ટરની સલાહ વગર કોઈ દવા વાપરશો નહીં. સ્ટીરોઈડ્સ દવાવાળા ઔષધો સતત વાપરતા હો, તો ઝામર થઈ શકે. એક વખત પણ ઝામર તપાસમાં આવી ગયું તો નિયમિત આંખની ચકાસણી ફરજિયાત છે.

*મા નર્સિંગ હોમ અને નેત્ર જ્યોતિ આઈકેર સેન્ટર*
*હિમાચલ બિલ્ડિંગ, સુંદર નગર સામે, એસ.વી. રોડ,*
*મલાડ, ગોરેગામ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪.*
*ફોન : (૦૨૨) ૨૮૭૫ ૨૧૦૨, મો. ૯૮૨૦૦ ૭૨૮૪૩*

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 2242 7310 • Fax : (022) 3008 0072

# આરોગ્યનું ત્રાજવું

• ડૉ. વીરચંદ લખમશી નાગડા •

કોઈપણ વ્યક્તિ બીમાર પડે એટલે એમાં ૩ વાતો મહત્ત્વની હોય છે : (૧) બીમાર (૨) બીમારી - જંતુઓ અને (૩) ડૉક્ટર. આરોગ્યના ત્રાજવામાં પણ આ ૩ મહત્ત્વના છે. ત્રાજવામાં આપણે વજનના સરખા માપમાં વસ્તુઓ જોખીએ છીએ. આરોગ્યના ત્રાજવામાં આપણે ત્રાજવું આરોગ્ય તરફ એટલે કે બીમારના આરોગ્ય તરફ ઝુકાવવાનું છે. આરોગ્યના એક ત્રાજવામાં બીમારી છે, બીજા ત્રાજવામાં ડૉક્ટર છે, જે બીમારીને સાજો કરવા પૂરેપૂરી કોશિશ કરે છે. હવે આપણે જે ત્રાજવામાં ડૉક્ટર છે, જે બીમારને સાજો કરવા પૂરેપૂરી કોશિશ કરે છે, પણ બીમાર પોતે જે ત્રાજવામાં રહેશે તે જ પલ્લું ઝુકશે. જો આપણે બીમારી સાથે રહીશું તો ડૉક્ટર એકલો પડી જશે અને બીમારીનું પલ્લું જ ઝુકશે. બીમારી જીતશે પણ જો આપણે ડૉક્ટર સાથે રહીશું તો બીમારી એકલી પડી જશે અને બીમારી હારશે.

વાચકને થશે કે એકવાર બીમાર પડીએ પછી આપણે શું કરી શકીએ? જે કરવું હોય, ઉપચાર કરવા હોય એ ડૉક્ટર કરે. પણ ના, સાવ એવું નથી. **ડોક્ટર તો પોતાના તરફથી પૂરેપૂરા ઉપચાર કરશે જ પણ બીમાર વ્યક્તિએ પણ ડોક્ટરને પૂરેપૂરો સાથ આપવો જોઈએ. દવાખાનાની કે કેમિસ્ટની દવાઓ યોગ્ય પ્રમાણમાં, યોગ્ય સમયે લેવી જોઈએ.** ૩ ટાઈમ લેવાની દવા ૧ કે ૨ ટાઈમ લે કે એક દિવસ લે, એક દિવસ ન લે અથવા જેટલા દિવસનો કોર્સ હોય તે પૂરો ન કરે તો બીમારી ન જ મટે.

**ખાવાપીવામાં જે પરહેજ કરવાની હોય તે પાળવી જોઈએ.** ડાયાબિટીસના દર્દીએ સાકર - મીઠાઈ ન ખાવાની હોય, છતાં અમુક દર્દી થોડી ઘણી સાકરવાળી ચા, મીઠાઈ વગેરે ખાતા હોય છે; ખાવાનું મન થઈ જાય છે. સાકર નહીં પણ ગોળ ચાલે એમ વિચારી ગોળની ચીજો ખાતા હોય છે. **ગોળ પણ ડાયાબિટીસવાળા દર્દીને એટલું જ નુકસાન કરે છે.** હાઈ બી.પી., હાર્ટ પેશન્ટે દાળ-શાકમાં નામનું જ મીઠું લેવું જોઈએ પણ ઘણા લોકો મીઠાનો ઉપયોગ વધુ કરતા હોય છે. અથાણા - પાપડ વગેરે ખાતા હોય છે. ઘણીવાર બીમારને ભાવતું ન હોય કે ઉલટીના ડરથી બરાબર જમે નહીં તો ગોળીઓથી જ પેટમાં બળતરા - એસિડીટી થઈ ઉલટીઓ થઈ શકે. દવા લીધા પછી થોડીવારમાં જ ઉલટી થાય તો દવા પણ નીકળી જાય અને દવાનો ફાયદો જ ન થાય. વ્યસન કાંઈ હોય તો તે પણ છોડવા જરૂરી છે.

હવે સૌથી મોટી - મહત્ત્વની વાત દર્દીની ઈચ્છાશક્તિ - વિલપાવર અથવા પોઝિટીવ થિન્કિંગ વિશેની છે. કોઈપણ દર્દી માટે ખાસ કરીને હાઈ બી.પી., ડાયાબિટીસ, હાર્ટની બીમારી, કેન્સર વગેરે ક્રોનીક બીમારીમાં બીમારનું વિલપાવર અને પોઝિટીવ થિન્કિંગ ખૂબ મહત્ત્વનું હોય છે. બીમારની ઈચ્છાશક્તિ મજબૂત હોય તો બીમારી જલદી દૂર થાય છે, કંટ્રોલમાં રહે છે અને એથી ઉલટું દર્દીનું વિલપાવર નબળું હોય તો બીમારી દૂર થતાં વાર લાગે અને ક્યારેક તો બીમાર સાજો થતો જ નથી.

કેન્સર અને અમુક બીમારીઓમાં બીમારને ડોક્ટરોએ જવાબ આપી દીધો હોય છે કે તે હવે બે-ચાર મહિનાના જ મહેમાન છે. છતાં દુનિયામાં એવા ઘણા દાખલા છે જે પોતાની ઈચ્છાશક્તિથી, મજબૂત મનોબળ અને પોઝિટીવ થિન્કિંગથી બે-ચાર મહિનાને બદલે ઘણા વર્ષો જીવી ગયા છે. આપણા સમાજમાં અને આપણી આસપાસ એવી વ્યક્તિઓ છે જેમને હાર્ટએટેક આવી ગયા હોય અને છતાં ઈચ્છા શક્તિ, શ્રધ્ધાથી પાલિતાણા પગે જાત્રા કરી છે, અઠ્ઠાઈ - માસક્ષમણ કર્યા છે. હા, એ જુદી વાત છે કે ડોક્ટરની સલાહ વિરૂદ્ધ આવું કરવું હિતાવહ તો નથી છતાં આ ઈચ્છાશક્તિ - શ્રધ્ધા નથી તો બીજું શું છે? જાપાનના યુથિયેઝિથુ રાએ ૪ (ચાર) વખત હાર્ટનું ઑપરેશન કરાવ્યા પછી પણ સર્વોચ્ચ શિખર ઍવરેસ્ટ ૮૦ વર્ષની વયે સર કર્યું.

કેન્સર, હાર્ટની બીમારી વગેરેમાં ઘણીવાર બીમાર પોતાનો વિલપાવર ખોઈ બેસે છે, જીવનમાંથી રસ ખોઈ બેસે છે, એ બરાબર નથી. **કોઈપણ બીમારીમાં હતાશ ન થતાં પૂરેપૂરી હકારાત્મક વિચારસરણીથી પૂરા આનંદથી જીવન જીવવું.** સંગીત, કળા, વેસ્ટમાંથી બેસ્ટ બનાવવું, બાગકામ, સારું વાંચન, લેખન, કવિતા, પાકશાસ્ત્ર, કોમ્પ્યુટર પર કાંઈક શીખવું વગેરે ઘણી પ્રવૃત્તિઓ છે એમાંથી એકાદ પૂરી ધગશથી, શોખથી કરવી. પહેલા કરતાં પણ વધુ ઉર્જાથી કરવું જેથી મનમાં આનંદ જળવાઈ રહે. ધ્યાન બીમારી પરથી હટીને એ પ્રવૃત્તિમાં પરોવાય. આપણે કાંઈક કન્સ્ટ્રક્ટિવ - રચનાત્મક કરી શકીએ છીએ એવી સારી ફાયદાકારક ભાવનાને લીધે બીમારી તકલીફ ભુલાશે અને જલદી સારા થવાશે.

કોન્કોડિયા યુનિવર્સિટીમાં ૬૦ વર્ષથી ઉપરના ૧૩૮ જણ પરના અભ્યાસમાં જણાયું કે જે નિરાશાવાદી - નેગેટીવ થિન્કિંગવાળા હોય છે એના કરતાં આશાવાદી - પોઝીટીવ થિન્કિંગવાળા સ્ટ્રેસ - તાણની પરિસ્થિતિમાં વધુ સહીસલામત હતા. એમના શરીરમાંની કોર્ટીસોલ નામના સ્ટ્રેસ હોર્મોનની લેવલ વધુ સ્ટેબલ રહી હતી. જ્યારે નિરાશાવાદી લોકોની સ્ટ્રેસ બેઝલાઈન આશાવાદીઓ કરતા ખૂબ ઊંચી હતી અને તાણભરી પરિસ્થિતિમાં નિરાશાવાદીઓએ પોતાની આ સિસ્ટમ વ્યવસ્થિત કરવામાં મુશ્કેલી જણાઈ.

*અટકી જવાથી જડતા, નિરાશા અને વિકાસ હીનતાનો ભોગ બનવું પડે છે.*

એટલે કે આશાવાદી પોઝિટીવ થિન્કિંગવાળાનું શરીર બીમારી સામે વધુ સારી રીતે લડે છે. બીમારી જલદી મટે છે. બીમારીમાં જેટલી આપણે વધુ ઈચ્છાશક્તિ અને તાજગીથી જીવીશું, તાણરહિત જીવીશું એટલી બીમારી જલદી દૂર થશે.

આપણા વિચાર વૃધ્ધો જેવા થાય તો આપણે યુવાનીમાં જ વૃધ્ધ થઈ જઈએ. **તે જ રીતે વૃધ્ધ વ્યક્તિના વિચાર તરુણ હશે તો એ વૃધ્ધાવસ્થામાં પણ તરુણ રહેશે.** ઘણા લોકો ૫૦ વર્ષના થાય એટલે પોતે વૃધ્ધ થાય એમ માની પહેલાની પ્રવૃત્તિ, કામકાજ બંધ કરી દે છે. સતત વૃધ્ધ થઈ ગયાના વિચાર કરે છે અને વધુ જલદી વૃધ્ધ થઈ જાય છે અને બીમાર પડવાની શક્યતા વધે છે.

એમ જ ઘણાને કોઈ રોગ નથી હોતો પણ રોગના ભયને લીધે એમને ખરેખર રોગના લક્ષણો દેખાવા લાગે છે અને ઘણીવાર રોગ ન હોવા છતાં એ રોગના ભયથી મૃત્યુ પામે છે. જેનું મન મજબૂત હોય છે, આશાવાદી હોય છે, એમને આવા સંશય નથી આવતા.

અમુક લોકો સતત નિરાશ રહે છે અને સતત ફરિયાદ કરતા હોય છે એ નુકસાનકારક છે. વિદેશમાં એક સર્વે કરવામાં આવ્યો હતો. જે લોકોનો સર્વે કર્યો એમને એ વખતે કોઈ બીમારી નહોતી પણ દરેકને અલગ અલગ બીમારીનો ભય હતો કે ભવિષ્યમાં એમને એ લાગુ પડશે. એમના નામ આગળ એમને જે બીમારીનો ભય સતાવતો હતો એ નોંધી લીધું. થોડા વર્ષો પછી દરેક વ્યક્તિનો સંપર્ક કર્યો તો જેમને જે બીમારીનો ભય સતાવતો હતો તે જ રોગ લાગુ પડ્યા હતા. જેને હાઈ બી.પી.નો ભય હતો તેને હાઈ બી.પી., ડાયાબિટીસનો જેને ભય હતો એને ડાયાબિટીસ, કેન્સરના ભયવાળાને કેન્સર... આમ જે ભય સતાવતો હતો તે જ બીમારી થઈ હતી.

આ સર્વે પરથી તારણ નીકળે છે કે આપણે જે બીમારીનો ભય રાખીએ, સતત વિચારીએ તે જ બીમારી મોડીવહેલી આપણને લાગુ પડે છે. માટે સારું, આશાવાદી વિચારીને, નિરોગીપણા વિશે વિચારીએ. કોઈ બીમારીની શરૂઆત હોય તોય હવે બીમારી સારી થઈ રહી છે, ચોક્કસ સારું થશે એમ વિચારીએ, જેથી શરીર પર એનું સારું પરિણામ થશે.

મન દ્વારા અપાયેલ સૂચનાની શરીર પર ખૂબ અસર થાય છે. મન દ્વારા શરીરને સારી, નિરોગી રહેવાની, સારા થવાની સૂચના આપવાથી શરીર પર તેની તેવી અસર જરૂર થાય છે. આપણા વિચારોમાં બીમારી, નિરાશા અને અમંગળ જ હશે તો જલદી બીમાર થવાશે. ૬૦ વર્ષે પણ ૮૦ વર્ષના જેવી પરિસ્થિતિ હશે. માટે હંમેશાં પ્રવૃત્તિમાં રહીએ. જો રીટાયર્ડ થયા હોઈએ તો પણ થઈ શકે તો પાર્ટ ટાઈમ જોબ કરીએ. ઘરના ઈલેક્ટ્રિક બીલ ભરવા, શાકભાજી લાવવા જેવા નાના મોટા કામ કરીએ. **સમાજસેવાની કોઈ સંસ્થામાં મદદ કરીએ વગેરે પ્રવૃત્તિઓ દ્વારા મન શરીરને ક્રિયાશીલ રાખીએ.** નિરોગીપણાના, સારા આનંદના અને પ્રસન્નતાના વિચારો મનમાં આણીએ. નિરાશાવાદી અને જરાક બીમારીને મોટું રૂપ આપતા વિચારને દૂર ભગાવી દેવા જોઈએ. કોઈ પ્રવૃત્તિમાં હોઈશું તો ખોટા વિચારો નહીં આવે, નિરાશા નહીં થાય અને બીમારી દૂર રહેશે... બીમારી હશે તો... જલદી સારા થવાશે.

આરોગ્યના ત્રાજવાનું બીજું પરિબળ એટલે ડૉક્ટર. ડૉક્ટરે પણ પેશન્ટને યાચકની જેમ ટ્રીટ ન કરવા જોઈએ. એમની સગવડો, દુઃખ, યાતનાનો હરપળે ખ્યાલ રાખવો જોઈએ. એમને શાંતિથી સાંભળવા, એમના પ્રશ્નોના જવાબ આપવા. મોટાભાગના ડૉક્ટરો સેવાભાવી હોય છે પણ અમુક ડૉક્ટરો આ નૉબલ - સેવામય પ્રોફેશનને ધંધો - ફક્ત કમાઈનું સાધન બનાવે છે. કોઈક ડૉક્ટર લાંબી ટ્રીટમેન્ટ, અમુક કંપનીની સસ્તી દવા બજારમાં હોય તોય મોંઘી દવા લખે. દવાનું મોટું લિસ્ટ... વગેરે બિનજરૂરી હોય તે ટાળવું જોઈએ. પેશન્ટ ડૉક્ટર પાસે એવું કાંઈ માગતા નથી પણ એમનો જે હક્ક છે એ તો એમને મળવો જ જોઈએ. એમની શરીરના સાથે મનની, હૃદયની પણ ટ્રીટમેન્ટ - સંપૂર્ણ સારવાર કરવી જોઈએ. **ડોક્ટરે પૈસાને મહત્ત્વ ન આપતાં, માલ પ્રેક્ટીસ ત્યજી આ નોબલ પ્રોફેશનની ગરિમા જાળવવી જોઈએ.**

ત્રાજવાનું ત્રીજું પરિબળ બીમારી. અમુક બીમારીઓ જંતુ, બેક્ટેરિયા, વાઈરસ, અમીબા વગેરેને લીધે થાય છે. જંતુ સિધ્ધાંતના પ્રસ્થાપક લૂઈસ પાશ્ચરે એમના જીવનના અંતિમ સમયે માન્ય કરેલું કે જંતુઓ કાંઈ નથી, ગંદકી જ બધું છે. અર્થાત્ તંદુરસ્ત, સ્વચ્છ રક્ત પ્રવાહમાં જંતુઓ વિકસી શકતા નથી. એના સમકાલીન ડિકેમ્પ કહે છે, 'જંતુઓ મૃત કોષોની ઉજાણી કરે છે અને ક્યારેય સજીવ વસ્તુ પર આક્રમણ નથી કરતા.' ક્ષય રોગના અન્વેષક કોચે નિઃશંકપણે સાબિત કરી બતાવ્યું કે જંતુઓ રોગનું કારણ નથી અને જેને આપણે રોગ તરીકે જાણીએ છીએ તે માણસની કુદરતમય જીવન જીવવાની અશક્તિનું પરિણામ છે. માટે જંતુઓ પરિણામ છે, કારણ નથી. આ પરથી એ સિધ્ધ થાય છે કે આપણે મનથી, શરીરથી નબળા પડીએ તો જંતુઓ આપણા શરીરમાં બીમારી પેદા કરે. આ જેટલું જંતુમય બીમારીને લાગુ પડે છે એટલું જ બીજી બીમારીઓને પણ લાગુ પડે છે.

તબીબી વિજ્ઞાન કહે છે કે તમામ રોગો મનોદૈહિક છે. શરીર તંત્રરચના છે અને મન તેનું કાર્યાત્મક પાસું છે. આપણે મનથી મજબૂત થઈએ. આપણો વિલપાવર વધારીએ જેથી શરીરની પ્રતિકાર શક્તિ વધે. સાથે કસરત કરવી, ચાલવું, પ્રાણાયામ, યોગાસન કરીએ. યોગ્ય ખોરાક, શાંત સારી ઊંઘ લઈને શરીરને માનસિક - શારીરિક રીતે મજબૂત રાખીએ.

**ડોક્ટર તો પોતાની ફરજ બજાવશે પણ સાથે સાથે આપણે - બીમારે ઘણું કરવાનું છે.** જેટલું બને એટલું મન મજબૂત બનાવી, પોઝિટીવ થિન્કિંગ રાખી, દવા બરાબર લઈ પરહેજ પાળી, બીમારીને જેટલી બને એટલી દૂર ભગાડીએ અને નિરોગી રહીએ.

*૧, નિત્યાનંદ એપાર્ટમેન્ટ,*
*ડો. આર.પી. રોડ, મુલુંડ (વેસ્ટ),*
*મુંબઈ-૪૦૦ ૦૮૦.*
*મો. ૯૮૨૧૩ ૮૫૬૫૨*

## ૨૪મી મે – વિશ્વ સ્કિઝોફ્રીનિઆ દિન

# સ્કિઝોફ્રીનિક દર્દીઓને સ્નેહસભર સારવાર આપતું વલસાડનું આત્મવિશ્વાસ વિદ્યાલય

• કિરણ ચાંપાનેરી 'સેતુ' •

૨૪મી મે - વિશ્વ સ્કિઝોફ્રીનિઆ દિન તરીકે ઉજવાય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન - WHO ના સર્વેક્ષણ પ્રમાણે દુનિયાની ૮ થી ૧૩ ટકા વસતિ વિવિધ માનસિક રોગથી પીડાય છે. સને ૨૦૨૦ સુધીમાં આ બીમારી ૨૦ ટકા સુધી પહોંચશે. દુનિયાની એક ટકા વસતિ સ્કિઝોફ્રીનિઆની બીમારીથી ત્રસ્ત છે. ભારત દેશમાં એક કરોડથી વધુ અને ગુજરાતમાં છ લાખ લોકો આ વણઓળખાયેલા, છૂપા રોગ સ્કિઝોફ્રીનિઆથી સપડાયેલ છે.

સ્કિઝોફ્રીનિઆ એક માનસિક ઉન્માદની અવસ્થા છે. આમ તો આ છૂપો માનસિક રોગ છે. સત્તરેક વર્ષની ઉંમરે તેના લક્ષણો પ્રગટવા માંડે. જોકે ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે. હિંદી ફિલ્મ 'લગે રહો મુન્નાભાઈ', 'ભૂલભૂલૈયા' અને તમિલની 'ચંદ્રમુખી' ફિલ્મ સ્કિઝોફ્રીનિઆ રોગને સમજાવતી ફિલ્મો છે.

આપણી આસપાસ સમાજમાં એવી ઘણી વ્યક્તિઓને જોઈએ છીએ જે સતત બબડતી રહે છે, તો કોઈ સૂનમૂન બેસી રહે છે. કોઈ મોટાં મોટાં ખોટાં સ્વપ્નો જોતી હોય છે. ભ્રમણામાં રાચતી હોય છે. પોતાને મહાપુરુષ કે ભગવાનનો અવતાર સમજતી હોય છે. કોઈને સતત અવાજ સંભળાતા રહેવાની ફરિયાદ હોય છે, તો કોઈને મનમાં ચિત્રવિચિત્ર શંકા, ભય રહેતો હોય છે. કોઈને જીવનમાંથી રસ જ ઊઠી જતો હોય છે. આ બધાં લક્ષણોવાળી વ્યક્તિઓને આપણે - સમાજના લોકો ગાંડો કે ચસકેલ તરીકે ઓળખાવીએ છીએ. મનોવિજ્ઞાન અને મનોચિકિત્સકના મત પ્રમાણે મગજના રસાયણોનું સંતુલન ખોરવાઈ જવાને કારણે આ બીમારી થાય છે. કિશોરાવસ્થા કે યુવાવસ્થામાં આ રોગની શરૂઆત થાય છે. તેથી દર્દીની સમગ્ર કારકિર્દી અને જીવન રોળાઈ જાય છે. સાથોસાથ તેના પરિવારની હાલત પણ કપરી - કફોડી બની જાય છે.

લાડકોડથી ઉછેરીને, ભણાવી ગણાવી મોટી કરેલી દીકરી પોતાનાં જ માતા-પિતાને




દુશ્મન માનવા માંડે, માતાને ડાકણ અને પિતાને રાક્ષસ કહેવા માંડે ત્યારે માતા-પિતાની કેવી હાલત થાય? તો ભણાવીને મોટો કરેલ દીકરો યુવાવસ્થાએ પહોંચતા તોફાનો કરવા માંડે, ટી.વી., કોમ્પ્યુટર કે ઘરની કોઈ પણ વસ્તુની તોડફોડ કરવા લાગે ત્યારે પરિવારજનો પર શું વીતતું હશે?!

વધતા જતા શહેરીકરણ, આધુનિક જીવનશૈલી, જંકફુડ અને તણાવયુક્ત સંજોગોને કારણે વ્યક્તિ આ રોગનો ભોગ બને છે. દિનપ્રતિદિન તેની ટકાવારીમાં વધારો થઈ રહ્યો છે. ક્યારેક આનુવંશિક રીતે પણ આ રોગ અમુક કિસ્સામાં વારસામાં ઉતરતો હોય છે. માનવીય મગજમાં ડોપામાઈન અને સેરોટોનીન નામના બે કેમિકલની વધઘટથી આ બીમારી - રોગ થાય છે. આ પ્રકારના દર્દીઓ દેખાવે, વ્યવહારે આપણા જેવા સામાન્ય - સારા જ લાગે છે પણ વાતવાતમાં તે ક્યારે શું કરી બેસે તે કહેવું મુશ્કેલ છે.

વિજ્ઞાન ક્ષેત્રે સંશોધનો થતાં ધીમે ધીમે સ્કિઝોફ્રીનિઆ રોગના ઘણાં લક્ષણો - પ્રકારો ઓળખાય છે :

(૧) ક્રોનિક સ્કિઝોફ્રીનિઆ, (૨) બાયપોલર ડિસઓર્ડર જેમાં દર્દીઓમાં સમયાંતરે રોગના લક્ષણો પ્રગટે છે, વિરોધાભાસી વર્તન કરે છે. (૩) એન્ઝાઈટી ડિસઓર્ડરમાં દર્દી ખોટી ખોટી ચિંતા કરતો રહે છે. (૪) મેનિયામાં દર્દી સતત ભયની લાગણી અનુભવતો રહે છે. (૫) કમ્પલસીવ ડિસ ઓર્ડરમાં દર્દી રીપીટેટીવ ક્રિયાઓ કર્યા કરે છે.

આ માનસિક રોગ સ્કિઝોફ્રીનિઆ અંગે સમાજમાં જાણકારીના અભાવે મંત્ર-તંત્ર, ભૂતભૂવા અને દોરાધાગામાં સમય વેડફાય છે. પરિણામે આ રોગ વકરતો જાય છે. આ રોગ વાણી, વિચાર અને વર્તણૂકનો છે. પરિવારજનો પણ દર્દીની વાસ્તવિક તકલીફ અને વર્તન સમજી શકતા નથી. તેથી દર્દી વધુને વધુ એકલવાયાપણું અનુભવવા લાગે છે.

ગુજરાતમાં સ્કિઝોફ્રીનિઆના દર્દીઓની સારવાર માટે કોઈ વ્યવસ્થિત હોસ્પિટલ નથી. આ પ્રકારના દર્દીઓને દવાની સાથોસાથ લાગણી, પ્રેમ, હૂંફ અને નૈસર્ગિક સાનિધ્યમાં રાખવાથી વહેલો સુધારો થાય

*આગળ વધવાથી ચેતના, પ્રસન્નતા અને વિકાસ તરફ ગતિ થાય છે.*

છે. પણ જો માનસિક રોગની શરૂઆત થયા પછી આ માંદગી પંદરેક વર્ષથી વધુ ચાલે તો દર્દીની સારા થવાની સંભાવના ઓછી રહે છે. આવા દર્દીના માતા-પિતા, વાલી ઘરડા થાય, તેઓની હયાતી ન રહે ત્યારે દર્દીઓનું - સંતાનોનું શું તેવી ચિંતા પરિવારજનોને થતી રહે છે. આવા દર્દીઓના વાલીઓની મૂંઝવણનો માર્ગ બતાવે છે..... અબ્રામા વલસાડનું "આત્મવિશ્વાસ વિદ્યાલય."

"આત્મવિશ્વાસ વિદ્યાલય" સ્કિઝોફ્રીનિઆના દર્દીઓને આત્મીય હૂંફ આપે છે. પ્રેમાળ વ્યવહાર અને દવા વડે દર્દીઓમાં આત્મવિશ્વાસ પ્રગટાવાય છે. દર્દીઓને કૌટુંબિક, સામાજિક વાતાવરણ પૂરું પાડીને સમાજમાં પુનઃ ભળી શકે તેવા પ્રયાસ કરવામાં આવે છે. અહીં દર્દીઓને કાયમી ધોરણે રાખી, દવા - સારવાર કરવામાં આવે છે. સ્કિઝોફ્રેનિક દર્દીઓ માટે ગુજરાતભરમાં "આત્મવિશ્વાસ વિદ્યાલય" એકમાત્ર સંસ્થા છે જ્યાં દર્દીઓને કાયમી ધોરણે રાખી, દવા - સારવાર કરવામાં આવે છે. આત્મવિશ્વાસ વિદ્યાલયનું સર્જન કરનાર છે મુંબઈના એન્જિનિયરિંગ કન્સલ્ટન્ટ શ્રી બિપીનભાઈ મલિયા. ૭૬ વર્ષીય બિપીનભાઈ (૦૯૭૬૯૦ ૧૮૫૦૦) હાલ તો પોતાના કન્સલ્ટીંગ વ્યવસાયમાંથી નિવૃત્ત થયા છે.



ગુજરાતીમાં કહેવાય છે કે 'જેને વીતી હોય તે જ જાણે....' અને મુશ્કેલીમાંથી માર્ગ મળે.... આત્મવિશ્વાસના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બિપીનભાઈ મલિયાને પોતાના પરિવારના અનુભવ અને વેઠવી પડતી યાતનામાંથી 'આત્મવિશ્વાસ'ની સ્થાપનાનો વિચાર આવ્યો. તેમને મનમાં થયું કે મારા જેવી આર્થિક સાધન સંપન્ન વ્યક્તિને આટલી આર્થિક અને પારિવારિક મુશ્કેલી પડે છે, તો સામાન્ય ટૂંકી આર્થિક સ્થિતિવાળાનું શું થતું હશે? આ વિચારમંથનમાંથી સર્જાયું "આત્મવિશ્વાસ વિદ્યાલય!"

તા. ૧-૩-૨૦૧૪ના રોજ આત્મવિશ્વાસ વિદ્યાલયના સ્થાપક શ્રી બિપીનભાઈ સાથેની મુલાકાતમાં તેઓ સાથે "આત્મવિશ્વાસ" અને સ્કિઝોફ્રીનિઆ રોગ અને દર્દી અંગે સવિસ્તાર ચર્ચાવિમર્શ થયેલ... જેમના માતા-પિતા ઉંમરલાયક થઈ ગયા હોય કે દર્દીની સારસંભાળ રાખી શકે તેમ ન હોય અને આત્મવિશ્વાસમાં આવ્યા પછી ઘરે પાછા જવાની શક્યતા ન હોય તેવા દર્દીઓ માટે તા. ૪-૨-૨૦૧૪ના રોજ ૪૮ દર્દીઓ રહી શકે તેવા "લોંગ ટર્મ હોલ"નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. જેમાં દર્દીને જીવે ત્યાં સુધી રાખવાની સુવિધા છે... અને દર્દીના જ્ઞાતિધર્મ પ્રમાણે અંતિમ સંસ્કારવિધિ પણ 'આત્મવિશ્વાસ' દ્વારા જ કરાશે...

સ્કિઝોફ્રીનિઆ ભણેલા ગણેલાની બીમારી છે... હોશિયાર લોકોની મનની બીમારી છે... ડૉક્ટર, સી.એ., એન્જિનિયર કંઈક બનવું હતું, પણ નહીં બની શકવાની હતાશામાંથી આ બીમારી આવે છે.... વિચારોની બીમારી છે. આ પ્રકારના દર્દીને પોતાનો પરિવાર પણ સારી રીતે સમજી શકતો નથી... સમાજમાં તેને ગાંડા તરીકે ઓળખવામાં આવે છે. ગ્રીક શબ્દ 'સ્ટીગમા' એટલે કે લાંછન. આવા દર્દીનો પરિવાર એક પ્રકારે લાંછનથી પીડાય છે. ત્યારે પરિવાર અને સારાયે સમાજને સાચી સમજણ અને જાગૃતિની આવશ્યક્તા છે.

શ્રી બિપીનભાઈએ 'સ્કિઝોફ્રીનિઆના દર્દીઓ માટે કંઈક કરવું છે...' પોતાનો વિચાર અન્ય સહાનુભૂતિ ધરાવનારાઓને જણાવ્યો. એટલે આ સેવાયજ્ઞમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી સંજય એન. મહેતા, યુ.એસ.એ.ના શ્રી મુકેશ આર. દેસાઈ, વલસાડના ધારાસભ્ય શ્રી દોલતભાઈ દેસાઈ વગેરેનો સહકાર સાંપડ્યો અને 'આત્મવિશ્વાસ વિદ્યાલય ચેરિટેબલ ટ્રસ્ટ'ની રચના કરી. રજિસ્ટર્ડ ઑફિસ અંધેરી, મુંબઈ (૦૨૨-૨૬૭૦૨૭૫૫) છે. વલસાડમાં અબ્રામા ગામ નજીક વાંકી નદીના કિનારે નૈસર્ગિક વાતાવરણમાં તા. ૪-૪-૨૦૦૩ના રોજ ભૂમિપૂજન થયું અને તા. ૧૮-૩-૨૦૦૬ના શુભ દિને સ્વામિશ્રી હરિપ્રસાદજીના હસ્તે આત્મવિશ્વાસ વિદ્યાલયનું લોકાર્પણ થયું.

સ્કિઝોફ્રીનિઆ કષ્ટસાધ્ય તકલીફ છે. કોઈવાર તે અસાધ્ય બને છે. કિશોરાવસ્થા કે યુવાવસ્થામાં આ રોગ પ્રગટ થવા માંડે છે. રોગના પ્રારંભના તબક્કે જ જરૂરી સારવાર મળી જાય તો પરિણામ સારું આવે છે. પણ ગ્રામીણ, શહેરી સમાજમાં - લોકોમાં આ રોગ અંગે હજુ જોઈએ તેટલી જાગૃતિ નથી. રોગ પ્રત્યે સભાનતા નથી. બીજું, આવા દર્દીઓનું નિદાન કરી આ રોગની યોગ્ય સારવાર કરતી હોસ્પિટલો જ નથી. ત્યારે વલસાડનું આત્મવિશ્વાસ વિદ્યાલય સ્કિઝોફ્રીનિક દર્દીઓ અને તેમના પરિવારજનો માટે આશીર્વાદ સમાન છે. નેશનલ હાઈવે નં.-૮ ની ધરમપુર ચોકડીથી વલસાડ શહેરમાં જવાના રસ્તે મણિબાગ વિસ્તારમાં સોના સરિતા - સ્વામિનારાયણ ઇંગ્લીશ સ્કૂલ પાછળ, અબ્રામા ગામે કુદરતના સાનિધ્યમાં આત્મવિશ્વાસ વિદ્યાલય આવેલું છે. સંસ્થાનો ફોન નંબર (૦૨૬૩૨) ૨૨૬૩૫૫ અને મોબાઈલ નંબર ૦૯૦૯૯૦ ૨૨૩૨૬ છે.

*હકારાત્મક વિચાર કરો.*

આત્મવિશ્વાસ વિદ્યાલયમાં ૪૮ દર્દીઓને નિદાન અને ઉપચાર માટે પ્રવેશ આપવાની સગવડતા છે. માળખાકીય સુવિધા આંતરરાષ્ટ્રીય ધારાધોરણ મુજબ ચાલતી સંસ્થાઓની બરોબરી કરી શકે એ પ્રકારની છે. અહીં નાતજાતના ભેદભાવ વગર સ્કિઝોફ્રીનિક દર્દીઓને પ્રવેશ આપી સારવાર કરવામાં આવે છે. પ્રવેશ પામેલ દર્દીઓને છ માસથી લઈ જરૂરિયાત મુજબ વધુમાં વધુ ૧૮ માસ સુધી સારવાર આપવામાં આવે છે. મનોચિકિત્સકની સલાહ અને માર્ગદર્શન હેઠળ નિદાન થયા પછી મનોવિજ્ઞાન અને મનોપચાર દ્વારા દવા સાથે સ્નેહભરી સારવાર અપાય છે. હાલ ઈન્ડોર ૨૯ પેશન્ટો છે જેમાં ૧૫ દર્દીઓ તો જૈન પરિવારના છે.

આત્મવિશ્વાસની તાલીમબધ્ધ ટીમ અલગ અલગ થેરાપી જેવી કે યોગ - પ્રાણાયામ, ચિત્રકલા, મ્યુઝિક, ડ્રામા, સમૂહોપચાર, વ્યક્તિગત ઉપચાર અને રમતગમત દ્વારા સારવાર આપી દર્દીઓનો આત્મવિશ્વાસ જાગૃત કરવાના પ્રયાસો થાય છે.

સ્કિઝોફ્રીનિક દર્દીઓને તેમના પરિવારજનો આત્મવિશ્વાસમાં મૂકી તો જાય છે. અહીં દવા અને પ્રેમાળ હૂંફ દ્વારા તેઓ સાજા થઈ જાય છે. અમુક કિસ્સાઓમાં દર્દીઓને તેમના પરિવારવાળા પાછા લેવા કે મળવા પણ નથી આવતા. આવા સંજોગોમાં સાજા થયેલા દર્દીઓ સમાજમાં, પ્રવાહમાં ભળી શકે તે માટે 'આત્મવિશ્વાસ જનરલ સ્ટોર' ચાલુ કર્યો છે. જેનું સંચાલન અહીંના કાયમી નિવાસ કરતાં દર્દીઓ દ્વારા કરવામાં આવે છે. જે એક થેરાપીના ભાગરૂપ જ છે. જેનાથી દર્દીઓમાં હિંમત અને આત્મવિશ્વાસ પ્રગટે છે.

'આત્મવિશ્વાસ'માં રહેતા દર્દીઓ માટે તો નિયમિત દવા - થેરાપીની કાયમી સુવિધા તો છે જ, પણ વાપી, વલસાડ, નવસારી, ધરમપુર જેવા આસપાસના ગામડાંઓમાં વસતા આ પ્રકારના દર્દીઓ માટે વિનામૂલ્યે કન્સલ્ટેશન અને દવાઓનું વિતરણ આઉટડોર પેશન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવે છે. વલસાડની આજુબાજુના ગામડાંઓમાં એમ્બ્યુલન્સ દ્વારા મનોચિકિત્સક, સોશિયલ વર્કર્સની ટીમ જઈને દર્દીઓનું નિદાન કરી, વિના મૂલ્યે દવા અપાય છે. લોકોને આ માંદગી અંગેની ગેરસમજ દૂર કરવાના પ્રયાસો પણ કરવામાં આવે છે. અહીં સંસ્થામાં રહેતા દર્દીઓને 'કિડ્સ' ગણવામાં આવે છે. તેમને જોતાં અને તેમનો બાળક જેવો વ્યવહાર જોઈને ખરેખર તેઓ કિડ્સ જેવા જ હોય છે. અહીં તેમનું જતન, સંભાળ, બાળક માનીને જ કરવામાં આવે છે.

આત્મવિશ્વાસ વિદ્યાલયના ટ્રસ્ટી શ્રી બિપીનભાઈ મલિયાએ સ્વની મુશ્કેલીમાંથી શરૂ કરેલ આ સેવાયજ્ઞમાં અપાતું આર્થિક યોગદાન ઈન્કમટેક્ષની કલમ-૮૦જી હેઠળ કરમુક્તિને પાત્ર છે. આર્થિક સહયોગ "આત્મવિશ્વાસ વિદ્યાલય"ના નામે લખેલ ચેક ઘણા સ્કિઝોફ્રીનિક દર્દીઓના જીવનમાં ખરેખર આત્મવિશ્વાસ પ્રગટાવવામાં મદદરૂપ થશે!....

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

# એક બોધકથા

એક હતો ફકીર. એનું નામ ઉસ્માન. તે ખૂબ આસ્તિક હતો. ધર્મના નિયમો પાળનારો હતો. પોતાના ભરણપોષણ અર્થે તે પ્રાણીઓને પાળતો. તેમને ઉછેરીને પછી તેને વેચીને પોતાનું ગુજરાન ચલાવતો. પોતાના પ્રાણીઓને લઈને તે ગામેગામ ફરતો રહેતો.

દરમ્યાન એકવાર રમજાન મહિનો આવ્યો. તેણે રોજા શરૂ કર્યા. માન્યતા એવી હતી કે રમજાન માસની કોઈક રાતે આકાશ ખૂલી જાય, સ્વર્ગના દરવાજા ઉઘડી જાય, તે વખતે જમીન પરથી જે બંદગી કરવામાં આવે તે તરત જ ખુદા સાંભળે છે અને એનો અમલ થાય છે.

આ રમજાન વખતે હઝરત ઉસ્માન પાસે ત્રણ જ પ્રાણીઓ હતા. એક વાંદરો, એક ગધેડો અને એક કૂતરો. ત્રણે પ્રાણીઓ તથા હઝરત ઉસ્માન રાત્રે સૂતા હતા અને એકાએક આકાશમાં ઝળાહળાં તેજ છવાયું. જાણે મધ્યરાત્રિએ સૂરજ ઊગ્યો.

તે વખતે સૌથી પહેલાં ગધેડો જાગી ગયો. ફકીર સાથે રહેવાથી પ્રાણીઓને પ્રાર્થના કરવાની વાતની જાણ હતી. જે વરદાન માગવામાં આવે તે મળે એની પ્રાણીઓને જાણ હતી.

ગધેડાએ સૌપ્રથમ વાંદરાને અને કૂતરાને જગાડ્યા અને જણાવ્યું કે ઝડપથી પ્રાર્થના કરો અને મનગમતું વરદાન ખુદા પાસે માગી લ્યો. આજે જે માગશો તે મળશે. એટલે ત્રણેએ મનગમતાં વરદાન માગી લીધા.

પછી તેઓને લાગ્યું કે આપણા માલિક ઉસ્માનને પણ જગાડીને પ્રાર્થના કરી વરદાન માગવા કહીએ. તેમણે હઝરત ઉસ્માનને જગાડ્યા. ઉસ્માન બેઠા થયા. નમન મુદ્રામાં જ તેમણે પ્રાણીઓને પૂછ્યું કે 'તમે ખુદા પાસે શું માગ્યું? એ તમે મને કહો જેથી મારી અને તમારી માંગણી પરસ્પર વિરોધી ન બની જાય. ક્યાંક મારાથી એવી માંગણી ન થઈ જાય જેથી તમને નુકસાન થાય.'

એટલે ગધેડાએ જણાવ્યું કે, 'હઝરત, મેં તો ખુદા પાસે દુઆ માગી કે મને રાજ્યનો સુલતાન બનાવી દે.'

વાંદરો બોલ્યો, 'મેં તો અલ્લાહ પાસે એવી દુઆ માંગી કે મને ધર્મગુરુ - મૌલવી બનાવી દો.'

ત્યારે કૂતરાએ કહ્યું કે મેં તો પરવરદિગાર પાસે એવી દુઆ માંગી કે 'મને સિપેહસાલાર (સેનાપતિ) બનાવી દો.'

ફકીર હઝરત ઉસ્માને ત્રણેની વાત શાંતિથી સાંભળી. પછી ઝગમગતા આકાશ તરફ બંને હથ ફેલાવીને તેણે પ્રાર્થના કરી કે, 'હે અલ્લાહ! તું મારા પર દયા કર અને મને અંધ બનાવી દે. જેથી મારે આવી સરકાર જોવી ન પડે જ્યાં ગધેડો સુલતાન હોય, વાંદરો મૌલવી હોય અને કૂતરો સિપેહસાલાર હોય.'

***(નયા માર્ગ, તા. ૧-૩-૨૦૧૪માંથી)***

*કોઈ ખુલાસાની જરૂર ખરી?*

*ખુશી મેળવવી મુશ્કેલ નથી.*

પર્યાવરણ

# ૨૨ એપ્રિલ – વિશ્વ પૃથ્વી દિવસ
# ધરતીમાતાના ધબકારને સાંભળીએ!

• ડૉ. કિશોર સાધુ •

સમકાલીન સમાજ ખૂબ જટિલ થતો જાય છે. તેને કળવો પણ ખૂબ મુશ્કેલ છે. તે પ્રકૃતિનો બેસુમાર માર ખાય છે; પડે છે; આથડે છે; પાછો પ્રકૃતિની સામે લડવા તૈયાર થાય છે, લડે છે. વિશ્વએ ૨૦૧૨માં અમેરિકન મહાસત્તાને કુદરતી પ્રકોપ સમા હેરીકેન્ડ સેન્ડી માર્ચ, ૨૦૧૩માં હિમવર્ષા, હાલમાં વાવાઝોડાની તબાહી સામે વામણું પુરવાર થતું જોયું છે. તો જાપાનમાં ત્સુનામી, ભારતમાં તામિલનાડુમાં સાઈક્લોન-નીલમ, ઉત્તર કાશીમાં આભ ફાટ્યું હતું. ૨૦૦૧નો ગુજરાતનો ભૂકંપ, હાલમાં ઈરાન-ચીનમાં આવેલ ભૂકંપના આંચકાએ લોકોને વિચારતા કરી દીધા છે. સૌરાષ્ટ્રમાં પાણીની બૂમરાણ વચ્ચે કમોસમી વરસાદ ગ્લોબલ વોર્મિંગનું પરિણામ છે. આજના ઝડપથી રોજ બદલાતા જતાં 'યુઝ એન્ડ થ્રો'ની માનસિકતાવાળા સમાજમાં સમસ્યાઓની હારમાળા સર્જાય છે. તેમાં મહામારી, આર્થિક કટોકટી, હિંસા, કુદરતી પ્રકોપ વગેરે ઘટનાઓ પ્રત્યે લોકોનું ધ્યાન તરત જાય છે. આ ઘટનાઓના મૂળમાં, ઘટના ઘટવા પાછળનાં કારણો પ્રદૂષણનાં છે એ કોઈને સમજમાં આવતું નથી! સમજમાં આવે છે તો તે સમજવા માગતો નથી.

અમેરિકાની આરોગ્ય સંસ્થા ગ્લોબલ ઑફ ડિસીઝે તેના સર્વેમાં જણાવ્યું હતું કે, 'ભારતમાં પ્રદૂષણ પાંચમાં ક્રમનું હત્યારું બની ગયું છે. આ બાબત ચિંતાજનક છે. અહેવાલ મુજબ દેશમાં દર વર્ષે છ લાખ વીસ હજાર લોકોનાં મૃત્યુ પ્રદૂષણને કારણે થાય છે.

વિનાશના ભોગે માનવી વિકાસ કરી રહ્યો છે. જંગલો - હરિયાળાં ખેતરોની જગ્યાએ સિમેન્ટ, કોંક્રીટનાં જંગલો ઊભા કરે છે. નદીનાળાં કચરો ઠાલવવાના ઉકરડા બની ગયાં છે. તો દરિયો પણ સલામત નથી. ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણનો વિનાશ બંને સાથે ચાલી રહ્યા છે. માનવી પ્રકૃતિનું શોષણ કરી તેને ખોખલી બનાવી રહ્યો છે. વધતા જતાં પ્રદૂષણના માહોલમાં સૌથી ખતરનાક છે હવા, પાણી, જમીન અને માનવીય માનસિકતાનું પ્રદૂષણ!

- **હવાનું પ્રદૂષણ :**

કરોડો નાક દ્વારા શ્વાસમાં લેવાતી હવા શુદ્ધ નથી. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના મત મુજબ દેશનાં ૧૮૦ શહેરોમાંથી ફક્ત બે શહેરની હવા શ્વાસ લેવા લાયક છે. આ બે શહેરો કેરળના છે. એક અહેવાલ મુજબ હવા / વાયુ પ્રદૂષણને કારણે ૩૦ ટકા લોકો ફેફસાંના કેન્સરથી, [illegible] ટકા લોકો બ્લડ પ્રેશરથી મરે છે. હવાના પ્રદૂષણથી હાર્ટએટેક પણ આવવાનું રીસ્ક વધે છે. વધતા વાહનોની ભરમાર, વધતાં ઔદ્યોગિક એકમો - ધૂમાડો ઑકતી તેની ચીમનીઓ આપણી ગંભીરતા સાબિત કરે છે. બીજું સૌથી ખતરનાક પ્રદૂષણ પાણીનું છે. એટલે કે નળમાંથી ટપકતાં ઝેરને રોકવાનું છે. ઔદ્યોગિક એકમોનો નીકળતો પ્રવાહી કચરો જમીનમાં - નદીનાળામાં ઠલવાય છે.

શહેરોની ગટરોના કનેક્શન નદીનાળામાં ખૂલે છે. તે પાણી પીવાલાયક રહ્યા નથી. જમીનમાં આ પ્રદૂષિત પાણી ઊતરે છે. તેના પ્રદૂષિત તત્ત્વો ભૂગર્ભ જળને પણ પીવાલાયક રહેવા દેતા નથી.

- **ત્રીજું પ્રદૂષણ છે જમીનનું પ્રદૂષણ :**

ખનીજ તેલ, કોલસો, ભૂગર્ભ પાણી વગેરે બેસુમાર ખેંચીને જમીનને ખોખલી કરી નાખવામાં આવી છે. પ્લાસ્ટિકની વધુ પડતી વપરાશે, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગે જમીનની ફળદ્રુપતા અને સત્ત્વતા શોષી લીધી છે. ઔદ્યોગિક એકમોના કચરાએ જમીનને પ્રદૂષિત કરી છે. આપણા દેશમાં તો વિશ્વમાંથી પ્રદૂષિત કચરો આયાત કરવામાં આવે છે. અલંગ વિશ્વવિખ્યાત જહાજ તોડવાનું શીપયાર્ડ છે. અહીં જહાજોમાં મફતમાં સોડા રાખ, એસિડયુક્ત બેક્ટેરિયા વગેરે ઘાતક રસાયણો પણ આવે છે. હરિયાળાં ખેતરો, લીલાછમ જંગલોનો વિનાશ થઈ રહ્યો છે. ત્યાં સિમેન્ટ કોંક્રીટના જંગલો ઊભા થઈ રહ્યા છે. જે ચિંતાજનક બાબત છે. ખેડૂત જગતનો તાત જમીનના ઊંચા ભાવો મળતાં વેચી રહ્યો છે અને જમીનથી, ખેતીથી વિમુખ પણ થઈ રહ્યો છે. ત્યારે?

- **ચોથું સૌથી ખતરનાક પ્રદૂષણ છે માનવીનું માનસિક પ્રદૂષણ :**

ઔદ્યોગિક વિકાસ, વધતાં શહેરીકરણ, ઉપભોક્તાવાદી સંસ્કૃતિ અને આધુનિક વિકાસે સ્થિતિ એવી સર્જી છે કે તેણે માનવમૂલ્યોનો હ્રાસ કરી માનવીની માનસિકતા ફેરવી નાખી છે. અને માનવીના માનસિક પ્રદૂષણે સમગ્ર જીવ - જગતને

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

સંકટમાં નાખ્યું છે.

ભૂકંપ, ત્સુનામી, હિમપ્રકોપ, અતિવૃષ્ટિ, દુષ્કાળ, કમોસમી વરસાદ, વાવાઝોડા વગેરે કુદરતી આપત્તિઓ, લાંચરુશવત, ભ્રષ્ટાચાર, આતંકવાદી જેવી માનવીય કટોકટી માનવીના માનસિક પ્રદૂષણનું પરિણામ છે. તે નજરે જુએ છે કે વરસોની કરેલી મહેનત બાદ વિકાસનો એક પળમાં વિનાશ! છતાં!!!

કુદરતની અનેક થપાટો બાદ જનસમુદાયના વિચારોમાં પર્યાવરણ સંબંધિત જાગૃતિની એક લહેર ઊઠી છે. જે એક દિવસ પૂરતી ચાલે છે. આ દિવસે પ્રતિજ્ઞાઓ હજારોની સંખ્યામાં લેવાય છે, પણ પળાતી કેટલી હશે? આ સત્યને સમજવા, સ્વીકારવા અને જીવી જવા માટે માણસ પાસે છાતી જોઈએ. હા! પૃથ્વીના ખરડાતા ચહેરાને બચાવવા કેટલાક પર્યાવરણ પ્રેમીઓ, કેટલીક સંસ્થાઓ કટીબદ્ધ બની ગ્રીન ઈકોનોમી સર્જવા પ્રયત્નશીલ છે. હા! પર્યાવરણ પ્રદૂષણ આપણા માટે વિષય નવો છે, કારણકે આપણે પર્યાવરણનું જતન કરનાર હતા. વિશ્વની હરોળમાં પહોંચવાની લાયમાં તેનું શોષણ શરૂ કર્યું, તેના પરિણામો સામે આવવા લાગ્યા છે. - વિશ્વ સમુદાય મુઠ્ઠીમાં સમાઈ જાય તેવો જરૂર થઈ ગયો, લોકોની જ્ઞાનપિપાસા મુક્ત રીતે સરળતાથી સંતોષાય છે; પણ હવામાં છૂટા ફરતાં ઈલેક્ટ્રોનિક્સ વેઝ શું કરશે, કોને ખબર? પક્ષી જગત નાશ પામી રહ્યું છે. પરિસ્થિતિ એવી વણસી છે કે પૃથ્વી પર સજીવ સૃષ્ટિનો ઉદ્‌ભવ અને વિકાસ પ્રદૂષિત વાતાવરણને કારણે ચારે બાજુએથી વિનાશ નોતરી શકે છે. આ સત્યને સમાજમાં સમજે છે બધા! અપનાવનાર કોઈ વીરલા જ છે.

વિશ્વ, પૃથ્વીને બચાવવા અનેક દિવસ ઊજવે છે. ૨૧ માર્ચ - વિશ્વ વન દિવસ, ૨૨ માર્ચ - વિશ્વ વોટર દિવસ, ૨૨ એપ્રિલ - વિશ્વ પૃથ્વી દિવસ, ૫ જૂન - વિશ્વ પર્યાવરણ દિવસ, ૧૬ સપ્ટેમ્બર - વિશ્વ ઑઝોન દિવસ, ૪ ઓક્ટોબર - વિશ્વ પ્રાણી સુખાકારી દિવસ વગેરે. આ દિવસોમાં વિશ્વના પર્યાવરણને સમર્પિત લોકો પોતાના જ્ઞાન અને અનુભવથી લોકોને પર્યાવરણને બચાવવા અપીલ કરે છે.

આ વર્ષે ૪૪મા વિશ્વ પૃથ્વી દિનનું વિષયવસ્તુ 'હરિયાળું વિશ્વ' છે. આખું વિશ્વ વીજળી બચાવવા એક કલાક માટે વીજળી બંધ રાખે. પૃથ્વીને બચાવવા હરિયાળા વિશ્વનું આયોજન થાય. આ વર્ષે વિશ્વને હરિયાળું બનાવવાના વિષયવસ્તુ પર વિવિધ કાર્યક્રમો થશે. આજના વિશ્વ પૃથ્વીમાં વધતા આધુનિક - અતિ યાંત્રિક યુગમાં આપણે વિચારવું જ રહ્યું કે પીગળતી આર્કટિક હિમશીલા, વધતી દરિયાઈ સપાટી, કુદરતી પ્રકોપ - ભૂકંપ, ત્સુનામી, ખોરવાતા જતાં ઋતુચક્રો, વાવાઝોડાં, અતિવૃષ્ટિ જેવા વિનાશ વેરતા પ્રકંપોના કારણો કયા છે? પૃથ્વીની ઉત્પત્તિ, વનસ્પતિ અને જીવજંતુઓનો વિકાસ, તેનું સૃષ્ટિમાં મહત્ત્વ, સૃષ્ટિ ચક્રમાં માનવીનું સ્થાન શું છે? આપણે કુદરતી ચક્રનાં અદ્‌ભુત રહસ્યોને સમજીશું તો હૃદયથી કુદરત સામે નતમસ્તક થવાની ઈચ્છા જાગશે! - આ સૃષ્ટિમાં બાધક નહીં સહાયક થવાનું વિચારીશું! હા! આ વાત સમજવા મોટા વૈજ્ઞાનિક કે મહાપંડિત હોવું જરૂરી નથી. જરૂર છે એક સંવેદનશીલ હૃદયની! વ્યવહારુ બુદ્ધિની! આપણી ઋષિ સંસ્કૃતિને અપનાવી ઉછીની લીધેલી ભોગવાદી - તકવાદી સંસ્કૃતિને જાકારો આપી ધરતીમાતાના સાચા ધબકારને સમજવાની અને સાંભળવાની!

ધરતીના ધબકારાને સાંભળી પૃથ્વીને બચાવવા થતા પ્રયત્નો કરવા જ રહ્યા. સીધી રીતે જોઈએ તો જીવમાત્રનું પહેલું રહેઠાણ કુદરત છે. જંગલો, ખેતરો અને ગામડાંઓમાં ફરવાથી એક જીવંત દૃશ્ય ઊભું થાય છે — જ્યાં તમે જોઈ શકશો - બીજથી મૂળ, મૂળથી થડ અને થડથી વૃક્ષની યાત્રાને, વિપરીત સંજોગોમાં પણ શાંત અને સંતુષ્ટ રહેવાનું! તે જીવનનો માત્ર અંશ નથી, તે છે આપણામાં સૂઈ ગયેલા માણસપણાને ઉઠાડવાની / ઉગાડવાની કવિતા! બીજું શહેરી ઝાકઝમાળ, સિમેન્ટ કોંક્રીટનાં જંગલોમાં ફરવાથી દોડાદોડીવાળું - હાંફતું! પરાણે જીવન જીવતું, થાકીને લોથપોથ થયેલું, સાવ નીચોવાઈ ગયેલું, બેપરવાહ પલાયનવાદની પ્રકૃતિનું દૃશ્ય ઊભું થાય છે. જેમાં માનવીએ પશ્ચિમી સભ્યતા સ્વીકારી યુઝ એન્ડ થ્રો ની સંસ્કૃતિ ઊભી કરી છે. નવીનતમ સફળતાએ લોકધર્મનો ત્યાગ કર્યો છે. માનવીએ ભોગવાદ અને ભૌતિકવાદ તરફ મુઠ્ઠીવાળી આંધળી દોટ મૂકી છે. બીજાના બાળકને મારી પોતાના બાળકનો વિકાસ કરવાની નીતિ! આ હિસાબ કેટલો ઉચિત અને વાજબી છે? અને આવા વિકાસની બાળમાનસ પર શું અસર થશે?

સમાજમાં ઊઠેલી અસ્થિરતા, ટેન્શન અને ડિપ્રેશનથી સમાજ તૂટી રહ્યો છે ત્યારે વિનોબાજીનો સર્વોદય સમાજનો સિદ્ધાંત યાદ આવે! જેમાં તેમણે વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનો સમન્વય સાધવાની વાત કરી છે. તેમના મતે વિજ્ઞાન અને રાજનીતિનો સમન્વય સર્વનાશ છે. તેથી જરૂર છે નૈસર્ગિક પર્યાવરણનો સંવેદનશીલ અને આરોગ્યપ્રદ સહયોગના આધારે નવા સમાજની કામના કરવામાં આવે! આપણી ધરતીમાતાને બચાવવા આપણે પૂરી નિષ્ઠાથી પ્રયત્ન કરીશું તો ૪૪મા વિશ્વ પૃથ્વી દિવસ, ૨૨ એપ્રિલ, ૨૦૧૪ની ઉજવણી સાર્થક થઈ ગણાશે.

*મદદનીશ પ્રકાશન અધિકારી,*
*ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ.*
*E-mail : ramanujkishore@gmail.com*

**Inter**
**PLASTICA PVT. LTD.**
AN ISO 9001 : 2000 CERTIFIED COMPANY
SHAILESH V. HARIA
Director
MFG. : HDPE JERRY CANS, DRUMS 20 LTRS TO 160 LTRS.
NARROW MOUTH, WIDE MOUTH, FULL OPEN TOP DRUMS
Plot No. 1103/1104, G.I.D.C. Estate, Ankleshwar-393 002 (Gujarat)
Tel. : 225861, 221126 Fax : (02646) 252861 Mo. : 098241 34499
E-mail : info@interplastica.com • Website : www.interplastica.com

# ટપકતું નળ એટલે પાણીનો વ્યય!

• લાલ રાંભિયા •

જી હા! દર સેકંડે ટપકતા નળ દ્વારા મહિને સરેરાશ ૧૦૦૦ લીટર પાણી વેડફાય છે. આ આંકડા ઉપજાવી કાઢેલા નથી. 'યુનો'ના વડા બાઉટ્રોસ ગાલીએ વર્ષ ૨૦૦૭માં આ પ્રત્યે દુનિયાનું ધ્યાન દોર્યું હતું. જો પાણીનો બગાડ આ જ રીતે ચાલુ રહેશે તો ૨૦૨૫ સુધી દુનિયાના ૪૦ દેશો નપાણિયા થઈ જશે. ત્રીજું વિશ્વયુધ્ધ સરહદો કે સંપત્તિ વધારવા નહીં, બલકે પાણી માટે થશે.

પણ એમાં હું શું કરું? આનો જવાબ ખ્યાતનામ કાર્ટુનિસ્ટ, પેઈન્ટર અને લેખક આબિદ સુરતી પાસેથી પ્રેરણા સ્વરૂપે મળે છે. જો આપણું સંવેદનાનું પાત્ર ગળતું ન હોય તો! દર રવિવારે ૭૭ વર્ષના યુવાન આબિદ સુરતી મુંબઈના મીરા રોડની બિલ્ડિંગોમાં ઘરોઘર જઈ ટપકતા નળ સમારી આપે છે. ભારતના અખબારી જગતની સૌથી વધુ સમય ચાલેલી 'ડબ્બુજી' કાર્ટુન પટ્ટીના સર્જક, પુસ્તકો, પેઈન્ટિંગ્સ માટે અનેક રાષ્ટ્રીય ઍવોર્ડસના વિજેતાને ઢળતી ઉંમરે આ બધું કરવાની શી જરૂર?! નાગરિક ધર્મ; સ્વધર્મ. કરોડો વર્ષોથી સુંદર મજાની આ સૃષ્ટિ આપણને ઘણું બધું આપતી જ રહી છે. એ મફત અને સહજ ઉપલબ્ધ હોઈ આપણને એની કિંમત નથી સમજાતી. વિકાસ અને સગવડોના નામે કુદરતી સંપત્તિનો આપણે બેફામ બગાડ કરી રહ્યા છીએ. આપણે એટલે બે પગા માણસ! જીવસૃષ્ટિ પૈકી સૌથી 'હોશિયાર' છતાં સૌથી બેજવાબદાર માણસજાત! પરિણામ ચોંકાવનારા છે. ઉષ્ણતામાન સરેરાશ કરતાં ૬.૪ ડિગ્રી વધી ગયું છે. દરિયાની સપાટી દર વર્ષે ૩.૫ મિમી વધે છે. અંગારવાયુ ૩૧ ટકા વધી ગયું છે, ઑઝોન લેયર ૪ ટકા વધી ગયો છે. ઝાડ જંગલો વર્ષે ૨૫ ટકાના દરે નાશ થઈ રહ્યા છે. પર્યાવરણની આવી અનેક વિષમતાઓ થકી સર્જાયેલ ગ્લોબલ વોર્મિંગ બેલ સતત વાગી રહી છે, પણ આપણા કાન આડે મોબાઈલ ફોન જડાઈ ગયા છે.

પણ આબિદ સુરતી પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ છે. સરકાર કે સંસ્થાઓ કરે કે ન કરે, હું તો શરૂઆત કરૂં, સ્વધર્મ પાળું. રબ્બરના વાઈસર, પાનો વગેરે લઈને રવિવારે નીકળી પડે. ટપકતા નળ મફતમાં રીપેર કરી આપે. માગ વધતી ગઈ. સરસામાન, સહાયક પ્લમ્બર, ટ્રાવેલિંગ... પૈસા ક્યાંથી કાઢવા? પણ સારા કામમાં કુદરત સહાયભૂત થાય જ. એક મિત્રે દસ હજાર રૂપિયાનું ડોનેશન આપ્યું. હિંદી સાહિત્ય સંસ્થાન - ઉત્તર પ્રદેશ તરફથી આબિદભાઈને એમના સાહિત્યિક પ્રદાન બદલ રૂા. એક લાખનો પુરસ્કાર મળ્યો. મહારાષ્ટ્ર સરકારે લાઈફ ટાઈમ ઍચિવમેન્ટ ઍવોર્ડ પેટે રૂા. પચાસ હજાર આપ્યા. આબિદભાઈ વિશ્વાસપૂર્વક કહે છે કે સ્વયં ઈશ્વર મારો ફંડ રેઈઝર છે. પૈસા ઘટે કે તરત એ ક્યાંકથી મોકલાવી દે. હવે એમણે પાણી બચાવ સેવા ફલક, ટપકતા નળથી ઑવરફ્લો થતા ટાંકા રિપેર સુધી વિસ્તાર્યું છે અને એમાં ખબરી તરીકે એમને સાથ આપે છે છાપા વહેંચતા બાળકો! સ્ટોપકોક ખરાબ થઈ જવાના કારણે જે બિલ્ડિંગના પાણીના ટાંકા ઑવરફ્લો થતા હોય તો આ બાળકો આબિદચાચાને ફોન કરે, રિપેરિંગ વખતે પણ હોંશભેર જોડાય. આમ કરોડો લીટર પાણી તો બચે પણ સાથે લાભાર્થીઓમાં અને આ બાળકોમાં પણ 'જળ એ જ જીવન છે' જેવા પર્યાવરણલક્ષી સંસ્કાર રેડાય.

આ વાંચીને દિલના દરવાજા ખોલો. આપના ઘરમાં, અડોશપડોશ કે કાર્યક્ષેત્રમાં જ્યાં આપની વગ પહોંચે ત્યાં પાણી બચાવ ઝુંબેશને આગળ ધપાવો. સમયની આ માગ છે, નવી પેઢી માટે આ વરદાન છે. સૃષ્ટિનું ઋણ અદા કરવાનો આ સરળ અને શ્રેષ્ઠ ઉપાય છે. ઈશ્વર, અલ્લાહ ખૂબ રાજી થશે. શુભમ્ ભવતુ.

*(લેખક કચ્છ જળમંદિર અભિયાનના વાહક છે.)*

***C/o. શ્રી ક.વી.ઓ. જૈન મહાજન,***
***વિજય નગર, જી.ઈ.બી. સામે,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***

## કોસ્મેટિક પ્રોડક્ટ

સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટના હાલમાં બહાર પડેલા અહેવાલમાં જણાવેલ છે કે ફેરનેસ પ્રોડક્ટ બનાવતી ઘણી અગ્રણી કંપનીના પ્રોડક્ટમાં ઊંચા પ્રમાણમાં હેવી મેટલનું પ્રમાણ હોય છે. લિપસ્ટીક, ફેરનેસ ક્રીમ અને અન્ય ખુબસૂરતી વધારતી ચીજવસ્તુઓમાં નુકસાનકારક ટોક્સીનનું ઊંચું પ્રમાણ હોય છે. ૩૨ પ્રકારની ફેરનેસ ક્રીમમાં મરક્યુરી લગભગ ૪૪% હોવાનું જણાવેલ છે. લગભગ ૧૩ પ્રોડક્ટમાં નીકલનું ઊંચું પ્રમાણ જોવા મળેલ છે. ભારતમાં કોસ્મેટીક પ્રોડક્ટમાં મરક્યુરી તથા નીકલના ઉપયોગ પર કાયદેસર પ્રતિબંધ છે છતાં આ પ્રોડક્ટ ખુલ્લેઆમ વેચાય છે.

***'સાધના' તા. ૮-૩-૨૦૧૪માંથી***

**ફાર ઈસ્ટ**
**સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ**
All Inclusive Rs. 39,999/- + $ 999
11 Days – 11 Nights • નિયમિત પ્રસ્થાન
**દુબઈ • આબુધાબી**
All Inclusive Rs. 24,444/- + $ 499
4 Nights – 5 Days • નિયમિત પ્રસ્થાન

**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા**
tanmantravels@yahoo.in ■ 93233 60708 / 25903514 • 5 • 6
Website : www.tanmantourandtravels.com

# વિવિધલક્ષી ૨૦૧૪ : કૌટુંબિક કૃષિ માટેનું આંતરરાષ્ટ્રીય વર્ષ

● સંજય પી. ઠાકર ●

**યુનાઇટેડ નેશન્સે ૨૦૧૪ના વર્ષને આંતરરાષ્ટ્રીય પારિવારિક ખેતીના વર્ષ તરીકે જાહેર કરીને 'વિશ્વને ખોરાક પૂરો પાડવો અને પૃથ્વીનું જતન કરવું' એવું હાર્દસૂત્ર ગુંજતું કર્યું છે ત્યારે ફેમિલી ફાર્મિંગની વિભાવના, તેનો વ્યાપ, હેતુ અને તેના મહત્ત્વ પર એક દૃષ્ટિપાત!**

સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)ની ૨૦૧૧માં મળેલી સામાન્ય સભાના ૬૬મા સત્રમાં ઠરાવ્યા અનુસાર ૨૦૧૪નું વર્ષ 'ઈન્ટરનેશનલ યર ઑફ ફેમિલી ફાર્મિંગ' તરીકે જાહેર કરાયું છે. સંયુક્ત રાષ્ટ્રોના ખાદ્ય અને કૃષિ સંગઠન (એફ.એ.ઓ.) એ તેના અમલીકરણની સવલતો માટે વિવિધ દેશોની સરકારો, આંતરરાષ્ટ્રીય વિકાસ એજન્સીઝ, કિસાન સંગઠનો અને બીજા સંબંધિત સંગઠનો અને તે જ રીતે બિનસરકારી સંગઠનો સાથે સહયોગ સાધવા આમંત્રણ આપ્યું છે.

## ● વિશેષ વર્ષની ઉજવણીનો હેતુ :

આ વિશેષ વર્ષની ઉજવણી પાછળનો હેતુ એ છે કે ખેતીકાર્ય, પર્યાવરણીય અને સામાજિક નીતિઓને કેન્દ્રમાં રાખી રાષ્ટ્રીય એજન્ડામાં કૌટુંબિક કૃષિનું પુનઃ સ્થાપન કરવામાં આવે. સાથે વધુ સમાન અને સમતોલ વિકાસ માટે તેમાં રહેલા છીંડાઓને ઓળખી કાઢી સંભાવનાઓને ઉત્તેજન આપવું. ૨૦૧૪નું આ ખાસ વર્ષ, નાના ખેડૂતો જે પડકારોનો સામનો કરી રહ્યા છે તે બાબતે જાગૃતિ અને સમજણમાં વધારો કરી, આ અંગે રાષ્ટ્રીય, પ્રાંતીય અને વૈશ્વિક કક્ષાએ બહોળી ચર્ચા યોજવી અને કૌટુંબિક કૃષિકારોને ટેકો આપવા અસરકારક માર્ગોને ઓળખી મદદ કરવાનો આશય છે.

આ વર્ષનું લક્ષ્ય એ છે કે, પારિવારિક ખેતીને ઉત્તેજન આપવું અને ભૂખમરો તથા ગરીબીને ઘટાડવામાં નાની સીમાંત ખેતીની જે ભૂમિકા છે તે તરફ દુનિયાનું ધ્યાન ખેંચવું, ખાદ્ય સુરક્ષા અને પોષણ પૂરું પાડવું, નિર્વાહ - પોષણને સુધારવું, કુદરતી સ્રોતોનું વ્યવસ્થાપન કરવું, પર્યાવરણની સુરક્ષા કરવી અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ટકાઉ વિકાસને હાંસલ કરવા કટીબધ્ધ બનવું. તેથી જ આ વિશેષ વર્ષનું થીમ છે : 'વિશ્વને ખોરાક પૂરો પાડવો અને પૃથ્વીનું જતન કરવું.'

## ● કૌટુંબિક કૃષિ શું છે?

કૌટુંબિક કૃષિ એ સઘળા પરિવારને જોડીને થતી કૃષિક પ્રવૃત્તિઓ છે અને ગ્રામ્ય વિકાસના અનેક ક્ષેત્રોમાં તે જોડાણ ધરાવે છે. કૌટુંબિક ખેતી એટલે સંગઠિત રીતે થતી વ્યવસ્થિત ખેતી, વન્યપેદાશો, માછીમારી, માલધારી અને જલનિર્ભર ઉત્પાદનો, કે જે કુટુંબ અને મહિલા તથા પુરુષ બંને એવા પારિવારિક સભ્યો ગણાતા કૌટુંબિક મજૂરો દ્વારા ચલાવાય છે અને સમગ્ર પ્રબંધ થાય છે. વિકસિત અને વિકાસશીલ એમ બંને પ્રકારના દેશોમાં કૌટુંબિક કૃષિ એ ખાદ્ય ઉત્પાદન ક્ષેત્રે તેમજ કૃષિ ક્ષેત્રે પ્રબળ સ્વરૂપ ધરાવે છે.

## ● ફેમિલી ફાર્મિંગનું મહત્ત્વ :

કૌટુંબિક અને નાના પાયે થતી વિશ્વ ખાદ્ય સુરક્ષા માટે અતૂટ જોડાણ ધરાવે છે. પારિવારિક ખેતી પરંપરાગત ખાદ્ય પેદાશોનું સંરક્ષણ કરે છે, જ્યારે સમતોલ આહાર અને વિશ્વની કૃષિ જૈવિકતાને સલામતી છત્ર પૂરું પાડે છે તેમજ કુદરતી સ્રોતોમાં ટકાઉ ઉપયોગ માટે ફાળો આપે છે.

## ● ચાવીરૂપ હકીકતો અને આંકડાઓ :

દુનિયામાં ૫૦ કરોડથી પણ વધુ ફેમિલી ફાર્મ આવેલા છે અને તેઓ ૯૮ ટકાથી પણ વધુ કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલા છે. તે પૈકી ૫૬ ટકા જમીન પર ઓછામાં ઓછું ૫૬ ટકા કૃષિ ઉત્પાદન માટે જવાબદારી સંભાળે છે. વિશ્વની ખેતીની જમીનોમાં કૌટુંબિક કિસાનો પ્રભાવશાળી હિસ્સો ધરાવે છે. જેની પ્રાદેશિક ટકાવારી જોઈએ તો એશિયામાં ૮૫, આફ્રિકામાં ૬૨, ઉત્તર અને મધ્ય અમેરિકામાં ૮૩, યુરોપમાં ૬૮ અને દક્ષિણ અમેરિકામાં ૧૮ ટકા ભાગ ધરાવે છે. અંદાજે દોઢ અબજ લોકો વિશ્વભરમાં પારિવારિક ખેતી સાથે જોડાયેલા છે. વિકસતા વિશ્વમાં અડધાથી વધુ મહિલા કૃષિકારો છે.

*બી-૧, પ્લોટ નં.-૧૭૨, ઓધવવિલા,*
*આઈયા નગર, મુંદ્રા રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૧૫૩*
*મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

Aristo™ STAINLESS STEEL
**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**
**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com



# બાબુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફ્લેટમેં મોન્ટુ રે તો અનકે અનજો ભાઈબંધ પૂછે, ક તોજા અધા કુરો કંઈયે તા? તડે મોન્ટુ ચેં મુજા અધા એચ.ડી.એફ.સી. જા માલિક અંઈ. ને પોય પૂછે ક તોજા અધા કન ઑફિસમેં વ્યેંતા? તડે ચેં ક મુંજા અધા વેં નતા પણ સજો ડીં ઊભા જ વેંતા... અનમેં મુંકે ખબર ન પઈ. તું જરા તપાસ કરેને ચો ક હકીકત કુરો આય?

બચુડો : (તપાસ કરેનેં ચે) અધા... મોન્ટુ જે અધાજી ત રેંકડી આય ને અનજો નાં આય 'હરીફાઈ ઢોકળા એન્ડ ફરસાણ સેન્ટર' ને મોન્ટુજા અધા રેંકડી તેં સજો ડીં ઊભા વેંતા!!

## ખિલજા મ ભલા

ડૉક્ટર : (દર્દીને) તું નાહક ગભરાય છે. ચાર-પાંચ ઈંજેક્શન ખાવાથી મરી નહીં જાય.

દર્દી : તો પછી શું થશે?

ડૉક્ટર : તારી ઉઠવા બેસવાની સ્ટાઈલ થોડી બદલાઈ જશે.

☺ ☺ ☺ ☺ ☺

મોહનલાલ : મિત્રો, તમારે ભગવાન ઉપર ભરોસો મૂકવો જોઈએ. એ તમને ક્યારેય એવી મુશ્કેલીમાં નહીં મૂકે કે જેનાથી તમે પીછો ન છોડાવી શકો.

સોહનલાલ : ખોટી વાત. પત્ની નામની મુસીબતથી તો ભગવાન પણ પીછો છોડાવવામાં મદદ નથી કરતા.

☺ ☺ ☺ ☺ ☺

છોકરી : (છોકરાને) તમારા લોકોમાં સામાન્ય બુધ્ધિ - કોમનસેન્સનો બહુ અભાવ હોય છે.

છોકરો : કાંઈ ખબર ન પડી.

છોકરી : ધારો કે તમે કોઈ છોકરીને પ્રેમ કરતા હો, તો તમે રૂબરૂમાં કહેતા નથી પણ કોલેજમાં ટોઈલેટના દરવાજા પર લખી આવો 'જુલી, આઈ લવ યુ' પણ એટલી અક્કલ નથી ચલાવતા કે જુલી ત્યાં વાંચવા થોડી આવવાની છે?

☺ ☺ ☺ ☺ ☺

શિષ્ય : ગુરુજી... બીવી, પત્ની, વાઈફ, શ્રીમતી, ઔરત, અર્ધાંગિની, ઘરવાળી આ બધા વચ્ચે શું ફરક છે?

ગુરુજી : વત્સ, આમાં ઝાઝો વિચાર કરવાનો નથી. મુસીબત એક — નામ અનેક!!

☺ ☺ ☺ ☺ ☺

ચૂડેલ : (૬૦ વર્ષના પતિ પત્ની ઉપર ખુશ થઈને) હું તમને બંનેને એક એક વરદાન આપવા ઈચ્છું છું. તમારી ઈચ્છા જણાવો.

ડોશી : મારે મારા પતિ સાથે આખી દુનિયાની સફર કરવી છે.

ચૂડેલ : તથાસ્તુ! એમ જ થશે.

ડોસો : મારી પત્ની મારાથી ૩૦ વર્ષ નાની હોવી જોઈએ.

ચૂડેલ : તથાસ્તુ! તરત જ ડોસો ૯૦ વર્ષનો થઈ ગયો.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : પાર્લે-જી ના પેકેટ ઉપર ગ્રીન ટપકું હોય છે એનો અર્થ શું થાય?

વિદ્યાર્થી : મિસ્ટર પાર્લે ઓનલાઈન છે!

☺ ☺ ☺ ☺ ☺

જમનાભાઈ : ડૉક્ટર સાહેબ, મારી ઉપર તમે જે ગંભીર ઑપરેશન કર્યું તેથી હું હવે સંપૂર્ણ રોગમુક્ત છું ને?

ચિત્રગુપ્ત : બેટા, ડૉક્ટર તો પૃથ્વી પર રહી ગયા. હું તો ચિત્રગુપ્ત છું!!

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : એક વડના ઝાડ નીચે ત્રણ જણા બેઠા હોય છે. તેમાં એક ગૂંગો હોય છે, બીજો બહેરો હોય છે અને ત્રીજો આંધળો હોય છે. ત્યાં ઉપરથી કેરી પડે છે. તો સૌથી પહેલા કેરી કોણ ખાઈ લેશે?

આદિત્ય : સાહેબ, વડના ઝાડ ઉપરથી કદી કેરી ના પડે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*યત્નો કર્યા વિના કદાપી મુકદ્દર બને નહિ*
*સાહસ કર્યા વિના કદાપી સિકંદર બને નહિ.*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

## બાલુડેં જ્યું ગાલિયું

### THE SUN AND THE WIND

One day the wind said to the sun, "I am stronger than you."

"You are not stronger than I," said the sun.

"I am," said the wind.

"You are not," said the sun.

They went on saying this to each other for six weeks. At last the wind said, "We will see who is the stronger."

"I should like to do that," said the sun.

"Do you see that man?" said the wind.

"Do you mean the man wearing a cloak?" said the sun.

"Yes," said the wind. "that is the man I mean. The one of us who can make him take his cloak off is the stronger. I will try first."

Then the wind blew and blew. But the more it blew, the more the man pulled his cloak round him, to keep himself warm. The wind could not blow it off.

"It is my turn now," said the sun.

Then the sun came out, and shone very brightly.

"Hot hot it is!" said the man. "I must take off my cloak."

So he took off his cloak, and the sun had won.

## સ્વીકાર - સમાલોચન

*– મગનલાલ સંઘવી*

### (૧) ઉછાડી દે આભને

- નારાયણ શનિશ્ચરા
- પૃષ્ઠ સંખ્યા : ૨૮૭ ■ મૂલ્ય : રૂા. ૧૫૦/-
- પ્રકાશક : પ્રતીક પ્રકાશન, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫. ફોન : (૦૨૮૩૪) ૨૨૪૨૯૮

લેખકશ્રીએ સાહિત્યક્ષેત્રે સને ૧૯૫૫થી જ્ઞાતિના માસિકથી શરૂઆત કરેલ. તે અગાઉ માંડવીના બધા લેખકોનો ૩૦૦ પૃષ્ઠનો હસ્તલિખિત અંક સને ૧૯૪૯માં પ્રસિધ્ધ કરેલ. અત્યાર સુધી તેમની ૩૯૦થી વધુ કૃતિઓ પ્રસિધ્ધ થયેલ છે. જેમાં વાર્તા, લેખ, નાટકો વગેરેનો સમાવેશ થાય છે. તેમની કૃતિઓ ઘણા સામયિકોમાં પ્રકાશિત થયેલી છે. આ બધા કારણે તેમને અનેક ઍવોર્ડસ, સન્માન પ્રાપ્ત થયેલા છે.

કચ્છ - માંડવીમાં જન્મેલ અથવા જેમણે તે શહેરને પોતાની કર્મભૂમિ બનાવી હોય તેવી ૧૬૦થી વધારે વ્યક્તિઓના જીવન વિશેની માહિતી ખૂબ જ પરિશ્રમ બાદ એકત્ર કરીને તેમના ઉપરોક્ત પુસ્તકમાં સુંદર રીતે પ્રકાશિત કરેલ છે. તે સિવાય, કેટલીક વ્યક્તિઓ વિશિષ્ટ બાબતો ધરાવે છે પરંતુ અનેક પ્રયત્નો કર્યા છતાં તેમની માહિતી તેમને મળી શકેલ નહીં, તેવા મહાનુભાવોની અલ્પ વિગતોનો ઉલ્લેખ પણ તેમાં કરવામાં આવેલ છે. ટોપણ શેઠ, ડૉ. નોશીર દસ્તૂર, ડૉ. છોટાલાલ મહેતા, રામસંગ માલમ જેવી કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓની માહિતી સાથેનો ઉલ્લેખ વગેરે ઉપયોગી છે. કલ - આજ ઔર કલ — આ બધી વિગત આજે લખાય નહીં તો આવતીકાલની પેઢી કદાચ ભૂલી જશે. આ રીતે તેમનો પ્રયાસ માત્ર પ્રશંસાપાત્ર નહીં પરંતુ યથાર્થ છે.

### (૨) માંડવી - ૧૩૫ વર્ષના પાલિકા કામના જીવંત વાયરા


- નારાયણ શનિશ્ચરા
- પૃષ્ઠ સંખ્યા : ૩૭૮ + ૧૨ = ૩૯૦
- પ્રકાશક : પ્રમુખ, માંડવી નગર સેવા સદન, માંડવી, કચ્છ.

ઉપરોક્ત સંસ્થાના પૂર્વ હેડક્લાર્કના સ્થાને રહી ચૂકેલા લેખકશ્રીના હસ્તે માંડવી નગર સેવા સદનની સ્થાપનાથી અત્યાર સુધી હાથ ધરાયેલા કાર્યો, કારોબારી, ચૂંટણી પધ્ધતિ તેમજ તેમાં સેવા આપેલ સભ્યો સંબંધી અનેક ઉપયોગી માહિતી તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તકના ઉપયોગથી નગરજનો તેમજ ઇતિહાસના અભ્યાસુઓને સેવા સદનના ઇતિહાસની રસપ્રદ અને ઉપયોગી માહિતી પ્રાપ્ત થશે. તે ઉપરાંત, શહેરની વિકાસ ગાથામાં યોગદાન આપનાર અગ્રણીઓનો પરિચય પણ આ પુસ્તક દ્વારા મળી શકશે. આ ઇતિહાસ ભાવિ પેઢી માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

### (૩) માંડવી (મડઈ) ૪૩૦ વર્ષ ઇતિહાસ ગાથા

- નારાયણ શનિશ્ચરા
- પૃષ્ઠ સંખ્યા : ૨૫૬ ■ મૂલ્ય : રૂા. ૧૫૦/-
- પ્રકાશક : પ્રતીક પ્રકાશન, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫. ફોન : (૦૨૮૩૪) ૨૨૪૨૯૮

માંડવી શહેરની સ્થાપના મહા વદ-૧૧, સંવત ૧૬૩૬ના ટોપણ શેઠના સહકારથી મહારાવશ્રી ખેંગારજી પહેલાએ કરી હતી. ત્યારથી હાલ સુધીનો ૪૩૦ વર્ષનો ઇતિહાસ લેખકશ્રીએ તૈયાર કરેલ છે. માત્ર ભૂતકાળની વાતો જ નહીં પરંતુ સાથે સાથે નવા પ્રસંગો પણ ઉપરોક્ત પુસ્તકમાં સામેલ કરવામાં આવેલ છે. કારણકે ૫૦ વર્ષ પછી તે પણ ઇતિહાસના રૂપમાં હશે. લેખકશ્રીએ માત્ર મોટી વ્યક્તિઓ નહીં પરંતુ તેની સાથે ઓછી વયવાળી વ્યક્તિઓ અથવા તો માંડવીના હિતને ધ્યાનમાં રાખીને કાર્યો કરનાર અનેક વ્યક્તિઓ અને વિવિધ પ્રસંગો આ પુસ્તકમાં આવરી લઈને પોતાના અનહદ પરિશ્રમની ઝાંખી કરાવેલ છે. આ કારણે પ્રસ્તુત પુસ્તક દરેક લાઈબ્રેરીમાં સંગ્રહ કરવા યોગ્ય છે.




## 'આત્મા અને અધ્યાત્મ' વિષયના લેખ

એપ્રિલ-૨૦૧૪ના અંકમાં મારા 'આત્મા અને અધ્યાત્મ' લેખના અંતે આ વિષય પર બધાને પોતાના મંતવ્ય જણાવવાની તંત્રી નોંધ છે.

એ બાબતે લખવાનું કે, આ જ વિષય પર મારા ઘણા લેખ 'મંગલ મંદિર'માં આ પહેલા પણ છપાઈ ચૂક્યા છે. શક્ય હોય તો એ ફરીથી વાંચી જવા વિનંતી છે.

આ લેખો ૯/૨૦૧૦, ૧૦/૨૦૧૦, ૧૧/૨૦૧૦, ૪/૨૦૧૧, ૫/૨૦૧૧ અને ૬/૨૦૧૨ના અંકોમાં છપાયા હતા.

*મુરજી ગડા - વડોદરા (મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯)*

★

## 'મંગલ મંદિર' પ્રતિભાવ

જયભારત સાથે જણાવવાનું કે માર્ચ-૨૦૧૪નો 'મંગલ મંદિર'નો અંક મળ્યો. આપે તંત્રીલેખ દ્વારા આંખ ઉઘાડનારી માહિતી આપી છે. રાજકારણીઓ કચ્છની પ્રજાને છાશવારે નર્મદાના પાણીની બાબતમાં કેવા ખોટા આશ્વાસનો આપે છે તે આથી સ્પષ્ટ થયું. સાથોસાથ કચ્છના ચૂંટાયેલા પ્રતિનિધિઓ કચ્છના હિતની વાત પ્રબળતાથી નહીં તો દબાતા અવાજે પણ રજૂ કરવાની હિંમત ધરાવતા નથી, તે પણ સ્પષ્ટ થયું. કચ્છની પ્રજાની કમનસીબી અને લાચારીનો શું કોઈ ઉપાય નથી?

જૈન સમાજના યુવા ધનની વિગતો એકત્ર કરી તેના પરથી ભાઈશ્રી હંસરાજભાઈએ જે વિશ્લેષણ આપ્યું છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. આપે દરેક સમાજને આવો અભ્યાસ કરાવવા જે સૂચન કર્યું છે તે ખરેખર અમલ માગી લે તેવું છે. કચ્છના સંદર્ભમાં આવો અભ્યાસ સમગ્ર કચ્છના યુવાધનને નજરમાં રાખી કરાવવા જેવો છે. 'મંગલ મંદિર' દ્વારા આ કામમાં સેવા આપવા ઈચ્છતા હોય તેવા તજજ્ઞો પોતાની ઈચ્છા જણાવે તેવું આહ્વાન આપવાનું વિચારવા જેવું છે.

કચ્છમાં દરરોજ અકસ્માતો થાય છે અને મૃત્યુ પણ થાય છે. આવા બનાવોને અટકાવવા 'ઊંઘમાં જ મૃત્યુ આભડી જાય તો?' એ લેખ દ્વારા સારું એવું વિચારવલોણું અપાયું છે. ધન્યવાદ.

*શશીકાંત ઠક્કર, એડવોકેટ - માધાપર (કચ્છ)*
*જી.એ.એસ. (નિવૃત્ત - ૧૯૮૭)*

## 'મંગલ મંદિર' - પ્રતિભાવ

'મંગલ મંદિર'ના માસ એપ્રિલ અંકમાં તંત્રીશ્રીએ આપણા દેશની શિક્ષણ વ્યવસ્થા અને તે અંગેની સજાગતા વિશે અગત્યની ચર્ચા કરી છે. તે ઉપરાંત 'આંજો કાગર' વિભાગમાં શ્રી મગનભાઈ સંઘવીએ પણ શિક્ષણના વિષય પર પોતાના વિચારો જણાવ્યા છે. ત્યારે શિક્ષણના વિષયમાં કેટલીક હકીકતો જાણવી જરૂરી બની રહે છે.

ઓક્ટોબર-૨૦૧૩માં દુનિયાની શ્રેષ્ઠ યુનિ. અંગેનો એક અહેવાલ ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રકાશિત થયેલો. તેમાં જણાવ્યા મુજબ દુનિયાની શ્રેષ્ઠ એવી ૨૦૦ યુનિ.ઓમાં આપણા દેશની એક પણ યુનિ.નું નામ નથી. એટલું જ નહીં પણ જગતની ૫૦૦ શ્રેષ્ઠ યુનિ.ઓમાં પણ આપણા દેશની માત્ર ત્રણ યુનિ.ઓના નામ છે. આ વિષયમાં બીજી પણ કેટલીક હકીકતો ધ્યાનમાં લેવી જરૂરી છે.

દક્ષિણ કોરિયા એક નાનકડો દેશ છે. જેની વસતિ લગભગ ૫ કરોડ જેટલી જ છે. તેમાં ૧૯૬૧થી ૧૯૮૫ સુધીના ગાળામાં અર્થશાસ્ત્રનાં ૬૫૦ અધ્યાપકોએ ૧૫૭૨ મૌલિક પુસ્તકો એમની માતૃભાષામાં પ્રગટ કર્યા હતા. તેમણે ૮૯૦૦ જેટલા લેખો પણ તેમની માતૃભાષામાં પ્રગટ કરેલા. ઉપરાંત ૭૪૬ લેખો વિદેશી ભાષામાં પ્રગટ કરેલા.

બેલ્જિયમ એક નાનકડો દેશ છે. એની વસતિ લગભગ એક કરોડ જેટલી જ છે. ત્યાં ડચ અને ફ્રેન્ચ ભાષા ચાલે છે. છતાં વિશ્વની શ્રેષ્ઠ ૨૦૦ યુનિ.માં બેલ્જિયમની ૫ યુનિ.ને સ્થાન મળેલ છે.

નેધરલેન્ડ પણ સાવ નાનો દેશ છે. એની વસતિ લગભગ બે કરોડ જેટલી છે. છતાં વિશ્વની ૨૦૦ શ્રેષ્ઠ યુનિ.ઓની યાદીમાં નેધરલેન્ડની ૧૨ (રીપીટ બાર...) યુનિ.ને સ્થાન મળેલ છે. ત્યાંની ભાષા પણ ડચ છે.

સ્વીડનની વસતિ એક કરોડ કરતાં પણ ઓછી છે. છતાં વિશ્વની ટોચની ૨૦૦ યુનિ.માં સ્વીડનની ૫ યુનિ.ને સ્થાન મળેલ છે. ત્યાંની ભાષા સ્વીડિશ છે.

આપણા દેશના શિક્ષણ ખાતામાં ભારોભાર રાજકારણ ઘૂસેલું છે અને પૂરી લાગવગશાહી ચાલે છે. ઉપર જણાવેલા દાખલારૂપ દેશો અને અન્ય દેશોમાં લગભગ તમામ શિક્ષણ ત્યાંની માતૃભાષામાં જ આપવામાં આવે છે. અને એટલે મૌલિક પુસ્તકો, લેખો અને સંશોધનો શક્ય બને છે.

નવા સંશોધન દ્વારા થતા જ્ઞાનના સર્જનમાં અને શિક્ષણની ગુણવત્તામાં દુનિયામાં આપણે ક્યાં છીએ તે આ હકીકતો દર્શાવે છે.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*કાંડે બાંધેલી ઘડિયાળ ખોટો ટાઈમ બતાવે તો એક જ જણ ગાડી ચૂકી જાય. પરંતુ ગામના ચોકમાં ઊભેલો ટાવર ખોટો સમય બતાવે તો આખું ગામ ગાડી ચૂકી જાય... માટે નેતા અને વડીલોએ વધુ સજાગ રહેવું પડે.*

*લાગણી પર નિયંત્રણ રાખો.*

## ડાયાલિસીસ સેન્ટરનું ઉદ્‌ઘાટન • કચ્છી બિઝનેસ ડિરેક્ટરીનું વિમોચન

**રવિવાર, તા. ૨૦-૪-૨૦૧૪**

### શુભેચ્છા સંદેશ

તબીબી પરીક્ષણ અને સારવાર અર્થે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટર એક આગવું સ્થાન ધરાવે છે. હવે આપ ડાયાલિસીસ વિભાગ ઊભું કરીને, ઉદ્‌ઘાટન કરાવી રહ્યા છો, તે ખરેખર પ્રશંસનીય છે. તબીબી ક્ષેત્રમાં કોઈપણ આધુનિક સુવિધા ઊભી કરવાનું કામ આજના સમયમાં મુશ્કેલીભર્યું હોય છે. નિઃશંકપણે કહી શકાય કે આ બધી સુવિધાઓથી સમાજના પરિવારજનો તેમજ ઇતર જ્ઞાતિના સર્વેને ખૂબ જ લાભકર્તા અને ઉપયોગી થશે. સમાજ હસ્તકના ઉપરોક્ત મેડિકલ સેન્ટરમાં એક પછી એક નવી સુવિધાઓની વ્યવસ્થા કરવા માટે સમાજના તમામ હોદ્દેદારશ્રીઓ અને કાર્યકરોને ખૂબ અભિનંદન.

*પ્રભુલાલ કે. સંઘવી - ગાંધીધામ*

★

આપના આંગણે આવેલા શુભ પ્રસંગ / કાર્યક્રમમાં મને યાદ કર્યો તે માટે આપનો આભારી છું. હું હંમેશાં સારી અને સાચી પ્રવૃત્તિનો ચાહક રહ્યો છું. આપના દ્વારા યોજાયેલા પ્રસંગ / કાર્યક્રમમાં સૌને જોડવાના આપના પ્રયત્નોને બિરદાવતા ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું. આપના આ પ્રસંગ માટે સફળતા સાથે શુભેચ્છા. મારી ગેરહાજરી બદલ ક્ષમા ચાહું છું.

*ભીમજી નાકરાણી*
*તંત્રી : સરદાર જ્યોત, મેને. ટ્રસ્ટી/પ્રમુખ : લોકસેવા ટ્રસ્ટ - અમદાવાદ*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેમના સામાજિક ક્ષેત્રના એક નવા સોપાન શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસીસ સેન્ટર અને અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છીઓની બિઝનેસ ડિરેક્ટરીના વિમોચન વિધિના કાર્યક્રમનું આયોજન રવિવાર, તા. ૨૦-૪-૨૦૧૪ના યોજેલ છે અને આ શુભ પ્રસંગે પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવેલ છે તે બદલ ખૂબ ખૂબ આભાર.

સમાજના જરૂરિયાતવાળા ભાઈ-બહેનોને આ ડાયાલિસીસ સેન્ટરનો વધુમાં વધુ લાભ મળે - રાહત મળે એ આજના સમયે ખૂબ જ જરૂરી છે. આવી લોકોપયોગી સેવા કરતા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ધન્યવાદ.

આપશ્રીના આમંત્રણ બદલ ખૂબ ખૂબ આભાર.

*અમૃતલાલ ડી. ગાલા*
*માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સમાજ - વાપી*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેમના સામાજિક ક્ષેત્રના એક નવા સોપાન શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસીસ સેન્ટરનું ઉદ્‌ઘાટન અને તે સાથે અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી ભાઈઓની બિઝનેસ ડિરેક્ટરીનું વિમોચન રવિવાર, તા. ૨૦-૪-૨૦૧૪ના શુભ દિને કરી રહ્યા છો ત્યારે શ્રી દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજ આપ સૌને હાર્દિક અભિનંદન પાઠવે છે અને આપની આ લોકોપયોગી સેવા દિન પ્રતિદિન વિસ્તૃત બને એવી અંતરભીની શુભેચ્છા પાઠવે છે.

આપના આ ભવ્ય પ્રસંગે પધારવાના આમંત્રણ બદલ આભાર.

*અમૃતલાલ ડી. ગાલા*
*માનદ્ મંત્રી, શ્રી દક્ષિણ ગુજરાત ક.વી.ઓ. જૈન સમાજ - વલસાડ*

★

અમદાવાદમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ મધ્યે ડાયાલિસીસ સેન્ટર શરૂ કરવા જઈ રહ્યા છો. આપની ટીમ કાયમ આવા લોકોપયોગી ઉમદા કાર્યો કરે છે. અને ભવિષ્યમાં પણ આવા સારા કાર્યો કરતા રહો. આપની સમગ્ર ટીમને તથા દાતાશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન. તેમજ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના વિમોચનને પણ ખૂબ ખૂબ શુભેચ્છા.

*પ્રકાશ ગાંધી*
*અભય ડિજિટલ લેબ - ભુજ, કચ્છ*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજના જનસેવાર્થે મેડિકલ ક્ષેત્રે અત્યંત જરૂરી એવા ડાયાલિસીસ સેન્ટરના ઓપનિંગ પ્રસંગે તથા સમગ્ર સમાજને ઉપયોગી થાય તેવી કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના વિમોચન પ્રસંગે હાજર રહેવા આમંત્રણ મળ્યું. આ અમૂલ્ય પ્રસંગે યાદ કરવા બદલ ખૂબ ખૂબ આભાર.

હાજર રહેવાની ખૂબ ઈચ્છા હોવા છતાં તબિયતના કારણોસર હાજર રહી શકાય તેમ નથી તે બદલ ખેદ અનુભવું છું.

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

સેવા સમાજ પ્રવૃત્તિઓના વ્યાપ વધારી જનસેવાના જે કાર્યો કરી રહેલ છે તે ખૂબ જ પ્રશંસાપાત્ર છે. તે બદલ આપ દરેક કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન.

**આ પ્રસંગે આ સાથે ડાયાલિસીસ સેન્ટર માટે ફૂલ નહીં તો ફૂલની પાંખડી સમાન રૂા. ૨૫,૦૦૦/-નો ચેક મોકલાવું છું. તે સ્વીકારી આભારી કરશો.**

*નાનાલાલ સ્વરૂપચંદ ખંડોર*
*મેહુલ બુક સેલ્સ - મુંબઈ*

★

Thanks for the invitation. On my behalf and behalf of the Kuchchi Samaj - Hyderabad, I offer my warm felicitations and congratulations to you and your team for taking up this unique and most benevolent service for the community and wish the event to be a grand success.

Kindly convey my congratulations to Shri Chandrakantbhai Gogri for his valuable and magnaminous contribution for this exceptionally noble cause for the benefit of the needy patients.


***Dhanjibhai Savla***
***Managing Trustee, Shri Kutchi Mitra Mandal - Hyderabad***




## વ્યક્તિ સિદ્ધિ

### ગીનીસ વર્લ્ડ રેકોર્ડ્સ

**શ્રી રાહુલ કેશવાણી (ટુન્ડા - મુંદ્રા) દ્વારા અનોખું કલેક્શન**




કોઈપણ ક્ષેત્રમાં સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ કચ્છી વ્યક્તિને ઍવોર્ડ અર્પણ થાય અથવા તો તેનું ઉચિત સન્માન થાય તે કચ્છ માટે ગૌરવપ્રદ તેમજ કચ્છીયતને ઉજાગર કરનાર બાબત ગણી શકાય. કચ્છ - મુંદ્રા તાલુકાના ટુન્ડા ગામના વતની અને હાલે મુંબઈ સ્થિત શ્રી રાહુલ ગૌરીશંકર કેશવાણી (રાજગોર) તે પૈકીના એક છે. નવ વર્ષની ઉંમરથી શ્રી રાહુલ ચલણના સિક્કા, કરન્સી નોટ્સ, પોસ્ટલ સ્ટેમ્પ, ફર્સ્ટ ડે કવર્સ વગેરેનું કલેક્શન કરવાનો શોખ ધરાવે છે. પોતાની મહેનત, સંશોધન અને સંકલન દ્વારા ૧૦૦થી વધુ દેશોની સંગ્રહ કરેલ સામગ્રીઓના ૧૪ જેટલા વિવિધ વર્ગોમાં વ્યવસ્થિત કરીને વિશ્વ રેકોર્ડનું ઉચ્ચ સોપાન સર કરી લીધેલ છે. જેમાં ફેન્સી અને ખાસ કરીને ૭૮૬ નંબરની કરન્સી નોટ્સ, બસ ટ્રેનની ટિકિટો, મહાપુરુષોના જન્મદિનની તારીખવાળી તેમજ મિસ-પ્રિન્ટવાળી નોટ્સ, જૂનું ચલણ તથા પ્રજાસત્તાક ભારતના દરેક વર્ષના ૨૫ પૈસાના સિક્કાઓનો મોટો જથ્થો વગેરે સામેલ છે. આ બધા કારણે શ્રી રાહુલને દેશ-વિદેશના વિવિધ ઍવોર્ડસ, સર્ટિફિકેટ્સ મળ્યા છે. વધુમાં, તેમનું નામ લીમ્કા બુક ઑફ રેકોર્ડસ અને ગીનીસ વર્લ્ડ રેકોર્ડસમાં પણ અંકિત થઈ ચૂક્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી રાહુલને આ પ્રકારનો શોખ તેમના પિતાશ્રી તરફથી વારસારૂપે મળેલ છે. ■

### પદવીઓની હારમાળા

આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ જિલ્લાના રેદાગડી ગામના હાલે કેન્દ્ર સરકારના 'પત્ર સૂચના મંત્રાલય' (PIB)ના મહાનિર્દેશક ડૉ. પી.જે. સુધાકરન દર વર્ષે એક પરીક્ષા આપે છે. અત્યાર સુધીમાં તેમણે ૧૧૯ પદવીઓ અને પ્રમાણપત્રો મેળવ્યા છે. તેઓ : ૫ વિષયમાં સ્નાતક, ૩૦ વિષયમાં અનુસ્નાતક, ૧૧ વિષયમાં પીએચ.ડી., ૪ વિષયમાં ડૉક્ટરેટ, ૩૬ વિષયમાં પી.જી. ડિપ્લોમા અને ૧૦ અંગ્રેજી વિષયમાં પદવી મેળવેલ છે. એમની ઉંમર અત્યારે ૫૩ વર્ષની છે. તેમનો ઈરાદો ૨૦૦ પદવી સુધી પહોંચવાનો છે.

*સાધના (તા. ૮-૩-૨૦૧૪)માંથી*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૧૨-૪-૨૦૧૪ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સંસ્થાના કાર્યાલય : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં ૨૪ જેવા સભ્યશ્રીઓની ઉપસ્થિતિ હતી.

સભાનું પ્રમુખ સ્થાન સંસ્થાના પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવીએ સંભાળ્યું હતું. સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓને તેમના દ્વારા આવકાર આપવામાં આવેલ. ત્યારબાદ સંસ્થાના માનદ્‌મંત્રી શ્રી અતુલભાઈ સોનીએ આજની સભાના એજન્ડાની શરૂઆત કરતાં ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્‌સનું વાંચન કર્યું હતું. જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

ત્યારબાદ વર્ષ ૨૦૧૨-૧૩ના ઓડિટેડ હિસાબો રજૂ કરવામાં આવેલ. તે અન્વયે ચર્ચા વિચારણા થતાં સંસ્થાના ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતાએ ટી.ડી.એસ.ની રકમ ખૂબ જ જૂની થઈ ગયેલ હોવાથી તેને માંડવાળ કરવા યોગ્ય કરવાનું સૂચન કર્યું હતું. તે ઉપરાંત અન્ય સભ્યશ્રીઓએ પણ હિસાબો સંબંધી ચર્ચામાં ભાગ લીધેલ અને સૂચનો કર્યા હતા. જેનો પ્રમુખશ્રીએ તેમજ ખજાનચીશ્રીએ યોગ્ય પ્રત્યુત્તર આપીને તે સંબંધી જરૂરી કાર્યવાહી કરીશું તેમ જણાવ્યું હતું. વધુમાં જણાવવામાં આવેલ કે વર્ષ ૨૦૧૩-૧૪ના ઑડિટેડ હિસાબો હજુ સુધી તૈયાર ન હોવાથી આગામી બેઠકમાં તે હિસાબો રજૂ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. વર્તમાન ઑડિટર્સ મેસર્સ સુધીર બી. શાહ એન્ડ કાું.ની સુંદર કામગીરીના કારણે વર્ષ ૨૦૧૪-૧૫ ના સમય માટે સંસ્થાના ઑડિટર્સ તરીકે તેમને ફરીથી નિમણૂક કરવાની દરખાસ્તને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી.

સંસ્થાના સરળ સંચાલન અર્થે કુલ ૧૮ ટ્રસ્ટીશ્રીઓની તેમજ ૧૫ સભ્યોની કાર્યવાહક સમિતિ માટે ચૂંટણી અથવા વરણી કરવાની બાબતે જણાવવામાં આવેલ કે કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે એકમાત્ર શ્રીમતી શિલ્પીબેન શાહનું ઉમેદવારી પત્રક આવેલ છે. એટલે તેમને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટીશ્રી અશોક મહેતાએ ટ્રસ્ટ મંડળના આજીવન તેમજ માનદ્‌ સભ્યશ્રીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓની વરણી કરવા બાબત એક વ્યવસ્થિત સ્વરૂપની દરખાસ્ત આજની સભામાં રજૂ કરી હતી. તેને અંતર્ગત નીચે દર્શાવેલ વિગત અનુસાર ટ્રસ્ટીશ્રીઓ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

#### માનદ્‌ સભ્યોની કેટેગરી : ૬ ટ્રસ્ટીશ્રીઓ

| *સભ્યશ્રીનું નામ* | *ડ્રો અનુસાર મુદત* |
|---|---|
| શ્રી કૈલાસદાન ગઢવી | એક વર્ષ |
| શ્રી મેઘજીભાઈ પટેલ (પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ) | એક વર્ષ |
| શ્રી હરીશભાઈ રંગવાલા | બે વર્ષ |
| શ્રી જગદીશભાઈ ઠક્કર | બે વર્ષ |
| શ્રી મનુભાઈ જી. શાહ | ત્રણ વર્ષ |
| શ્રી નરેન્દ્ર સી. સાહ | ત્રણ વર્ષ |

#### આજીવન સભ્યોની કેટેગરી : ૬ ટ્રસ્ટીશ્રીઓ

| *સભ્યશ્રીનું નામ* | *ડ્રો અનુસાર મુદત* |
|---|---|
| શ્રી ભરત ઓઝા | એક વર્ષ |
| શ્રી મનસુખભાઈ પટેલ | એક વર્ષ |
| શ્રી હિમાંશુ ઠક્કર | બે વર્ષ |
| શ્રી મનુભાઈ કોટડિયા | બે વર્ષ |
| શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર | ત્રણ વર્ષ |
| શ્રી અશોકભાઈ મહેતા | ત્રણ વર્ષ |

- દાતા તેમજ પેટ્રન સભ્યશ્રીઓની કેટેગરીમાં તેની જોગવાઈ અનુસાર હાલે કોઈ નામ ન હોતા, તેના સ્થાન ખાલી રાખવામાં આવેલ છે.

#### કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ

| *સભ્યશ્રીનું નામ* | *ડ્રો અનુસાર મુદત* |
|---|---|
| શ્રી ચમનભાઈ વલમજી પલણ | એક વર્ષ |
| શ્રી બચુભાઈ હીરજી રાંભિયા | એક વર્ષ |
| શ્રી અતુલભાઈ સોની | એક વર્ષ |
| શ્રીમતી વર્ષાબેન જયંતીભાઈ મહેતા - ગાંધીનગર | એક વર્ષ |
| શ્રી સંજય કલ્યાણજી રાઠોડ | એક વર્ષ |
| શ્રી હીરજીભાઈ જેઠાભાઈ પટેલ | બે વર્ષ |
| શ્રી હરસુખભાઈ વી. પટેલ | બે વર્ષ |
| શ્રી સુનીલ હંસરાજ દાવડા | બે વર્ષ |
| શ્રી સંજયભાઈ ડાહ્યાભાઈ ઠક્કર | બે વર્ષ |
| શ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલી | બે વર્ષ |
| શ્રી પરબતભાઈ શિવજીભાઈ પટેલ | ત્રણ વર્ષ |
| શ્રી રઘુરામભાઈ ઠક્કર | ત્રણ વર્ષ |
| શ્રી દિનેશ રતિલાલ મહેતા | ત્રણ વર્ષ |
| શ્રીમતી શિલ્પીબેન પી. શાહ | ત્રણ વર્ષ |
| શ્રી દીપક નાનાલાલ ચૌહાણ | ત્રણ વર્ષ |

ઉપર મુજબની જાહેરાતને સૌએ હર્ષભેર વધાવી લીધી હતી.

ત્યારબાદ આ સંસ્થાના સન્નિષ્ઠ અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ ધીરજલાલ પી. સોમપુરા અને કાંતિલાલભાઈ વી. સાવલાના વર્ષ દરમ્યાન થયેલા દુઃખદ અવસાન બદલ તેઓશ્રીઓને ભાવપૂર્વક શબ્દાંજલિ અર્પિત કરવામાં આવી હતી.

વધુમાં આ સંસ્થાના ઉત્તરોત્તર વિકાસમાં સંસ્થાના પ્રમુખશ્રી કૈલાસદાન ગઢવીનું વિશિષ્ટ યોગદાન રહેતા તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી. તે રીતે એક યા બીજા કારણોસર શ્રી નરેન્દ્રભાઈ સી. શાહ, શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા તથા શ્રી હરીશભાઈ રંગવાલાના સુંદર સાથ-સહકાર બદલ જરૂરી નોંધ સાથે તેઓશ્રીનો ખાસ આભાર માનવામાં આવેલ.

આગામી સભામાં ચૂંટણી પ્રક્રિયાની વ્યવસ્થિત રજૂઆત કરવા માટે શ્રી અશોક મહેતાનો પણ આભાર માનવામાં આવેલ. ત્યારબાદ અલ્પાહારને ન્યાય આપીને આજની આ બેઠક સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવેલ.

અત્રે નોંધનીય છે કે આજની આ સભાની કાર્યવાહી ખૂબ જ શાંતિપૂર્વક અને આહ્લાદક વાતાવરણના માહોલમાં થઈ હતી, તે બદલ ઉપસ્થિત દરેક સભ્યશ્રીઓએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : શૈક્ષણિક હેલ્પલાઈન

વહાલા સભ્યો, આગામી સમય એ એડમિશનનો સમય છે આજે જ્યારે શિક્ષણની વિપુલ તકો ઉપલબ્ધ છે ત્યારે કચ્છમાંથી ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદ તથા અન્યત્ર જતાં વિદ્યાર્થીઓને શિક્ષણ/કારકિર્દીને લગતા કોઈપણ પ્રકારની સમસ્યાઓના સમાધાન માટે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. આ હેલ્પલાઈન દ્વારા કોર્સની પસંદગી, કોલેજોની પસંદગી, સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ તથા અન્ય ખાનગી કોર્સ વિશે શક્ય તેટલી માહિતી પૂરી પાડી માતા-પિતાની મૂંઝવણોનો મહદ્ અંશે નિરાકરણ કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવશે.

અત્રેથી આપવામાં આવનાર માહિતી એક સૂચન પ્રકારની હશે. એડમિશન તથા ઉચ્ચ શિક્ષણ બાબત અંતિમ નિર્ણય વિદ્યાર્થી તથા વાલીઓએ જાતે સમજી વિચારીને લેવા વિનંતી છે.

**શૈક્ષણિક હેલ્પ લાઈન નં. : ૦૮૪૦૧૭ ૩૫૮૯૯**

**હિમાંશુ ઠક્કર**

બી-૩૦૨, મિલેનિયમ પ્લાઝા, સ્વામિનારાયણ મંદિર સામે,
માનસી ટાવર ચાર રસ્તા, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫.

## ભુજમાં 'અપના બજાર' સંસ્થા પુનઃ કાર્યરત થઈ

વર્ષ ૧૯૬૮માં શ્રી ભુજ સેન્ટ્રલ કો.ઓ. કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લિ.ની સ્થાપના જરૂરી ચીજવસ્તુઓનું કિફાયતી દરે વેચાણ કરવા અર્થે કચ્છ - ભુજ ખાતે થઈ હતી. આ સંસ્થા 'અપના બજાર' તરીકે જાણીતી હતી. વર્ષ ૨૦૦૧ના ભૂકંપ બાદ આર્થિક મુશ્કેલીના કારણે વર્ષ ૨૦૦૭થી તે સંસ્થા બંધ પડી હતી. તેનાં જૂના સદસ્યોએ માસ ફેબ્રુઆરી-૨૦૧૪માં જનરલ બોર્ડની બેઠકના નિર્ણય અનુસાર તાજેતરમાં સ્થાનિક ડૉ. વી.એચ. પટેલના હસ્તે ઉદ્‌ઘાટન કરાવીને ફરી કાર્યરત કરવામાં આવી છે. આ અવસરે શ્રી વીસા ઓસવાળ ગૂર્જર જૈન જ્ઞાતિ - ભુજના માનદ્ મંત્રીશ્રી મધુકર શાહ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત હતા. અત્યાર સુધી પાંચ હજાર જેટલા નવા સભ્યોની નોંધણી કરીને કુલ રૂા. ૧૦ લાખનું નવું શેરભંડોળ પણ સંસ્થાએ એકત્ર કર્યું છે અને જિલ્લાનો એક સર્વોત્તમ સહકારી સ્ટોર બનાવવાનો સંકલ્પ જાહેર કરેલ છે, તેમ સંસ્થાની એક યાદીમાં જણાવાયું છે.

★

## ભગવાન મહાવીરના ૨૬૧૩મા જન્મોત્સવની ભવ્ય ઉજવણી

સ્થાપના : ૧૯૮૪

ચૈત્ર સુદ-૧૩ના દિવસે જૈન ધર્મના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરનો જન્મ થયો હતો. આ નિમિત્તે ભગવાન મહાવીરના જન્મ કલ્યાણક ઉત્સવની તા. ૧૩-૪-૨૦૧૪ના રોજ અમદાવાદમાં ભારે ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. 'જીતો'ના ઉપક્રમે શહેરના ચારેય ફિરકાઓના નેજા હેઠળ ભક્તિમય વાતાવરણમાં વિરાટ રથયાત્રા યોજાઈ હતી. જેમાં ભગવાનના સાત રથ, સોનાનું કલ્પસૂત્ર, આગમ અને સુંદર કલાત્મક બગીઓ, શણગારેલી ટ્રકો, પ્રભુ મહાવીરના જીવન સંદેશને ઉજાગર કરતા આકર્ષણોથી શહેરીજનો ખૂબ પ્રભાવિત થયા હતા. રથયાત્રામાં પ્રભુ મહાવીર સ્વામીના દિવ્ય જીવન વિશેની અનોખી ઝાંખીઓ પણ ખાસ આકર્ષણરૂપ હતી. માણેકબાગ હોલ પાસે આવેલ તુલીપ સીટાડેલ ગ્રાઉન્ડમાં ઊભા કરાયેલા ભવ્ય મંડપમાં ધર્મસભાના રૂપમાં ફેરવાઈ હતી. જ્યાં પ્રભુ મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી માટે જૈનોની જંગી મેદની ઉમટી પડી હતી. દિગંબર, શ્વેતાંબર, તેરાપંથી અને અન્ય સ્થાનકવાસી સમુદાયના સાધુજી - સાધ્વીજી મહારાજ અને 'જીતો'ના પ્રમુખ શ્રી ગણપતભાઈ

કે.કે. સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા

લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી

એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨

E-mail : kaykay_industries@yahoo.com

ચૌધરી, ચેરમેન શ્રી ઉત્કર્ષભાઈ શાહ વગેરે ત્યાં ઉપસ્થિત હતા. તેઓએ જૈન સંપ્રદાયના અનુયાયીઓને ભગવાન મહાવીરે આપેલા અહિંસા, જીવદયા, વિશ્વશાંતિના સંદેશાઓને જીવનમાં સાચા અર્થમાં ચરિતાર્થ કરવા અનુરોધ કર્યો હતો.

અત્રે નોંધનીય છે કે માણેકબાગ હોલ પાસેના ગ્રાઉન્ડમાં ઉપરોક્ત ઉજવણી પ્રસંગે પાંચ બહેનોએ સંસારનો ત્યાગ કરીને સંયમી જીવનની દીક્ષા અંગીકાર કરેલ. આ ત્યાગથી ઉપસ્થિત સમુદાય ભાવવિભોર બની ગયો હતો.

આ રીતે નારાણપુરા ટેલિફોન એક્ષચેન્જ પાસે મંગલમૂર્તિ જૈન સંઘ દ્વારા મહારાજ સાહેબોની નિશ્રામાં ભક્તિ ગીતો સાથે જન્મોત્સવની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૫૬ દિક્ કુમારિકાઓએ પ્રભુ જન્મોત્સવની ઉજવણીના પ્રસંગે ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ જ પ્રકારે ખાનપુર જૈન સંઘ દ્વારા ભગવંતોની નિશ્રામાં જન્મ કલ્યાણક વાંચન દરમ્યાન ત્રિશલા માતાના ૧૪ સ્વપ્નની આબેહૂબ ઝાંખી કરાવવામાં આવી હતી. તે ઉપરાંત, રાયપુર શામળાની પોળના મહાવીર સ્વામી જૈન દેરાસર દ્વારા પણ ભવ્ય મહાપૂજા અને આંગીનું આયોજન થયું હતું. આખી પોળને લાઈટિંગની ઝળહળતી રોશનીથી પ્રકાશિત કરવામાં આવી હતી. તે સિવાય, પાલડી સ્થિત ભગવાનના ટેકરા પાસેના જૈન સંઘ, સોલારોડ મૂર્તિપૂજક જૈન સંઘ તેમજ સાબરમતી જૈન સંઘ વગેરે સ્થળોએ પણ આ પ્રસંગે ભવ્ય કાર્યક્રમો યોજાયા હતા.

*દિનેશ આર. મહેતા*

★

## પેરા પ્લેજિક - કરોડરજ્જુ માટે નવી ટેકનિકથી સારવાર અંગે વર્કશોપ

પેરા પ્લેજિક અથવા કરોડરજ્જુની બીમારીવાળા દર્દીઓ પણ પોતાના પગ પર ઊભા રહી શકે અથવા તો હલનચલન કરી શકે તે માટે નવી ટેકનિક અંગેની જાણકારી આપવા ભારતમાં સૌ પ્રથમવાર કચ્છ - બિદડા ખાતે તાજેતરમાં બે દિવસ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમેરિકા અને સિંગાપોરથી આવેલા તજજ્ઞોએ કૃત્રિમ અંગ અને અવયવો બનાવવા સંબંધી આધુનિક ટેકનોલોજીની વિસ્તૃતપણે જાણકારી આપી હતી. આ પ્રકારની નવી પદ્ધતિથી કુલ નવ દર્દીઓને જરૂરી અંગો ફીટ કર્યા બાદ હલનચલન અંગે યોગ્ય તાલીમ પણ આપવામાં આવી હતી. બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા દર્દીઓને સારવાર પેટેના ખર્ચમાં રાહત તેમજ અન્ય સુવિધાઓ આપવામાં આવેલ. દર્દી પોતાના પગ દ્વારા આસાનીથી ચાલી શકે તે માટેના જરૂરી સાધનો બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા પોતાના વર્કશોપમાં જ તૈયાર કરવામાં આવે છે, તેમ ટ્રસ્ટની એક પ્રેસનોટમાં જણાવાયું હતું.

★

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ

### નિઃશુલ્ક નેચરોપથી સારવાર શિબિર યોજવામાં આવી

સંસ્થા દ્વારા તેરમા નિઃશુલ્ક નેચરોપથી સારવાર શિબિરનું આયોજન તાજેતરમાં કચ્છ - નલિયા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં હાથ, પગ, ઘુંટણનો દુઃખાવો, પેરેલિસિસ, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, આંખ, કાનની તકલીફ વગેરે માટેના અંદાજિત ૨૫૧ દર્દીઓને સફળતાપૂર્વક સારવાર આપવામાં આવી હતી, તેમ ટ્રસ્ટના એક અહેવાલમાં જણાવાયું હતું.

★

## સદ્‌વિચાર પરિવાર - અમદાવાદ સ્વ. હરિભાઈ પંચાલ સેવારત્ન ઍવોર્ડ અર્પણ

સદ્‌વિચાર પરિવારના આદ્ય સ્થાપક અને લોકસેવક સ્વ. હરિભાઈ પંચાલની પુણ્યસ્મૃતિ જળવાઈ રહે તે માટે સદ્‌વિચાર પરિવાર દ્વારા ડાંગ સ્વરાજ આશ્રમની સ્થાપના કરીને પછાત આદિવાસીઓના જીવનમાં નવી રોશની પ્રગટાવનાર સ્વાતંત્ર્ય સેનાની શ્રી ઘેલુભાઈ ગુલાબભાઈ નાયકને 'સ્વ. શ્રી હરિભાઈ પંચાલ સેવારત્ન ઍવોર્ડ' અર્પણ કરવામાં આવ્યો તેમજ સન્માનપત્ર સાથે રૂા. ૧,૨૫,૦૦૦ની શુભેચ્છા રકમનો ચેક આપવામાં આવેલ. શ્રી નાયકે તેમના પ્રવચનમાં કહ્યું કે, આપણી પાસે જે કંઈ છે તેમાંથી સમાજના જરૂરતમંદોની યથાશક્તિ સેવા કરવી જોઈએ. બહેનોને હિંમત આપતા જણાવ્યું હતું કે, તેઓએ બહાદુરીપૂર્વક જીવવું જોઈએ અને કુદૃષ્ટિ કરનાર તરફ આક્રમક બનીને સામનો કરવાનો સમય આવી ગયો છે. દરેક માનવીએ તમામ પ્રાણીઓ પ્રત્યે પ્રેમભાવ રાખવો જોઈએ. હિંસક પ્રાણીઓ પ્રત્યે પણ પ્રેમ રાખવાથી તેઓ પણ માનવીના મિત્ર બની જાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, માનવ તરીકે જન્મ્યા તો માનવ થઈને જીવીએ અને જીવનમાં માનવતા મહેકાવીએ, તેમ સંસ્થાની એક પ્રેસનોટમાં જણાવાયું હતું. ■

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar, Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે, મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) નવી દવા બજારમાં મૂકતા પહેલાં પ્રાણીઓ પર એના અખતરા કરવામાં આવે છે. એકલા અમેરિકામાં દર વર્ષે ૨૩ હજાર ઘેટાં, ૪૬ હજાર ડુક્કર, ૮૫ હજાર વાંદરા, ૨ લાખ બિલાડી, ૨ લાખ સાપ, ૨ કરોડ દેડકાં અને સાડા ચાર કરોડ ઉંદરનો લેબોરેટરીમાં ભોગ લેવાય છે. ***(ચિત્રલેખા, તા. ૧૦-૩-૨૦૧૪)***

(૨) વિદેશી કંપનીઓ આપણા દેશની ઘરેલુ વપરાશની ચીજવસ્તુઓ પર કબજો જમાવી રહી છે. પાણી પછી હવે તેમની નજર દૂધ ઉપર છે. તાજેતરમાં જ ફ્રાન્સની કંપની 'લેક્ટેસ' દ્વારા દક્ષિણ ભારતની સૌથી મોટી દૂધની ડેરી 'તિરુમાલા-ડેરી'ને રૂા. ૧૭૫૦ કરોડમાં ખરીદી લેવામાં આવેલ છે. ***(સાધના, તા. ૧૫-૩-૨૦૧૪)***

(૩) સાઉદી સરકારે પોતાના રાષ્ટ્રપતિ નિવાસનો માર્ગ મોકળો કરવા માટે મહંમદ પયગંબર સાહેબના જન્મ સ્થળને તોડી પાડવાનો નિર્ણય કરેલ છે. ઉપરાંત નિર્માણ પામી રહેલા એક કોમ્પ્લેક્સને કારણે હરમ શરીફ નજીક આવેલા મુસ્લિમો માટે પવિત્ર એવા ગ્રંથાલયને પણ હટાવવામાં આવશે. ***(સાધના, તા. ૧૫-૩-૨૦૧૪)***

(૪) તુર્કીના 'ધી રીલિજિયસ એન્ડાઉમેન્ટ' મંત્રાલયે ત્યાંના ૫૫,૦૦૦ મસ્જિદના ઈમામોને બરતરફ કર્યા છે. તેઓ પર આરોપ છે કે તેઓ મસ્જિદોનો ઉપયોગ આતંકવાદને ઉત્તેજન આપવા માટે કરી રહ્યા છે. ***(સાધના, તા. ૧૫-૩-૨૦૧૪)***

(૫) શિકાગોમાં યોજાયેલી અંગ્રેજી ભાષાના સ્પેલિંગ સ્પર્ધામાં ભારતીય મૂળના ૧૩ વર્ષના એક છોકરા તથા અમેરિકન ૧૧ વર્ષની છોકરી બંને ૬૬ રાઉન્ડમાં સરખા પાર ઉતર્યા. નિર્ણાયકો પાસે નવા શબ્દો ખૂટી પડતાં બંને વચ્ચે ટાઈ જાહેર કરવી પડી! ***(સાધના, તા. ૧૫-૩-૨૦૧૪)***

(૬) ઇઝરાયેલમાં ત્યાંની હિબ્રુ યુનિવર્સિટીમાં આપણા કુલગુરુ રવીન્દ્રનાથ ઠાકુરની સાર્ધશતાબ્દી નિમિત્તે તેમની પ્રતિમાની સ્થાપના કરી છે. ***('ઓળખ', માર્ચ-૨૦૧૪)***

(૭) સાઉદી અરેબિયામાં ડૉક્ટરે લખી આપેલી દવા ખરીદવાની પ્રિસ્ક્રિપ્શનને ઑડિટ કરવાનો કાયદો થતાં ત્યાંના ડૉક્ટરોએ ખોટી - નકામી દવાઓ લખવાનું બંધ કર્યું. ***(ભૂમિપુત્ર, તા. ૧૬-૨-૨૦૧૪)***

(૮) બ્રિટનની સૌથી મોટી દવા કંપની 'ગ્લેક્સો સ્મિથ' દ્વારા ચીનના ડૉક્ટરોને રાજી કરવા ત્યાંની ટ્રાવેલ એજન્સીઓને ૪૯૦ મિલિયન ડોલરની રકમ લાંચ તરીકે આપી. અમેરિકન સરકારે આ જી.એસ.કે. કંપનીને ગેરરીતિ આચરવા બદલ ૩ બિલિયન ડોલરનો દંડ કરેલ છે. ***(ભૂમિપુત્ર, તા. ૧૬-૨-૨૦૧૪)***

(૯) છેલ્લા પાંચ વર્ષમાં દવાની મોટી મોટી કંપનીઓ જેવી કે જી.એસ.કે., ફાઈઝર, જહોન્સન, અસ્ટ્રઝેનેકા, મર્ક, અબ્બોટ, ઈલીલીલી સોલરજન વિ. કંપનીઓને વિવિધ ગેરરીતિ આચરવા બદલ ૧૩ બિલિયન ડોલરનો દંડ કરવામાં આવેલ છે. ***(ભૂમિપુત્ર, તા. ૧૬-૨-૨૦૧૪)***

(૧૦) વર્ષ ૨૦૧૪ના જાન્યુઆરી મહિનામાં ઘણી ઠંડી પડેલી. ત્યારે એક મંદિરમાં ભગવાનની મૂર્તિને ઠંડી ન લાગે તે માટે ચાંદીની સગડીમાં દેવતા પેટાવીને ભગવાન પ્રત્યે ભક્તિ દર્શાવવામાં આવેલી. આ બનાવના બીજે દિવસે શીરડીના સાંઈબાબા (જેઓ સાચા ફકીર હતા)ની મૂર્તિને શ્રધ્ધાળુઓએ ધાબળો ઓઢાડીને પોતાની ભક્તિનું પ્રદર્શન કરેલું. ***('વિવેકપંથી', ફેબ્રુઆરી-૨૦૧૪)***

(૧૧) અમેરિકાની ફેડરલ કોર્ટે હાલમાં એવો ચુકાદો આપ્યો છે કે ન્યુયોર્કની પોલીસ (N.Y.P.D.) મુસ્લિમો પર જાસૂસી કરે તેમાં કશું જ ખોટું નથી. ***(સાધના, તા. ૨૨-૩-૨૦૧૪)***

(૧૨) એકલા મુંબઈ શહેરમાં વર્ષ ૨૦૦૬થી ૨૦૧૩ સુધીમાં કુલ ૩૨,૮૨૦ યુગલોએ કોર્ટમાં છુટાછેડા માટે અરજી કરી છે. તેમાંથી છેલ્લા ૫ વર્ષમાં ૨૬,૮૧૩ દંપતીઓને છુટાછેડા મળી ગયા છે. ***(સાધના, તા. ૨૨-૩-૨૦૧૪)***

(૧૩) છેલ્લા ૪ વર્ષમાં ગુજરાત સરકારે પોતાના ખાસ વકીલો પાછળ રૂા. ૧૮૮ કરોડ જેટલી ફી ચૂકવી છે. ***(નયા માર્ગ, તા. ૧૬-૩-૨૦૧૪)***

(૧૪) સ્વિટ્ઝર્લેન્ડની ગેલોપ ઈન્ટરનેશનલ નામની સંસ્થાએ વિશ્વમાં ધાર્મિક, અધાર્મિક તથા નાસ્તિક લોકો વિશે સર્વે કર્યો અને જણાવ્યું કે જગતના ગરીબ દેશો વધારે ધાર્મિક છે. ધાર્મિકતાને ગરીબી સાથે સીધો સંબંધ છે. ભારતમાં ૮૨% લોકો ધાર્મિક છે, જ્યારે વિશ્વના સમૃધ્ધ દેશોમાં જર્મની, જાપાન, ઝેકોસ્લોવાકિયા, ફ્રાન્સ વિ. દેશોમાં નાસ્તિકોનું પ્રમાણ લગભગ ૫૦ ટકા જેટલું છે. ***(દલિત અધિકાર, તા. ૧૬-૩-૨૦૧૪)***

(૧૫) ગુજરાતના મહેસાણા જિલ્લાના દલિત કોમના લોકો પોતાની ગાય-ભેંસનું દૂધ, ત્યાંની 'દૂધ સહકારી મંડળી'ને વેચી શકતા નથી કારણકે દલિતો દ્વારા આપવામાં આવતા દૂધને 'દલિતોની ગાય'નું દૂધ માનવામાં આવે છે. ***(દલિત અધિકાર, તા. ૧૬-૩-૨૦૧૪)***

(૧૬) રાજ્યકક્ષાના ગુજરાતના ખેલાડીને બે સમયના ભોજનના રૂા. ૯૦/- ચૂકવવામાં આવે છે. ***(નયા માર્ગ, તા. ૧૬-૩-૨૦૧૪)***
*(પછી ક્યાંથી જીતે ગુજરાત...?!!)*

(૧૭) વેલેન્ટાઈન ડે નિમિત્તે દક્ષિણ ભારતમાંથી ૬૦ લાખ ગુલાબની નિકાસ થઈ. ***(વિવેકપંથી, માર્ચ-૨૦૧૪)***

(૧૮) મહેસાણા જિલ્લાના ભાસરિયા ગામના દારૂના અડ્ડા પર દરોડો પાડવા ગયેલા પી.એસ.આઈ. અનિલાબહેન પર બુટલેગરે જીવલેણ હુમલો કરતાં પી.એસ.આઈ. અનિલાબહેને પોલીસ કંટ્રોલથી માંડીને ખુદ મુખ્યમંત્રી કાર્યાલય પાસેથી મદદ માગી, પણ ક્યાંયથી મદદ ન મળી. ***(નયા માર્ગ, તા. ૧-૪-૨૦૧૪)***

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

વાચક મિત્રો, આ અંક આપના હાથમાં આવશે ત્યારે સોળમી લોકસભાના પ્રચારના પડઘમ શાંત પડી ગયા હશે. છેલ્લા ચરણની ચૂંટણી પણ પતી ગઈ હશે અને ભારતના નવા વડાપ્રધાનની તાજપોશીની પ્રક્રિયા ચાલતી હશે.

આ પહેલાં, લોકસભાની કુલ પંદર ચૂંટણીઓ ૧૯૫૨થી આજ સુધી યોજાઈ ગયેલ છે. તેના લેખાજોખા આ પ્રમાણે છે.

ભારતના બંધારણના ઘડવૈયા શ્રી ડૉ. બાબાસાહેબ આંબેડકરે ૧૯૫૨માં યોજાયેલી પ્રથમ ચૂંટણીમાં ભાગ લીધો હતો. ૪૮૯ બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસે ૩૯૮ બેઠકો જીતી હતી પણ કાશ્મીર વિભાજનના સમર્થનના લીધે મુંબઈથી ઊભા રહેલા આંબેડકર ચૂંટણી હારી ગયા હતા.

૧૯૫૭ની બીજી ચૂંટણીમાં ૪૯૬ બેઠકોમાંથી કોંગ્રેસે ૪૦૨ બેઠકો મેળવી હતી.

૧૯૬૨માં પણ ૫૧૫ બેઠકોમાંથી કોંગ્રેસે ૩૯૪ બેઠકો પર વિજય મેળવ્યો હતો. આ વખતે ભારતે તેના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ અને ૧૯૬૬માં શ્રી લાલબહાદુર શાસ્ત્રીને ખોયા.

૧૯૬૭માં ૫૨૦ બેઠકો પર લડાયેલ ચૂંટણીમાં કોંગ્રેસે ૩૦૩ બેઠકો પર જીત મેળવી. પણ કોંગ્રેસના બે ભાગલા પડ્યા.

૧૯૭૧માં વચગાળાની ચૂંટણીમાં ૫૧૮માંથી કોંગ્રેસે ૩૭૨ બેઠકો પર વિજય મેળવ્યો હતો.

૧૯૭૭માં ઈમરજન્સીથી નારાજ થઈને જનતાએ કોંગ્રેસના ૩૦ વરસના શાસનનો પલટો કરી ૫૪૨માંથી જનતા પક્ષને ૩૦૨ બેઠકો મળી અને મોરારજી દેસાઈ વડાપ્રધાન બન્યા.

૧૯૮૦માં જનતા પાર્ટીની સરકારનું પતન થતાં વચગાળાની ચૂંટણીમાં ઈંદિરા ગાંધી ૫૪૨ માંથી ૩૭૭ બેઠકો મેળવી, ઈંદિરા ગાંધી ફરી વડાપ્રધાન બન્યા.

૧૯૮૪માં ઈંદિરા ગાંધીની હત્યાથી અભિભૂત થયેલ જનતાએ ૪૨૦ બેઠકો પર કોંગ્રેસને જીતાડી રાજીવ ગાંધીને વડાપ્રધાન બનાવ્યા.

૧૯૮૯માં ગઠબંધન સરકાર બની અને વી.પી.સિંહ વડાપ્રધાન બન્યા. કોંગ્રેસને ૧૯૫ બેઠકો મળી.

૧૯૯૧માં વચગાળાની ચૂંટણીમાં કોંગ્રેસે ૨૮૨ બેઠકો જ મેળવી પણ પી.વી. નરસિંહરાવે પોતાની કુશળતાથી પૂરા પાંચ વરસ લઘુમતી સરકાર ચલાવી.

૧૯૯૬માં ૧૬૩ બેઠકો મેળવી ભાજપની સરકાર બની પણ માત્ર ૧૩ દિવસ જ ચાલી. ત્યારબાદ સંયુક્ત મોરચાની સરકારમાં દેવગૌડા અને ગુજરાલ વડાપ્રધાન બન્યા.

૧૯૯૮માં ભાજપ ૧૮૩ બેઠકો મેળવીને મોટા પક્ષ તરીકે ૧૩ મહિના સરકાર ચલાવી.

૧૯૯૯માં કારગીલ યુદ્ધ જીતીને ભાજપ સત્તામાં આવ્યો અને પહેલી બિનકોંગ્રેસી સરકાર બની, જે પૂરા પાંચ વરસ ચાલી.

૨૦૦૪માં કોંગ્રેસે ૧૪૮ બેઠક મેળવી એન.ડી.એ. પાસેથી સરકાર આંચકી લીધી.

૨૦૦૯માં ૨૦૦ બેઠકો સાથે ફરીથી કોંગ્રેસે સરકાર રચી.

અત્યાર સુધીના ઈતિહાસમાં ગુજરાતના નીચેના મહાનુભાવો લોકસભાના જુદા જુદા પદો ઉપર બિરાજમાન થયેલા છે.

૧૯૫૨ની પ્રથમ લોકસભાના પ્રથમ સ્પીકર અમદાવાદથી ચુંટાયેલા ગણેશ વાસુદેવ માવળંકર પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ અને બીજા વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના અવસાન પછી વચગાળાની સ્થિતિમાં બે વાર ગુલઝારીલાલ નંદાએ વડાપ્રધાન પદ શોભાવ્યું હતું.

૧૯૭૭માં પ્રથમ જનતા સરકારના સૂત્રધાર વડાપ્રધાન તરીકે મોરારજી દેસાઈ હતા.

૧૯૯૬માં ગાંધીનગરથી અટલબિહારી બાજપેયી વડાપ્રધાન બન્યા હતા. પરંતુ તેમણે લખનૌમાંથી પણ ચૂંટણી લડેલા હોવાથી ગાંધીનગરની બેઠક છોડી દીધી હતી.

૧૯૪૭માં સરદાર વલ્લભભાઈ પટેલ નાયબ વડાપ્રધાન બન્યા પછી શ્રી મોરારજી દેસાઈ ૧૯૬૭થી ૧૯૬૯ સુધી નાયબ વડાપ્રધાન હતા. ત્યારબાદ ગાંધીનગર બેઠક પરથી જીતેલા લાલકૃષ્ણ અડવાણી નાયબ વડાપ્રધાન બનવામાં સફળ રહ્યા હતા.

ગુજરાતમાંથી ચુંટાયેલા નીચેના મહાનુભાવોએ મંત્રીપદ શોભાવ્યું છે : ઘનશ્યામ ઓઝા, મનુભાઈ શાહ, એચ.એમ. પટેલ, દિગ્વિજયસિંહ ઝાલા, ડૉ. વલ્લભ કથીરિયા, ભાવનાબેન ચિખલિયા, મનુભાઈ કોટડિયા, હરીન પાઠક, મગનભાઈ બારોટ, શંકરસિંહ વાઘેલા, બી.કે. ગઢવી, શાંતિલાલ પટેલ, હિતેન્દ્ર દેસાઈ, દિનશા પટેલ, નારાણ રાઠવા, એહમદ પટેલ (સંસદીય સચિવ), કાશીરામ રાણા, એ. કે. પટેલ, ઉત્તમ પટેલ, તુષાર ચૌધરી, ભરતસિંહ સોલંકી.

અત્યાર સુધી ૧૫ લોકોએ લોકસભાના અધ્યક્ષ (સ્પીકર)નો હોદ્દો સંભાળ્યો છે : (૧) ગણેશ માવળંકર, (૨) અનતં આયંગર, (૩) હુકમસિંહ, (૪) નીલમ રેડ્ડી, (૫) જી. એમ. ધીલ્લોન, (૬) બલરામ ભગત, (૭) નીલમ રેડ્ડી, (૮) કે. એસ. હેગડે, (૯) બલરામ જાખડ, (૧૦) રવિરાય, (૧૧) શિવરાજ પાટીલ, (૧૨) પી. એ. સંગમા, (૧૩) ગાતી બાલયોગી, (૧૪) મનોહર જોષી, (૧૫) સોમનાથ ચેટરજી અને (૧૬) શ્રીમતી મીરા કુમાર.

શ્રી નીલમ રેડ્ડીએ ૧૯૬૭થી ૬૯ અને ૧૯૭૭માં આ પદ સંભાળ્યું હતું. ■

*વધુ પડતી લાલચ ભારે પડે છે.*

## શબ્દ રમત-૯૩

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | ૫ | ૬ | ૭ | | ૮ | |
| ૯ | | | ૧૦ | | | | ૧૧ | | ૧૨ | | |
| | | | | | ૧૩ | | | ૧૪ | | | ૧૫ |
| ૧૬ | ૧૭ | | | ૧૮ | | ૧૯ | ૨૦ | | | ૨૧ | |
| | | | ૨૨ | | ૨૩ | | | | ૨૪ | | ૨૫ |
| ૨૬ | | ૨૭ | | | ૨૮ | ૨૯ | | ૩૦ | | ૩૧ | |
| ૩૨ | ૩૩ | | ૩૪ | ૩૫ | | | | | | | |
| | ૩૬ | ૩૭ | | | | | | ૩૮ | ૩૯ | | ૪૦ |
| | ૪૧ | | ૪૨ | | ૪૩ | | | | | | ૪૪ |
| ૪૫ | | | | | ૪૬ | | | ૪૭ | | ૪૮ | |
| ૪૯ | ૫૦ | | ૫૧ | | | | ૫૨ | | ૫૩ | | |
| ૫૪ | | | | | ૫૫ | | | ૫૬ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૫-૨૦૧૪)*

### આડી ચાવીઓ

૨. ચીજ સંખ્યા (૩)
૫. નારાયણ, નારાયણ બોલનાર (૩)
૮. પપ્પાના ભાઈ (૨)
૯. ઝાડનો મુખ્ય જાડો ભાગ (૨)
૧૦. પાણીમાં રહેતું એક સફેદ પક્ષી (૩)
૧૧. પ્રજાનું શાસન કરનારી સત્તા (૪)
૧૨. મોટરગાડી (અં.) કાર્ય, નિશ્ચય (૨)
૧૩. થાકવું તે, શ્રમ (૨)
૧૪. ઘોડો (૨)
૧૬. લખેલું ભુંસવા માટેનો પદાર્થ (૩)
૧૯. તપવું તે, તાપ, ગરમી, સૂર્ય (૩)
૨૧. ન્યાયાધીશ (અં.) (૨)
૨૨. સોનો સમુદાય, સેંકડો (૩)
૨૭. પરાજય (૨)
૨૮. નવલું, નવું, તરતનું, તાજું (૨)
૩૦. કાગળ, કાપડ કાપતાં નીચે પડેલો કચરો (૪)
૩૨. દીકરી એ તો પારકું ____ કહેવાય (૨)
૩૪. પ્રપંચ, કાવતરું (૪)
૩૬. બુધ્ધિ, મત, અભિપ્રાય (૨)
૩૮. લાઈસન્સ, પતંગિયું, રજાનો લેખી હુકમ (૪)
૪૧. નીમક, મીઠું, લૂણ (૩)
૪૩. કાવ્ય (૩)
૪૬. દેનારી, દાતા સ્ત્રી (૨)
૪૭. કાંતિ, તેજ, વડીલો માટે સંબોધન (૧)
૪૮. તંતુ, દોરો, રેસો (૨)
૪૯. ગુફા (૨)
૫૧. ઈન્દ્ર (૩)
૫૨. પવન, વાયુ (૧)
૫૪. જીવન દરમ્યાન, જીવન પછી દેહદાન (૪)
૫૫. દોરી, દોરડું (૨)
૫૬. ભપકાદાર, ભવ્ય ઈમારત (૪)

### ઊભી ચાવીઓ

૧. અક્કલનો ______ છે (૪)
૩. કબ્ર, ઘોર (૩)
૪. મતિ (૨)
૬. સાર, પારો (૨)
૭. દ્વારપાળ (૪)
૮. કાર્ય, નિશ્ચય, ગજુ (૨)
૧૦. પનો, જાત, માલ (૨)
૧૨. કાઝી, ઈસ્લામી ન્યાયાધીશ (૨)
૧૪. શરીરનો વર્ણ (૨)
૧૫. ધૂળનો કણ, અણુ (૪)
૧૭. જાત, પનો (૨)
૧૮. પિતા, બાપ (૨)
૨૦. તહેવાર, પવિત્ર દિવસ (૨)
૨૨. કરાર, બોલી (૩)
૨૩. સોનું (૩)
૨૪. જ્ઞાતિ, જાત (૨)
૨૫. દાણો, ઘણો નાનો ભાગ (૨)
૨૬. ____ ને દહીં બંનેમાં પગ રાખવો તે (૨)
૨૯. જેઠ પૂર્ણિમામાં વડની નીચે જેની પૂજા કરાય છે તે દેવતા (૫)
૩૦. હાક, ધાપ, કરપ (૩)
૩૧. રક્તવાત (૩)
૩૩. નમસ્કાર, વંદન (૩)
૩૫. લગની, હઠ (૨)
૩૬. અંતઃકરણ, દિલ, ઈચ્છા (૨)
૩૭. અંધારું (૨)
૩૯. કિંમતી પથ્થર (૨)
૪૦. ચાકર, સેવક (૩)
૪૨. કળા જાણનારું, ચંદ્ર (૪)
૪૩. મોટા કદવાળું, મજબૂત (૪)
૪૪. હાથ, વેરો (૨)
૪૫. ભાગોળ, ગામ આગળનું મેદાન (૩)
૪૯. ભાવ, કિંમત (૨)
૫૦. ખાલી, શૂન્ય (૨)
૫૧. વર્ણ (૨)
૫૩. ઠાલું, માત્ર, ફક્ત (૨)

*મન લાગે ત્યાં જ સુખ મળે છે.*

## શબ્દ રમત-૯૨નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | વ | સ | ર | | ચિ | | ક | મ | જો | ર | |
| હ | | જા | મ | | ત | મ | સ | | સ | | હ |
| મ | ત | | ત | ક | | ગ | મ | ન | | ક | ઠ |
| | ન | ન | | | સ | રી | | ટ | પા | લ | |
| મ | | ફ | | આ | પ્ત | | ર | | | મ | સ |
| રા | જ | ર | મ | ત | | આ | સ | મા | ન | | મ |
| લ | | ત | લ | પ | | | ક | ર | ક | સ | ર |
| | આ | | | ગ્ર | પા | | સ | | લં | | થ |
| ચ | બ | રા | ક | | વ | ગ | | | ક | | |
| ણ | | ત | લ | | ક | મ | જો | ર | | અ | દા |
| ત | ન | | ર | જ | | ગી | | મૂ | ક | | લ |
| ર | સ | મ | | ન | મ | ન | | જ | ર | ઠ | |

*માસ માર્ચ-૨૦૧૪ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૯૧ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | અરવિંદ રતનશી દેઢિયા | - ભુજ | બધા સાચા |
| ૨. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | બધા સાચા |
| ૪. | હેમલતા હસમુખ શેઠિયા | - અડાલજ | બધા સાચા |
| ૫. | શાંતિલાલ વ. શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૬. | ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - ભટ્ઠા, અમદાવાદ | બધા સાચા |
| ૭. | ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - સેટેલાઈટ, અ'વાદ | બધા સાચા |
| ૮. | શશીકલા એસ. શાહ | - ગાંધીનગર | બધા સાચા |
| ૯. | નવીનચંદ્ર શામજી લાલકા | - ગદગ | બધા સાચા |
| ૧૦. | અનસુયા કોન્ટ્રાક્ટર | - અમદાવાદ | બધા સાચા |
| ૧૧. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૧૨. | અજિત એમ. મહેતા | - અમદાવાદ | બધા સાચા |
| ૧૩. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૪. | ગુણવંતી ગુલાબચંદ ડાઘા | - અમલનેર | બધા સાચા |
| ૧૫. | કિશોર જે. શાહ | - ભુજ | ૧ ભૂલ |
| ૧૬. | વિનુ જયંત વોરા | - હૈદ્રાબાદ | ૧ ભૂલ |

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**એપ્રિલ - ૨૦૧૪ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- નવીનચંદ્ર જે. શાહ — ગોત્રી, વડોદરા
- રાજેશ મગનલાલ ગડા — ડોંબીવલી (ઈસ્ટ), થાણે
- દિનેશ મોહનલાલ કોઠારી — અંજાર, કચ્છ
- નરેન્દ્ર રવિલાલ શાહ — ભુજ, કચ્છ
- યુસુફખાન — ગાંધીનગર
- શાંતિલાલ હીરજી સંગોઈ — વલસાડ
- લક્ષ્મીચંદ એન. શાહ — વડોદરા

#### ૩ વર્ષનું લવાજમ

- ચંપકલાલ પી. શાહ — ચેન્નાઈ
- નવીન શામજી શાહ — વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ
- વાડીલાલ નાનાલાલ મોરબિયા — ભુજ, કચ્છ

#### ૫ વર્ષનું લવાજમ

- કવિતા આર. જૈન — શાહીબાગ, અમદાવાદ

- આરતીબેન જતીનભાઈ શાહ — વાસણા, અમદાવાદ
- નયનભાઈ શાહ — રાઉરકેલા, ઓરિસ્સા

### રીન્યુ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- કાંતિલાલ એસ. ફોફળિયા — કોઈમ્બતુર
- વાસંતીબેન ગૌતમ શાહ — વાસણા, અમદાવાદ

#### ૩ વર્ષનું લવાજમ

- મણિબેન ચંદ્રકાંત મૈશેરી — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

#### આજીવન

- બિપીન હરિલાલ શાહ — પૂણે

neelam
STEEL CENTRE
G-75, Sarvoday Nagar,
1st Panjrapole Lane, C.P. Tank,
Mumbai-400 004.
Tel. : 022-2242 0227 / 7128, 32428386
E-mail : neelamsteel@yahoo.com

## Nano 9 Sudoku

***શરતો :***

*૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.*

*૨. ૧થી ૯ના આંકડા 3 X 3 ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.*

*માર્ચ-૨૦૧૪ના અંકમાં છપાયેલ*
*સુડોકુ-૧૦૪૭ના સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. રમેશ ઉમરશી સાવલા - અમદાવાદ
૩. દેવેન દિલીપ દંડ - અમદાવાદ
૪. અક્ષરા મુકુંદ શાહ - અમદાવાદ
૫. અવંતી દેવેશ દંડ - અમદાવાદ
૬. શાંતિલાલ રતનશી શાહ - અમદાવાદ
૭. માનસી પ્રીત શાહ - અમદાવાદ
૮. ભારતી મનીષ વોરા - અમદાવાદ
૯. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૧૦. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૧૧. ગીતા વિનોદ મહેતા - અમદાવાદ
૧૨. ધરા નાગડા - અમદાવાદ
૧૩. અરવિંદ રતનશી દેઢિયા - ભુજપુર
૧૪. હસમુખ દામજી દેઢિયા - અડાલજ
૧૫. વિનુ જયંત વોરા - હૈદ્રાબાદ
૧૬. મિતેશ જયંતીલાલ દેઢિયા - ભુજપુર
૧૭. ઉષા ભરત સંઘવી - રાઉરકેલા
૧૮. નયના નવીન રાંભિયા - મુંબઈ
૧૯. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૨૦. મુલકુમારી કુમારપાલ લાલકા - ગદગ
૨૧. હર્ષદ ખેતશી ગાંધી - બેંગ્લોર

ઉપર્યુક્ત ૨૧ સાચા જવાબ મોકલનારાઓના લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. જેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.

**★ વિજેતાઓ ★**

- *ઉષા ભરત સંઘવી - રાઉરકેલા*
- *ભારતી મનીષ વોરા - અમદાવાદ*
- *ગીતા વિનોદ મહેતા - અમદાવાદ*

## Nano 9 Sudoku

*રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)*

*સુડોકુ ક્રમાંક-૧૦૪૯ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૫-૨૦૧૪ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જૂન-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૦૪૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૧ | ૭ | | | | | |
| | | | | ૫ | | | | ૯ |
| | ૨ | | | | ૩ | | ૬ | |
| | | ૫ | ૮ | | | ૪ | ૩ | |
| | | ૨ | | ૪ | | ૯ | | |
| | ૩ | ૪ | | | ૭ | ૫ | | |
| | ૧ | | ૯ | | | | ૮ | |
| ૩ | | | | ૬ | | | | |
| | | | | | ૧ | ૩ | | ૪ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | | | | | ૧ | ૭ |
| ૩ | ૮ | | ૭ | | | | | |
| | | ૭ | ૨ | | ૧ | | | |
| | | ૩ | | ૨ | | | ૮ | ૫ |
| | | | | ૩ | | | | |
| ૪ | ૭ | | | ૧ | | ૯ | | |
| | | | ૫ | | ૪ | ૬ | | |
| | | | | | ૮ | | ૭ | ૪ |
| ૭ | ૧ | | | | | | | ૯ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | ૮ | ૯ | | | ૬ | | |
| | ૯ | | | | ૫ | | ૮ | |
| | | | | ૨ | | ૧ | | |
| | | | ૩ | | | | ૨ | ૪ |
| | | ૯ | | ૬ | | ૭ | | |
| ૫ | ૧ | | | | ૪ | | | |
| | | ૪ | | ૯ | | | | |
| | ૭ | | ૨ | | | | ૯ | |
| | | ૩ | | | ૧ | ૮ | ૭ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૯ | ૨ | | ૮ | | |
| | | ૮ | | | | ૬ | | ૨ |
| | ૨ | | | | ૫ | | ૯ | |
| ૬ | | | | | ૧ | | | ૪ |
| | | | | ૭ | | | | |
| ૫ | | | ૨ | | | | | ૯ |
| | ૯ | | ૩ | | | | ૭ | |
| ૮ | | ૩ | | | | ૪ | | |
| | | ૪ | | ૬ | ૨ | | | ૮ |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૪૮**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૫ | ૬ | ૧ | ૮ | ૭ | ૩ | ૪ |
| ૪ | ૩ | ૧ | ૯ | ૭ | ૨ | ૫ | ૮ | ૬ |
| ૮ | ૬ | ૭ | ૫ | ૩ | ૪ | ૯ | ૧ | ૨ |
| ૫ | ૯ | ૩ | ૨ | ૮ | ૬ | ૧ | ૪ | ૭ |
| ૧ | ૮ | ૬ | ૭ | ૪ | ૫ | ૨ | ૯ | ૩ |
| ૨ | ૭ | ૪ | ૧ | ૯ | ૩ | ૬ | ૫ | ૮ |
| ૭ | ૪ | ૯ | ૩ | ૬ | ૧ | ૮ | ૨ | ૫ |
| ૩ | ૧ | ૨ | ૮ | ૫ | ૭ | ૪ | ૬ | ૯ |
| ૬ | ૫ | ૮ | ૪ | ૨ | ૯ | ૩ | ૭ | ૧ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૨ | ૫ | ૧ | ૯ | ૬ | ૩ | ૭ |
| ૩ | ૫ | ૭ | ૪ | ૬ | ૮ | ૯ | ૨ | ૧ |
| ૬ | ૧ | ૯ | ૨ | ૭ | ૩ | ૪ | ૮ | ૫ |
| ૧ | ૨ | ૬ | ૭ | ૮ | ૪ | ૫ | ૯ | ૩ |
| ૫ | ૮ | ૩ | ૯ | ૨ | ૧ | ૭ | ૪ | ૬ |
| ૭ | ૯ | ૪ | ૬ | ૩ | ૫ | ૨ | ૧ | ૮ |
| ૪ | ૭ | ૮ | ૧ | ૫ | ૨ | ૩ | ૬ | ૯ |
| ૨ | ૩ | ૫ | ૮ | ૯ | ૬ | ૧ | ૭ | ૪ |
| ૯ | ૬ | ૧ | ૩ | ૪ | ૭ | ૮ | ૫ | ૨ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯ | ૫ | ૩ | ૬ | ૧ | ૪ | ૮ | ૭ |
| ૬ | ૧ | ૮ | ૭ | ૪ | ૯ | ૩ | ૨ | ૫ |
| ૪ | ૭ | ૩ | ૮ | ૨ | ૫ | ૬ | ૯ | ૧ |
| ૮ | ૨ | ૯ | ૫ | ૩ | ૬ | ૭ | ૧ | ૪ |
| ૩ | ૫ | ૧ | ૪ | ૭ | ૮ | ૨ | ૬ | ૯ |
| ૭ | ૪ | ૬ | ૯ | ૧ | ૨ | ૮ | ૫ | ૩ |
| ૫ | ૩ | ૨ | ૧ | ૮ | ૪ | ૯ | ૭ | ૬ |
| ૧ | ૮ | ૪ | ૬ | ૯ | ૭ | ૫ | ૩ | ૨ |
| ૯ | ૬ | ૭ | ૨ | ૫ | ૩ | ૧ | ૪ | ૮ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૩ | ૨ | ૫ | ૪ | ૬ | ૯ | ૧ | ૮ |
| ૬ | ૮ | ૫ | ૯ | ૧ | ૨ | ૩ | ૪ | ૭ |
| ૪ | ૯ | ૧ | ૩ | ૮ | ૭ | ૬ | ૨ | ૫ |
| ૨ | ૫ | ૪ | ૭ | ૯ | ૮ | ૧ | ૬ | ૩ |
| ૩ | ૬ | ૯ | ૧ | ૫ | ૪ | ૮ | ૭ | ૨ |
| ૧ | ૭ | ૮ | ૨ | ૬ | ૩ | ૪ | ૫ | ૯ |
| ૫ | ૨ | ૬ | ૮ | ૩ | ૧ | ૭ | ૯ | ૪ |
| ૯ | ૧ | ૩ | ૪ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૮ | ૪ | ૭ | ૬ | ૨ | ૯ | ૫ | ૩ | ૧ |



## હી આય જિંધગી.... (૧)

જનમ-મરણ વિચ્ચજી જાત્રા, ઈ આય જિંધગી,
જડે ભમેં જગમેં ને સમજુ કંઈયેં પ્રભુ બંદગી,
ડીં ઉગેને ડીં ઓલે, અંતે માયાસેં મિલે માંદગી,
જીવ્યા ઈનજો સરવૈયો મંઢીજા, ત હાર્યા હુંધા અજલગી,
છડ્યો ઈ નવાણુંજા ચક્કર, સ્વીકાર્યો તનમન સાદગી,
ત જિંધગી સાથ ડીંધીને, ધુનિયા લગાઈંધી યશ-કલગી,
કે આયાને કે વ્યા, ફેરો ફોગટને નાંય કિત્ત નામો નિશાન,
'રશ્મિન્' ચેં રૂડા એળો જીઓ, આંતેં રાજી થીયે ભગવાન.

## અંઈયા આય અટપટી જિંધગી...!!! (૨)

તોજે ચડા-ઉતારથી થકો, અંઈયા આય અટપટી જિંધગી,
કડવેં-મિઠ્ઠે અનુભવેંથી પ્યો ફિક્કો, અંઈયા આય અટપટી જિંધગી.
પેલા મુંકે થીણુંવો સપ્તરંગી ઈન્દ્રધનુષ જેળો,
હાણેત હિકડોજ રંગ પક્કો, અંઈયા આય અટપટી જિંધગી.
પેલા વસંત અચેને નયણ લગધો વો તન મુંજો,
હાણેત વિશાળ વેરાન રોગો, અંઈયા આય અટપટી જિંધગી.
બઈ કોઈ ઉમેધ બાકી કીં રૈઈ સગે તુંજ ચો જિંધગી?
'રશ્મિન્' કે કબૂલ આય જુકો, અંઈયા આય અટપટી જિંધગી.
હેવર-ત-જેર પત્તઝડ (પાનખર) અચેને ખિલણ લગે મન મુંજો,
હાણેત ઈની પન્ને જીંય ખેરી પોંધોને, પૂરી થૈ વેંધી ઈ અટપટી જિંધગી.

## જિંદગી!! (૩)

જિંદગી તારા છે ઘન-ઘોર ચક્કર,
લેવી મારે ક્યાં સુધી એ ટક્કર ...જિંદગી
ક્યાંયે દેખાતો નથી કિનારો,
જ્યાં જોઉં ત્યાં અંધકાર નક્કર ...જિંદગી
જાણે આભ તૂટ્યું મુજ પર,
કે દુઃખોનો માથે પડ્યો ડુંગર ...જિંદગી
એક સાંધુ ત્યાં તૂટે તેર,
દુઃખોની ચાલે વણઝાર ફક્કડ. ...જિંદગી
દુઃખોથી ખોયો પ્રેમ સૌના અંતરનો,
કોણ જ્યારે ક્યારે છૂટશે દુઃખોની પકડ ...જિંદગી
પ્રભુ! વિના આધાર રાખું તો કોનો?
કોણ મને ફરી ફરી દે સદ્ધર? ...જિંદગી

## કચ્છી પિરોલી

જલીયું ત ન જલાજે, પૂર્યું તય ન પૂરાજે
'રશ્મિન્' ચેં ઈ ક્યો પંખી, જુકો ઉડે ત ન ડિસાજે.
(જવાબ : પ્રાણ - જીવ)

*આ ત્રણે કવિતાઓ અને પિરોલી*
*"રશ્મિનનો રણકાર" ભાગ-૩ માંથી સાભાર*


# M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.



M/s. J. D. Roadlines
M/s. J. D. Logistics
M/s. J. D. Transport Co.



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

**PUNE**
708/18, Bhavani Peth,
Gurunanak Nagar, Pune-411 042
**Ph. : 26434611**

**CHINCHWAD**
128/B, Mohan Nagar, Sanghvi Compound,
Chinchwad, Pune-411 019.
**Ph. : 27471378, 27475167**

**MUMBAI**
Khajurwala Chambers, Gr. Floor, 313/315,
N.N. Street, Mumbai - 400 009.
**Ph. : 23426818, 23448705, 23400597**

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

**E-mail : jdtcompany@gmail.com**




સંકલન : દિનેશ આર. મહેતા

★ **કચ્છી બળદનો ઓમાનમાં દબદબો :** કચ્છ જે વિસ્તાર સાથે ઊંડો ઘરોબો ધરાવતા અરબી દેશ મસ્કત જ્યાં કચ્છના, એમાંય કાંઠાળપટ્ટી માંડવી અને અબડાસા તાલુકાના ઘણા લોકો ધંધાર્થે વસ્યા છે અને ત્યાંના સુલતાનને પણ કચ્છી સંસ્કૃતિ બળદગાડામાં રૂચિ લગાવી દીધી છે. જેથી છેલ્લા ચાર વર્ષથી ત્યાંના વાર્ષિક ઉત્સવ - રાષ્ટ્રીય દિનમાં કાઠડા અને કરોડિયાના બળદ ભાગ લઈ રહ્યા છે. એટલું જ નહીં પરંતુ ત્યાંના પુસ્તકોમાં પણ અહીંના બળદગાડાનો સમાવેશ કરાયો છે. **'જિત વસે હિકડો કચ્છી, તિત સજો અસાંજો કચ્છ'ને સાર્થક કરી કચ્છી સંસ્કૃતિ તરફ ઓમાનીઓને ઘેલું લગાડ્યું છે.** ઓમાનના વાર્ષિક ઉત્સવના દિવસે કચ્છી સંસ્કૃતિને ત્યાંના સુલતાન પણ જોતા હોય છે.

★ **કડવા પાટીદારોની લગ્નોની વ્યવસ્થા બેજોડ :** લખપત તાલુકા કડવા પાટીદાર જ્ઞાતિની લગ્ન વ્યવસ્થા બેજોડ છે. **૨૪ વર્ષથી કોઈના ઘરે જાન આવી નથી. કેમકે ફરજિયાત સમૂહલગ્ન વ્યવસ્થા અહીં છે.** અહીંના ૯ ગામોના સમૂહલગ્નો દયાપર ખાતે યોજાય છે. સમૂહ લગ્નમાં જોડાનાર પરિવાર પાસેથી માત્ર રૂા. ૫૦૦/- લેવામાં આવે છે. બાકી બધી વ્યવસ્થા દાતાઓના સહયોગથી પૂરી પાડવામાં આવે છે.

★ **અબડાસામાં પશુધન માટે ભૂખમરો :** ગત વર્ષ પાછોતરા અને ઓછા વરસાદનાં પગલે ખાસ કરીને ઢોરો માટે ભૂખમરાનું સંકટ ઊભું થયું હોવાથી માલધારી પશુપાલન વ્યવસાયવાળા ગરડા અને અન્ય વિસ્તારના ત્રીસેક ગામોમાં ઢોરોના મરણ થઈ રહ્યા છે. ઔદ્યોગિક એકમો ધરાવતા ગરડા વિસ્તારના ગામોમાં સ્વૈચ્છિક સંસ્થાઓ આગળ આવે તેવી માગ સાથે **અન્ય ઉદ્યોગગૃહો પણ કપરા સમયમાં ઢોરોની વહારે આવે તેવી ગ્રામ્ય વિસ્તારમાંથી માગ ઊઠવા પામી છે.** આખા અબડાસા તાલુકામાં ગત ચોમાસા દરમ્યાન અનિયમિત વરસાદે ઢોરો માટે કફોડી સ્થિતિ સર્જી છે પરંતુ ગરડા પંથકમાં તેની અસર વધુ વરતાઈ રહી હોવાથી ત્યાં **પંદર હજાર પશુધન ભૂખમરાનો સામનો કરી રહ્યું હોવાની વિગતો** બહાર આવી છે.

★ **મુંદ્રામાં સોનું ઝડપાયું :** મુંદ્રા નજીકના એમ.આઈ.સી.ટી. કન્ટેનર ટર્મિનલમાં સી.એસ.એફ. ખાતે વિદેશથી કન્ટેનરમાં આયાત કરાયેલા ઝીંકના જથ્થા સાથે દાણચોરીથી લઈ અવાયેલું રૂા. ૩.૬ કરોડનું બાર કિલો સોનું ઝડપી પડાતા સરહદી કચ્છ જિલ્લામાં લાંબા સમય બાદ સોનાની દાણચોરીનો તાજેતરમાં પર્દાફાશ થયો છે. સોનાનો આ જથ્થો રાજકોટ શહેરના એક સોની વેપારીએ મંગાવ્યો હોવાનું બહાર આવ્યું છે.

★ **તોલાણી પોલીટેકનિકનું વિસ્તરણ :** આદિપુરની અડધી સદી વટાવી ગયેલી તોલાણી ફાઉન્ડેશન ગાંધીધામ પોલીટેકનિક કોલેજમાં વિસ્તરણના ભાગરૂપે રૂા. બે કરોડના ખર્ચે બંધાનાર વધારાની સિવિલ વિંગના નિર્માણની શિલાન્યાસ વિધિ તાજેતરમાં કરવામાં આવી હતી. અખિલ ભારત ટેકનિકલ શિક્ષણ પરિષદના ધારાધોરણો અનુસાર આ વિસ્તરણ કાર્ય હાથ ધરાશે.

★ **નવતર યોજના 'રિચાર્જ કૂવા' :** અનિયમિત અને અપૂરતા વરસાદના કારણે કચ્છમાં ભૂગર્ભજળ ઊંડા ઊતરતા જતા હોવાથી જ્યારે જ્યારે પણ મેઘરાજા પૂરતી મહેર કરે ત્યારે કચ્છની ભૂરચના પ્રમાણે દરિયામાં વહી જતાં ચોમાસાના પાણીને રોકી, જમીનમાં ઉતારવાના લાંબાગાળાના આયોજન માટે પહેલી વખત 'રિચાર્જ કૂવા' બનાવવાના નવતર કામનો પ્રારંભ આ સરહદી કચ્છ જિલ્લામાંથી કરવામાં આવ્યો હોવાની વિગતો તાજેતરમાં પ્રાપ્ત થઈ છે. કચ્છમાં જ્યાં જ્યાં નદીના પટ વિસ્તારમાં ચેક ડેમ બનાવવામાં આવ્યા છે અને એ જળાશય ભરાઈ જાય છે તેની આસપાસ ૮૪૭ 'રિચાર્જ કૂવા' અલગ અલગ તાલુકામાં બનાવવાનું નક્કી થયું હતું. મળેલી જાણકારી પ્રમાણે ૮ - ૯ મીટરની ઊંડાઈ અને ૩-૪ મીટરના વ્યાસ ધરાવતા આ 'રિચાર્જ કૂવા' ઝીકઝેક ડિઝાઈનથી બનાવવામાં આવી રહ્યા છે. રૂા. એક લાખના એક કૂવા પાછળ ખર્ચ થનારો હોવાથી આખાય પ્રોજેક્ટ પાછળ રૂા. ૮.૪૭ કરોડ જેટલી રકમ ખર્ચાશે.

★ **રાષ્ટ્રીય ન્યુઝ ચેનલોમાં કચ્છમિત્ર :** રોબર્ટ વાડરાના ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના સાથેના સંબંધોનો ઘટસ્ફોટ કચ્છમિત્ર દ્વારા થતાં જ દેશની મુખ્ય રાષ્ટ્રીય ચેનલોમાં આખો દિવસ કચ્છનું અખબાર તાજેતરમાં છવાયેલું રહ્યું હતું. કચ્છમિત્રના વાચકો માટે આ એક સુખદ ઘટના બની ગઈ હતી.

★ **વેકેશનમાં કચ્છી નાટક :** ડૉ. વિશન નાગડા રૂપાંતરિત, વસંત મારૂ - વિજય ગાલાના દિગ્દર્શનમાં કચ્છી નવોદિત બાળ કલાકારો અભિનયના ઓજસ પાથરી રહ્યા છે. આ વર્ષે ઉનાળુ વેકેશનમાં 'ધી તાં પાંજી ચાગલી' કચ્છના ગ્રામીણ વિસ્તારોમાં અનુક્રમે કોડાય, ગઢશીશા, ભુજપુર, મેરાઉ, બિદડા અને ગોધરા ખાતે ભજવાશે.

*દુ:ખોને ભૂલવાનાં રસ્તા શોધો.*

★ **સમાજમાં વાંચનની રુચિ :** જે સમાજમાં વાંચનની રૂચિ ઓછી હોય ત્યાં સામાજિક શિસ્ત ઓછું જોવા મળે છે. **વિચારદોહન અને વાંચન એ ચારિત્ર ઘડતરની પ્રથમ આધારશિલા છે** તેવું જાણીતા લેખક અને તત્ત્વચિંતક જય વસાવડાએ તાજેતરમાં મુંદ્રા ખાતે સ્વૈચ્છિક સંસ્થામિત્ર દ્વારા આયોજિત ચારિત્ર્ય ઘડતરની આધારશિલાઓ વિષય ઉપર વક્તવ્ય આપતાં જણાવ્યું હતું. પારદર્શકતા, નિખાલસતા, જવાબદારીનું ભાન, સૌંદર્ય દૃષ્ટિ, ફાયદો નહીં આનંદનું માપદંડ, નવું શીખવા માટેની તૈયારી, વિસ્મય, ત્યાગ વગેરે મુદ્દાઓને તેમણે ઉદાહરણો સાથે રજૂ કરી દાદ મેળવી હતી.

★ **વરિયાળીનું વાવેતર :** રાપર તાલુકાના કંધોકા વિસ્તારમાં વરિયાળીનું વાવેતર સારા પ્રમાણમાં થયેલું હોવાનું ત્યાંના ખેડૂતોએ જણાવ્યું હતું. રાપર, સેલારી, કાફડા, પ્રાગપર વિસ્તારમાં ૪૦થી ૫૦ એકરમાં વરિયાળીનું વાવેતર કરવામાં આવ્યું છે. દિવાળી અગાઉ વરિયાળીનું વાવેતર કરવામાં આવે છે અને પાંચથી છ મહિના બાદ વરિયાળી પાકે છે. આ પાક પીયત વ્યવસ્થાની દૃષ્ટિએ જોઈએ તો ૧૬થી ૧૮ પાણી આપવા પડે છે. આ વખતે વરિયાળીનું સારા પ્રમાણમાં પાક ઉતરશે, તેમ સ્થાનિક ખેડૂતોએ જણાવ્યું હતું.

★ **ઘાસચારો ખાખ :** આડેસર જીવદયા પાંજરાપોળ ટ્રસ્ટના વાડા મધ્યે તાજેતરમાં એકાએક આગ લાગતાં ૯૦ ટ્રક જેટલો અંદાજિત રૂા. ૨૦થી ૨૨ લાખ રૂપિયાનો ગાયો માટેનો ચારો બળીને ખાખ થઈ ગયો હતો. રાપરના અગ્નિશમન દળ ઘટના સ્થળે પહોંચે તે પહેલા લગભગ જથ્થો બળી ચૂક્યો હતો. ઘટનાની જાણ થતાં ગામના તેમજ રાપર તથા ગાગોદર સંઘના ભાઈઓ એકત્ર થયા હતા.

★ **ભુજમાં પાણીની તીવ્ર ખેંચ :** હજુ તો ઉનાળાનો પ્રારંભ થયો છે ત્યાં જ ભુજના કોટ અંદર અને બહારના અનેક વિસ્તારો પાણી વિના ઉકળી ઊઠ્યા છે. નર્મદાના અપૂરતા પાણીએ તાજેતરમાં બબાલ સર્જી છે. લગભગ બે લાખની વસતિ ધરાવતા આ શહેરને દૈનિક ૧૫ એમ.એલ.ડી. પાણીની જરૂર છે. જેની સામે માત્ર ૯ એમ.એલ.ડી. જ પાણી મળે છે. અન્ય એક કારણમાં કુકમા ખાતેના નર્મદા સમ્પમાં મળતું ઓછું પાણી જવાબદાર છે. શિયાળામાં ૬ કલાક અને ૭થી ૮ એમ.એલ.ડી. પાણી અપાતું. ત્યારબાદ ૫ કલાક અને ૪ એમ.એલ.ડી. પાણી અપાય છે.

★ **'ચાર્લી પરેડ' :** દુનિયાભરની ચાહકોની સાથોસાથ છેલ્લા ૪૩ વર્ષથી વિશ્વના મહાન વિદૂષક ઑસ્કાર વિજેતા સર ચાર્લ્સ, સ્પેન્સર મેટિલીન એટલે કે ચાર્લી ચેપ્લીનને યાદ કરવામાં આદિપુર અગ્રેસર રહ્યું હતું. ચાર્લીની તાજેતરમાં ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે 'ચાર્લી સર્કલ' સંસ્થા દ્વારા યોજાયેલી શોભાયાત્રામાં ચેપ્લીનના પોષાકમાં કેટલાક બાળકો સજ્જ થયા હતા. જાણીતા અભિનેતા શશી કપૂરના પુત્રી અને અભિનેત્રી સંજના કપૂરે ચાર્લીના સંભારણા રૂપે આદિપુરમાં નિર્માણ પામનાર 'ચાર્લી ભવન'ની પાયાવિધિ કરી હતી.

★ **ઘૂંટણ બદલાવવાની જટીલ શસ્ત્રક્રિયા થઈ :** કચ્છમાં પ્રથમવાર ઘૂંટણની જટીલ શસ્ત્રક્રિયા ભુજ ખાતેની લેવા પટેલ હોસ્પિટલ ખાતે સ્થાનિક તબીબોએ ઈંગ્લેન્ડથી આવેલા ડૉ. ગૌતમ ચક્રવર્તીની ઉપસ્થિતિમાં તાજેતરમાં પાર પાડી હતી. ડૉક્ટરે જણાવ્યું હતું કે, આવી શસ્ત્રક્રિયા દર્દીને સખત દુઃખાવો હોય તો જ કરાય છે. હાલે સાંધાના દુખાવાની ફરિયાદો વધી રહી છે ત્યારે એક ૬૩ વર્ષીય પુરુષ જેમની અગાઉ શસ્ત્રક્રિયા થઈ હતી પણ તેને દોઢ વર્ષ બાદ રસી થતાં ફરી શસ્ત્રક્રિયા કરાઈ. જે અંદાજે ૩.૩૦ કલાક ચાલી હતી. બીજા કેસમાં ૧૧૫ કિલો વજન ધરાવતા બહેનની દોઢથી બે કલાકની જહેમતે શસ્ત્રક્રિયા પાર પડાઈ. દર્દીનો પગ ૩૦ ડિગ્રી જેટલો વળી ગયો હતો જેને સીધો કરાયો હતો. સ્થાનિક ડોક્ટરે જણાવ્યું હતું કે આવી શસ્ત્રક્રિયામાં ભારતનો સામાન વાપરીએ તો એક લાખ ઉપર ખર્ચ થાય છે.

★ **ભોજાય શિબિરમાં મુશ્કેલ શસ્ત્રક્રિયા :** ગામ મોટા ભાડિયાની ૮ વર્ષની બાળા અકસ્માતથી પડી ગઈ હતી અને એની પેશાબની કોથળી (બ્લેડર)ને ઈજા પહોંચી હતી, ફાટી ગઈ હતી. પેશાબની કોથળી અને યોનિમાર્ગ વચ્ચે ટનેલ ફીસ્ટુલાનું નિર્માણ થઈ ગયું હતું. જેને કારણે પેશાબ ઉપર કન્ટ્રોલ ન હતો. ભોજાય ટ્રસ્ટની ફીસ્ટુલા શિબિરમાં હિંદુજા હોસ્પિટલના યુરોલોજી વિભાગનાં વડા ડૉ. શરદ સાગાડેએ દર્દીની તપાસણી કરીને આ મુશ્કેલ ઑપરેશન સાત કલાક પછી પૂરું કર્યું હતું. આટલા મોટા ઑપરેશન બાદ દર્દીને સંપૂર્ણ આરામ હોવાનું જણાવવામાં આવ્યું હતું.

★ **અબડાસામાં ૫૦ કરોડના ઘઉં પાક્યા :** અબડાસા તાલુકામાં પીયત ખેતી વિસ્તારના ત્રીસેક ગામોની પીયત જમીન પર રવિ પાકના નામે ઘઉંનું વાવેતર ગત નવેમ્બર ડિસેમ્બરમાં કરાયા પછી હવે ઘઉંનો ફાલ સારો ઊતરતાં ધરતીપુત્રો ખુશખુશાલ છે. **૨૫થી ૩૦ હજાર ટન ઘઉંનું ઉત્પાદન થયું છે.** રવિ પાક ઘઉંનો ફાલ ઉતરવાનું હવે પૂર્ણતાને આરે છે. એક હજાર ખેડૂતોની ૪૫થી ૫૦ કરોડની આમદની થશે. ફાલ ઉતારવા માટે પંજાબ અને હરિયાણાથી ખાસ કમ્બાઈન્ડ હાર્વેસ્ટર એકાદ ડઝન મશીનો અબડાસા પહોંચ્યા છે. જેની મદદથી ઘઉંનો ફાલ ઉતારાય છે.

***(સમાચાર પત્રો પર આધારિત)***

અમારી સુપુત્રી **ચિ. દેવાંશી** મૂલચંદ મારૂ તથા સુપુત્ર
**ચિ. હેત** મૂલચંદ મારૂની કલા સાધનાના
પરિપાકરૂપે આરંગેત્રમના અદ્‌ભુત કાર્યક્રમનું આયોજન કરેલ છે.
રસ ધરાવતા સમાજના ભાઈ-બહેનોને
આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ છે.
આપની હાજરીની જાણ તા. ૧૦-૫-૨૦૧૪
પહેલા નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**હેત દેવાંશી ઓનલાઈન એજન્સી**
**Rail / Air Ticket Booking Agent**
અલ્પા મૂલચંદ નાનજી મારૂ
મો. : ૯૦૯૯૦ ૬૪૮૦૦, ૯૮૨૫૦ ૦૦૮૭૫

-: કાર્યક્રમ :-
રવિવાર, તા. ૧૮-૫-૨૦૧૪
સ્થળ : ટાગોર હોલ, પાલડી, અમદાવાદ.
સમય : સાંજે ૮-૧૯ કલાકે

ચિ. દેવાંશી
ચિ. હેત



# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **અજેશ પી. શાહ**
  ૪૧, શ્રીનાથ કોલોની, મુરલીધર ડેરીની સામે,
  પ્રભાત ચોક પાસે, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧.
  મો. ૯૨૨૮૧ ૨૯૭૬૭
- **કુંવરજી રામજી સાવલા**
  સાધના, બી/૧૨/૪૫૯, એ.ટી.પી.એલ.,
  સેક્ટર નં.-૩/સી, અંબા સ્કૂલની સામે, ત્રિ-મંદિર,
  અડાલજ, જિ. ગાંધીનગર-૩૮૨ ૪૨૧.

## નવું સરનામું

- **સ્વિટી મનીષ મણિલાલ ગોસર**
  કિડ્સ કિંગ્ડમ, જૈન દેરાસરની સામે, બોપલ-ઘૂમા રોડ,
  બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.

## અવસાન નોંધ

- **સોમવાર, તા. ૧૪-૪-૨૦૧૪**
  **હીરજી હંસરાજ જેવત સાવલા (ઉં.વ.-૭૫) (ભોજાય - અમદાવાદ)**

*સદ્‌ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## સાભાર સ્વીકાર

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.**

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧૨૦૧/- શ્રી અરવિંદ ગાંગજી વોરા - મુંબઈ
રૂા. ૫૦૧/- શ્રી નેણશીભાઈ ગડા - મુંબઈ
રૂા. ૩૦૧/- શ્રી નીરવ ગાંધી
રૂા. ૨૫૧/- શ્રી નરેન્દ્ર એચ. સંઘવી

### તબીબી સહાય ખાતે

રૂા.૧૦,૦૦૦/- શ્રી જયકુમાર ખુશાલભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૧,૦૦૧/- શ્રી કમલેશ બાબુભાઈ શાહ - માંડવી
રૂા. ૫૦૧/- શ્રી સુરેશભાઈ ભેદા - મુંબઈ

- શ્રી સુબોધભાઈ બી. શાહ - અમદાવાદ તરફથી મેડિકલ સેન્ટર માટે પલંગ નંગ-૧ ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે.
- નોંધ : ગત અંકમાં શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરૂવા - અમદાવાદ તરફથી (તબીબી સાધનો માટે) રૂા. ૧૫૦૦/-ના સ્થાને રૂા. ૫,૦૦૦/- વાંચવું

### શૈક્ષણિક સહાય ખાતે

રૂા. ૩૦૧/- કુ. ભૈરવી ગુલાબચંદ ખોના - મુંબઈ

### જનરલ ડોનેશન ખાતે

રૂા. ૧,૦૦૧/- શ્રી અભયકુમાર હીરાચંદ છેડા - અમદાવાદ

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

## નવા મેડિકલ કાર્ડ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નોંધાયેલા સભ્ય પરિવારોએ પોતાના નવા મેડિકલ કાર્ડ માટે નક્કી કર્યા મુજબ સમય મર્યાદામાં ફોર્મ્સ ભરીને આપ્યા હતા. તેઓએ પોતાના જૂના કાર્ડ જમા કરાવીને સમાજ કાર્યાલયમાંથી નવા કાર્ડ મેળવી લેવાના છે. હવે પછી નવા કાર્ડ સાથે જ મેડિકલ સેન્ટરની સુવિધાઓનો લાભ મળશે. નવા કાર્ડ વિના આવનારને મેડિકલ સેવામાં ૭૫ ટકા કન્સેશનનો લાભ મળી શકશે નહીં.

જે સભ્યોએ ઉપર મુજબ ફોર્મ્સ ભરીને આપ્યા નથી અને હવે પછી ફોર્મ્સ આપશે તેવા સભ્યોના નવા કાર્ડ માસ ઓક્ટોબર-૨૦૧૪માં આપવાની વ્યવસ્થા કરવાનું શક્ય થશે. જેની નોંધ લેવી.

**રમણિકલાલ કે. ગોસર**
**કન્વીનર : સભ્યપદ અને મેડિકલ કાર્ડ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

ઉપરોક્ત મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.

મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.

*સમય* : સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

*સ્થળ* : શ્રી કચ્છી વિશ્રામગૃહ,
અરિહંતનગર દેરાસરની સામે,
રાજસ્થાન હોસ્પિટલ પાસે,
શાહીબાગ, અમદાવાદ.

*ફોન સંપર્ક* : (૦૭૯) ૨૨૮૮૪૫૪૭

## અભિનંદન



**ચિ. નીરવ જીતેન લાલન**
**(કચ્છ ગામ કોડાય, હાલે જબલપુર)**

શ્રી મધ્યપ્રદેશ કચ્છી વીસા ઓસવાલ જૈન સંઘના ઉપપ્રમુખ જીતેન ખીમજી લાલન અને વાસંતીબેન લાલનના સુપુત્ર નીરવ લાલને ભારતની ઉત્કૃષ્ટ સંસ્થા MICA - અમદાવાદથી MBA ની પરીક્ષામાં સફળતા મેળવી છે. સાથે જ કેમ્પસ સિલેક્શનથી વિશ્વની જાણીતી કંપની વિપ્રો - બેંગ્લોરમાં Business Analyst તરીકે તેમની નિમણૂક થયેલ છે. પ્રારંભથી જ મેધાવી છાત્ર રહેલ નીરવે આ અગાઉ B.E. (I.T.) સાથે દરેક પરીક્ષા પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ કરેલ છે.

ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા.

**વંદનીય ન બનાય તો વાંધો નહિ**
**પરંતુ નિંદનીય ન બનાય તેનું ધ્યાન રાખજો....**

## અમદાવાદ ખાતે "ગંગર આઈનેશન"ના ઉદ્‌ઘાટન પ્રસંગે અભિનંદન

શુક્રવાર, તા. ૨૫-૪-૨૦૧૪ના રોજ સવારમાં ૧૦ વાગે અમદાવાદ ખાતે "ગંગર આઈનેશન"નું અનેક પરિવારજનો તથા મહેમાનોની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. છેલ્લા પાંચ વર્ષમાં ગંગર આઈનેશનની આ ૪૮મી શાખા ઊભી કરવામાં આવી છે. જેમાંથી ૪૦ શાખાઓ તો મુંબઈમાં જ છે. કચ્છમાં મુંદ્રા તાલુકાના કુંદરોડી ગામના ગંગરબંધુઓ શ્રી જયંતીભાઈ, શ્રી દેવચંદભાઈ, શ્રી કિશોરભાઈ, શ્રી જગદીશભાઈ, શ્રી સુરેન્દ્રભાઈ તથા શ્રી ચંપકભાઈ – ના સાહસનું આ પરિણામ છે. ગંગર બંધુઓ પોતાના ધંધાના વિકાસની સાથે સાથે અનેક સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે; જેવી કે માટુંગા બોર્ડિંગ, શ્રી ક.વી.ઓ. જૈન મહાજન, માતુશ્રી મણિબાઈ શિવજી દેવજી કન્યા કેળવણી ફંડ, જૈન આધ્યાત્મિક સ્ટડી સર્કલ, જૈન સોશિયલ ગ્રુપ, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ, શેઠશ્રી ધનજી દેવશી ક.વી.ઓ. કેળવણી ફંડ, શ્રી કુંદરોડી ક.વી.ઓ. જૈન મહાજન, શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર - લુણી, વનવિહાર, ધી બોમ્બે ગ્રેન સોસાયટી, શેઠ નરશી મુરજી વિદ્યાર્થી ગૃહ, શ્રી કુંદરોડી દેરાવાસી અને આઠકોટી મોટી પક્ષ જૈન સંઘ, શ્રી ક.વી.ઓ. સ્થા. જૈન મહાજન, ખબર પત્રિકા, બોમ્બે સબર્બ ઓપ્ટિકલ એસોસિએશન, કચ્છ પેસેન્જર એસોસિએશન, માટુંગા ગુજરાતી સેવા મંડળ, લાયન્સ ક્લબ ઓફ માંડવી, જનતા પાર્ટી સાઉથ સેન્ટર તથા જનતા દળ.

સેવાભાવી બંધુઓને 'મંગલ મંદિર' અમદાવાદમાં આવકારે છે. તેઓના સાહસને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો તરફથી માસ માર્ચ / એપ્રિલ - ૨૦૧૪ દરમ્યાન પ્રાપ્ત થયેલ લવાજમની યાદી

| ક્રમ | સભ્યનું નામ | ક્રમ | સભ્યનું નામ | ક્રમ | સભ્યનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | અજેશ પી. શાહ | ૧૭. | ધીરજલાલ ભાઈચંદ શાહ | ૩૩. | શાંતિલાલ વેલજી ગાલા |
| ૨. | રમણિકલાલ શિવજી વોરા | ૧૮. | હસમુખ ભાઈચંદ શાહ | ૩૪. | પંકજ વી. ગાલા |
| ૩. | નયના ચંદ્રકાંત મૈશેરી | ૧૯. | પરેશ હસમુખલાલ ગાંધી | ૩૫. | પ્રફુલ્લ કલ્યાણજી છેડા |
| ૪. | કાંતિલાલ રતિલાલ દોશી | ૨૦. | દીપક અમૃતલાલ શાહ | ૩૬. | જયંત કલ્યાણજી છેડા |
| ૫. | અનિલ પ્રાગજી શાહ | ૨૧. | ધીરજ મણિલાલ શાહ | ૩૭. | રાહુલ નવીનચંદ્ર સંઘવી |
| ૬. | હરીશ ચુનીલાલ શાહ | ૨૨. | દેવેન્દ્ર હંસરાજ ડુંગાણી | ૩૮. | જિતેન્દ્ર દામજી શાહ |
| ૭. | રજનીકાંત બાબુભાઈ ત્રેવાડિયા | ૨૩. | સમીર ખીમજી દેઢિયા | ૩૯. | અરવિંદ ખોડીલાલ કુબડિયા |
| ૮. | દિનેશ મણિલાલ શાહ | ૨૪. | ચુનીલાલ કુંવરજી શાહ | ૪૦. | ગુલાબચંદ ભવાનજી મૈશેરી |
| ૯. | સુધીર ચીમનલાલ શાહ | ૨૫. | જ્યોતિબેન ઈશ્વરલાલ શાહ | ૪૧. | ભરત આણંદજી રાંભિયા |
| ૧૦. | ડૉ. રવીન્દ્ર ભાઈલાલ શાહ | ૨૬. | રાહુલ ભોગીલાલ મહેતા | ૪૨. | શિરીષ જયસુખલાલ પારેખ |
| ૧૧. | મહેશ ઠાકરશી લોડાયા | ૨૭. | અભિષુ ગિરીશ શાહ | ૪૩. | મણિબેન મણિલાલ ગાલા |
| ૧૨. | પીયૂષ હીરજી સાવલા | ૨૮. | જિજ્ઞેશ વીરેન્દ્ર મૈશેરી | ૪૪. | ચંદુલાલ દેવચંદ કુબડિયા |
| ૧૩. | સતીષ હિંમતલાલ સંઘવી | ૨૯. | દીપક રવિલાલ દોશી | ૪૫. | જગદીશ આસારિયા ગોસર |
| ૧૪. | મહેશ મનસુખલાલ મહેતા | ૩૦. | મૂકેશ રમણલાલ ગાંધી | ૪૬. | પ્રવીણ દેવરાજ ગાલા |
| ૧૫. | વિમલ મનસુખલાલ મહેતા | ૩૧. | જિતેન્દ્ર ચંદુલાલ મહેતા | ૪૭. | કમલેશ એ. મૈશેરી |
| ૧૬. | જવેરચંદ લાલજી છેડા | ૩૨. | જગદીશ અજિતકુમાર મહેતા | ૪૮. | અશ્વિન જે. મોરબિયા |

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે

# શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસીસ સેન્ટરનું ઉદ્‌ઘાટન

તથા

# કચ્છી બિઝનેસ ડિરેક્ટરીનું વિમોચન

**સમારંભ : રવિવાર, તા. ૨૦-૪-૨૦૧૪ ● સવારમાં ૧૦ વાગે**

- **ડાયાલિસીસ સેન્ટર :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા એક નવા સોપાનની રવિવાર, તા. ૨૦-૪-૨૦૧૪ના રોજ શરૂઆત કરવામાં આવી. આ નવું સોપાન એટલે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ ખાતે ડાયાલિસીસ સેન્ટરની શુભ શરૂઆત.

તા. ૨૦-૧૦-૨૦૧૩ના રીનોવેટેડ મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમયે મુંબઈ સ્થિત કચ્છી ઉદ્યોગપતિ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ એક અનેરી જાહેરાત કરેલ હતી. તેમની જાહેરાત મુજબ અગર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેની કર્મભૂમિ અમદાવાદ ખાતે સ્થાનિક સામાન્ય જનસમુદાય માટે એક ડાયાલિસીસ સેન્ટરની સ્થાપના કરે તો તેમના તરફથી રૂા. ૫૧/- લાખના અનુદાનની ઑફર મૂકવામાં આવેલી. સાથે સાથે તેમણે એ પણ જાહેર કરેલ હતું કે આ ડાયાલિસીસ સેન્ટર પાછળ તેમના પરિવારનું નહીં પણ જેમણે હૈદ્રાબાદ ખાતે રહી અનેક સેવાભાવી કાર્યો પાછળ પોતાની જાતને ઘસી નાખેલ છે તે સ્વ. શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાનું નામ આ સેન્ટર સાથે જોડવામાં આવે.

ત્યારબાદ આ પ્રશ્ને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળે ગહન વિચાર વિમર્શ કરેલ અને આ પ્રોજેક્ટ હાથ પર લેવા સર્વાનુમતે નિર્ણય લેવામાં આવેલ.

જરૂરી જગ્યાની શોધ આદરવામાં આવી અને અનેક શક્યતાઓની તપાસના અંતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર પ્રવર્તમાન કોન્ફરન્સ હોલ કે જેનો વપરાશ વર્ષ દરમ્યાન જૂજ દિવસોએ થતો હતો, તેને ડાયાલિસીસ સેન્ટરમાં ફેરવવાના નિષ્કર્ષ પર આવી શકાયું.

આ હોલના દાતા વી-ટ્રાન્સના શ્રી અશોકભાઈ કુંવરજી શાહ અને શ્રી મહેન્દ્રભાઈ કુંવરજી શાહનો સંપર્ક સાધવામાં આવ્યો અને તેઓએ વિના ખચકાટ આ હોલને ડાયાલિસીસ સેન્ટરમાં ફેરવવા અનુમતિ આપી.

ડાયાલિસીસ વિષય, ગહન અને નવો હોવાના કારણે ટ્રસ્ટીગણે શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી અશ્વિનભાઈ સાવલાને આ બાબતે આગળ વધવા ખૂબ જ કઠિન એવી જવાબદારી સોંપી. તરત જ તેઓ દ્વારા અમદાવાદ સ્થિત વી.એસ. હોસ્પિટલ, ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલ અને હાજી ઇસ્માઇલ હોસ્પિટલ જેવા અનેક ડાયાલિસીસ સેન્ટરની મુલાકાત લેવામાં આવી. અનેક નેફ્રોલોજિસ્ટ અને ટેકનિશિયનો સાથે ચર્ચા કરી જરૂરી જાણકારી મેળવી. સિવિલ હોસ્પિટલના કિડની વિભાગના વડા શ્રી એચ. એલ. ત્રિવેદીની પણ મુલાકાત લેવામાં આવી.

એક તરફ શ્રી અશ્વિનભાઈ સાવલાએ ડાયાલિસીસ મશીન, આર.ઓ. પ્લાન્ટ, તેના માટે જોઈતા જરૂરી સાધનો વગેરેની શોધખોળ આરંભી દીધી. સાથે સાથે નેફ્રોલોજિસ્ટ, ટેકનિશિયન, નર્સ, વોર્ડબોય વગેરે અંગે વિચારણા શરૂ કરી દીધી. તો બીજી તરફ શ્રી પ્રતાપભાઈએ કોન્ફરન્સ હોલને ડાયાલિસીસ સેન્ટરમાં ફેરવવા જરૂરી માહિતી મેળવી, જે તે નિષ્ણાતોની સલાહ મેળવી, જે તે કોન્ટ્રાક્ટરને કામ સોંપી, સાઈટ પરના કામનું વર્કિંગ ચાલુ કરી દીધું. આ બધી પ્રક્રિયા માટે લગભગ ત્રણ માસ જેટલો સમય લાગ્યો.

હૈદ્રાબાદના ભગવાન મહાવીર ચેરિટેબલ ફાઉન્ડેશન્સના શ્રી સુશીલ કાપડિયા, શ્રી ગૌતમભાઈ જૈન વગેરેએ પણ આ ડાયાલિસીસ સેન્ટર સારી રીતે સ્થપાય તેમાં પૂરેપૂરો રસ દાખવ્યો. શ્રી ગૌતમભાઈ જૈન તો અમદાવાદમાં રૂબરૂ પણ મળી ગયા અને તેઓએ આપણી સાઈટની મુલાકાત પણ લીધી.

ફ્રેજીનિયસ કંપનીના છેલ્લામાં છેલ્લા મોડલના ૯ ડાયાલિસીસ મશીન અને એક વોશર મશીન શ્રી સુશીલભાઈ કાપડિયા દ્વારા ખૂબ જ કિફાયતી દરથી આપણા માટે નક્કી કરવામાં આવ્યા. જ્યારે આર.ઓ. પ્લાન્ટનો ઓર્ડર અમદાવાદની પાર્ટીને આપવામાં આવ્યો.

આ સમયે એક નોંધપાત્ર બીના બની. ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સ્વર્ગસ્થ સ્પીકરના ધર્મપત્ની શ્રીમતી વનીતાબેન અને

*જીવન તો ઘણાનું મંગલમય હોય, પરંતુ જેનું મૃત્યુ પણ મંગલમય થઈ જાય છે એ ખરેખર જીવનને જીવી જતો હોય છે.*

તેમના સુપુત્ર શ્રી આશિષભાઈ દ્વારા આ પ્રોજેક્ટ માટે જોઈતા ૯ કોટ, તેના પરની મેટ્રેસીસ સાથે સંસ્થાને ભેટ આપવાની ઑફર મૂકવામાં આવી કે જેનો આ સંસ્થાએ સહર્ષ સ્વીકાર કર્યો.

હવે શ્રી કચ્છી વિશ્રામ ગૃહની સાઈટ પર ૯ ડાયાલિસીસ મશીન, વોશર મશીન, આર.ઓ. પ્લાન્ટ, ૯ કોટ, ફ્રિજ વગેરે આવી ગયા અને તેના ઈન્સ્ટોલેશનનો આરંભ કરી દેવામાં આવ્યો અને ઉદ્‌ઘાટનની તારીખ અગાઉ આ સેન્ટર કમ્પ્લીટ કાર્યાન્વિત થઈ શક્યું.

આ દરમ્યાન શ્રી અશ્વિનભાઈ દ્વારા જરૂરી ટેકનિશિયન વગેરે સ્ટાફની ભરતી કરી લેવામાં આવેલ. ટેકનિશિયન શ્રી અંકિત દવેનો પણ નિઃસ્વાર્થભાવે ખૂબ જ સારો સહકાર મળ્યો. આ સેન્ટરનો ચાર્જ નેફ્રોલોજિસ્ટ ડૉ. શ્રી જગદીપ શાહને સુપરત કરવાનો જરૂરી નિર્ણય કરવામાં આવ્યો.

હવે તા. ૨૦-૪-૨૦૧૪ના ઉદ્‌ઘાટન સમય અગાઉ આ સેન્ટર કોઈપણ સમયે શરૂ કરી દેવા આ ટીમ સંપૂર્ણપણે કટિબધ્ધ થઈ ગઈ.

શ્રી અશ્વિનભાઈ સાવલા તથા શ્રી પ્રતાપભાઈ દંડને એક બિલકુલ અજાણ અને નવા ટેકનિકલ વિષયમાં ઊંડા ઉતરી ખૂબ જ ઝડપી પરિણામ લાવી આપવા તેઓને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

એ દરમ્યાન અન્ય ટીમ દ્વારા અનેક લોકોને આમંત્રિત કરી સમારંભ પ્રમુખ, અતિથિ વિશેષશ્રી, ઉદ્‌ઘાટકશ્રી વગેરે નક્કી કરવામાં આવ્યા. સૌપ્રથમ આગોતરા આમંત્રણ મોકલવામાં આવ્યા અને ત્યારબાદ આમંત્રણ પત્રિકા પણ અનેક મહાનુભાવોને મોકલવામાં આવી. મંડપ સમિતિ અને જમણવાર સમિતિએ પણ પોતાના કાર્યનો આરંભ શરૂ કરી દીધો. સંકલ્પને જરૂરી વોલંટિયર્સ માટે પણ જણાવવામાં આવ્યું.

પરિણામ સ્વરૂપે આપણે અતિથિ વિશેષશ્રી તરીકે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી શાંતિલાલ ડુંગરશી મારૂ, શ્રી છોટુભાઈ રામજી ગાલા, શ્રી શાંતિલાલભાઈ રામજી ગાલા, શ્રી સુશીલભાઈ કાપડિયા, શ્રીમતી નીલમબેન કાપડિયા, શ્રી હરીશભાઈ રંગવાલા, શ્રી મેઘજીભાઈ કુંવરજી પટેલ, શ્રી લહેરચંદભાઈ નેમચંદ મહેતા, શ્રી શ્યામસુંદરજી રૂંગટા, શ્રી અશોકભાઈ કુંવરજી શાહ તથા શ્રીમતી સ્મિતાબેન શાહને ઉપસ્થિત રાખી શક્યા. અન્ય તરફ એ દિવસે બહારગામથી પધારનાર અન્ય મહાનુભાવોમાં હૈદ્રાબાદથી શ્રી ઈંદરચંદ જૈન તથા શ્રી કે.એલ. શાહ, મુંબઈથી શ્રી મહેન્દ્રભાઈ કુંવરજી શાહ, શ્રી વશનજીભાઈ સોની, શ્રી પારસભાઈ બાબરિયા તથા શ્રી પંકજભાઈ બાબરિયા, સુરતથી શ્રી કૌશિકભાઈ શાહ, શ્રી જયેશભાઈ વિસરિયા તથા શ્રી શરદભાઈ દંડ, વડોદરાથી શ્રી વલ્લભજીભાઈ સાવલા તથા તેમની ટીમ તથા શ્રી અને શ્રીમતી જગદીશભાઈ શાહ, બિદડાથી શ્રી અને શ્રીમતી કોમલભાઈ સાવલા, ભુજથી શ્રી વીરેન શાહ, શ્રી બીરજુભાઈ શાહ વગેરે ઉપસ્થિત હતા. આણંદજી કલ્યાણજી પેઢીના શ્રી અશોકભાઈ ગાંધી પણ સંપૂર્ણ કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહેલ હતા.

ઉપસ્થિત મહેમાનોની નિશ્રામાં બરાબર ૧૦.૧૫ કલાકે ઉદ્‌ઘાટન કાર્યક્રમ શરૂ કરી દેવામાં આવેલ હતો. સૌપ્રથમ શ્રી અશોકભાઈ કુંવરજી શાહ તથા શ્રી મહેન્દ્રભાઈ કુંવરજી શાહ દ્વારા "શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસીસ સેન્ટર"ની તક્તીનું અનાવરણ કરવામાં આવેલ હતું. ત્યારબાદ શ્રી હરીશભાઈ રંગવાલાના વરદ્ હસ્તે તથા તાળીઓના ગડગડાટ સાથે ડાયાલિસીસ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. અનેક મહાનુભાવોએ આ સેન્ટરમાં પદાર્પણ કર્યું.

ત્યારબાદ ૯ ડાયાલિસીસ મશીનના વારાફરથી નીચેના મહાનુભાવો દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતા. શ્રી શાંતિલાલભાઈ રામજી ગાલા, શ્રી શાંતિલાલભાઈ ડુંગરશી મારૂ, શ્રી કોમલભાઈ સાવલા, શ્રીમતી કસ્તૂરબેન રમેશ કુંવરજી સાવલા, શ્રી શ્યામસુંદરજી રૂંગટા, શ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલી, શ્રી લહેરચંદભાઈ નેમચંદ મહેતા, શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા અને શ્રીમતી સ્મિતાબેન શાહ દ્વારા આ મશીનોના ઉદ્‌ઘાટનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ હતી. એ સમયે સર્વે મહાનુભાવોએ આ ડાયાલિસીસ સેન્ટર નિહાળી પોતાનો સંતોષ વ્યક્ત કરેલ હતો.

ત્યારબાદ સ્ટેજ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. શ્રીમતી ફાલ્ગુની હીરેને ખૂબજ સૌમ્ય વાણીમાં આ કાર્યક્રમની શરૂઆત આરંભી. તેમના મીઠા મધુર અવાજ અને અસ્ખલિત વાણી પ્રવાહે ઉપસ્થિત દરેક વ્યક્તિને રસ તરબોળ કરી દીધા. એક પછી એક અતિથિ વિશેષશ્રીએ સ્ટેજ પર આવીને પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. સામિયાણો પણ ઉપસ્થિત મહેમાનોથી છલકાઈ ગયો. સૌપ્રથમ સંસ્થાના મંત્રીશ્રીએ આવકાર પ્રવચન કરી સહુને આ કાર્યક્રમમાં આવકાર્યા. ત્યારબાદ શ્રી છોટુભાઈ ગાલા, શ્રી શાંતિલાલભાઈ ગાલા તથા મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ઉપસ્થિત સૌ અતિથિ વિશેષશ્રીઓનું સંસ્થાના ટ્રસ્ટીગણ દ્વારા બુકે - મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું.

આ પ્રારંભિક વિધિ પૂર્ણ થયા બાદ શ્રી સુશીલભાઈ કાપડિયાએ હૈદ્રાબાદમાં તેમના દ્વારા ચાલતા ડાયાલિસીસ સેન્ટરની માહિતી

*સારું મૃત્યુ આખું જીવન શોભાવે છે.*

આપી. તેઓએ જણાવ્યું કે જુલાઈ-૨૦૦૯માં ૧૬ સમાન વિચારસરણીવાળા જૈન ભાઈઓ એકત્રિત થયા અને તેઓએ ભગવાન મહાવીર જૈન રિલીફ ફાઉન્ડેશન ટ્રસ્ટની સ્થાપના કરી અને એક સ્થળે નાના પાયે ડાયાલિસીસ સેન્ટરની શરૂઆત કરી. આજે પાંચ વર્ષ પછી તેઓ પાસે ૩ સેન્ટર છે અને ૬૪ ડાયાલિસીસ મશીન છે. અત્યારે તેઓ દર મહિને ૮૦૦ પેશન્ટની ૫,૦૦૦ ડાયાલિસીસ કરે છે. અત્યાર સુધી તેઓએ ૧,૫૦,૦૦૦ ડાયાલિસીસ કરેલ છે અને તેમનો ચાર્જ એક ડાયાલિસીસનો માત્ર રૂા. ૪૦૦/- હોવાથી આ પરિવારોને રૂા. ૧૨ કરોડનો ફાયદો થયેલ છે. તેઓ વાજબી કિંમતે જરૂરી દવાનું વિતરણ કરતા હોવાથી તે દ્વારા પણ આ પરિવારોને રૂપિયા આઠ કરોડ જેટલો ફાયદો થયેલ છે. તેઓએ આ સેન્ટર માટે અત્યાર સુધી રૂા. ૭ કરોડનું ડોનેશન મેળવેલ છે.

ત્યારબાદ શ્રી અશ્વિનભાઈ સાવલાએ અમદાવાદના ડાયાલિસીસ સેન્ટર વિશે માહિતી આપતા જણાવેલ કે કેવા સંજોગોમાં આ સમાજે આટલી કઠિન જવાબદારી નિભાવી આ ડાયાલિસીસ સેન્ટરની પ્રક્રિયા સંપૂર્ણપણે પૂર્ણ કરી. એક અજાણ્યા વિષયમાં તેઓ કઈ રીતે આગળ વધ્યા અને કઈ રીતે સંપૂર્ણ પ્રક્રિયા પાર પાડી તેનો આબેહૂબ ચિતાર તેઓશ્રીએ આ સભા સમક્ષ રજૂ કરેલ હતો. તેઓએ નેફ્રોલોજિસ્ટ ડૉ. જગદીપ શાહ, શ્રી સુબ્રમણ્યમ આયર તથા શ્રી કંસારાનો યોગ્ય સલાહ આપવા બદલ આભાર માનેલ હતો. સિનિયર ટેકનિશિયન શ્રી અંકિત દવેની સેવાને યાદ કરી તેઓએ તથા ડૉ. જગદીપ શાહે શ્રી અંકિત દવેને એક સુંદર મોમેન્ટો અર્પણ કરેલ હતો.

ત્યારબાદ ડૉ. જગદીપ શાહે ઉપસ્થિત શ્રોતાજનોને ડાયાલિસીસ કઈ રીતે કરવામાં આવે છે તેના ટેકનિકલ ઍંગલ સાથે સંપૂર્ણ માહિતી આ સભા સમક્ષ રજૂ કરેલ હતી.

ત્યારબાદના પ્રવચનમાં સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ સમારંભ પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની સેવાકીય પ્રવૃત્તિઓ અને તેમના સંબંધી અન્ય માહિતી ઉપસ્થિત શ્રોતાજનોને આપતાં કહ્યું કે તેઓએ કેમિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યા પછી આરતી કેમિકલ્સની સ્થાપના કરી. આજે તે કોર્પોરેટ ક્ષેત્રે અગ્ર સ્થાને પહોંચી ગયેલ છે. શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી દર વર્ષે પોતાના યુનિટના નફાના ૨ ટકા કરતા પણ વધુ રકમનું દાન કરે છે. શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન્સ તથા શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજનના ટ્રસ્ટી છે. તેઓ દૂરના પ્રદેશમાં અભ્યાસ માટે શાળાઓ ચલાવે છે. વિચરતા સમુદાયના વિકાસ માટે સદાયે સક્રિય રહે છે. બિહારની રેલ હોનારત અને ઉત્તરાંચલની પૂર હોનારતના સમયે તેઓએ ત્યાં રાહતના અનેક કાર્યો કરેલ છે. ત્યારબાદ શ્રી અશોકભાઈ મહેતાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ વિષે જણાવ્યું કે નર્મદા નદીના નિયમિત પાણી તથા વધારાના પાણી કચ્છમાં શક્ય જલદી પહોંચે તે માટે આ સંસ્થા સક્રિય છે. તેણે કચ્છના છેલ્લા ૭,૦૦૦ વર્ષનો ઇતિહાસ તૈયાર કરાવીને પ્રકાશિત કરેલ છે. અમદાવાદમાં કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની સ્થાપના કરેલ છે. અમદાવાદમાં તેના દ્વારા જલારામ અન્નક્ષેત્રની પણ સ્થાપના કરવામાં આવેલ છે. અમદાવાદમાં તે ત્રણ અતિથિ ભવનો ચલાવે છે. પાલડીના ભવન પર ખૂબ જ કિફાયતી દરે મેડિકલની સેવાઓ ઉપલબ્ધ કરેલ છે. મુંબઈમાં અતિથિ ભવનની સ્થાપના અને કચ્છમાં આર્કિટેક્ચરલ કોલેજની સ્થાપનાના પ્રયાસો ચાલુ છે. ત્યારબાદ શ્રી અશોક મહેતાએ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીની વિગતવાર માહિતી આપેલ હતી.

## ● કચ્છી બિઝનેસ ડિરેક્ટરી :

સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન કચ્છી બિઝનેસ ડિરેક્ટરીનું પ્રકાશન કરવાની ધારણા રાખવામાં આવેલ હતી અને તેના અનુસંધાને ત્રણ સભ્યની એક સમિતિ (૧) શ્રી મનુભાઈ શાહ - કન્વીનર, (૨) શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ - સભ્ય તથા (૩) શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી - સભ્યની રચના કરવામાં આવેલ હતી. શરૂઆતમાં ધાર્યા કરતા અનેક અડચણો આવવાથી તેની પ્રક્રિયા ખોરંભે ચડી ગયેલ હતી. પરંતુ ગત ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૩થી આ સમિતિ સક્રિય થઈ, કોઈ પણ સંજોગોમાં આ ડિરેક્ટરી શક્ય ટૂંકા સમયગાળામાં બહાર પાડવા કટિબધ્ધ બનેલ હતી. આવેલ ફોર્મ ચકાસવા, ખૂટતી માહિતીઓ ફોન કરીને મેળવવી, દરેક સમાજની ડાયરી સાથે તે સમાજના આવેલ ફોર્મની સરખામણી કરી, બાકીના વ્યવસાયિક સભ્યોના ફોર્મ મંગાવવા વગેરે પ્રક્રિયા પૂરબહારમાં શરૂ કરી દેવામાં આવી. તે માટે સ્ટાફના સભ્યોનો તથા સમાજના અન્ય સભ્યોનો સહકાર મેળવવાનું શરૂ કર્યું. પરિણામે એક પછી એક ફોર્મ કમ્પ્લીટ થતા ગયા અને તેને કોમ્પ્યુટર સેટિંગ માટે મોકલી આપવામાં આવ્યા. અન્ય તરફ જાહેરાતો મેળવવાની પ્રક્રિયાનો શુભારંભ કરી દેવામાં આવ્યો. ડિરેક્ટરીમાં મૂકવા માટે અન્ય માહિતીઓ પણ ચકાસીને તૈયાર કરવામાં આવી. દરેક સમાજના પ્રમુખોના શુભેચ્છા સંદેશાઓ મંગાવવાનું શરૂ કરી દેવામાં આવ્યું. આ સમિતિમાં અન્ય બે સભ્યો શ્રી ગિરીશ હીરજી દેઢિયા તથા શ્રી રાજેન્દ્ર મણિલાલ વસાનો ઉમેરો કરવામાં આવ્યો. તેમાં શ્રી ગિરીશ હીરજી દેઢિયાની છેલ્લા ત્રણ મહિનાની મહેનત કાબિલેદાદ રહેવા પામી!

ત્યારબાદ પ્રિન્ટ થઈને આવેલ ફોર્મનું પ્રૂફ રીડિંગ કરવામાં આવ્યું. વિગતોમાં ઘણો દોષ જણાતા વારંવાર પ્રૂફ રીડિંગની આવશ્યક્તા જણાઈ. છેલ્લા દિવસોમાં તો સમાજના ૧૫-૨૦ બાળકો અને યુવા સભ્યોનો પણ સાથ-સહકાર મેળવવામાં આવ્યો. દિવસ-રાત સતતપણે કામ ચાલ્યું. તા. ૧૫-૪-૨૦૧૪ની સાંજ સુધી સંપૂર્ણ પ્રૂફ રીડિંગ પૂરું કરી દેવામાં આવ્યું. પ્રિન્ટિંગ અને બાઈન્ડિંગ કામ માટે શ્રી મનુભાઈ

***મૌન એ રોષ સામેનું શ્રેષ્ઠ હથિયાર છે.***

શાહ પાસે ૪ દિવસથી પણ ઓછો સમય રહ્યો કેમકે છેલ્લી ઘડી સુધી તેમાં સુધારા-વધારા થતા રહ્યા. શ્રી મનુભાઈ શાહે છેલ્લા ૩ દિવસમાં પ્રિન્ટીંગ તથા બાઈન્ડિંગની જવાબદારી બેમિસાલપણે અદા કરી. સમાજના તા. ૨૦-૪-૨૦૧૪ના વિમોચન કાર્ય માટે લક્ષ્યાંક મુજબ એકસાથે ૩,૦૦૦ કોપીઓ તૈયાર કરાવી આપી. ખૂબ જ અદ્‌ભુત કાર્ય! સંપૂર્ણ ટીમ તેના યશની અધિકારી છે! તેના દરેક સભ્યને અભિનંદન આપીએ તેટલા ઓછા છે! સમાજના યુવા વર્ગે દિવસ-રાત જોયા વગર કામ કર્યું, તેઓ પણ આ યશના પૂરેપૂરા અધિકારી છે! સમાજના સ્ટાફની આ કાર્ય માટેની તનતોડ મહેનતે તો રંગ લાવી દીધો! શ્રી મનુભાઈ, આપશ્રીની ટીમ યશસ્વીપણે બહાર આવી! આ માટે આપશ્રીને તથા સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન! આપે આ કાર્યમાં ખરેખર રંગ લાવી દીધો!

આ સાથે તૈયાર કરવામાં આવેલ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના વિમોચનની ઘડી આવી ચૂકી! તે માટે સૌપ્રથમ ઉપસ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રીઓ અને તેમની ગેરહાજરીમાં ઉપસ્થિત મંત્રીશ્રીઓ (અંદાજે ૨૦ જેટલા) મંચ પાસે એકત્રિત થયા. કચ્છી બિઝનેસ ડિરેક્ટરીની વિમોચન માટેની એક નકલ સૌપ્રથમ આજના વિમોચનકાર શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ પટેલ (પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ)ને આપવામાં આવી. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો તથા સ્ટેજ પાસે ઉપસ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રીઓને પણ એકેક નકલ આપવામાં આવી. અને સહુએ સાથે મળીને 'કચ્છી બિઝનેસ ડિરેક્ટરી'નું વિમોચન કર્યું. આ રીતે 'કચ્છી બિઝનેસ ડિરેક્ટરી'નું વિમોચન કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું. અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોના ૪૦૦૦થી પણ વિશેષ ઘર છે અને તેઓના ૨૫૦૦ જેટલા વ્યવસાયિક સંસ્થાનો છે કે જેનો આ ડિરેક્ટરીમાં કેટેગરીવાઈઝ સમાવેશ કરી લેવામાં આવેલ છે.

કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના વિમોચન બાદ સમાજના કાયમી ટ્રસ્ટી શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા તથા અન્ય એક કાર્યકર શ્રી હીરેન કુંવરજી શાહ દ્વારા ઉપસ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રીઓનું બુકે સ્વરૂપના મોમેન્ટો દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું.

વિમોચનકાર શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ પટેલે પોતાના પ્રવચનમાં જણાવેલ કે આ સમારંભ કચ્છીઓનો છે અને હજુ સુધી કોઈએ કચ્છી ભાષાનો પોતાના પ્રવચનમાં ઉપયોગ કરેલ નથી તે એક અજીબ વાત છે. તેઓશ્રીએ સભાને કચ્છી ભાષામાં સંબોધી હતી. તેઓએ શ્રી ક.જૈ.સે.સ.ના કાર્યને બિરદાવીને ડાયાલિસીસ મશીન પરના એક નામ માટે રૂા. ૫.૦૦ લાખના અનુદાનની જાહેરાત કરેલ હતી.

આજના ડાયાલિસીસ સેન્ટરના ઉદ્‌ઘાટક શ્રી હરીશભાઈ રંગવાલાએ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની કાર્યશૈલીની સરાહના કરેલ હતી. તેઓ બંને એન્જિનિયર હોવાથી તેઓ બંને એક જ જ્ઞાતિના છે તેમ પણ તેમણે જણાવેલ હતું. તેઓએ પણ શ્રી ક.જૈ.સે.સ.ના કાર્યની સરાહના કરી પોતાના તરફથી પણ રૂા. ૫.૦૦ લાખના અનુદાનની જાહેરાત કરેલ હતી.

ઉદ્‌ઘાટન તથા વિમોચન બાદના પ્રવચનમાં શ્રી અશોકભાઈ કુંવરજી શાહે જણાવેલ કે ૨૦૦૨માં અમે જે કોન્ફરન્સ હોલ માટે ડોનેશન આપેલ, એ હોલ આજે એક સેવાના કાર્ય માટે ડાયાલિસીસ સેન્ટરમાં ફેરવાઈ ગયેલ હોવાથી તેનો સૌથી વિશેષ આનંદ અમારા પરિવારને છે. સમાજ દ્વારા અમારા દાનની ઉત્તમ સ્વરૂપે કદર થતાં અમે સમાજના ઉપકારી છીએ. તેઓએ પણ રૂા. ૫.૦૦ લાખના અનુદાનની જાહેરાત કરેલ હતી.

અતિથિ વિશેષ શ્રી લહેરચંદભાઈ નેમચંદ મહેતાએ પોતાની લાક્ષણિક મુદ્રામાં આ સમાજના કાર્યોની સરાહના કરેલ હતી. તેઓએ ડાયાલિસીસ સેન્ટરની એક કાયમી તિથિ માટે રૂા. ૧,૧૧,૧૧૧/-ના અનુદાનની જાહેરાત કરેલ હતી.

અંતમાં સમારંભ પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ જણાવેલ કે આપણે જ્ઞાતિના વાડામાંથી બહાર આવી ગરીબી રેખા નીચે જીવતા મનુષ્યો માટે સેવાના કાર્યો કરવા જોઈએ. તેઓના બાળકોને અભ્યાસની સગવડ પૂરી પાડવી જોઈએ અને સમગ્ર ભારતીય સમાજ માટે કાર્યો કરવા જોઈએ.

ત્યારબાદ સંસ્થાના સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ આભારવિધિની જવાબદારી નિભાવેલ હતી, જેમાં સંકલ્પના સ્વયં સેવકોનો ખાસ આભાર માનવામાં આવેલ.

કાર્યક્રમના અંતે રસ-પૂરીનું સમૂહભોજન લઈ સૌ છૂટા પડ્યા હતા.

આ સમારંભમાં વિવિધ ૨૦ જેટલા કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રીઓ ઉપરાંત શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી ચમનભાઈ પલણ, શ્રી રાજેન્દ્ર મજીઠિયા, શ્રી જયેશભાઈ ઠક્કર, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી ભાઈલાલભાઈ પટેલ, શ્રી પરબતભાઈ પટેલ, શ્રી હરજીભાઈ પટેલ, શ્રી પ્રશાંતભાઈ શાહ (વીસા ઓસવાલ ક્લબ), શ્રી હેમંતભાઈ પારેખ તેમજ મેડિકલ સેન્ટરના ડૉ. દેવલ શાહ, ડૉ. નીતુબેન પરીખ, ડૉ. વનીતાબેન જીવાણી, ડૉ. વીરેન પટેલ, ડૉ. શાલ્વી દોશી તથા પ્રલીન ચેરિટેબલ ટ્રસ્ટના અન્ય ટ્રસ્ટીશ્રીઓ દર્શિનીબેન તથા નીનાબેન, વગેરે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

"કચ્છી બિઝનેસ ડિરેક્ટરી"માં જાહેરાત આપનાર સૌ મહાનુભાવોનો તેમજ તેમાં સાથ-સહકાર આપનાર તમામ ઘટક સમાજોનો અત્રેથી ફરી ફરી આભાર માનવામાં આવે છે.

*એકાગ્રતા વિના જ્ઞાન પ્રાપ્ત ન થાય.*

## ડાયાલિસીસના પ્રત્યેક મશીન પેટે પ્રાપ્ત સૌજન્યના નામોની યાદી

| ક્રમ | નામ | સૌજન્ય |
|---|---|---|
| ૧. | શ્રી રમેશભાઈ કુંવરજી સાવલા (હ. શ્રીમતી કસ્તૂરબેન રમેશ સાવલા) - ગાંધીનગર | રૂા. ૫.૦૦ લાખ |
| ૨. | શ્રી હિમાંશુ જાદવજી શેઠિયા - રાજકોટ (સ્વ. જાદવજીભાઈ વેલજીભાઈ શેઠિયાના સ્મરણાર્થે) હ. લક્ષ્મીબેન જાદવજી શેઠિયા (રાજકોટ - લાખાપર) | રૂા. ૫.૦૦ લાખ |
| ૩. | દીપ ઈન્ડસ્ટ્રીઝ લિ. - અમદાવાદ | રૂા. ૫.૦૦ લાખ |
| ૪. | નવનીત એજ્યુકેશન્સ (ઇન્ડિયા) લિમિટેડ - અમદાવાદ | રૂા. ૫.૦૦ લાખ |
| ૫. | શ્રી શાંતિલાલ છગનલાલ શાહ તથા શ્રી નરેન્દ્રભાઈ છગનલાલ શાહ - અમદાવાદ | રૂા. ૫.૦૦ લાખ |
| ૬. | શ્રી હરીશભાઈ રંગવાલા - અમદાવાદ | રૂા. ૫.૦૦ લાખ |
| ૭. | શ્રી હેમંતભાઈ નવીનચંદ્ર શાહ પરિવાર - અમદાવાદ (હ. શ્રી હસમુખભાઈ ગઢેચા) | રૂા. ૫.૦૦ લાખ |
| ૮. | શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ પટેલ (પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ) - અમદાવાદ | રૂા. ૫.૦૦ લાખ |
| ૯. | શ્રી અશોક કુંવરજી શાહ તથા શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ (વી-ટ્રાન્સ) મુંબઈ | રૂા. ૫.૦૦ લાખ |

## ડાયાલિસીસ સૌજન્યની કાયમી તિથિ પેટે આવેલ નામોની યાદી

| ક્રમ | નામ | કાયમી તિથિ | સૌજન્ય (રૂા.) |
|---|---|---|---|
| ૧. | શ્રી કોમલભાઈ સાવલા, માતૃવંદના ટ્રસ્ટ, બિદડા - કચ્છ | ૧ | ૧,૧૧,૧૧૧/- |
| ૨. | શ્રીમતી વર્ષાબેન અનિલ હરિયા - અમદાવાદ | ૧ | ૧,૧૧,૧૧૧/- |
| ૩. | શ્રીમતી ચંચલબેન ઉગરચંદ ગઢેચા - અમદાવાદ | ૧ | ૧,૧૧,૧૧૧/- |
| ૪. | માતુશ્રી કંકુબેન મગનલાલ ધનજી ગડા પરિવાર (નાના ભાડિયા) (હ. બંસીલાલ મગનલાલ ગડા) | ૧ | ૧,૧૧,૧૧૧/- |
| ૫. | શ્રી લહેરચંદ નેમચંદ મહેતા - સુરત | ૧ | ૧,૧૧,૧૧૧/- |
| ૬. | માતુશ્રી તારાબેન અમૃતલાલ જેઠી - ભુજ (હ. રીટાબેન પ્રદીપભાઈ જેઠી) | ૧ | ૧,૧૧,૧૧૧/- |
| ૭. | શ્રી કાંતિલાલ રામજી સાવલા - અમદાવાદ | ૧ | ૧,૧૧,૧૧૧/- |
| ૮. | ગૂર્જર પરિવાર (હ. મનુભાઈ શાહ - અમદાવાદ) | ૨ | ૨,૨૨,૨૨૨/- |
| ૯. | સ્વ. પુરબાઈ કલ્યાણજી મોતા (હ. હીરેન રતિલાલ - અમદાવાદ) | ૧ | ૧,૧૧,૧૧૧/- |
| ૧૦. | ડૉ. બીના અને ડૉ. અનિલ શાહ (નાની ખાખર - અમેરિકા) (લગ્નની વર્ષગાંઠ નિમિત્તે) | ૧ | ૧,૧૧,૧૧૧/- |
| ૧૧. | શ્રી હેમંતભાઈ જશવંતલાલ પરીખ - અમદાવાદ | ૧ | ૧,૧૧,૧૧૧/- |
| ૧૨. | શ્રી નયનભાઈ જશવંતલાલ પરીખ - અમદાવાદ | ૧ | ૧,૧૧,૧૧૧/- |

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....

MRL GROUP

**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**

(CHA No. 11/374)

13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com

**Clearing, Forwarding & Shipping Agents**

## ડાયાલિસીસના એક દિવસના સૌજન્યની આવેલ નામોની યાદી

| ક્રમ | નામ | દિવસ | સૌજન્ય (રૂા.) |
|---|---|---|---|
| ૧. | કુ. ચૌલાબેન કુરુવા - અમદાવાદ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૨. | શ્રી નલિન કેશવજી મોમાયા - અમદાવાદ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૩. | શ્રી હરખચંદ કુંવરજી સાવલા - ગાંધીનગર | ૫ | ૫૫,૦૦૦/- |
| ૪. | શ્રી પરબતભાઈ શિવજીભાઈ પટેલ - અમદાવાદ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૫. | શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર (સ્વ. દેવીબેન ઘનશ્યામભાઈ ઠક્કરના સ્મરણાર્થે) (હ. શ્રી પ્રશાંતભાઈ તથા શ્રી પરાગભાઈ) - અમદાવાદ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૬. | શ્રી અશ્વિનભાઈ શ્રોફ (એક્સલ ગ્રુપ - મુંબઈ) | ૧૦ | ૧,૧૦,૦૦૦/- |
| ૭. | શ્રી નાનાલાલ ચુનીલાલ શાહ - તિરૂનાવેલી (શ્રી ચુનીલાલ કાનજી પરિવાર - મુંદ્રા) | ૧ | ૧૧,૦૦૦/- |
| ૮. | શ્રી ચંદુલાલ ચુનીલાલ શાહ - કર્નૂલ (શ્રી ચુનીલાલ કાનજી પરિવાર - મુંદ્રા) | ૧ | ૧૧,૦૦૦/- |
| ૯. | શ્રી નાનાલાલ સ્વરુપચંદ ખંડોર - મુંબઈ | ૨ | ૨૫,૦૦૦/- |
| ૧૦. | શ્રીમતી મંજુલાબેન દિનેશભાઈ શાહ - અમદાવાદ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૧૧. | સ્વ. લક્ષ્મીબેન કાનજીભાઈ પટેલ (હ. ભાઈલાલભાઈ કે. પટેલ) - અમદાવાદ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૧૨. | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી - અમદાવાદ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૧૩. | માતુશ્રી ઉમરબેન પ્રેમજી ભીમશી સોની (હેતકીબેનની દીક્ષા નિમિત્તે) (હ. વશનજીભાઈ પ્રેમજી સોની) | ૧ | ૧૧,૦૦૦/- |
| ૧૪. | માતુશ્રી ધનલક્ષ્મીબેન બાબુભાઈ શાહના સ્મરણાર્થે (હ. હસમુખભાઈ બાબુભાઈ શાહ)- અમદાવાદ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૧૫. | માતુશ્રી નવલબેન વીરચંદ દંડ (હ. શરદભાઈ દંડ - સુરત) | ૧ | ૧૧,૦૦૦/- |
| ૧૬. | શ્રી અમૃતલાલ જયંતીલાલ શાહ (હ. ઉમંગ જયંતીલાલ શાહ) | ૧ | ૧૧,૦૦૦/- |
| ૧૭. | વસા જડાવબેન મોતીલાલ નાથાભાઈ - ભુજ (કચ્છ) (હ. મહેન્દ્ર મો. વસા) - અમદાવાદ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૧૮. | માતુશ્રી દયાબેન રવિલાલ મહેતા (હ. ચંદ્રકાંત રવિલાલ મહેતા) - અમદાવાદ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૧૯. | શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર - અમદાવાદ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૨૦. | શ્રી પ્રશાંતભાઈ શાહ (ટ્રસ્ટીશ્રી, વીસા ઓસવાલ સમાજ - અમદાવાદ) | ૧ | ૧૧,૦૦૦/- |
| ૨૧. | શ્રી દિનેશ મણિલાલ શાહ - અમદાવાદ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૨૨. | મે. એચ.કે. ટ્રાવેલ્સ (હ. શ્રી હરજીભાઈ પટેલ) - અમદાવાદ | ૧ | ૧૧,૦૦૦/- |
| ૨૩. | વર્ધમાન ફેબ્રિકેશન - પાલડી, અમદાવાદ (હ. શ્રી દિનેશભાઈ જૈન) | ૧ | ૧૧,૦૦૦/- |
| ૨૪. | શ્રી નીલેશ રાઘવજી સાવલા (મુંબઈ - વાંકી) (હ. શ્રી મણિલાલ કુંવરજી ગોસર) | ૧ | ૧૧,૦૦૦/- |
| ૨૫. | લક્ષ્મીબેન દેવજી દેઢિયા - મુંબઈ (હ. શ્રી મણિલાલ કુંવરજી ગોસર) | ૧ | ૧૧,૦૦૦/- |
| ૨૬. | શ્રીમતી ભાવનાબેન કિશોર છેડા (અમદાવાદ - પુનડી) (હ. શ્રી મણિલાલ કુંવરજી ગોસર) | ૧ | ૧૧,૦૦૦/- |
| ૨૭. | શ્રીમતી રેવંતીબેન મણિલાલ ગોસર (અમદાવાદ - ગોધરા) (હ. શ્રી મણિલાલ કુંવરજી ગોસર) | ૧ | ૧૧,૦૦૦/- |
| ૨૮. | શ્રી મનીષ મણિલાલ ગોસર (અમદાવાદ - ગોધરા) (હ. શ્રી મણિલાલ કુંવરજી ગોસર) | ૧ | ૧૧,૦૦૦/- |

*મજા અને મજાક મર્યાદામાં જ શોભે.*

# શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસીસ સેન્ટરનું ઉદ્‌ઘાટન

## તથા

# કચ્છી બિઝનેસ ડિરેક્ટરીનું વિમોચન

## સમારંભ ક્ચકડે મઢ્યો




શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસીસ સેન્ટરની તક્તીનું અનાવરણ કરતાં શ્રી અશોકભાઈ કુંવરજી શાહ, શ્રી મહેન્દ્રભાઈ કુંવરજી શાહ તથા શ્રીમતી નીલમબેન ધી. કાપડિયા




ડાયાલિસીસ સેન્ટરની તક્તીના અનાવરણ બાદ ઉપસ્થિત મહાનુભાવો.
(ડાબેથી) શ્રી કે.એલ. શાહ, શ્રી ઇંદરચંદ જૈન, શ્રી સુશીલભાઈ કાપડિયા, શ્રીમતી નીલમબેન કાપડિયા, શ્રી અશોકભાઈ શાહ, શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી તથા શ્રી છોટુભાઈ ગાલા.



ડાયાલિસીસ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતાં શ્રી હરીશભાઈ રંગવાલા.
(ડાબેથી) શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી સુશીલભાઈ કાપડિયા, તથા શ્રી અશોકભાઈ શાહ



ડાયાલિસીસ મશીન-૧ નું ઉદ્‌ઘાટન કરતા શ્રી શાંતિલાલભાઈ રામજી ગાલા



ડાયાલિસીસ મશીન-૨ નું ઉદ્‌ઘાટન કરતા શ્રી શાંતિલાલભાઈ ડુંગરશી મારૂ



ડાયાલિસીસ મશીન-૩ નું ઉદ્‌ઘાટન કરતા શ્રી કોમલભાઈ સાવલા



ડાયાલિસીસ મશીન-૪ નું ઉદ્ઘાટન કરતા શ્રીમતી કસ્તૂરબહેન રમેશ સાવલા (જમણે),
શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા તથા શ્રી રમેશ કુંવરજી સાવલા



ડાયાલિસીસ મશીન-૫ નું ઉદ્ઘાટન કરતા શ્રી શ્યામસુંદરજી રૂંગટા,
ડૉ. નીતિન શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા ડૉ. જગદીપ શાહ



ડાયાલિસીસ મશીન-૬ નું ઉદ્ઘાટન કરતા
શ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલી તથા શ્રી કે.આર. શાહ



ડાયાલિસીસ મશીન-૭ નું ઉદ્ઘાટન કરતા
શ્રી લહેરચંદભાઈ નેમચંદ મહેતા તથા શ્રી મનુભાઈ શાહ



ડાયાલિસીસ મશીન-૮ નું ઉદ્ઘાટન કરતા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા,
શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા તથા શ્રીમતી મધુરીબેન છોટુભાઈ ગાલા



ડાયાલિસીસ મશીન-૯ નું ઉદ્ઘાટન કરતા શ્રીમતી સ્મિતાબેન શાહ,
શ્રીમતી હાસ્યલતાબેન મહેતા વગેરે.



આવકાર પ્રવચન આપતા
સમાજના મંત્રી શ્રી કે. આર. શાહ



દીપ પ્રાગટ્ય કરતા શ્રી છોટુભાઈ ગાલા તથા શ્રી શાંતિલાલભાઈ ગાલા.
(ડાબેથી) શ્રી શાંતિલાલભાઈ ગાલા, શ્રી છોટુભાઈ ગાલા, શ્રી શાંતિલાલભાઈ મારૂ,
શ્રીમતી નીલમબેન કાપડિયા, શ્રી શ્યામસુંદરજી રૂંગટા,
શ્રીમતી સ્મિતાબેન શાહ, શ્રી અશોક મહેતા તથા શ્રી કે.આર. શાહ



સમારંભ પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (જમણે)નું
બુકથી સન્માન કરતા આદ્યપ્રમુખ શ્રી હીરજીભાઈ શાહ



અતિથિ વિશેષશ્રી છોટુભાઈ ગાલા (જમણે)નું
બુકથી સન્માન કરતા પૂર્વ પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયા



અતિથિ વિશેષશ્રી શાંતિલાલભાઈ ગાલા (જમણે)નું
બુકથી સન્માન કરતા ઉપપ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ



અતિથિ વિશેષશ્રી હરીશભાઈ રંગવાલા (ડાબે)નું
બુકથી સન્માન કરતા ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહ



અતિથિ વિશેષશ્રી અશોકભાઈ શાહ (જમણે)નું
બુકથી સન્માન કરતા ખજાનચી શ્રી કે. ડી. શાહ



અતિથિ વિશેષશ્રી મેઘજીભાઈ પટેલ (જમણે)નું
બુકથી સન્માન કરતા સહ ખજાનચી શ્રી રમણિકભાઈ ગોસર



અતિથિ વિશેષશ્રી સુશીલભાઈ કાપડિયા (ડાબે)નું
બુકથી સન્માન કરતા
મેડિકલ સમિતિના કન્વીનર તથા ટ્રસ્ટી શ્રી અશ્વિનભાઈ સાવલા



અતિથિ વિશેષશ્રી લહેરચંદ નેમચંદ મહેતા (જમણે)નું
બુકથી સન્માન કરતા ટ્રસ્ટી શ્રી શાંતિલાલભાઈ સાવલા



અતિથિ વિશેષશ્રી શ્યામસુંદરજી રૂંગટા (ડાબે)નું
બુકથી સન્માન કરતા ઉપપ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ



અતિથિ વિશેષ શ્રીમતી સ્મિતાબેન શાહ (ડાબે)નું
બુકથી સન્માન કરતા ટ્રસ્ટી શ્રી આણંદજીભાઈ વીરા



અતિથિ વિશેષ શ્રીમતી નીલમબેન કાપડિયા (ડાબે)નું
બુકથી સન્માન કરતા સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલા




સમારંભના સમયે મંચસ્થ મહાનુભાવો. (ડાબેથી) શ્રી લહેરચંદભાઈ મહેતા,
શ્રી શાંતિલાલભાઈ ગાલા, શ્રી અશોકભાઈ શાહ, શ્રી મેઘજીભાઈ પટેલ, શ્રી છોટુભાઈ ગાલા,
શ્રી અશોક મહેતા, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી હરીશભાઈ રંગવાલા, શ્રી સુશીલભાઈ કાપડિયા,
શ્રીમતી નીલમબેન કાપડિયા, શ્રી શાંતિલાલભાઈ મારૂ, શ્રી શ્યામસુંદરજી રૂંગટા તથા શ્રીમતી સ્મિતાબેન શાહ



હૈદ્રાબાદના ડાયાલિસીસ સેન્ટર વિષે
માહિતી આપતા શ્રી સુશીલભાઈ કાપડિયા



અમદાવાદના ડાયાલિસીસ સેન્ટર વિષે
માહિતી આપતા શ્રી અશ્વિનભાઈ સાવલા



ડાયાલિસીસ પ્રક્રિયા વિષે માહિતી આપતા
નેફ્રોલોજિસ્ટ ડૉ. જગદીપ શાહ



સમારંભમાં ઉપસ્થિત સન્નારીઓ અને સજ્જનો



સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવો




કચ્છી બિઝનેસ ડિરેક્ટરીનું વિમોચન કરતા શ્રી મેઘજીભાઈ પટેલ.
સાથે મંચસ્થ મહાનુભાવો તથા વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રીઓ / મંત્રીશ્રીઓ.



વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રીઓનું સન્માન કરતા
શ્રી રૂપેશભાઈ સાવલા (જમણેથી પ્રથમ) તથા શ્રી હીરેનભાઈ શાહ



પ્રવચન આપતા શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ પટેલ



પ્રવચન આપતા શ્રી હરીશભાઈ રંગવાલા



પ્રવચન આપતા શ્રી અશોકભાઈ શાહ



પ્રવચન આપતા શ્રી લહેરચંદભાઈ મહેતા



પ્રમુખકીય પ્રવચન આપતા
શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી



ડાયાલિસીસ સેન્ટરની ટીમ તથા કચ્છી બિઝનેસ ડિરેક્ટરીની ટીમના સન્માન સમયે
ડાબેથી શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી દિનેશભાઈ જે. શાહ, શ્રી નરેન્દ્રભાઈ કોઠારી,
શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી મનુભાઈ શાહ



આભારવિધિ કરતા
સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલા



સમારંભ બાદ મહાનુભાવોનો ભોજન સમારંભ



જમણવાર સમિતિ તથા અન્ય કાર્યકરો. (ડાબેથી) શ્રી ઉમંગ શાહ, શ્રી અનિકેત સંઘવી,
શ્રી સંદીપ મહેતા, શ્રી રોહિત સંઘવી, શ્રી પ્રદીપ મહેતા તથા શ્રી જીત શાહ

# અમદાવાદ - ગાંધીનગર વિસ્તારની કચ્છી બિઝનેસ ડિરેક્ટરી - ૨૦૧૪

## પ્રયોજક : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

ઉપરોક્ત ડિરેક્ટરીનું તા. ૨૦-૪-૨૦૧૪ના રોજ વિમોચન થયા બાદ તેનું વિતરણ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ચાલુ છે.

★ કુલ પૃષ્ઠ : ૩૫૦. જેમાં કચ્છી સમાજની ધંધાદારી વ્યક્તિ, ઉદ્યોગપતિ, નાના-મોટા કામ સાથે સંકળાયેલ, પ્રોફેશનલ વ્યક્તિ, સરકારી - અર્ધસરકારી કચેરીઓ, કોર્પોરેટ સેક્ટર વગેરેમાં કાર્યરત વ્યક્તિઓ સંબંધી લગભગ ૩૦૦૦ જેટલી વિવિધ પ્રકારની માહિતીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ કારણે તે દરેક વ્યક્તિ, પરિવારજનો તેમજ વિવિધ પ્રતિષ્ઠાનો માટે ખૂબ ઉપયોગી છે.

★ ઉપરોક્ત ડિરેક્ટરીમાં જેમની એન્ટ્રી છે - તેઓને ડિરેક્ટરીનું વિતરણ વિનામૂલ્યે થઈ રહ્યું છે.

★ તેવી રીતે બોટમ પટ્ટી જાહેરાત સિવાયની જેમની જાહેરાતો હોય તેમને પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહેલ છે.

★ તે સિવાય જેમને આ ડિરેક્ટરીની જરૂરિયાત હોય તેમને રૂા. ૧૦૦/- પ્રતિ નકલના ચાર્જથી આપવામાં આવી રહેલ છે.

*ઉપર મુજબ ડિરેક્ટરી વહેલાસર મેળવી લેવા સહુ કોઈને અનુરોધ છે.*

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# તબીબી સાધનો ભાડેથી આપવાની યોજના

કોઈપણ વ્યક્તિને તબીબી ક્ષેત્રે ઉપયોગી થાય તેવા સાધનો શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આપવાની એક યોજના સમાજ દ્વારા અમલમાં છે.

સાધનોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તબીબી સાધનનું નામ | ડિપોઝીટની રકમ | દૈનિક ભાડું |
|---|---|---|---|
| ૧. | એર બેડ | ૨,૦૦૦/- | ૧૦/- |
| ૨. | વ્હીલ ચેર | ૩૫૦૦/- | ૩/- |
| ૩. | ઓક્સિજન સિલિન્ડર (નાનો) | ૩૫૦૦/- | ૫/- |
| ૪. | નેબ્યુલાઈઝર | ૧૫૦૦/- | ૫/- |
| ૫. | વૉકર | ૧૦૦૦/- | ૨/- |
| ૬. | વોકિંગ સ્ટીક | ૫૦૦/- | ૧/- |
| ૭. | કમોડ ચેર | ૨૫૦૦/- | ૩/- |
| ૮. | સેલાઈન સ્ટેન્ડ | ૫૦૦/- | ૨/- |
| ૯. | બેડ પાન | ૫૦૦/- | ૨/- |
| ૧૦. | ફાઉલર બેડ | ૩૫૦૦/- | ૧૦/- |
| ૧૧. | ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | ૧૫૦૦/- | ૨/- |
| ૧૨. | બેક રેસ્ટ | ૭૦૦/- | ૨/- |

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો પાસેથી ડિપોઝીટની રકમ ૫૦ ટકા લેવામાં આવશે.
- ઑક્સિજન ગેસનો ચાર્જ રૂા. ૧૫૦/- અલગથી આપવાનો રહેશે.
- સાધનો લેવા - પરત કરવાનો સમય સોમવારથી શનિવાર સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૩૦ સુધીનો રહેશે.
  ફોન નંબર : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧ (એક્સ્ટેન્શન : ૧૦૭)
- કોઈપણ સાધનો વ્યક્તિએ પોતાના ખર્ચે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી લેવાના રહેશે અને તે જ સ્થળે પરત કરવાના રહેશે.
  *અન્ય વિગત માટે ભવન કાર્યાલયનો ઉપરોક્ત ફોન નંબર પર સંપર્ક કરી શકાશે.*

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*હસતા રહેવા જેવું કોઈ સૌંદર્ય નથી.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા <u>*સંચાલિત*</u>
## શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસીસ સેન્ટર કાર્યરત છે.

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંત નગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.
ફોન સંપર્ક : (૦૭૯) ૨૨૮૮૪૫૪૭, ૨૨૮૬૧૫૩૯

- ઉપરોક્ત ડાયાલિસીસ સારવારનો લાભ કોઈપણ પ્રજાજન લઈ શકે છે.
- એક વખત ડાયાલિસીસ માટેનો ચાર્જ માત્ર રૂા. ૪૦૦/- છે.
- આ સારવાર માટે પ્રથમ વખત તેમજ સમયાંતરે નીચે જણાવેલ કોઈપણ નેફ્રોલોજિસ્ટ સાથે કન્સલ્ટ કરવાનું જરૂરી છે.
- ઉપરોક્ત ડાયાલિસીસ પ્રક્રિયા માટે ડાયાલિસીસ સાથે વપરાશમાં લેવાતા ડાયલાઈઝર તેમજ કોઈ સંજોગોમાં ઈમરજન્સી સેવાના ચાર્જિસ અલગથી રહેશે.
- ડૉક્ટર કન્સલ્ટેશન તેમજ કોઈપણ પ્રકારના પરીક્ષણના ચાર્જિસ સંબંધિત ડૉક્ટરને ભરપાઈ કરવાના રહેશે.

(૧) **ડૉ. જગદીપ શાહ**
ગુજરાત કિડની ફાઉન્ડેશન, શૈવલ કોમ્પ્લેક્સ, ફ્લોર નં. ૪-૫, સુવિધા શોપિંગ સેન્ટર પાસે, પરિમલ ક્રોસિંગ અને મહાલક્ષ્મી ચાર રસ્તાની વચ્ચે, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
● ફોન : (૦૭૯) ૨૬૬૫ ૨૨૨૦, ૨૬૬૨ ૨૨૨૨
સોમવારથી શુક્રવાર : કોઈપણ સમયે. ● શનિવાર : બપોરે ૧૨ થી ૩

(૨) **ડૉ. સુબ્રમનિયમ આયર**
૨૪, પામ સ્પ્રિંગ, કોલેજિયન રેસ્ટોરન્ટની સામે, ડૉક્ટર હાઉસની બાજુમાં, પરિમલ ગાર્ડન પાસે, અમદાવાદ.
મો. ૯૮૨૪૦ ૪૦૧૦૫
સોમવારથી શનિવાર : સાંજે ૫.૦૦થી ૭.૩૦.

(૩) **ડૉ. મંથન કંસારા**
૪થે માળે, શુભમ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, સરદાર પટેલના બાવલા પાસે, સરદાર પટેલ કોલોની, નારણપુરા, અમદાવાદ.
મો. ૯૮૭૯૨ ૯૨૫૬૭



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેના શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસીસ સેન્ટરમાં શનિવાર, તા. ૨૬-૪-૨૦૧૪ના રોજ પ્રથમ ડાયાલિસીસ પ્રક્રિયા કરાવનાર તસવીરમાં દૃષ્ટિગોચર થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૨૦-૪-૨૦૧૪ના રોજ આયોજિત એક શાનદાર કાર્યક્રમમાં ઉપરોક્ત સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જેનો અહેવાલ અને તસવીરો આ અંકમાં અન્યત્ર પ્રકાશિત થયેલ છે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## મેરેજ બ્યુરો સમિતિ

લગ્નોત્સુક યુવક - યુવતીઓને પોતાની પસંદગીનું સાનુકૂળ પાત્ર મળી રહે તેવા ઉદ્દેશ સાથે ઉપરોક્ત સમિતિ દ્વારા પ્રતિ શનિવારના રોજ બપોરે ૩.૦૦થી ૬.૦૦ કલાક દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સંબંધિત યુવક - યુવતીઓના બાયોડેટાની વિગતો, નોંધાયેલા સભ્યોને જોવા માટે આપવાની કામગીરી ચાલુ છે.

લગ્નોત્સુક યુવક-યુવતીઓની વિગત સમિતિ હસ્તકના ડેટા બેંકમાં આપવા માટેનું ફોર્મ 'મંગલ મંદિર'ના માસ જાન્યુઆરી-૨૦૧૪ના અંકમાં પ્રકાશિત થયેલું છે.

***સમિતિની ઉપરોક્ત કામગીરી માટે સ્વેચ્છાએ પોતાની સેવા આપી શકે તેવા સમાજના સભ્યશ્રીઓની આવશ્યક્તા છે. તે માટે સમિતિના કન્વીનરશ્રીનો સંપર્ક કરવા અનુરોધ છે.***

***કન્વીનર : હીરજી પાસુભાઈ શાહ***
***(મો. ૯૮૨૫૩ ૮૦૮૬૬)***

## વયસ્ક સમિતિ

અગાઉ જણાવ્યા અનુસાર સમિતિ દ્વારા તા. ૭-૬-૨૦૧૪ (ફેરફારને આધીન)ના રોજ પ્રસ્થાન કરીને ઈંગ્લેન્ડ, ફ્રાન્સ અને સ્વિટ્ઝરલેન્ડના વિદેશ પ્રવાસનું આયોજન થયેલ છે.

જે સભ્યશ્રીઓએ આ વિદેશ પ્રવાસમાં જોડાવાની ઈચ્છા હોય તેઓએ સમિતિના કન્વીનરનો તાત્કાલિક સંપર્ક કરવા અનુરોધ છે. વધુ વિગત હવે પછી જણાવવામાં આવશે.

***કન્વીનર : રજનીકાંત પારેખ***
***મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧***

**કેવું આશ્ચર્ય છે કે,**
**જ્યારે આંખો મીંચાવાનો સમય આવે**
**ત્યારે જ ઘણાની આંખ ઉઘડતી હોય છે.**

*પ્રોત્સાહનથી અન્યની પ્રતિભા વધારો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## માર્ચ / એપ્રિલ - ૨૦૧૪

● **બુધવાર, તા. ૨૬-૩-૨૦૧૪**

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ચાલતા ડાયાલિસીસ સેન્ટરના કામનું શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ સાથે રહીને નિરીક્ષણ કર્યું. ચાલુ કામ માટે અનેકવિધ ચર્ચા કરી. ત્યારબાદ સિવિલ હોસ્પિટલના કિડની વિભાગમાં જઈ ત્યાંના વડા શ્રી એચ. એલ. ત્રિવેદીને રૂબરૂમાં મળ્યા અને તેઓને તા. ૨૦-૪-૨૦૧૪ના ડાયાલિસીસ સેન્ટરના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપ્યું. ત્યારબાદ આ ટીમ રાજસ્થાન હોસ્પિટલની મુલાકાતે ગયેલ હતી. રાજસ્થાન હોસ્પિટલના ચેરમેન શ્રી ગૌતમભાઈ જૈન, કો-ચેરમેન શ્રી શ્યામચરણ રૂંગટા તથા અન્ય બોર્ડ મેમ્બર્સ તથા તેમના મુખ્ય ડૉક્ટર શ્રી નીતિન શાહને મળી તેઓને પણ તા. ૨૦-૪-૨૦૧૪ના કાર્યક્રમ માટે આમંત્રિત કરેલ હતા.

★ શ્રી રમેશભાઈ કુંવરજી સાવલાનો આજરોજ ગાંધીનગરથી ફોન હતો અને ડાયાલિસીસના ૯ મશીનમાંથી એક મશીનના નકરાની ઑફરનો તેમણે સ્વીકાર કરેલ છે તેવા સમાચાર તેઓએ આપેલ હતા.

★ તા. ૨૦-૧૦-૨૦૧૩ના રોજ રીનોવેટેડ મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે મેડિકલ સ્ટોર્સ પરના નકરાનો લાભ શ્રી દક્ષેશભાઈ નવીનચંદ્ર સંઘવીએ લીધેલ હતો. નક્કી કર્યા મુજબનું પેમેન્ટ આજરોજ તેઓ ભવન પર પધારીને જમા કરાવી ગયેલ હતા.

★ આજરોજશ્રી મિતેશ સોલંકી ભવન પર આવેલ હતા અને "બાળ નરેન્દ્ર" તથા "મગજની બીજી બારી" નામના બે પુસ્તકો તેઓ ભેટ આપી ગયેલ હતા.

● **ગુરુવાર, તા. ૨૭-૩-૨૦૧૪**

★ શ્રીમતી પદ્મિનીબેન ગડા ભવન પર આવેલ હતા. એ સમયે શ્રી અશોક મહેતા, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી રજનીભાઈ પારેખ તથા શ્રી ગિરીશ હીરજી દેઢિયા ઉપસ્થિત રહેલ હતા. શ્રીમતી પદ્મિનીબેન સમાજના સભ્ય થવા તથા મેડિકલ વિભાગના સભ્ય થવા જરૂરી તપાસ કરવા અને ફોર્મ ભરવા આવેલ હતા. જો કે તેઓ આ અંગે ગઈકાલે પણ ભવન પર આવી ગયેલ હતા.

● **શુક્રવાર, તા. ૨૮-૩-૨૦૧૪**

★ શ્રી અશ્વિનભાઈ સાવલાના સાસુજીના અવસાન થયાના દુઃખદ સમાચાર તેઓએ ફોન પર આપ્યા.

★ શ્રીમતી સુલુબેન ભવન પર આવેલ હતા અને આવતા વર્ષ માટે જે જે હરીફાઈઓ અંગે ફાઈનલ નિર્ણયો લેવાના છે તેની વિગતવાર માહિતી તેઓશ્રીએ મેળવેલ હતી.

★ શ્રી અશોકભાઈ કુંવરજી શાહ, વી-ટ્રાન્સનો મુંબઈથી ફોન હતો. તા. ૨૦-૪-૧૪ના ડાયાલિસીસ સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે અતિથિ વિશેષશ્રી તરીકે તેઓશ્રી ઉપસ્થિત રહેશે તેવું તેમણે ફોન પર કન્ફર્મ કરેલ.

★ વાઘ બકરી ચા ના મશીનમાંથી ચા લેવા અંગેના નીતિ-નિયમો બનાવીને શ્રી પરાશર વ્યાસ / શ્રી કિશોરભાઈ ઠક્કરને આપ્યા.

★ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના ટાઈટલ કવર માટે વિવિધ ચાર જેટલા ઑલ્ટરનેટ બનાવીને સંગીતા ગાલાએ આજરોજ ભવન પર મોકલી આપેલ હતા.

● **શનિવાર, તા. ૨૯-૩-૨૦૧૪**

★ આજરોજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીના હોદ્દેદારોની એક મીટિંગ મળેલ હતી. જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે.આર. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી નલીનભાઈ મોમાયા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. જયસુખ શાહની આવેલ અરજી અંગે ચર્ચા વિચારણા કરી જરૂરી નિર્ણય લેવામાં આવેલ હતા.આવતા દિવસોમાં બોર્ડની મીટિંગ બોલાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

● **રવિવાર, તા. ૩૦-૩-૨૦૧૪**

★ આજરોજ ભુજથી શ્રી વિનોદભાઈ ગાલા તથા શ્રી કેશવજીભાઈ હરિયા ભવન પર આવેલ હતા. તેમની સાથે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી. ઍડવોકેટ ધન્વિન પૂજને ત્યાં પણ ગયેલ હતા. ધન્વિન પૂજને કચ્છી બિઝનેસ ડિરેક્ટરીની જાહેરાતની મેટર મોકલી આપવા જણાવેલ હતું.

● **સોમવાર, તા. ૩૧-૩-૨૦૧૪**

★ સમાજના પ્રવૃત્તિઓની નવી બુક બહાર પાડવા ૨૩ જેટલી વિવિધ સમિતિઓને પત્રો લખી, તેમની પ્રવૃત્તિઓની વિગત નવેસરથી લખીને મોકલી આપવા જણાવવામાં આવેલ.

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર મહિલા ઉત્કર્ષ સમિતિ તથા વયસ્ક સમિતિના સંયુક્ત નેજા હેઠળ એક કાર્યક્રમ ગોઠવવામાં આવેલ હતો. અંદાજે ૧૦૦ની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા. મહિલા ઉત્કર્ષ સમિતિના નેજા હેઠળ એક ગાયનેકોલોજિસ્ટનું વક્તવ્ય રાખવામાં આવેલ હતું. ત્યારબાદ બંને સમિતિઓ માટે એક ટી.વી. કલાકારનો કોમેડીનો પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો.

★ તા. ૨૦-૪-૨૦૧૪ના કાર્યક્રમમાં

*પોતાના કામ માટે પરાવલંબી ન બનો.*

ઉપસ્થિત રહેવા શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી સુશીલભાઈ કાપડિયા તથા શ્રી કોમલભાઈ સાવલાએ આજરોજ ફરીથી કન્ફર્મ કરેલ હતું. શ્રી જયેશભાઈ જૈને એ દિવસે ઉપસ્થિત રહેવાની પોતાની અસમર્થતા બતાવેલ હતી.

- **મંગળવાર, તા. ૧-૪-૨૦૧૪**

★ શ્રી રજનીભાઈ પારેખે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર નિયમિતપણે જવા માટે આજથી શરૂઆત કરેલ હતી.

★ અંતરા જ્વેલર્સ - દાદર, મુંબઈના શ્રી ઉલ્લાસભાઈ આજે શ્રી અશ્વિનભાઈ સાવલા સાથે ભવન પર પધારેલ હતા. સાથે ગોધરાના શ્રી સમીરભાઈ પણ હતા. તા. ૨૦-૪-૨૦૧૪ના કાર્યક્રમ માટે તેઓશ્રીને રૂબરૂમાં આમંત્રિત કરવામાં આવેલ હતા.

★ આજરોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ચેન્નાઈથી ડિસ્પેચ કરવામાં આવેલ ૯ ડાયાલિસીસ મશીનોની ડિલીવરી મળી જવા પામેલ હતી.

★ શ્રી અશ્વિનભાઈ શ્રોફે આપણે લખેલ પત્રના અનુસંધાને ડાયાલિસીસ સેન્ટરના ૧૦ દિવસના સૌજન્યનો સ્વીકાર કરવાની વિગત મુંબઈથી ફોન કરીને જણાવેલ હતી.

- **બુધવાર, તા. ૨-૪-૨૦૧૪**

★ મંગલ મંદિરના આગામી અષાઢી બીજ વિશેષાંકના અનુસંધાને "કચ્છ : એક અલગ રાજ્ય — તેના ફાયદા તથા ગેરફાયદા" વિષે તેઓના લેખ મોકલી આપવાનું અગાઉ જણાવેલ હતું તે લેખક મહાશય બધાને આજે પત્ર લખી રીમાઈન્ડર મોકલી આપવામાં આવેલ હતા.

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે સંસ્થા દ્વારા જે ડાયાલિસીસ સેન્ટરની તા. ૨૦-૪-૨૦૧૪થી શરૂઆત કરવામાં આવનાર છે તેના કન્સલ્ટન્ટ તરીકે નેફ્રોલોજિસ્ટ ડૉ. જગદીપ શાહને આજરોજ તેમની સાથેના ટર્મ્સ કન્ડિશન્સ સાથેનો પત્ર લખીને મોકલી આપવામાં આવેલ હતો.

★ ડાયાલિસીસ મશીનના ટ્રાન્સપોર્ટના આવેલ પેપર્સના અનુસંધાને આજરોજ શ્રી ગૌતમભાઈ ચોરડિયા (હૈદ્રાબાદ) તથા શ્રી અશ્વિનભાઈ સાવલા વચ્ચે વખતોવખત વાત થયેલ હતી. તેના અનુસંધાને શ્રી સુશીલભાઈ કાપડિયા તથા શ્રી અશોકભાઈ મહેતા વચ્ચે પણ વાત થયેલ હતી.

★ વાઘ બકરી છાપ મશીનની શ્રી કચ્છી જૈન ભવન પર આજરોજ ચા શરૂ કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૪-૪-૨૦૧૪**

★ આજરોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી અશ્વિનભાઈ સાવલા, ફ્રેજીનેસ કંપનીના એન્જિનીયર શ્રી ચારૂફ, સિવિલ હોસ્પિટલના ડાયાલિસીસ વિભાગના ટેકનિશિયન શ્રી પરમાર વગેરે એકત્રિત થયેલ હતા અને ડાયાલિસીસ સેન્ટરના અનુસંધાને ચાલતા કાર્યો અંગે ચર્ચા કરેલ હતી.

★ તા. ૨૦-૪-૨૦૧૪ના ડાયાલિસીસ સેન્ટરના ઉદ્‌ઘાટન તથા કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના વિમોચન કાર્યક્રમ અંગેના વિગતવાર કાર્યક્રમની સંપૂર્ણ ડીટેઈલ તૈયાર કરીને ટાઈપ કરાવી લેવામાં આવેલ હતી.

★ સમાજ પર દર વર્ષે ચાલતી વિવિધ હરીફાઈઓના રીશફલિંગ અંગે જે સમિતિ નીમવામાં આવેલ હતી તેની મીટિંગ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મીટિંગમાં શ્રીમતી સુલુબેન, શ્રી હીરેન કે. શાહ, શ્રી પંકજ ગોગરી, શ્રી નરેન્દ્ર છ. શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. તેઓએ આ અંગે ચર્ચા કરી જરૂરી નિર્ણયો લીધેલ હતા.

- **મંગળવાર, તા. ૮-૪-૨૦૧૪**

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર કારોબારી સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં ૨૩ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા. વર્ષ દરમ્યાન યોજાતી વિવિધ હરીફાઈઓના પુનઃગઠન સમિતિના અહેવાલને મંજૂર રાખવામાં આવેલ હતો. તા. ૨૦-૪-૨૦૧૪ના ડાયાલિસીસ સેન્ટરના ઉદ્‌ઘાટન અંગે વિવિધ ચર્ચાઓ કરવામાં આવેલ હતી. શ્રી કચ્છી જૈન ભવન પરના ટી.વી. ચેનલના વાર્ષિક કોન્ટ્રાક્ટની રકમને મંજૂરી આપવામાં આવેલ હતી. કોમ્પ્યુટર અને વેબસાઈટ સમિતિની કોમ્પ્યુટરના સર્વિસ કોન્ટ્રાક્ટની દરખાસ્તને મંજૂર રાખવામાં આવેલ હતી. સંકલ્પની નોટબુક યોજના અંગે આવેલ દરખાસ્તને મંજૂર રાખવામાં આવેલ હતી. શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિના ધોરણ-૯ તથા ધોરણ-૧૦ના કારકિર્દી માર્ગદર્શન અંગેના ૩ દિવસના સેમિનારના ખર્ચને મંજૂરી આપવામાં આવેલ હતી. જમણવાર સમિતિ અંગે પણ આ મીટિંગમાં વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી અને તેના અનુસંધાને જરૂરી ઠરાવ પણ પાસ કરવામાં આવેલ હતો.

- **બુધવાર, તા. ૯-૪-૨૦૧૪**

★ આગામી ૩ દિવસના સેમિનાર અંગે ચર્ચા કરવા શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિની એક મીટિંગ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી.

★ શ્રી મનુભાઈ બહારગામ ગયેલ હોવાથી અને ધાર્યા કરતાં ખૂબ જ વધારે પ્રમાણમાં કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના પ્રૂફ રીડિંગનું કામ બાકી હોવાથી શ્રી દિનેશભાઈ શાહ અને શ્રી નરેન્દ્રભાઈ કોઠારી સાથે મીટિંગ કરી, જરૂરી ચર્ચા કરી, સમાજના અન્ય સેવાભાવી સભ્યોની મદદ લઈ પ્રૂફ રીડિંગ પર વધુ વ્યક્તિઓને બેસાડવાની આજથી શરૂઆત કરવામાં આવેલ હતી. તા. ૧૦-૪-૨૦૧૪ સવારના ૫.૩૦ વાગ્યા સુધી કામ ચાલુ રાખવામાં આવ્યું. આજે ૭૫ ફાઈલની સામે ૧૮ ફાઈલોનું કામ કમ્પ્લીટ કરવામાં આવ્યું.

*તમન્ના હોય તો કશું જ અસંભવ નથી.*

- **ગુરુવાર, તા. ૧૦-૪-૨૦૧૪**

★ યુવા વિકાસ સમિતિના કન્વીનર શ્રી પીયૂષભાઈ સાવલાના પિતાશ્રી હીરજીભાઈ સાવલાની આજરોજ વિનય માર્કેટમાં પ્રાર્થના સભા રાખવામાં આવેલ હતી.

★ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના પ્રૂફ રીડિંગમાં શ્રી દિનેશભાઈ મહેતા, શ્રી દિનેશભાઈ મણિલાલ શાહ તથા શ્રી ઝુમખભાઈનો સાથ સહકાર મેળવવામાં આવેલ હતો. ગઈકાલની ૧૮ ફાઈલો ઉપરાંત આજરોજ અન્ય ૧૩ ફાઈલો ક્લિયર કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૧૧-૪-૨૦૧૪**

★ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના પ્રૂફ રીડિંગ પર આજરોજ શ્રી દિનેશ જ. શાહ, શ્રી નરેન્દ્રભાઈ કોઠારી, શ્રી ગિરીશ હીરજી દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ આર. મહેતા, શ્રી દિનેશ મ. શાહ, શ્રી ઝુમખભાઈ શાહ, શ્રી પ્રદીપ સૂ. મહેતા વગેરેએ દિવસભર કામ કર્યું. તેમાંના કેટલાક સભ્યોએ તા. ૧૨-૪-૨૦૧૪ના સવારમાં ૬ વાગ્યા સુધી કામ ચાલુ રાખ્યું. ૩૧ ફાઈલ અગાઉ ક્લિયર થયેલ હતી. આજે બીજી ૧૯ ફાઈલો ક્લિયર કરવામાં આવી. ટોટલ ૫૦ જેટલી ફાઈલનું ચોથા પ્રૂફનું કામ પૂર્ણ કરવામાં આવ્યું.

★ વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખોને ફોન કરી તા. ૨૦-૪-૨૦૧૪ના ડાયાલિસીસ સેન્ટરના ઉદ્‌ઘાટન કાર્યક્રમ તથા કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના વિમોચન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરવામાં આવ્યા.

★ ડાયાલિસીસ સેન્ટર પર મશીન યોગ્ય જગ્યાએ મૂકવાનું, કોટ મૂકવાના, આર.ઓ. પ્લાન્ટના ઈન્સ્ટોલેશન વગેરે કામ શ્રી પ્રતાપભાઈ દંડના સુપરવિઝન હેઠળ વ્યવસ્થિતપણે ચાલુ છે.

- **શનિવાર, તા. ૧૨-૪-૨૦૧૪**

★ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના ચોથા પ્રૂફ રીડિંગનું કામ વ્યવસ્થિતપણે ચાલુ રાખવામાં આવેલ છે. ગઈકાલે કામ કરતી ટીમ ઉપરાંત શ્રી પીયૂષભાઈ પારેખની ૬ સભ્યોની બીજી ટીમ આ કામ માટે મદદ કરાવવા આવેલ હતી. સંકલ્પના પણ ૩ કાર્યકરો આ કામ માટે આવેલ હતા. શ્રીમતી શિલ્પીબેન શાહ પણ સાથે જોડાયેલ હતા. આજે અન્ય ૧૬ ફાઈલો ક્લિયર કરવામાં આવી. કુલ ૬૫ નંબર સુધીની ફાઈલનું ચોથા પ્રૂફ રીડિંગનું કામ પૂરું કરવામાં આવેલ હતું.

★ આજે રાત્રે જમણવાર સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. સંદીપ મહેતા, લહેરચંદભાઈ મૈશેરી, શિલ્પીબેન શાહ તથા અમીબેન શાહ ઉપસ્થિત રહેલ હતા.તા. ૨૦-૪-૨૦૧૪ના જમણવારનું મેનુ નક્કી કરી વિવિધ કેટરર્સના ભાવ મંગાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **રવિવાર, તા. ૧૩-૪-૨૦૧૪**

★ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના પ્રૂફ રીડિંગ પર આજે દિવસભર ૧૬ વ્યક્તિઓએ બેસીને બાકી રહેતી ટોટલ ફાઈલો કમ્પ્લીટ કરી હતી. બધી જ ફાઈલો આગળના કામ માટે પ્રેસ પર મોકલી આપવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૧૪-૪-૨૦૧૪**

★ આજરોજ મુંબઈની ક.વી.ઓ. સમાજની ખબર પત્રિકામાં ડાયાલિસીસ સેન્ટરના ઉદ્‌ઘાટન અને કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના વિમોચન અંગેના તા. ૨૦-૪-૨૦૧૪ના કાર્યક્રમ અંગેની જાહેરાત તૈયાર કરી મુંબઈ શ્રી રમણ શેઠિયા પર મોકલી આપવામાં આવેલ.

★ આજરોજ ડાયાલિસીસ સેન્ટરની સ્ટેશનરી પ્રિન્ટ કરવા મોકલી આપવામાં આવી.

★ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના ફોર્મ્સની જે ૭૫ જેટલી ફાઈલો તૈયાર કરવામાં આવેલ હતી તેના બદલે અમદાવાદ સ્થિત ૩૫ કચ્છી ઘટક સમાજ મુજબ ફાઈલો બનાવવાની શરૂઆત કરેલ હતી. આ કામ આવતા એક-બે દિવસમાં સંપૂર્ણ થઈ જાય તેવી ધારણા રાખવામાં આવેલ.

- **મંગળવાર, તા. ૧૫-૪-૨૦૧૪**

★ આજરોજ સવારના ભાગે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નવીનભાઈ હરિયા, શ્રી હસમુખભાઈ ગઢેચા વગેરે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર એકત્રિત થયેલ હતા અને ડાયાલિસીસ સેન્ટર તથા તા. ૨૦-૪-૨૦૧૪ના કાર્યક્રમ અંગે અનેકવિધ ચર્ચા કરવામાં આવેલ હતી.

★ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના પાંચમા પ્રૂફના ૧૫૦ પાના આજે સાંજના મનુભાઈ શાહ પ્રેસમાંથી ચેકિંગ કરવા માટે લઈ આવેલ હતા. શ્રી મનુભાઈ શાહ, શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ જ. શાહ, શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી ગિરીશ હીરજી દેઢિયા, શ્રી દિનેશ મહેતા, શ્રી પીયૂષ પારેખ, શ્રીમતી રચના પારેખ, શ્રીમતી શિલ્પીબેન શાહ, શ્રી નીતિન શાહ, શ્રીમતી અમીબેન શાહ, બહેનશ્રી કીર્તિદા ઝવેરી, શ્રી અલ્પેશ મહેતા, શ્રી અભિષેક શાહ, શ્રી પારસ વીરા વગેરેએ રાત્રે ૨.૩૦ વાગ્યા સુધી બેસી, એ ૧૫૦ પાનાના પાંચમા અને ફાઈનલ પ્રૂફ રીડિંગનું કામ પૂર્ણ કરેલ હતું.

- **બુધવાર, તા. ૧૬-૪-૨૦૧૪**

★ આજરોજ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના પાંચમા પ્રૂફ રીડિંગના બાકી રહેતા ૧૩૮ પાના શ્રીમતી અભિષા ભાવસાર, શ્રીમતી રચના પારેખ તથા શ્રીમતી અમીબેન શાહે હાજર રહી પૂરા કર્યા.

★ આજરોજ જમણવાર સમિતિની એક મીટિંગ મળેલ હતી. શ્રી સંદીપ મહેતા, શ્રી પ્રદીપ મહેતા, શ્રી પીયૂષ પારેખ, શ્રી રોહિત સંઘવી, શ્રીમતી અમીબેન શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. વિવિધ કેટરર્સના ભાવપત્રક સહુની હાજરીમાં ખોલવામાં આવેલ હતા અને નક્કી કરેલ બજેટ કરતાં દરેક કેટરર્સના ભાવ વધુ હોવાથી પ્રમુખ / મંત્રીશ્રી પાસેથી માર્ગદર્શન મેળવવા વિગતવાર પત્ર મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

*આપણે જેવું વિચારીશું એવા જ બનીશું.*

- **ગુરુવાર, તા. ૧૭-૪-૨૦૧૪**

★ આજરોજ ભવન પરથી ઘરે જતી વખતે કારોબારી સભ્ય શ્રી રજનીભાઈ પારેખને સ્કૂટર એક્સિડન્ટ થતા તેમને સારવાર અર્થે ભવન પર લાવવામાં આવેલ હતા. સદ્‌નસીબે તેમને મોટી ઈજા થયેલ ન હોવાથી સહુને રાહત થયેલ હતી.

★ આજે નેફ્રોલોજિસ્ટ ડૉ. કંસારા સાથે શ્રી અશ્વિનભાઈ સાવલાએ શ્રી અશોક મહેતાની ઉપસ્થિતિમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના ડાયાલિસીસ સેન્ટર અંગે જરૂરી ચર્ચા કરી, તેઓશ્રીને પણ આ અભિયાનમાં જોડાઈ જવા સહમત કરવામાં આવેલ હતા.

★ આજરોજ દીપ ઈન્ડસ્ટ્રીઝ વતી શ્રી શાંતિલાલ મૂળજી સાવલાએ એક ડાયાલિસીસ મશીનના રૂા. ૫.૦૦ લાખના નકરાની સામે પોતાના અનુદાનની સહમતિની જાહેરાત કરેલ હતી.

- **શુક્રવાર, તા. ૧૮-૪-૨૦૧૪**

★ આજરોજ મુંબઈની ક.વી.ઓ. સમાજની પત્રિકામાં અને વાગડ વી.ઓ. સમાજની પત્રિકામાં ડાયાલિસીસ સેન્ટરના ઉદ્‌ઘાટનના ફૂલ પેઈજ જાહેરાત આવેલ છે.

★ આજે ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, સંદેશ તથા નવ ગુજરાતમાં પ્રસરણાર્થે ડાયાલિસીસ સેન્ટરના ઉદ્‌ઘાટન અંગેનો અહેવાલ મોકલી આપવામાં આવેલ.

★ આજરોજ કચ્છી બિઝનેસ ડિરેક્ટરીની એક ફાઈનલ પ્રિન્ટ નિરીક્ષણ અર્થે શ્રી મનુભાઈ શાહે જોવા માટે મોકલી આપેલ હતી.

★ આજરોજ નવનીત એજ્યુકેશન્સે એક ડાયાલિસીસ મશીનના રૂા. ૫.૦૦ લાખના નકરા માટે પોતાના અનુદાનની સહમતિ મોકલી આપેલ હતી.

★ તા. ૨૦-૪-૨૦૧૪ના કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના વિતરણની તૈયારી કરવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૧૯-૪-૨૦૧૪**

★ તા. ૨૦-૪-૨૦૧૪ના કાર્યક્રમ માટે આજરોજ હૈદ્રાબાદથી શ્રી કલ્યાણજી રાંભિયા, મુંબઈથી શ્રી પારસ બાબરિયા અને પંકજ બાબરિયા તથા વડોદરાથી શ્રી અને શ્રીમતી જગદીશ શાહ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર આવી ગયેલ હતા.

★ આવતીકાલના કાર્યક્રમ માટે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર પૂર્ણ તૈયારી કરી દેવામાં આવેલ. સ્ટેજ તથા મંડપ તૈયાર કરી દેવામાં આવ્યા. જમણવાર સમિતિ તથા સંકલ્પે પોતાની તૈયારી પૂરેપૂરી કરી લીધેલ. ડાયાલિસીસ સેન્ટર ઉદ્‌ઘાટન માટે પૂરેપૂરું સજ્જ કરી દેવામાં આવેલ. કચ્છી બિઝનેસ ડિરેક્ટરીની ૩૦૦ નકલ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર પહોંચાડી દેવામાં આવેલ હતી.

- **રવિવાર, તા. ૨૦-૪-૨૦૧૪**

★ આજે વહેલી સવારે સુરતથી શ્રી જયેશભાઈ વીસરિયા, શ્રી શરદભાઈ દંડ તથા શ્રી કૌશિકભાઈ શાહ આવી ગયેલ હતા. ત્યારબાદ વડોદરાથી શ્રી વલ્લભજીભાઈ સાવલા વગેરે સાથે તેઓના ગ્રુપના કાર્યકરો પણ આવી ગયેલ હતા. ભુજથી શ્રી વીરેન ધીરજલાલ શાહ તથા શ્રી બીરજુ શાહ આવી ગયેલ હતા. મુખ્ય મહેમાનોમાં શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી શાંતિલાલ ડુંગરશી મારૂ, શ્રી અશોકભાઈ કે. શાહ, શ્રી મહેન્દ્રભાઈ કે. શાહ, શ્રી લહેરચંદ નેમચંદ મહેતા, શ્રી સુશીલભાઈ ધી. કાપડિયા, શ્રીમતી નીલમબેન કાપડિયા ઉપરાંત શ્રી કોમલભાઈ સાવલા, શ્રીમતી મંદાકિનીબેન સાવલા, શ્રી ઈંદરચંદ જૈન વગેરે સમયસર શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર આવી ગયેલ હતા.

★ ડાયાલિસીસ સેન્ટરનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ બરાબર ૧૦.૧૫ કલાકે શરૂ કરી દેવામાં આવેલ હતો. પ્રથમ મુખ્ય નામની તક્તીનું અનાવરણ, ત્યારબાદ ડાયાલિસીસ સેન્ટરનું ઉદ્‌ઘાટન, ત્યારબાદ ૯ ડાયાલિસીસ મશીનોના ઉદ્‌ઘાટન, ત્યારબાદ સ્ટેજ ફંકશનની શરૂઆત કરવામાં આવી. આવકાર પ્રવચન, દીપ પ્રાગટ્ય, દરેક મહેમાનનું બહુમાન, સમાજની પ્રવૃત્તિઓ વિશેની માહિતી, કચ્છી બિઝનેસ ડિરેક્ટરીનું વિમોચન, મહાનુભાવોના પ્રવચનો, પ્રમુખકીય પ્રવચન અને આભારવિધિ આ સમારંભના મુખ્ય અંગો રહેલ હતા. મુખ્ય તક્તીનું અનાવરણ શ્રી અશોકભાઈ કે. શાહના વરદ્ હસ્તે, ડાયાલિસીસ સેન્ટરનું ઉદ્‌ઘાટન શ્રી હરીશભાઈ રંગવાલાના વરદ્ હસ્તે તથા કચ્છી બિઝનેસ ડિરેક્ટરીનું વિમોચન શ્રી મેઘજીભાઈ પટેલના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું. ૯ ડાયાલિસીસ મશીનોના ઉદ્‌ઘાટન વિવિધ મહાનુભાવોના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતા. કચ્છી બિઝનેસ ડિરેક્ટરીના વિમોચન સમયે ઉપસ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોના પ્રમુખશ્રીઓને સ્ટેજ પાસે બોલાવી તેઓના વરદ્ હસ્તે પણ બિઝનેસ ડિરેક્ટરીનું વિમોચન કરાવવામાં આવેલ હતું. ત્યારબાદ વિવિધ સમાજના પ્રમુખશ્રીઓનું સન્માન પણ કરવામાં આવેલ હતું. ત્યારબાદ આ ડિરેક્ટરીનું વિતરણ શરૂ કરી દેવામાં આવેલ હતું. સમારંભ પૂરો થયા બાદ સમૂહ ભોજનની મજા માણી સહુ છૂટા પડ્યા હતા.

- **સોમવાર, તા. ૨૧-૪-૨૦૧૪**

★ આજરોજ ખજાનચી શ્રી કે.ડી. શાહ, સહ ખજાનચી શ્રી રમણિકભાઈ ગોસર તથા શ્રી કિશોરભાઈ ઠક્કર એ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી નૌતમભાઈ વકીલની મુલાકાત લીધેલ. વર્ષ ૨૦૧૩-૧૪ના હિસાબો ફાઈનલ કરવા અંગે વિસ્તૃત ચર્ચાઓ કરી અને એમના માર્ગદર્શન મુજબ હિસાબો ફાઈનલ કરવા અને વહેલી તકે ઑડિટેડ હિસાબો પૂરા કરવા અંગે પણ ચર્ચા કરેલ. ■

*નિરાશા હંમેશાં દુઃખદાયક જ હોય છે.*

## ઊડતી નજરે....

**માર્ચ-૨૦૧૪ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>જેમાંથી – | **૧૩,૫૫૪** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૬૨૮** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૧૦૨** | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ........ **૨૪** | |
| | (ગ) | સોનોગ્રાફી ........ **૧૧૩૦** | |
| | (ઘ) | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........ **૪૮** | |
| | (ચ) | બોડી ચેક-અપ ........ **૫૩૧** | |
| | (છ) | અન્ય ........ **૧૧,૦૯૧** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૨,૦૯૮**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ ........ **૫,૪૩૫**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ........ **૫૧૨**<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ........ **૧,૫૩૩** | **૯,૫૭૮** |
| ૩. | | માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૭૯૯**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૩,૭૨૪** | **૪,૫૨૩** |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૫૧૬** | **૫૧૬** |
| | | માર્ચ-૨૦૧૪ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | **૨૮,૧૭૧** |

## શ્રી કચ્છી જૈન સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટી

ઉપરોક્ત સોસાયટી શ્રી કચ્છી જૈન ભવન ખાતે સંપૂર્ણપણે કાર્યરત છે.

- જરૂરિયાતવાળા સભાસદો સોસાયટીના નીતિ-નિયમો અનુસાર પોતાના કામધંધાના વિકાસ અર્થે ધીરાણ મેળવી શકે છે.
- દરેક સભાસદોએ પ્રતિમાસ ઓછામાં ઓછા રૂા. ૧૦૦/-ની બચત કરીને પોતાના ખાતામાં જમા કરાવવા જરૂરી છે.
- આ સંબંધી અન્ય પૂછપરછ માટે ડૉ. ચંદ્રકાંત દેઢિયા (૯૭૨૬૮ ૨૦૧૮૪) અથવા શ્રી કે.આર. શાહ (૯૩૨૮૦ ૦૧૧૪૦)નો સંપર્ક કરવા અનુરોધ છે.

**ડૉ. ચંદ્રકાંત દેઢિયા**

**પ્રમુખ, શ્રી કચ્છી જૈન સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટી - અમદાવાદ**

# વાર્ષિક ઊડતી નજરે.... (વર્ષ ૨૦૧૩-૨૦૧૪)

## *એપ્રિલ-૨૦૧૩ થી માર્ચ-૨૦૧૪ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| | | એપ્રિલ ૨૦૧૩ | મે ૨૦૧૩ | જૂન ૨૦૧૩ | જુલાઈ ૨૦૧૩ | ઓગસ્ટ ૨૦૧૩ | સપ્ટે. ૨૦૧૩ | ઓક્ટો. ૨૦૧૩ | નવેમ્બર ૨૦૧૩ | ડિસેમ્બર ૨૦૧૩ | જાન્યુ. ૨૦૧૪ | ફેબ્રુ. ૨૦૧૪ | માર્ચ ૨૦૧૪ | વર્ષ દરમિયાન કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | | | | | | | | | | | | | |
| | (અ) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ | ૪૪૪ | ૩૭૦ | ૪૮૯ | ૫૧૯ | ૫૪૦ | ૩૯૫ | ૪૬૮ | ૩૬૦ | ૫૩૪ | ૪૭૦ | ૫૬૯ | ૬૨૮ | ૫૭૮૬ |
| | (બ) સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો | ૭૦ | ૭૪ | ૮૧ | ૫૨ | ૪૭ | ૧૭ | ૪૯ | ૩૬ | ૬૭ | ૧૦૨ | ૮૩ | ૧૦૨ | ૭૮૦ |
| | (ક) મોતિયા - આંખના ઓપરેશન (સાપ્તાહિક બે દિવસ) | ૨૬ | ૭ | ૩ | ૧૭ | ૬ | ૧૪ | ૧૨ | ૨૪ | ૨૨ | ૧૩ | ૧૯ | ૨૪ | ૧૮૭ |
| | (ખ) સોનોગ્રાફી | ૮૯૯ | ૭૭૨ | ૮૭૪ | ૯૯૦ | ૮૬૧ | ૯૪૧ | ૮૫૯ | ૮૦૪ | ૯૮૨ | ૮૮૩ | ૯૨૭ | ૧૧૩૦ | ૧૦૯૨૨ |
| | (ગ) ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) | ૧૧ | ૧૯ | ૬ | ૯ | ૨૧ | ૧૧ | ૩૮ | ૨૦ | ૨૨ | ૩૫ | ૩૩ | ૪૮ | ૨૭૩ |
| | (ઘ) બોડી ચેક-અપ | ૩૯૬ | ૩૩૧ | ૩૫૧ | ૪૦૮ | ૩૬૫ | ૩૪૦ | ૪૦૮ | ૩૬૭ | ૪૧૮ | ૩૩૮ | ૪૪૯ | ૫૩૧ | ૪૭૦૨ |
| | (ધ) અન્ય | ૭૯૦૯ | ૭૧૫૩ | ૮૭૦૨ | ૯૪૮૨ | ૯૩૯૭ | ૯૪૧૨ | ૯૪૦૭ | ૭૬૯૯ | ૯૬૮૨ | ૯૨૪૨ | ૯૨૫૯ | ૧૧૦૯૧ | ૧૦૮૪૩૫ |
| | મેડિકલ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ | ૯૭૫૫ | ૮૭૨૬ | ૧૦૫૦૬ | ૧૧૪૭૭ | ૧૧૨૩૭ | ૧૧૧૩૦ | ૧૧૨૪૧ | ૯૩૧૦ | ૧૧૭૨૭ | ૧૧૦૮૩ | ૧૧૩૩૯ | ૧૩૫૫૪ | **૧૩૧૦૮૫** |
| ૨. | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૨૪૦૭ | ૨૨૧૦ | ૨૩૪૫ | ૧૭૮૨ | ૨૧૭૫ | ૨૧૪૫ | ૨૫૨૩ | ૨૬૧૩ | ૨૩૦૫ | ૨૧૫૮ | ૨૦૯૮ | ૨૦૯૮ | **૨૬૮૫૯** |
| | (અ) કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ | ૫૮૯૦ | ૬૪૨૦ | ૫૯૫૪ | ૫૪૬૫ | ૫૬૦૫ | ૫૪૧૧ | ૫૬૨૦ | ૫૪૧૬ | ૫૩૨૦ | ૫૪૦૭ | ૫૨૭૦ | ૫૪૩૫ | **૬૭૨૧૩** |
| | (બ) જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ | ૧૩૧૮ | ૩૯૫ | ૩૧૪ | ૫૨૮ | ૩૭૧ | ૩૧૬ | ૪૪૫ | ૩૯૯ | ૩૮૩ | ૪૩૭ | ૫૩૮ | ૫૧૨ | **૫૭૭૬** |
| | (ક) કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમનો લાભ લેનાર વ્યક્તિઓ | ૧૮૨૩ | ૧૮૪૨ | ૧૭૧૨ | ૧૬૬૮ | ૧૭૨૩ | ૧૬૮૮ | ૧૬૩૮ | ૧૬૧૨ | ૧૬૯૭ | ૧૫૮૩ | ૧૫૧૮ | ૧૫૩૩ | **૨૦૦૩૭** |
| ૩. | માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૮૫૫ | ૧૦૦૨ | ૯૫૯ | ૯૭૪ | ૮૭૩ | ૭૦૬ | ૯૩૨ | ૧૧૦૨ | ૯૨૨ | ૮૯૨ | ૭૪૮ | ૭૯૯ | **૧૦૭૬૪** |
| | (અ) કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૩૨૪૪ | ૩૫૭૭ | ૩૪૮૦ | ૩૬૧૩ | ૩૩૬૫ | ૩૫૪૦ | ૩૭૪૮ | ૩૬૮૨ | ૩૫૭૨ | ૩૭૮૫ | ૩૬૯૪ | ૩૭૨૪ | **૪૩૦૨૪** |
| ૪. | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૬૧૩ | ૫૬૯ | ૪૯૭ | ૫૫૭ | ૪૮૫ | ૪૪૩ | ૬૩૭ | ૫૪૮ | ૬૦૦ | ૫૦૦ | ૪૨૧ | ૫૧૬ | **૬૩૮૬** |
| | **વર્ષ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ** | **૨૫૯૦૫** | **૨૪૭૪૧** | **૨૫૭૬૭** | **૨૬૦૬૪** | **૨૫૮૩૪** | **૨૫૩૭૯** | **૨૬૭૮૪** | **૨૪૬૮૨** | **૨૬૫૨૬** | **૨૫૮૪૫** | **૨૫૪૪૬** | **૨૮૧૭૧** | **૩૧૧૧૪૪** |

***નોંધ :*** વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન કુલ ૨,૯૪,૧૨૧ જેટલી સંખ્યાના લોકોએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ઉપર મુજબની વિવિધ સેવાઓનો લાભ લીધેલ હતો, જ્યારે તેની સામે વર્ષ ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન કુલ સંખ્યા ૩,૧૧,૧૪૪ની છે.